[illegible] ની [illegible] ભેટ.

કિરણસિંહ.

[ઐતિહાસિક નવલકથા.]

પ્રકાશક.

મોહનલાલ મંગળદાસ શાહ,

અધિપતિ—"ગુજરાતી પંચ."

અમદાવાદ.

શ્રી "ગુજરાતી પંચ" [illegible] શાહ, મોહનલાલ મંગળદાસે છાપ્યું.

વિ. સં. ૧૯૮૦.

!! ભાવી ભવનું ભાથું !!

પચીસ રૂપૈઆમાં ગોદાન !!

રૂ. ૨૫) આપવાથી એક "ગૌદાન" ગણાય છે અને તે રકમના વ્યાજમાંથી અનાથોને દુધ આપવામાં આવે છે, તથા દાતાના નામનું લીસ્ટ બોર્ડપર લખીને તે જાહેર ભાગમાં મુકી સ્મારક રાખવામાં આવે છે.

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ.

એકી વખતે રૂ. ૨૦૦ બસો [illegible] નાંખશે, તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દીવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખતી કરાવી ઓફીસમાં ચોટાડી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર મળશે.

એક રૂપૈઓ અને તેથી વધુ દાન આપનારનાં નામ વાર્ષિક રીપોર્ટમાં પ્રસિદ્ધ થાય છે. રીપોર્ટ તદન મફત મોકલવામાં આવે છે. દયા લાવી લખો (ટુંક મુદતમાં ૫૫ અન્નદાન મળી ચુકયાં છે.)

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

૧૯૧૪ની સાલની બીજી ભેટ.

કિરણસિંહ.

બંગાલી પુસ્તક ઉપરથી

ભાષાન્તર કરનાર

દામોદર વખતચંદ શાહ,

તાલુકા સ્કુલ માસ્તર,

પાલીયાદ. (કાઠીયાવાડ)

પ્રસિદ્ધ કર્તા

સોમાલાલ મંગળદાસ શાહ,

ગુજરાતી પંચના માલિક—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રત. ૫૫૦૦

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

ધી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.
ઠે. પાંચકુવા —અમદાવાદ.

કિંમત રૂ. ૧—૮—૦.

પ્રસ્તાવના.

"કિશનસિંહ," એ બંગાલાની સુપ્રસિદ્ધ વિદુષી સન્નારી શ્રીમતી સ્વર્ણકુમારી દેવી કૃત "દીપ નિર્વાણ" નામના ગ્રંથનું ભાષાન્તર છે. પૃથુરાજ ચૌહાણ અને શાહાબુદ્દિન ઘોરીના સમયનું એ ઐતિહાસિક ચિત્ર છે. એ સમયમાં વિવિધ પુસ્તકો લખાયાં છે, પણ શ્રીમતી સ્વર્ણકુમારી દેવીની કલમ તેમાં વિશેષ રસ આપે છે, ને પ્રકાશ પાડે છે. સત્ત્વ, રજસ્ અને તમોગુણ પ્રધાન—ત્રિગુણાત્મક માયામયી પાત્રો, સંસારમાં કેવો પોતાનો વેષ ભજવે છે તેનું આબેહુબ ચિત્ર છે. પોતાના સ્વાર્થ માટે, અને રાજ્યસત્તા માટે મનુષ્યો દેશદ્રોહ કરતાં પણ ડરતા નથી અને કેવા છળ પ્રપંચ રચે છે, ને દેશને કેટલી હાની કરે છે તેનું ચિત્ર સારી રીતે આલેખવામાં આવ્યું છે. તેમજ વીર, શૃંગાર, કરૂણ આદિ રસોનાં રસિક ચિત્રો આપવામાં આવ્યાં છે. આપણા સાહિત્યમાં ઐતિહાસિક નવલકથાઓની ખોટ છે. આ પુસ્તક તે સાહિત્યમાં એક નૂતન વધારો કરશે એમ આશા રાખવામાં આવે છે.

ગુર્જર પ્રજાની રૂચિ દિન પ્રતિદિન નવલકથાઓ તરફ વધતી જાય છે તેને લીધે તે સાહિત્ય ખીલતુ જાય છે. છેલ્લાં દશ પંદર વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની નવલકથાઓ લખાઇ છે, ને તેના વાંચનનો શોખ વધતો જાય છે, તે એ દિશાની પ્રગતિ સૂચવે છે. આપણા જાણીતા ગુર્જર લેખકો પાસે લખાવી, અગર ભાષાન્તર કરાવી, ગુર્જર ભાઇઓ અને બ્હેનોને રૂચે એવી રસિક પણ બોધ આપે એવી સાંસારિક તેમ ઐતિહાસિક નવલકથાઓ મારા તરફથી પ્રકટ કરવામાં આવે છે. એ દ્વારા ગુર્જર સાહિત્યની યથાશક્તિ સેવા કરવા હું યત્ન કરૂં છું. મારા તરફથી પ્રકટ થતી નવલકથાઓનો ગુર્જર પ્રજા સત્કાર કરે છે, તેથી તે દિશાનો મારો પ્રયાસ નિરર્થક નથી જતો એ જાણી મને આનંદ થાય છે.

અમદાવાદ,
તા. ૧૮મી મે ૧૯૧૫.

સોમાલાલ મંગળદાસ શાહ.
અધીપતી—"ગુજરાતી પંચ."

કિરણસિંહ.

પ્રકરણ ૧ લું.

કિરણસિંહનો જન્મ અને તેનું ભવિષ્ય.

ઈ. સ. ૧૧૯૩—સમય સંધ્યા.

ચિતોડ શહેરમાં આજ મોટી ધામધુમ છે, કારણ કે રાજ-મહેલમાં મહોત્સવ છે; શહેરમાં જ્યાં જુઓ ત્યાં વિવિધ વાજીંત્રો વાગી રહ્યાં છે, ભિક્ષુકોને દાન અપાઇ રહ્યાં છે; અને ઘરોઘર રોશની પ્રકટેલી હોવાથી સમસ્ત શહેર પ્રકાશમય થઇ ગયું છે. પ્રજાજનનાં હૃદય આજ આનંદથી પરિપૂર્ણ હોવાથી ઘેરઘેર કદલીસ્તંભ તથા મંગળસૂચક કુંભો સ્થપાયેલા છે. અને અંદરના ભાગમાં મંગળગીતો ગવાઇ રહ્યાં છે, આ તરફ રાજ-મહેલ પણ નોબત, શરણાઇ, શંખ તથા નૃત્યગીતના અવાજથી ગાજી ઉઠયો છે. ટુંકામાં આજ જ્યાં દૃષ્ટિ ફેંકશો ત્યાં ઉત્સવ અને ઉત્સાહ શિવાય કશું જોવામાં નહી આવે.

આજ આ ઉત્સવ શેનો છે?

મહારાજ સમરસિંહને ત્યાં આજ એક પુત્રનો જન્મ થયો છે.

ચિતોડાધિપતિ મહારાજ સમરસિંહને પ્રથમની રાણીથી ત્રણ પુત્રો થયા હતા, પણ તે રાણીનું અકાળ મૃત્યુ થવાથી મહારાજે લક્ષ્મીદેવી સાથે લગ્ન કર્યું. પણ આ રાણીને કંઇ સંતાનજ ન થવાથી ફરીવાર પત્તનરાજકન્યા કમલદેવીનું પાણી ગ્રહણ કર્યું. કમલદેવીએ આજ પહેલા સંતાનને જન્મ આપ્યો છે. ત્રણ ત્રણ પુત્રો જીવતા હોવા છતાં સમરસિંહે પુત્રની ઇચ્છાથી ફરીવાર શામાટે લગ્ન કર્યાં ! આ વાત નવાઇ ઉપજાવે તેવી છે ખરી. પરંતુ થોડીવાર પછી એ કુતૂહલની શાન્તી થશે.

સંતાન ભુમિષ્ટ થયા પહેલાંથીજ મહારાજ સમરસિંહ ચિંતામાં ડૂબેલા છે. તેઓનું સુપ્રશસ્ત અને મહત્વ પ્રકાશક લલાટ ચિંતાથી

જરાક સંકોચાયું છે. તેઓનાં સુદીર્ઘ, સ્થિર તથા ઉજ્વલ નયનોની ગંભીર અને મધુર દૃષ્ટિ શૂન્યાવકાશમાં ચોંટી ગઇ છે. જેમ વિશાળ સમુદ્રની શોભા નિહાળતાં હૃદય ઉલ્લાસથી પરિપૂર્ણ થઇ તેના તરંગો સાથે નાચવા માંડે પણ તેની ભયંકરતા ભૂલે નહીં; તેમ અત્યારે મહારાજ સમરસિંહની મૂર્ત્તિ જોતાં તથા તેની આંખ સાથે આંખ મેળવતાં તેના તરફ પૂજ્યબુદ્ધિ તથા સ્નેહ ઉત્પન્ન થાય પણ જરાક દબાઈ જવું પડે, તેનું વદન તેજસ્વી, અહંકાર-શૂન્ય, પ્રશસ્ત અને દૃઢ પ્રતિજ્ઞાવ્યંજક છે. સમરસિંહને માત્ર ૨૬ વર્ષ થયાં છે પરંતુ તેનું ઉન્નત શરીર જોતાં કંઇક વધારે વર્ષ થયાં હોય એમ દેખાય છે. જે ઓરડામાં મહારાજ બેઠા હતા ત્યાં એક ખીજમતદારે આવી વધામણી ખાધી, "રાજ્યમહિષીએ એક પુત્રનો જન્મ આપ્યો" પૂર્ણ ચંદ્રોદયથી સમૂદ્ર રૂપેરી રંગનો બનીને જેમ ઉછાળા મારે તેમ આ વધામણી સાંભળતાંજ સમરસિંહનું વદન હર્ષથી પ્રફુલ્લ થઇ ગયું.

સમરસિંહ અતિ પ્રસન્ન થઇને કુમારનું મુખ જોવા માટે અંતઃપુરમાં ગયા. પૂર્ણિમાના ચંદ્રોદય સાથે સંતાન પ્રાપ્ત થવાથી બધાંઓનું હૃદય આલ્હાદથી નાચવા માંડ્યું. કુમારનું મુખ જોયા પછી ગુરૂદેવ મંગલાચાર્ય પુત્રના ભાગ્યનો નિર્ણય જ્યાં કરે છે ત્યાં સમરસિંહ ગયો.

મંગલાચાર્ય રાજમહેલ પાસેના બગીચામાં દર્ભાસન ઉપર બેઠેલા છે તેઓના શુભ્ર લલાટમાં રક્તચંદનનું ત્રિપુંડ્ર શોભી રહ્યું છે. તેમણે રેશમી વસ્ત્ર ઓઢેલું છે અને હાથમાં જ્યોતિષશાસ્ત્ર રાખેલું છે. તેઓ પુસ્તકમાં દૃષ્ટિ રાખી નવા જન્મેલા કુમારનું ભાગ્ય નિહાળે છે. ભાગ્ય-ગણના સાથે તારા—નક્ષત્રોની ગતિ મેળવવા સારૂ વચ્ચે વચ્ચે તેઓ આકાશ તરફ જુએ છે. અત્યારે ગગન મંડળમાં વાદળાંનું નામ પણ નથી. આકાશમાંના તારાઓ પોતાનો પ્રકાશ ફેલાવવા માટે યત્ન કરી રહ્યા છે. આ તરફ પૂર્ણ શશિએ પોતાનાં શુભ્ર-નિર્મળ કિરણોથી આખું ઉદ્યાન, સરોવર, વૃક્ષ—પત્ર વગેરેને રૂપેરી બનાવી દીધાં છે. આ પ્રકાશની આગળ રોશનીના દીવાઓનો પ્રકાશ શા હિસાબમાં? એ દીવાઓનો પ્રકાશ આ પ્રકાશથી હારી જઇ નિસ્તેજ થઇ ગયો.

સમરસિંહે આવીને જોયું કે ગુરૂદેવ જન્મકુંડળી કરી પુત્રનું ભાગ્ય નિહાળે છે. પણ તેઓનું મુખ વિશાદગ્રસ્ત છે, તેથી મુખ જોતાંજ સમરસિંહનો આનંદ ઢંકાઇ ગયો. થોડી વારે તે બોલ્યો "ગુરૂદેવ? નવા કુમારનું ભાગ્ય જોયું? ભવિષ્યમાં તે રાજા થશેને?"

મંગળાચાર્ય ગંભીર સ્વરે બોલ્યા “ થશે ખરો પરન્તુ—

‘ પરન્તુ ’ શબ્દ ગુરૂના મુખમાંથી સાંભળતાં વિષાદ અને વિસ્મયથી તેઓની વાત પુરી થતાં પહેલાંજ બોલી ઉઠયો.

“ આ વખતે પણ પરન્તુ ” હાય મ્હેં એવાં તે શાં પાપ કર્યાં છે કે મારા વંશનો કોઇપણ બાળક સિંહાસન ઉપર બેશી શકતો નથી. આપે મારા જ્યેષ્ઠ પુત્ર કલ્યાણનું ભાગ્ય નિરીક્ષણ કરી કહ્યું ;હતું કે —‘ જો કલ્યાણ સિંહાસનારૂઢ થાય તો તો ચિતોડનું સૌભાગ્ય સમજવું. આજ સુધીમાં તમારા વંશમાં આવો કોઇ સુપુત્ર જન્મ્યોજ નથી. પરંતુ કલ્યાણતો કોઇ શાપભ્રષ્ટ દેવ છે. એથી રાજા થાય એટલી ઉમર સુધી આ પૃથ્વીમાં તે રહેશે કે કેમ તે શક જેવું છે ! માટે તે રાજા થશે એવી આશાનો તું ત્યાગ કર.’ મેં કલ્યાણની મંગળકામના માટે કેટલા યાગ, યજ્ઞ, હોમ વગેરે કરવાનું કહ્યું, પરંતુ કોઇ પણ રીતે આપ તેના નેષ્ટ ગ્રહનું ખંડન કરી શક્યા નહિ. એટલે કલ્યાણની આશાનો તો મેં ત્યાગ કર્યો છે. કલ્યાણથી નાના જે બે કુમારો છે તેને માટે તો આપે કહ્યું છે કે ‘ તેઓતો રાજા થવાનેજ યોગ્ય નથી જો તેઓ રાજા થશે તો ચિતોડનું અશ્રેય થશે. ’ આથી તેઓની આશાનો પણ ત્યાગ કરીને મેં લક્ષ્મીદેવી સાથે લગ્ન કર્યું. હવે જ્યારે લક્ષ્મીદેવીને કંઇપણ સંતાન ન થયું ત્યારે આપની આજ્ઞાનુસાર કમલદેવી સાથે લગ્ન કર્યું. જ્યારે કમલદેવીને ગર્ભ રહ્યો ત્યારે આપે કહ્યું હતું કે ‘ આ વખતે જે પુત્ર થશે તે સિંહાસનારૂઢ થશે ’ ત્યારે હું કેટલો આનંદિત થયો હતો અને ઇશ્વરને મેં કેટલો ધન્યવાદ આપ્યો હતો ! હવે અત્યારે આપ એમ કહો છો કે ‘ રાજા થશે પરન્તુ ’! ત્યારે ‘પરન્તુ’ શું તે તો કહો ? મારા ભાગ્યમાં નહીં હોય તો આપ શું કરશો ?

ગુરૂ—વત્સ ! આટલો બધો નિરાશ થા માં. ભાગ્યમાં લખેલું કોઇ પણ રીતે કોઇ ખંડિત કરી શકે નહીં. આ નવા કુમારમાં બધાં રાજલક્ષણ દેખાય છે તેથી ગમે તેમ થશે તો પણ તે રાજા તો થવાનો જ. પરંતુ ત્રણ વર્ષે એક એવો ગ્રહ આવે છે કે તેથી કુમારનું કંઇક અનિષ્ટ થશે. એટલા માટે ત્રણ વરસ સુધી કુમારની બહુ સંભાળ રાખવાની જરૂર છે; ત્રણ વર્ષ વીતી ગયા પછી કાંઇ પણ બીકનું કારણ નથી.” એટલામાં તેઓએ થોડેક છેટે કોલાહલ-ધ્વનિ સાંભળ્યો. બન્ને જણાએ તે તરફ જોયું તો, એક સ્ત્રીના હાથમાંથી કાંઇક લેવાને

માટે બીજી કેટલીક સ્ત્રીઓ મહેનત કરે છે પરંતુ તે સ્ત્રી છોડતી નથી. તેઓ કોલાહલ કરતી કરતી રાજા પાસે આવી પહોચી. આ વખતે એક પરિચારીકા બોલી "મહારાજ! આ ગાંડી આપના હમણાં જન્મેલા કુમારને ઉપાડી ભાગી આવી છે; અને કોઇ પણ રીતે અમને પાછો આપતી નથી. કુમારને કાંઇક હરકત આવે એટલા માટે અમે જોર જુલમ પણ કરી શકતાં નથી." તેની વાત પુરી થઇ ત્યારે મંગલાચાર્યે સમરસિંહને પૂછ્યું, આ ગાંડી કોણ? સમરસિંહે કહ્યું કે આ શું? આપ બિન્દુમતિ દાસીને ઓળખતા નથી? અને તે ગાંડી થઇ ગઇ છે, એમ આપે સાંભળ્યું નથી? મંગલાચાર્ય બોલ્યા. "તીર્થ પર્યટન કરી આવ્યાને આટલી મુદત થયા છતાં મેં તે વાત સાંભળી નથી. અને ગાંડી થયા પછી તેનામાં એટલો બધો ફેરફાર થઇ ગયો છે કે ખરેખર પ્રથમ હું તેને ઓળખી શક્યો નહીં, એ તો ઠીક પરંતુ બિન્દુ ગાંડી શા માટે થઇ?

સમરસિંહ—છએક માસ પહેલાં તેને એક પુત્ર થયો હતો, તે પુત્ર બે ત્રણ માસનો થયો ત્યાં બિન્દુમતિ વિધવા થઇ, અને વિધવા થયા પછી થોડાક દિવસમાં તેના પુત્રનું પણ મૃત્યુ થયું. ત્યારથી તે ગાંડી થઇ છે. હવે આ બિન્દુ એમ સમજે છે કે હું તેનો સ્વામી છું અને તેનો પુત્ર મરણ પામ્યો નથી પણ જીવતો છે, પણ કોઇક ચોરી કરીને લઇ ગયું છે. આ સિવાય બીજી કોઇપણ બાબતમાં તેની ગાંડાઇ દેખાતી નથી." આ વખતે બાળકને ચુંબન કરતાં કરતાં બિન્દુમતી બોલી, "મહારાજ! આજ મારૂં ખોવાયલું ધન મને પાછું મળ્યું છે. આહા! હજી સુધી તે તેવુંને તેવુંજ છે. આ બાળકને કોણ ચોરી ગયું હતું તે ખબર છે?" આમ કહીને અમરસિંહના કાન પાસે મોં રાખી ધીમે ધીમે બોલી, "મારી શોક્ય મારા બાળકને તું પડખામાં રાખીને સુતી હતી. હું જોતાંવેંતજ ત્યાંથી એકદમ ઉપાડીલઇ આ તરફ દોડી આવીછું. જુઓતો ખરા, કેવી રીતે મેં મજબુત તેડી રાખ્યું છે, કેવી મજા, હા—હા—હા.

શોક્યની આંખમાં ધુળ નાંખી છે એમ સમજી તે ઉંચે સ્વરે હસવા લાગી, સમરસિંહે કહ્યું "ના, ના, આ તારો પુત્ર નથી. તું જેની પાસેથી આને ઉપાડીઆવી છે તેનોજ આ પુત્ર છે. જો તારો પુત્ર આજ હોત તો તો તે ઘણો મોટો હોત. આમ જોતી નથી કે આ હમણાનુંજ જન્મેલું બાળક છે? આ વચન સાંભળતાંજ બિન્દુ-

મતી જરાક ગુસ્સે થઇ બોલી, “શું તમે પણ મારી શોક્યના પક્ષમાં રહીને મારા બાળકને તેને આપવાનું કહો છો ? હાય, મારા સ્વામિ પણ મારા તરફ નિર્દય છે. હું કોઇપણ રીતે મારૂં બાળક તેને આપીશ નહિ. તમે તેના પક્ષમાં રહેશો, તેના ઉપર વિશેષ સ્નેહ રાખશો તેથી હું કાંઇ તમારી ઉપર દ્વેષ રાખીશ નહીં; કેમકે હવે મને તમારી જરૂર નથી. તે એકલીનાજ માનીતા થાઓ. હું તો માત્ર મારા બાળકનેજ ચાહું છું. મારૂં ખોવાયલું ધન મને પાછું મળ્યું છે. હવે મારે શાની ખોટ છે ? આમ બોલી સમરસિંહના મુખ પાસે બાળકને લાવી તેણે કહ્યું “ જુઓ જુઓ મારા બાળકનું મોં કેવું સુંદર છે ? અરે મા ! આટલી બધી વાર થયાં બાળકને પાસે લાવી છું છતાં મારા બાળકના મોંનું એકવાર પણ તમે ચુંબન ન કર્યું ! હું સમજું છું કે આ અણમાનીતીનું બાળક છે માટે તમે ચુંબન કરતા નથી; એ માનીતીનું હોત તો તો કેટલાં બધાં ચુંબન કર્યાં હોત, ત્યારે સમરસિંહે કહ્યું ઠીક, લાવ મારી પાસે; હું ચુંબન કરૂં.

બિન્દુ—તમને આપતાં બીક લાગે છે, કેમકે જે શોક્યને વશ છે તે તેને સારૂં લગાડવામાટે મારૂં બાળક તેને આપી સંતોષિત કરે. પણ ઠીક લ્યો. આ તમારોપણ પુત્ર છે, તેને તેડવાની તમારી ઇચ્છા થઈ તો એકવાર તેડો અને એક ચુંબન કરી મને પાછો આપો.” સમરસિંહે બિન્દુમતીના ખોળામાંથી પુત્રને લઈ એક પરિચારીકાના ખોળામાં આપ્યો. તે પરિચારીકા કુંવરને તેડી અંતઃપુર તરફ ચાલતી થઈ. બિન્દુમતી ક્રોધ અને વિસ્મયતાથી થોડી વાર સુધી તો રાજાના મુખ સામુ જોઈ રહી, અને પછી રોષકમ્પિત સ્વરે બોલી “ વિશ્વાસઘાતક ! આમ કરવું હતું ! અત્યારે મારૂં રૂપ ગયું છે, શણગાર ગયો છે, ઠીક ! ઠીક, જાઓ જાઓ ! બધુંએ જાઓ ! અત્યારે શું મારૂં કાંઈ છે ? સ્વામિપણ મારા નથી; શોક્યને વશ છે. મારૂં બાળકપણ મારૂં નહિ; મારી શોક્યનું છે. ત્યારે હવે મારૂં શું ?? આમ બકતી બકતી બિન્દુમતી ચાલી ગઈ. જ્યાં સુધી હતી ત્યાં સુધી મંગલાચાર્ય તેના જ સામું જોઈ રહ્યા હતા. તે ચાલી ગઈ ત્યારે બોલ્યા, “ ત્રણ વર્ષસુધી કુમારને આ ગાંડીના ખોળામાં આપશો નહીં કેમકે તેના મનનો ભાવ ક્ષણે ક્ષણે બદલાય છે; વખતે તે માતૃચક્ષુથી અપત્ય સ્નેહ કરે, અને વખતે તે શોક્યનો પુત્ર જાણી કાંઈ નવાજુનું કરી નાંખે તો પણ નવાઈ નહીં.

વળી એ સિવાય બાળકને તેડવામાટે તેની એટલી બધી ઉત્સુક્તા છે કે તે જોઇને મને શક રહે છે કે વખતે એનાવડે જ કુમારનું કંઇક અનિષ્ટ થશે—એટલામાટે જ તે કુમારને માતૃચક્ષુથી જુએ છે. ગમે તેમ હો પરન્તુ ત્રણ વરસ સુધી તો આના ખોળામાં કુમારને આપવા જ નહીં; વળી એક રક્ષાકવચ હમેશાં કુમારના ગળામાં બાંધી રાખવું. જો ત્રણ વર્ષ નિર્વિઘ્ને પસાર થઇ જાય તો પછી કોઇ પણ જાતની બીક નથી. " વળી ફરીવાર મંગલાચાર્ય બોલ્યા કે, " એક બીજી વાત—" લક્ષ્મીદેવીને કાંઇપણ સંતાન નથી તેથી શોક્યનું સંતાન જોઈ તેના મનમાં ઇર્ષા થાય અને કંઇકિ અનિષ્ટ કરવાનું ધારે તો તે રસ્તો પણ બંધ કરવાની જરૂર છે. માટે આ બધી વાત કમલાદેવીને સમજાવી આ સંતાન લક્ષ્મીદેવીને સમર્પણ કર. એ બાળક આજથી તેનો પોષ્યપુત્ર—દત્તક થાય. આ કુમાર કમલાદેવીનો છે એમ કોઇપણ કોઇ દિવસ ન બોલે એમ કરવું. કુમાર ઉપર લક્ષ્મીદેવીની મમતા બંધાવાથી તેને ક્ષુબ્ધ થવાનું અથવા તો તેના તરફથી કાંઈ અવળું થવાનું કારણ રહેશે નહીં.

મંગલસ્વામીએ જે જે આજ્ઞા કરી હતી તે બધી અમરસિંહે પાળી. નવા કુમારનું કિરણસિંહ નામ પાડયું. લક્ષ્મીદેવી પોતાનોજ પુત્ર માની કિરણસિંહ ઉપર બહુ સ્નેહ રાખતી. કુમાર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેનું સૌંદર્ય પણ વધતું ગયું. કિરણસિંહ પોતાનોજ પુત્ર છે એમ માની બિન્દુમતી પણ તેના ઉપર સ્નેહ રાખતી, પરન્તુ તેને આપવાની મના હોવાથી તે ગમે તેટલો કાંગારોળા કરતી છતાં કોઈ તેને આપતું નહીં આથી તે વારેવારે દુઃખી થતી અને ક્રોધ કરતી. બીજું તે શું કરી શકે? એમ કરતાં બાળકને ત્રીજું વર્ષ બેઠું. આટલા બધા દિવસોમાં બિન્દુમતી પોતાના કુંવરને એકવાર પણ તેડી શકી નહીં તેથી તે હવે નિરાશ થવા લાગી. હવે તેણે એમ નક્કી કર્યું કે 'જો એક દિવસજ મને કુમારને રમાડવા આપે તો હું પછી કાયમને માટે લક્ષ્મીદેવીને સોંપી દઉં! એટલામાં એક પરિચારીકા કુમારને તેડી તેની પાસે આવી. તેને બિન્દુમતીએ કહ્યું " જા તું લક્ષ્મીદેવી પાસે જઈ એમ કહે કે જો હું મારો પુત્ર કાયમને માટે તમને આપી દઉં તો તમે માત્ર એકજ દિવસ કુમારને રમાડવા દેશો? પરિચારીકા તેના સામું હસીને બોલી, ના, મા, એ વાત હું ત્યાં જઇ કહી શકું નહીં.

બિન્દુમતિએ ધાર્યું હતું કે મેં આટલી શરત કરી છે માટે નક્કી કુમાર મને આપશે. પણ જ્યારે દાસીએ ચોકખું કુલ સંભળાવ્યું ત્યારે તેને બહુ નવાઇ લાગી અને હતાશ થઈ ગઇ. તેણે એક બે ગાળો દાસીને દીધી વળી જરાક શાંત થઇ દાસીને વીનવવા લાગી. પરન્તુ કોઈ પણ રીતે દાસી કબૂલ ન થઇ ત્યારે અત્યંત ગુસ્સે થઇ બોલી " મારા બાળકને એક વાર પણ મને નહી આપ ? અરે ! કેવું ભાગ્ય છે ? સ્વામિ શોક્યને વશ છે. અને તેના સમજાવ્યાથી મારૂં બાળક મને પાછું આપતાં નથી. વળી હું એટલું પણ કબુલ કરૂં છું કે મારૂં બાળક હું તેને આપીશ તો એક વખત પણ મને રમાડવા નહીં આપે ! આ પ્રમાણે બોલતાં બોલતાં બાળક તરફ મોઢું રાખી રોવા લાગી. તોપણ દાસીએ કુમારને તેના ખોળામાં આપ્યો નહીં. કોઇપણ રીતે બાળક ન મેળવી શકવાથી તે અત્યંત ગુસ્સે થઈ બકવા લાગી. " ઠીક, ફિકર નહીં, યાદ રાખજે હું મારા બાળકને નથી મેળવતી જોઇએ ? તું મારૂં બાળક મને પાછું નહીં આપે તો ભગવાન આપશે. " દાસી બિન્દુમતીની વાત સમજી શકી નહીં. બિન્દુમતીએ ત્યારથી રાજમહેલનો ત્યાગ કર્યો. અહીં બિન્દુમતીનું કોઈ હતું નહિં, તેમ તે એક સામાન્ય માણસ હોવાથી તેના જવાની કોઇએ દરકાર કરી નહીં અને ખબર પણ કાઢી નહીં.

પ્રકરણ ૨ જું.

કુમારનું હરણ.

કિરણસિંહને લગભગ ત્રણ વર્ષ પૂરાં થવા આવ્યાં છે. હવે તેને તેડીને ફરવાની જરૂર રહી નથી. તેઓ વખતે દાસીની આંગળી પકડી બગીચામાં ફરતા વખતે દોડતા, વખતે ફુલ ચૂંટતા અને વખતે વખતે જુદી જુદી બાલક્રીડા કરી દાસીને ખીજવતા તથા રીઝવતા. કોઈ વખત વળી દાસીની કેડ ઉપર બેસી બાલ ભાષામાં કાંઇ કાંઇ વાતો કરતા.

બિન્દુમતી રાજમહેલ છોડીને ચાલી ગઇ ત્યારપછી થોડેક દિવસે એક વખત કિરણસિંહ દાસીની આંગળી પકડીને બગીચામાં ફરતા હતા. દાસી ફૂલ આપીને તથા નાની નાની રમુજી વાર્તાઓ કહીને તેને રી-

ઝવતી હતી. એવામાં કુમાર બોલી ઉઠયા. " હમણાં બિન્દુમતી કેમ દેખાતી નથી ? " દાસી બોલી, " તમારે એનું શું કામ છે ?" કુમાર બોલ્યા. " જો તે અહી આવેને તો હું દોડીને તેના ખોળામાં ચડી બેસું. "

દાસી—પણ હું જાવા દઉં તો ને ?

કુમાર—અરે ! શું જવા ન દે ! હું દોડીને તેના ખોળામાં ચડી બેસું, તે મને તેડવાને બહુ ઇચ્છે છે.

દાસી—અરે ! એ તો ગાંડી છે, તમને તેડીને વખતે મારે તો ?

કુમાર—શા માટે તે મને મારે ? મને કોઇપણ મારી શકે નહીં, હું તો દોડીને તેની પાસે જઇશ.

દાસી—છી ત્યાં જવાય નહીં.

જે કરવાની બાળકને ના પાડવામાં આવે તે કરવાને તે બમણું ઉત્સુક થાય. દાસીની વાત સાંભળી કુમાર બોલ્યા, " ના હું તો જઇશ " દાસી તેને ભુલાવવાની ઇચ્છાથી બોલી, તે તો અહીંયા નથી, તમે કેમ કરીને ત્યાં જશો " ?

કુમાર—" ના હું તો જઇશ " દાસી આ વાત ભુલાવવાને એક ગુલાબના ફુલ તરફ હાથ કરીને બોલી, અરે ! જુઓ જુઓ, આ કેવું સુંદર ફુલ છે ? તરતજ બિન્દુમતીની વાત કુમાર ભુલી ગયા અને વ્યગ્ર થઈ બોલી ઉઠયા, " ક્યાં ? "

દાસી—આ સામેના તળાવની પાળ ઉપર. કિરણસિંહે ફરીવાર પૂછયું—" ક્યાં "

દાસી—જુઓ ઝાડની વચમાંથી જરા જરા દેખાય છે, કુમાર બોલ્યા " એ ફુલ લેવા હું જઇશ. " એમ બોલતાંજ તે ફુલ તરફ દોડયા. દાસી એકદમ તેને પકડી રાખી બોલી, અરે ! મા ! એ ફૂલ તો બરાબર તળાવની પાળ ઉપર છે. તમે તે શી રીતે લઈ શકશો ? લેવા જશો તો તળાવમાં પડી જશો. કુમારે તેના હાથમાંથી છુટી જઈ ભાગવા માટે જોર તો ખુબ કર્યું, પરન્તુ કાંઇ ન થવાથી બોલ્યા, હું એજ ફુલ લઇશ, જો નહીં જવા દે તો માને કહીશ. તળાવને કાંઠે ઉભા રહી ગુલાબનું ફૂલ તોડવામાં બહુ મુસ્કેલી જણાવાથી દાસી બોલી, ' અરે ! આ તરફ તો જુઓ, કેટલાં બધાં સુંદર ફુલ ઉઘડયાં છે ? ચાલો ચૂંટી દઉં.

કિરણ—ના, એ ફૂલ નહીં, હું તો આજ ફૂલ લઇશ.

દાસી—ત્યારે ચાલો આ દરવાજા ઉપર સિપાઇ પહેરો ભરે છે તેને કહીએ, એટલે તે લાવી આપે.

કિરણ—ના, સિપાઇ નહીં તુંજ હમણાં લાવી આપ.

કુમાર કોઇપણ રીતે છેડો છોડશે નહીં એમ ધારી ના ઇલાજે કબુલ થઇ બોલી, "ચાલો તમને આ પહેરાવાળા પાસે મૂકી તળાવની પાળ ઉપરથી ફૂલ લાવી દઉં."

ચિતોડનો રાજમહેલ કિલ્લાનાં જેવો બાંધેલો છે. આખા રાજમહેલને ફરતો ઉંચો ગઢ ચણેલો છે. રાજમહેલ અને ગઢ વચ્ચે પહેલી ખાલી જગ્યા પુષ્પવૃક્ષ, પત્થરમાં કોતરેલી મૂર્ત્તિઓ તથા ફુવારાથી એક નાના બગીચા જેવી શોભી રહી છે. તે બગીચામાં ઠેકાણે ઠેકાણે રાજમહેલ સુધી જવા આવવા માટે સડકો બાંધેલી છે. ગઢને ચારે દિશા તરફ ચાર મોટા દરવાજા છે. દરેક દરવાજે અંદર તથા બહાર પહેરો ભરવાની ગોઠવણ કરેલી છે. રાજમહેલમાં જવા માટે આ ચાર દરવાજા સિવાય બીજું એકપણ દ્વાર નથી. કિલ્લાની બહારના ભાગમાં પણ ચારે તરફ એક મોટું રમણિય ઉદ્યાન આવેલું છે. એ ઉદ્યાનને ફરતો ગઢ નથી; પરન્તુ લોઢાના સળીયાની મજબુત જાળી કરેલી છે, રાજમહેલના ગઢને જેમ ચાર મોટા દરવાજા છે તેમ આ જાળીમાં પણ ચાર લોઢાનાં મુખ્ય દ્વાર છે. તો પણ ઉતાવળથી દાસ—દાસીને જવાની જરૂર પડે તો ટુંકે રસ્તે આવ-જા થાય એટલા માટે કેટલીક નાની બારીઓ રાખેલી છે. આ બારીઓથી દાસ—દાસી સિવાય કોઇ જતું આવતું ન હોવાથી ત્યાં ચોકી પહેરાની કશી ગોઠવણ નહોતી. માત્ર એક પ્રહરી ત્યાં બેસી રહેતો, ટુંકામાં બહારના ઉદ્યાનમાં પ્રવેશ કરી ગઢનું મુખ્ય દ્વાર ઓળંગાય ત્યારે રાજમહેલમાં જવાય. આ ઉદ્યાનમાં આજ કિરણસિંહ તેની પરિચારીકા સાથે ફરતા હતા. જે તળાવની પાળ ઉપર ગુલાબનું ફૂલ ખીલેલું હતું તેની દક્ષિણ દિશાએ એક ઉપરોક્ત નાની બારી હતી. પરિચારીકા તે દ્વારના પ્રહરી પાસે આવી બોલી, "હું તળાવની પાળ ઉપરનું ગુલાબનું ફૂલ ચૂંટવા જાઉં છું માટે થોડીકવાર કુમારને સંભાળજે. આવું હઠીલું છોકરૂં તો ક્યાંય જોયું નથી. જે હઠ લીધી તે ગમે તેમ કરીએ તો પણ મૂકે નહીં." કિરણને પ્રહરીની દેખરેખ નીચે રાખી પરિચારીકા ફૂલ ચૂંટવા ગઇ. ગુલાબના વૃક્ષમાં હાથ નાંખતાંજ એક કાંટો તેની આંગળીમાં પેસી

જવાથી મનમાં મનમાં કુમાર ઉપર ગુસ્સે થઇ, પરન્તુ ફૂલ લીધા વિના તેનો છુટકો થવાનો નથી; માટે સાવચેતી રાખી ફૂલ લેવાનો યત્ન કર્યો. ઓઢણાથી હાથ વીંટી ધીમેથી ડાળી પકડી ફૂલ તો ચૂંટ્યું. પણ તેના દુર્ભાગ્યે એક કાંટો લગાડીને તેનો છુટકો ન કર્યો. તેનું ઓઢણું ગુલાબના ઝાડના કાંટામાં ભરાઇ ગયું. તે ખેંચવાને તેણે જેવું જોર કર્યું કે તુરતજ તે ઉછળીને તળાવમાં પડી. પડતાંજ હાય! મરી ગઇ! એમ બૂમ પાડી. બૂમ સાંભળતાંજ, દાસી બૂડી ગઇ એમ ધારી કુમારને એમને એમ રાખી પ્રહરી તળાવ તરફ દોડયો આવ્યો; અને અર્ધજલમાં રહી દાસીને બહાર ખેંચી કાઢી. બીકથી દાસી બેભાન જેવી થઈ ગઈ હતી. બહાર નીકળ્યા પછી શાન્ત થતાં તે કુમાર ઉપર રોષ આણી બોલી, બાપલીયા, આવું છોકરૂં તો ક્યાંય જોયું નથી. જે હઠ લે તે મૂકેજ નહીં. રાજાનાં છોકરાંને આપણાથી કાંઇ કહેવાય છે" ?

પ્રહરી તેનો હાથ પકડી કાંઠા ઉપર લાવતાં બોલ્યો, ચૂપ, ચૂપ, તારી વાત કોઇ સાંભળશે તો? રાજાઓ ઉપર રીસ કરીએ નહીં જો કરીએ તો પણ તે મનમાંજ રાખવી. પ્રહરી તેને લઇને બારી પાસે આવી પહોંચ્યો. પરન્તુ જે ઠેકાણે તે કુમારને બેસાડી ગયો હતો ત્યાં કુમારને જોઇ શકયો નહીં. આથી બન્ને જણાં જરાક ગભરાઈ ગયાં. તેઓએ વિચાર્યું કે, કુમાર રમતાં રમતાં ભૂલા પડી જશે તો! બન્ને જણાંએ આસપાસ ખોળ કરવા માંડી પરન્તુ કુમારનો પત્તો લાગ્યો નહીં. વળી એમ વિચાર આવ્યો કે કોઈ દાસ-દાસી કાંઇ કામકાજ માટે આ રસ્તેથી જતાં હશે તેણે કુમારને એકલા જોઈ અન્તઃપુરમાં સોંપ્યા હશે. કુમારને એકલા રાખ્યા એટલા માટે રાણીઓ તેનો કેટલો બધો તિરસ્કાર કરશે એ વિચારથી તે બહુ ગભરાણી. આ હકીકતનો શો જવાબ આપવો તે વિચારતી વિચારતી દાસી અન્તઃપુર તરફ ગઇ; અન્તઃપુરમાં જતાંજ રાણીઓ કાંઇ પૂછે તે પહેલાંજ રોતાં રોતાં બોલી, "મારો કાંઇ પણ દોષ નથી હું તો પ્રહરી પાસે રાખી ગઇ હતી. પરન્તુ-પરન્તુ-" આ વાત સાંભળી કમળાદેવીને બહુ નવાઇ લાગી, તેણે કહ્યું. શું બકે છે, ગાંડી તો થઇ નથી ને? રાણી તેનો તિરસ્કાર કરતાં નથી એમ ધારી સાહસ કરી બોલી, "યથાર્થ કહું છું કે હું પ્રહરી પાસ કુમારને રાખી ગઇ હતી, પરન્તુ માણસોનું દૈવજ અવળું છે. કમળાદેવી આથી ગભરાઇને બોલી ઉઠી "શું અવળું

નશીબ ! પ્રહરીના ખોળામાંથી કુમાર પડી ગયા છે ?

દાસી—ના, ના કુમાર પડી તે કેમ જાય ? એને બદલે તો હું તળાવમાં પડીને મરી જાત" આથી રાણીઓ હસીને બોલી, "ત્યારે તું જીવતી કેમ રહી" !

દાસી—પાસેના પ્રહરીએ મારી ચીસ સાંભળી; આથી તે એકદમ મારી પાસે દોડયો આવ્યો અને મને પાણીમાંથી બહાર કાઢી. આપ વિચારી જુઓ કે આમાં મારો જરા પણ દોષ છે ?

કમળદેવી—કોણ કહે છે કે દોષ છે. તું પડી ગઇ હતી, અને પ્રહરીએ બહાર કાઢી એમાં દોષ શાનો ?

દાસી—હું પણ એજ કહુંછું કે આમાં મારો દોષ શું ? તો પણ આપ ખીજશો એમ ધારી બીકથી મરવા જેવી થઈ ગઈ હતી.

કમળદેવી—આમાં આટલો બધો ભય શા માટે પામી ? તું મરતાં મરતાં બચી ગઈ છે એ સાંભળી અમે તો ખૂશી થયાં છીએ; ખીજીએ શા માટે ?

દાસી—હું પણ એજ કહુંછું. આપ તો મારાં માબાપ છો. જો તમે મારા ઉપર સ્નેહ ન રાખો તો બીજું કોણ રાખે ! ત્યારે કુમાર કયાં છે ? મેં તેને માટે ગુલાબનું ફૂલ ચૂંટી આણ્યું છે.

કમળદેવી—કુમાર કયાં છે એ અમે કેમ જાણીએ ! તું કહે છે કે હું પ્રહરી પાસે રાખી ગઈ હતી.

દાસી—"આપ સમજી શક્યાં છો કે આમાં મારો બીલકુલ વાંક નથી તેથી આ વખતને માટે મને માફ કરો." કમળાદેવી કંટાળીને ક્રોધથી બોલી "હું સમજી છું—તારી બેફિકરાઈથી કુમારને ક્યાંક લાગ્યું છે. શું થયું છે તે સ્પષ્ટ બોલ ? માફ કરવાની પછી વાત.

દાસી—નારે મા. કુમારને કંઇ પણ થયું નથી.

કમલદેવી—ત્યારે શું છે ?

દાસી—પ્રહરી કુમારને એકલા રાખી મને પાણીમાંથી બહાર કાઢવા આવ્યો હતો તેજ હું કહું છું.

કમલદેવી—એકલા રાખી ગયો તેથી શું થયું ?

દાસી—એમાં કાંઇ બીજું થયું નથી; માત્ર અમે બે ગભરાઇ ગયાં છીએ.

કમલદેવી—તમે શી રીતે ગભરાઈ ગયાં છો ?

દાસી—કુમારને એકલા જોઇને અમને ગભરાવવા માટે કોઇ તેને અહીં તેડી લાવ્યું છે.

કમલદેવી—એમાં તમે શી રીતે ગભરાયાં ?

દાસી—કુમારને આપની પાસે લાવે તો આપ અમને ખીજો.

કમલદેવી—અહીં તો કોઈ કુમારને તેડી લાવ્યું નથી.

આ વાતનો દાસીને વિશ્વાસ આવ્યો નહીં. તેણે વિચાર્યું કે રાણીઓ મારી મજાક કરે છે. તે બોલી, " આ વખતને માટે અપરાધ માફ કરો, હવે કોઇ વખત કુમારને એકલા રાખી હું ક્યાંય પણ નહીં જાઉં. તે ક્યાં છે ! એ કહો. હું ફુલ આપું. " રાણીઓ આશ્ચર્ય પામીને જરાક ભયભીત થઇ બોલી. " તેં કોને સોંપ્યા હતા ? તેં જેને સોંપ્યા હતા તે તેને ક્યાંય રાખી આવ્યો હશે તે અમે શી રીતે જાણી શકીએ.

દાસી કમળાદેવીના ચરણમાં માથું નમાવી બોલી, "મને બરાબર શિક્ષા થઇ છે, હવે હું કોઇ દિવસ આવું કાર્ય નહીં કરૂં. કુમાર ક્યાં છે તે કૃપા કરીને કહો. "

દાસીની વાતથી રાણીઓ વધારે વધારે આશ્ચર્ય પામી ભયભીત થવા લાગી. છેવટે ખરી વાત શું બની છે તે કહેવા દાસીને ફરમાવ્યું. દાસીની બધી વાત સાંભળતાં બધાં ગભરાઇ ગયાં; અને પ્રત્યેક દાસ—દાસી તથા પ્રહરીને કુમાર સંબંધી પૂછાવી જોયું. બધાંએ જવાબ આપ્યો કે અમે કોઇએ કુમારને જોયા નથી. કુમારને માટે રાજમહેલમાં ખોળાખોળ થઇ પડી. તેઓ બગીચામાં તથા મહેલની આસપાસ ચારે તરફ કુમારને શોધવા લાગ્યાં. બધાંએ એમ વિચાર્યું કે, "કુમાર રમતા રમતા વખતે બહાર જતા રહ્યા હશે. તેથી તે તરફ પણ ખોળ કરાવી. પણ કશો પત્તો લાગ્યો નહીં. વખતે રમતાં રમતાં તળાવમાં પડી ગયા હશે તો ? આ ભયથી તેઓ ધ્રુજવા લાગ્યાં. આ વાત સમરસિંહને કર્ણે પહોંચતાંજ તેણે વ્યાકુળ થઈ પોતાનાં માણસોને સાથે લઈ રાજમહેલની અંદર આવેલાં પ્રત્યેક તળાવો, દરેક કુંજ, દરેક ઘર વગેરે જરીએ જરી તપાસ્યાં. વખતે જળમાં પડી ગયા હશે એવી આશંકાથી પ્રત્યેક તળાવોમાં માણસો ઉતારી તપાસ કરાવી જોયો; પરન્તુ તેઓની બધી મહેનત વૃથા ગઈ. કુમારની શોધ કરતાં સાંજ પડવા આવી પણ કુમારનો કોઇએ પત્તો આપ્યો નહીં. પછી સમર-

સિંહે શોકપૂર્ણ હૃદયે દાસીને પોતાની પાસે બોલાવી જુદા જુદા પ્રશ્ન પૂછયા. પ્રહરી જ્યારે દાસીને કાઢવા ગયો ત્યારે તે કયાં ઉભો હતો ? તેઓને આવતાં કેટલો વખત લાગ્યો ? કુમારને કયાં બેસાડયા હતા ! વગેરે પ્રશ્નો પુછી જોયા ત્યારે તેમણે પહેલાં જે હકીકત જાહેર કરી હતી તેજ હકીકત આ વખતે કહી. સમરસિંહ જ્યારે આ બધી હકીકત દાસી અને પ્રહરીને પૂછતા હતા ત્યારે ત્યાં ઘણાં માણસો હતાં. દાસી કિરણસિંહને પ્રહરી પાસે રાખી ફૂલ ચુંટવા ગઇ હતી એ વાત સાંભળી એક માણસ બોલી ઉઠયો. "દાસા કુમારને પ્રહરી પાસે રાખી ફૂલ ચૂંટવા ગઇજ નહોતી, પ્રહરી ગયો હતો. કેમકે એ રસ્તેથી જ્યારે હું જતો હતો ત્યારે ત્યાં પ્રહરી નહોતો, પરંતુ કુમારને તેડીને દાસી ચાલી જતી હતી." પરિચારીકા આશ્ચર્ય પામી બોલી, "ક્યારે ખોળામાં બેસાડતાં જોયા હતા ? જ્યાં સુધી અમે બગીચામાં હતાં ત્યાં સુધી એક પણ વખત મેં તેમને ખોળામાં લીધા નહતા; તેમણે મારી આંગળી પકડી હતી અને અમે ફરતાં હતાં. અને હું ફૂલ ચૂંટવા ગઇ હતી કે નહીં તે આ પ્રહરી જણાવશે.' પ્રહરી દાસીની વાતને ટેકો આપતાં બોલ્યો. "દાસી કુમારને મારી પાસે રાખી ફૂલ ચૂંટવા ગઇ હતી એ વાત તદ્દન ખરી છે. મને તો એમ લાગે છે કે હું દાસીને પાણીમાંથી બહાર કાઢવા ગયો ત્યારે કોઈ બીજી દાસીના ખોળામાં કુમારને જોયા હશે એથી ભ્રમ થયો હશે. એ પણ શી રીતે બને ? કેમકે બધી દાસીઓ એમ કહે છે છે અમે કોઇએ કુમારને જોયા નથી." પ્રહરીની વાત સાંભળતાં બીજા બે ત્રણ પ્રહરી એકદમ સાથે જ બોલી ઉઠયા, "આમ પણ હોઇ શકે કે આજ બિન્દુમતી રાજમહેલ તરફ આવી હતી. તેણે દ્વાર ચોકી વગરનું તથા કુમારને એકલા જોઇ લાગ ફાવવાથી વખતે કુમારને લઇને તે ચાલી ગઇ હોય." આ વાતથી દાસી વ્યગ્ર થઇ બોલી ઉઠી, "બરાબર છે. એમજ નયું હશે કેમકે એક દિવસ તેણે મારી પાસે કુમારને માગ્યા હતા. પરંતુ તેને આપવાની મના હોવાથી મેં તેને આપ્યા ન હતા. તેથી તે ગુસ્સે થઇ કંઇક બકતી બકતી ચાલી ગઇ હતી. ત્યારે તો હું કંઇ સમજી નહોતી, પણ અત્યારે હવે સમજી છું." આમ કહી બિન્દુમતી સાથે જે જે વાત થઈ હતી તે બધી સમરસિંહને જણાવી દીધી, કુમારને બિન્દુમતીજ લઈ ગઈ છે એમાં જરા પણ કોઇને શક રહ્યો નહીં. આ વાત પહેલી યાદ ન આવવાથી મહેલની આસપાસ નકામો વખત ગાળ્યો. એમ સમજી

સમરસિંહના મનમાં દુઃખ થવા લાગ્યું. જેણે બિન્દુમતીને રાજમહેલમાં પ્રવેશ કરતાં જોઇ હતી તેને સમરસિંહે કહ્યું કે "તમે અત્યાર સુધી તેના પ્રવેશ કર્યાની વાત કેમ કરી નહીં"? તેઓ બોલ્યા, અમે પ્રવેશ કરતાં તેને જોઇ હતી ખરી, પરન્તુ તેના તરફની કશી પણ બીક જેવું અમને લાગ્યું નહીં. કેમકે જો બિન્દુમતી કુમારને લઇને ભાગે તો દ્વાર ઓળંગતી વખતે તેને પ્રહરીઓ દેખે અને અટકાવે; પણ અમે તેને દ્વાર ઓળંગતાં જોઈ નથી. હવે એમ સમજાય છે કે એક બારી પ્રહરી વિનાની હતી તે બારીએથી કુમારને લઇ તે ચાલી ગઇ હોય તો તેને કોઈ જોઇ શકે નહીં.

સમરસિંહે બિન્દુમતીની ખોળ કરવા ચારે તરફ માણસો મોકલ્યાં; અને પોતે પણ તેની તપાસ કરવા નીકળ્યા.

કુમારને બિન્દુમતી લઇ ગઇ છે એમ જ્યારે મંગલસ્વામિએ સાંભળ્યું ત્યારે તેઓ સમજ્યા કે "જો બિન્દુમતીને કુમાર આપવાનો નિષેધ કર્યો. ન હોત તો આમ થાત કે કેમ એ એક વિચારવા જેવું છે. નિષેધ કરવાથીજ વિપરીત બન્યું છે. પોતાની સલાહથીજ ભવિતવ્ય સફળ થયું.

પ્રકરણ ૩ જું.

યદ્ભાવી ન તદ્ભાવી ભાવી ચેન્ન તદન્યથા ।

(બિન્દુમતી શી રીતે કુમારને લઈ ગઈ તે અમે આ પ્રકરણમાં કહીશું.)

રાજમહેલનો ત્યાગ કર્યા પછી બિન્દુમતી જ્યાં ત્યાં રખડતી અને ભીખ માગીને પોતાનું ગુજરાન ચલાવતી; તો પણ તે કિરણસિંહને ભૂલી શકી નહોતી. થોડાએક દિવસ વિત્યા પછી કુમારને જોવાની તેની ઇચ્છા અત્યંત બળવાન થઇ; પરંતુ શોક્યને વશ સ્વામિના મહેલમાં જવું એ અપમાનભર્યું લાગવાથી બહારથીજ કિરણને જોઇ લેવો, એવો સંકલ્પ કર્યો.

તે દિવસે કિરણને જોવા માટે બિન્દુમતી રાજમાર્ગ ઉપર એકલી ફરતી હતી. કિરણને જોતાંજ તેની પાસે જવાને તે અત્યંત ઉત્સુક થઈ ગઇ. 'શોક્યના ઘરમાં પેસવું એ અપમાનભર્યું છે' એ વાત કિરણની પાસે જવાના લોભમાં ભૂલી ગઇ. આથી તે રાજમા-

ર્ગનો ત્યાગ કરી રાજમહેલ તરફ ચાલી. દ્વાર પાસે જતાંજ એક પ્રહરી બોલ્યો.

"અરે! ગાંડી, આટલા બધા દિવસ પછી આજ શા માટે અહીં આવી છે?"

"ગાંડી" કહેવાથી બિન્દુમતી અત્યંત ગુસ્સે થતી. પ્રહરીના વચનથી તે બહુ ગુસ્સે થઇને જેમ તેમ બકતી બકતી ઉદ્યાનમાં પેઠી. ત્યાં ગયા પછી બોલી. "તું ચાકર થઇને રાણીને ગાંડી કહે છે તો યાદ રાખજે, પણ શું કરૂં! સ્વામિ શોકયને વશ છે ત્યારે કોઇ સંઘરતું નથીને?

જે ઠેકાણે કિરણસિંહ અને પરિચારીકા હતાં તે સ્થળે આવીને બિન્દુમતીએ જોયું તો તેઓ ત્યાં નહતાં તે જરા આગળ ચાલી કે એકદમ કોઇની ચીસ તેના સાંભળવામાં આવી અને તે અવાજ તરફ એક પ્રહરીને દોડતાં જોયો, પ્રહરીને જતો જોઇને બન્ધનમૂક્ત અશ્વની પેઠે કિરણસિંહ દ્વારની આ તરફ પેલીતરફ મરજી મુજબ ફરવા લાગ્યો. કિરણને એકલો જોતાંજ બિન્દુમતીની આશા સંપૂર્ણ ફળીભૂત થઈ. તે સહર્ષ ઉતાવળથી ત્યાં આવીને ઉભી રહી. ત્યાં જોયું તો દ્વારઉપર કોઇ પ્રહરી નહોતો. તેથી તેના હૃદયમાં એક નવી આશાનો સંચાર થયો–તેણે આજ પોતાની ઘણા દિવસની આશા પૂર્ણ કરવાનો સુયોગ જોયો. કિરણને તેડી લઇ તેના મુખનું ચૂમ્બન કરતાં કરતાં બોલી. "આહા! મારૂં બાળક કોઈ મને આપતું નથી! બાપુ! તું મારો પુત્ર છે—મારૂં માણિક છે—મારૂં ધન છે—મારૂં સર્વસ્વ છે. મારા જેવો તારા ઉપર કોઇ સ્નેહ રાખતું નથી. ચાલ તને એક સુંદર ફુલનો બગીચો જોવા તેડી જાઉં."

કિરણ બોલ્યો, "મારે માટે દાસી ફૂલ લેવા ગઈ છે તે ફૂલ લઇને હું આવું.

બિન્દુ—"તે બગીચામાં આ બગીચા કરતાં પણ સુંદર ફૂલ છે, વળી ઘણાં પક્ષીઓ છે એ બધું હું તને બતાવીશ. અને ત્યાં ગયા પછી તું કહીશ એટલાં ફક્કડ ફૂલ આપીશ." કિરણસિંહ સહર્ષ બોલ્યો, "ત્યારે ચાલ—ક્યાં છે?"

બિન્દુમતી તેને લઇને દ્વાર ઓળંગતાં ઓળંગતાં બોલી, "પણ તું રોઇશ માં હો! કેમકે તને રડતો સાંભળી તેઓ મારી પાસેથી

તને લઇ જશે અને પેલો બગીચો જોવા આવવા દેશે નહીં." બિન્દુમતીના ખોળામાં કુમારને આપવાની મના હતી એ વાત કિરણ જાણતો હતો તેથી તે માથું હલાવીને બોલ્યો, "ના, હું નહીં રોઉં." ત્યારે બિન્દુમતી બોલી, "ત્યારે ચાલ, તને ઝપાટાબંધ બગીચો જોવા લઈ જાઉં." બિન્દુમતી કિરણને લઇ છાનીમાની ચાલી ગઈ. તે ઘણી ઉતાવળથી રાજમાર્ગનો ત્યાગ કરી નિર્જન રસ્તેથી નદીના કાંઠા તરફ ચાલી. નદીકાંઠે આવીને જોયું તો અનેક નૌકા ચાલવાની તૈયારીમાં છે. તેણે આ નૌકામાંની એક નૌકાના ખલાસીને બોલાવી કહ્યું, "મારે તારી નૌકામાં આવવું છે માટે નૌકા કાંઠે લાવ." આ વખતે કુમાર બોલ્યો, "ક્યાં ? પેલો ફૂલનો બગીચો ક્યાં ?"

બિન્દુમતી બોલી, "આ નૌકામાં બેસીને આપણે તે બગીચો જોવા જઇશું" બાળક બીજું કાંઈ બોલ્યો નહીં.

ખલાસી બોલ્યો, "અમારે તો ઘણે છેટે જવું છે."

બિન્દુમતી—"તમે જ્યાં જશો ત્યાં હું આવીશ. પણ હવે ઝટ આવ, વાર થશે તો મારી શોક્યનાં માણસો આવી મારા પુત્રને લઈ જશે." ખલાસીએ નૌકા કાંઠે આણી, એટલે બિન્દુમતી કુમારને લઇ ચડી બેઠી અને ખલાસીએ નૌકા છોડી મુકી. નૌકામાં બેઠા પછી બિન્દુમતીએ કેડેથી એક લુગડાની કોથળી કાઢી; અને તેમાંથી બે-ત્રણ રૂપિયા ખલાસીના હાથમાં મૂકતાં બોલી, "પહોંચ્યા પછી વધારે આપીશ." આ કોથળીમાં તેણે ભીખ માગીને પૈસા એકઠા કર્યા હતા. કેટલેક દૂર ગયા પછી વળી કુમારે પૂછ્યું, "ક્યાં છે એ બગીચો ?" બિન્દુમતી તેને નદીના તરંગ તથા કાંઠાપરનું ઉપવન બતાવી વાત ભુલાવવાની ચેષ્ટા કરવા લાગી.

એમ કરતાં સાંજ પડી, આકાશમાં કોઈ કોઇ તારાઓ દેખાવા લાગ્યા. સંધ્યાકાળના શીતળ પવનથી નાની નાની તરંગમાળાઓ ઉત્પન્ન થઇને નૌકા સાથે અથડાવા લાગી. ખલાસીઓ નાવ ચલાવતા ચલાવતા ઉંચે સ્વરે કંઇ કંઇ ગાવા લાગ્યા. નૌકા પણ ઘણે છેટે પહોંચી ગઇ. કુમાર 'ફૂલનો બગીચો, ફૂલનો બગીચો' એમ કરતો કરતો થાકીને બિન્દુમતીના ખોળામાં ઉંઘી ગયો. આજ કૃષ્ણપક્ષનો પડવો છે એથી ચંદ્રમા હજી સુધી ઉગ્યો નથી; તરંગમાળા જ્યોત્સ્નાના તેજથી ચકચકતી નથી. અરે ! પણ આ શું ? હાય ! આજ એમ લાગે છે કે ચંદ્રનાં સ્નિગ્ધ કિરણો આજ પૃથ્વીને સ્નિગ્ધ કરશે નહીં

કેમકે આમ પૂર્વ તરફ તો જો ! ચંદ્રને બદલે એક કાળું વાદળુ ફર્યું છે. આ વાદળું ધીમે ધીમે આકાશમાં ફેલાવા લાગ્યું, પવન વધવા લાગ્યો અને તેની સાથે પાણીનાં મોજાં પણ વધવા લગ્યાં. થોડીવારમાં પવન તદ્દન અનિયમિત થઇ ગયો. કોઇવખત દક્ષિણ તરફથી, કોઇ વખત પશ્ચિમ તરફથી તો વળી કોઇ વખત બીજી દિશાઓ તરફથી ઝપાટા મારવા લાગ્યો; તેની સાથે મેઘના કડાકા અને વિજળીના ચમકારાનો પણ આરંભ થયો. હવે ખલાસીના હાથમાં કોઇપિણ ઉપાય રહ્યો નહીં. પવનના જોરથી મોજાંનું પાણી નૌકામાં આવવા લાગ્યું. ખલાસીઓ ગભરાયલા મને નૌકાને કાંઠે લઈ આવી લાંગરવાનો યત્ન કરવા લાગ્યા. વિજળીના પ્રકાશથી તથા અટકળે તેઓ કાંઠા તરફ નૌકાને ચલાવવા લાગ્યા; પણ જ્યાં થોડેક છેટે પહોંચે છે કે તુરત એક મોટું મોજું આવી તેનો પરિશ્રમ વ્યર્થ કરે છે. વાવાઝોડાથી કુમાર જાગી ઉઠયો. તે પોતાને માતાના ખોળામાં ન જોવાથી તથા ક્ષુધાથી ઉંચે સ્વરે રડવા લાગ્યો. બિન્દુમતીએ તેને છાનો રાખવાનો કેટલોક યત્ન કર્યો; છેવટે થાકીને ફરીવાર કુમાર નિદ્રાવશ થઇ ગયો.

આ તરફ ખલાસીઓ નૌકાને કાંઠે લાવવા માટે હલેસાંવડે વારે-વારે મહેનત કરવા લાગ્યા; અને વારેવારે નિષ્ફળ જવા લાગ્યા; તેથી નિરાશ થઇ તેઓ ઉંચે સ્વરે પરમેશ્વરને બોલાવવા લાગ્યા. જોતાં જોતાંમાં બે ત્રણ જબરાં મોજાંએ ઉપરા ઉપર આવી નૌકાને અવળી નાંખી દીધી; નૌકામાંનાં બધાં માણસો જળમાં ડૂબી ગયાં. જે વખતે બિન્દુમતી પાણીમાં પડી તે વખતે કુમાર તેના ખોળામાંથી આઘે જઇ પડયો. ખલાસી વગેરે જેને જેને તરતાં આવડતું હતું તેઓ બધા તરવા લાગ્યા. અંધકારમાં કોઈ કોઇને સહાય કરી શક્યું નહીં.

પેલી તરફ રાજમહેલનાં માણસો બિન્દુમતીની ખોળ કરવા નીકળ્યાં, એ વખતે સાંજ પડવા આવી હતી. થોડીવારમાં ઝડીનો આરંભ થયો. પવનના જોરથી ઢગલે ઢગલા ધૂળ ઉડીને તેઓનાં મુખ–આંખમાં પ્રવેશ કરવા લાગી. ધૂળના ઉડવાથી તથા અંધકારથી પાસેની વસ્તુ પણ જોઇ શકાતી નહોતી ધીમે ધીમે ઝડીની સાથે વૃષ્ટિનો આરંભ થયો. મોટાં વૃક્ષો કડકડાટ શબ્દો કરતાં પૃથ્વી ઉપર સુવા લાગ્યાં. જેઓ શહેરની બહાર શોધ કરવા ગયા હતા તેઓ ઘણું દુઃખ વેઠી માંડ માંડ ચિતોડમાં આવી શક્યા. શહેરમાં પણ જુના દરવાજા–મેડીઓ–ઘરો વગેરે પડવાનો અવાજ તેઓના કાનમાં આવવા લાગ્યો. કોઇ

કોઇ તો પડતી મેડીની નીચેથી માંડ માંડ સદ્‌ભાગ્યથી બચી ગયા. કોઇ અંધારામાં ભૂમિ ઉપર પડી ગયેલાં ઝાડો ઉપર પડવાથી હાથ-પગ ખોઇ બેઠા. કોઇ અંધકારથી રસ્તો ભુલી ગયા. આ પ્રમાણે રાજ-કુમારની શોધમાં અસમર્થ થવાથી બહુ કષ્ટે રાજ મહેલમાં બધાં માણસો પાછાં આવ્યાં. આવતી વખત દરેકના મનમાં એમ થયું કે બીજે રસ્તેથી કોઇ માણસ કુમારને મહેલમાં લઇ ગયું હશે.

બધાં માણસો પાછાં આવ્યાં પરન્તુ આ ઝડી-વૃષ્ટિ અને અંધ-કારના દુર્યોગની વ... હતભાગ્ય સમરસિંહ પુત્ર રત્ને ખોવાયાથી ઝટીકાત્રસ્ત તરણીની પેઠે-પવનના તોફાનથી ખળભળી ઉઠેલા સમુદ્રની પેઠે-ઉન્મત થઇને આ તરફ પેલી તરફ ફરવા લાગ્યો. પવનના પ્રત્યેક સુસુવાટાને તે પોતાના પુત્રનું રડવું માનતો. અંધકારમાં છેટેથી નાના નાના છોડવાઓને પોતાનો પુત્ર માનતો; અને પાસે જતાં નિરાશ થવાથી અધિ-કતર ઉન્મત થઈ જતો. હાઃ વિધાતા ! આજ તારી મનસ્કામના પૂર્ણ થઇ. અદૃષ્ટ ! તેં પરાક્રાન્ત રાજાની ક્ષમતાની મશ્કરી કરી-તારી કઠોર ભાગ્ય લીપી સત્ય કરી. તેં સમરસિંહના ખોળામાંથી તેનું સંતાન ખૂંચી લીધું અને આજથી હતભાગ્ય સમરસિંહે વર્તમાનનો આનંદ તથા ભવિષ્યની આશાઓ ખોયાં.

ફરતાં ફરતાં કેટલોક વખત ગયા પછી નદી કાંઠા તરફ ગયો. ત્યાં જોયું તો તેની તેજ પ્રશાન્ત મૃદુનાદીની નદી અત્યારે લોક-સંહા-રિણી મૂર્તિ ધારણ કરીને ભયંકર ગર્જના કરે છે. તેના વક્ષ ઉપર એકપણ નૌકા નથી. કાંઠે નૌકાઓને બરાબર બાંધી નાવિકો આ ઝ-ડીથી પોતાનો બચાવ કરવા પોતપોતાને ઘેર ગયા છે. માત્ર મુસાફરી નૌકામાં કેટલાંક માણસો રહ્યાં છે; પરંતુ તેઓ સાવચેત છે. જેઓ આમાં સાવચેત રહ્યા નહતા, તેઓએ તેની ગફલતનું ફળ ભોગવ્યું હતું.

સમરસિંહે એક નૌકા પાસે આવી તેના ખલાસીને પૂછ્યું, "અહીંયાંથી એક સ્ત્રીને એક સુંદર બાળક સાથે જતાં જોઈ છે ?" ખલાસી તેનો ઉન્મત વેશ જોઇ બોલ્યો. "આ તે ગાંડો છે કે શું ? અમે અહીં નદીની વચમાં રહીએ. તેમાં દૂરથી કેટલીક સ્ત્રીઓને બચ્ચાં સાથે જતી જોઇએ, પરન્તુ તે છોકરૂં સુંદર છે કે નહીં ? તેની ઉમર કેટલી છે ? તે સ્ત્રી કેવી છે ? વગેરે આટલે બધે છેટેથી અમે જોઇ શકીએ નહીં." સમરસિંહે બીજા એક બે પ્રશ્ન પૂછ્યા, પરંતુ ઉપરના જેવોજ જવાબ મળવાથી બીજી એક નૌકા પાસે ગયો. તેને પૂછવાથી

તે નૌકાનો ખલાસી બોલ્યો, "અમે તો અમારી નૌકા સંભાળતા હતા, કોણ કોને તેડીને ક્યારે આ કાંઠેથી ગયું તે જોવાને અમને સમય રહેતો નથી. ત્યાંથી તે બીજા એક ખલાસી પાસે આવ્યો. તે ખલાસી બોલ્યો. "મહાશય! અમે તો પરદેશી લોક છીએ, અને અન્નની ચિન્તાથી અમારા દેશમાંથી આ તરફ આવ્યા છીએ, તેથી અમને જે હકીકત પૂછશો તેનો અમે કશો જવાબ આપી શકીશું નહીં. આ પ્રમાણે નાવિકો પાસેથી પણ કાંઇ ખબર મળ્યા નહીં.

સમરસિંહ પૂછેછે કે આ કાંઠા તરફને રસ્તેથી કુમારને લઇને બિન્દુમતીને જતાં જોઇ છે? કિન્તુ હાય! "જાણતા નથી જે થોડી-ક્વાર પહેલાં આ નદી વાટેજ તેનો કિરણ ગયો છે. બિન્દુમતી કુમા-રને લઇને ચિતોડનો ત્યાગ કરશે એવું સમરસિંહના મનમાં જ આવ્યું નહીં."

કોઈ પણ રીતે કુમારને ન મેળવી શકવાથી રાજા પણ શ્રાન્ત અને ક્લાંત થઇને મહેલ તરફ આવવા નીકળ્યો. માયાવિની આશાએ તેને કહ્યું. અત્યાર સુધી નકામો શા માટે અહીં રખડે છે? તારા પુત્રને તો બીજાં માણસો બીજે રસ્તેથી મહેલમાં લઇ ગયાં છે. કુમાર અત્યારે તેની માતાના ખોળામાં સુતાં સુતાં કેટલી બધી વાતો કરે છે. રાજમ-હેલમાં ચારે તરફ આહ્લાદ–સૂચક હાસ્ય પ્રસરી રહ્યું છે, અને તું તો આ ઠેકાણે રખડે છે, જા જા ઝટ જા રાજ્ય "મહેલમાં તું તેને જોઇશ." આશાની વાતથી રાજા ઉર્ધ્વશ્વાસે રાજ્યમહેલ તરફ ચાલતો થયો. અ-ટલ ગંભીર રાજમૂર્તિમાં આજ એ પ્રમાણે શોકોન્મત્તતા જોઇને કોનું પાષાણુ હૃદય પણ દુઃખી ન થાય? તેણે આવતાં આવતાં "કુમાર કુમાર" એવા અવાજથી રસ્તાઓ અને ઘાટો ધ્વનિત કર્યા પરન્તુ કુમાર તરફથી તેને કાંઇ પણ જવાબ મળ્યો નહીં. મહેલમાં આવ્યા છતાં કુમાર જોવામાં આવ્યો નહીં. જોયું તો રાજમહિષીનો ખોળો શૂન્ય છે. રાજમહિષી કમ્પીત હૃદયે સજલનયને તેનીજ વાટ જોતી હતી. "તેઓ કુમારને લઇ હમણાંજ આવશે; એ આશાથી બધી રાણીઓ દરેક અવાજને તેઓનો પદધ્વનિ માની તેઓ ઘેર આવ્યા અને આશાએ બધ નો ત્યાગ કર્યો.

રાજાને નિષ્ફળ આવેલા જોઈ મહેલમાં મૂળ કરતાં ચારગણો હાહાકાર થઇ ગયો. ને તે રાત્રીએ કોઈ ઉંઘ્યુંજ નહીં. સવારે કોણ કઇ દિશાએ કુમારને શોધવા જશે તેનો બંદોબસ્ત કરતાં પ્રભાત થઇ

ગયું. કોઈ બોલ્યું, "બિન્દુમતી પર્વતગુફામાં રહે છે માટે ત્યાં માણુસો મોકલો." ત્યાં કોઇએ કહ્યું કે, એ તો કેમ બનેજ ? બિન્દુમતી પર્વતમાં રહેતાં ભય પામતી માટે પર્વતમાં તે કોઈ દીવસ જાય નહીં, બીજી કોઈ જગાએ તે સંતાઈ રહી હશે. એ પ્રમાણે જુદાં જુદાં માણુસો જુદી જુદી વાત કહેવા લાગ્યાં, પરન્તુ કેવું આશ્ચર્ય ! બિન્દુમતી ચિતોડનો ત્યાગ કરવા માટે નૌકા રસ્તે જઇ શકે એ વાત કોઇના મુખમાંથી એકવાર પણુ નીકળી નહીં. પરોડીયામાં વળી ફરીવાર કુમારની શોધ માટે માણુસો રવાના થયાં. કેટલોક વખત ગયા પછી કેટલાંક માણુસો બિન્દુમતીનો મૃતદેહ લઇને રાજ-મહેલ તરફ પાછાં આવ્યાં. તે જોતાંજ સમરસિંહના મસ્તકમાં વજ્રાઘાત થયો. તેણે ધાર્યું કે બિન્દુમતીની સાથે કુમારનું પણુ મૃત્યુ થયું છે. તેણે કમ્પિત સ્વરે પૂછ્યું, "તમને આ મૃતદેહ ક્યાંથી મળ્યો ?' જેણે તે આણ્યો હતો તેઓ બોલ્યા, "અમે તપાસ કરતા કરતા નદીના કાંઠા તરફ ચાલતા હતા ત્યાં આ દેહ જોવામાં આવ્યો એટલે ઉપાડી આવ્યા છીએ."

રાજા—"તે ઠેકાણે કુમારને જોયા નહીં ?"

તેઓ બોલ્યા, "ના !"

રાજા—"ત્યારે કુમારનું શું થયું ? બિન્દુમતી મરી શી રીતે ગઈ?" તેઓ બોલ્યા, "અમને તો એમ લાગે છે કે, તે નૌકામાં બેઠી હશે. કાલે બહુ ઝડી ઉપડી તેમાં નૌકા ઉંધી પડી હશે અને બધાં ડૂબી ગયાં હશે." સમરસિંહે આ વાત કેટલેક અંશે સત્ય માની ગઈ કાલની ઝડીનો વૃત્તાંત લાવવા માણુસો મોકલ્યાં. માણુસો તપાસ કરી આવી બોલ્યાં, "અમે કેટલેક છેટે એક બાઠા ઉપર ભાંગેલી નૌકા જોઇ આવ્યા છીએ; તે કાલ રાત્રિની ઝડીમાં ભાંગી ગઇ છે. વળી બીજા કેટલાક ખલાસીને પૂછતાં તેઓએ જણાવ્યું કે, એક સ્ત્રીને ત્રણુચાર વરસના બાળક સાથે એજ નૌકામાં બેસતાં અમે જોઈ હતી. તેમણે જે જે વાત કરી તે ઉપરથી એમ જણાય છે કે, સ્ત્રી તે બિન્દુમતી અને બાળક તે કુમાર એમાં જરા પણુ સંદેહ નથી. બિન્દુમતી ડૂબ્યા પછી ધીમે ધીમે તેનું મડદું આ તરફ તરતું આવ્યું છે, પરંતુ કુમારનું શું થયું તે કોઇ પણુ રીતે જણાતું નથી.

તેઓની વાત સાંભળીને સમરસિંહના હૃદયમાંથી કુમારની પુનઃપ્રાપ્તીની આશા એકદમ અન્તર્હિત થઇ.—કુમારનું મૃત્યુ થયું છે

તેમાં તેને જરા પણ સંદેહ રહ્યો નહીં. જો કે તે પૂર્વ કરતાં પણ વધારે નિરાશ થયા છે તથાપિ તેના હ[illegible]ાં એક બિન્દુ માત્ર પણુ આશા નથી એમ અમે કહી શકતા નથી. આશાજ મનુષ્યોનાં જીવનનો પ્રધાન ઉપાય છે, આશામાંજ સંસાર ચાલે છે. જ્યારે આપણે કહીએ કે 'હવે આશા નથી' ત્યારે પણુ તપાસ કરવાથી જણાઈ આવે કે હૃદયના કોઇ ગુપ્તતમ ભાગમાં આશાનો કણુમાત્ર પણુ છુપાઇ રહેલો છે. ટુંકામાં આપણે આશાને છોડી શકતા નથી. અત્યંત અશક્ત થઇએ ત્યારે છેલ્લી અવસ્થામાં આશાનો ત્યાગ કરીએ છીએ.

પહેલાં સમરસિંહના મનમાં એમ થતું કે વખતે હું કુમારને મેળવી શકીશ, પરંતુ અત્યારે તો તેણે સંપૂર્ણરૂપે આશાને વિસર્જન દીધું.

* * * * *

તે દિવસે અમરસિંહ ચિતોડાધિષ્ઠાત્રી ચતુર્ભુજા દેવીના મંદિરમાં સંધ્યા વખતે એકલો ઉભો રહી શું કરતો હતો ? તે આંખો બંધ કરી હાથ જોડીરાખી એકાગ્ર ચિત્તથી દેવીની પ્રાર્થનામાં લીન હતો. તેના વદનમંડલઉપર દુઃખ સાથે નૈરાશ્ય મળવાથી સ્વર્ગીય ભાવ દેખાતો હતો. તેણે કેટલેક અંશે હૃદયને ઠેકાણે આણ્યું છે. તે વખતે તેનું મસ્તક મુકુટથી શોભતું નહતું પણ પાંસેના એક આસન ઉપર મુકુટ પડેલો છે, શરીરે રાજકીય વસ્ત્રાલંકાર પણુ નથી. આજ સામાન્ય વેશે સમરસિંહ દેવીની આરાધના કરવા આવેલો છે. ઉપાસના—પ્રાર્થના સમાપ્ત થતાં દેવીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી આસનપરનો મુકુટ હાથમાં લઇ દેવીને સંબોધી બોલ્યો, દેવી ચતુર્ભુજે ! આજ હું આપના ચરણમાં મારો મુકુટ અર્પણુ કરૂંછું તે કોઇ દિવસ પહેરીશ નહીં; તેમ રાજકીય વસ્ત્રાલંકારથી પણુ સજ્જીત થઇશ નહીં; આજથી આ મસ્તક જટાભાર વહન કરશે, આજથી મને રાજાને નામે સંબોધન કરવા દઇશ નહીં ! ભગવતિ ! મારા મનમાં કાંઇક વૃથા અહંકાર હતો તે આજ તમારી સન્મુખે છોડી દઉંછું. પરન્તુ આ અહંકારને માટે મને જે શિક્ષા આપી છે, જે બહુ યત્નસંચિત આશા ઉન્મૂલિત કરી છે, તે અત્યારે પણુ ભૂલી શકતો નથી. અસ્તુ, દેવી ! તમારી આશા પૂર્ણ થાઓ ! તમારી આજ્ઞાપાલન કરવાને હૃદય સમર્થ થાઓ." આ પ્રમાણે બોલી મહારાજ અમરસિંહ દેવીના ચરણમાં મુકુટ મૂકી ફરીવાર દંડવત કરી મંદીર બહાર આવ્યો.

તે દિવસથીજ તેઓનું નામ યોગીન્દ્ર પડ્યું, અને એજ નામથી તેઓ ઇતિહાસમાં પ્રખ્યાત થયા છે.

પ્રકરણ ૪ થું.

'બાલક અને બાલિકા.'

યમુના નદીની એક શાખા નદી અલવાર નગરીને ઘસાઇને વહે છે. ઉપરોક્ત બનાવ બન્યા પછી ૭ વરસે નદીમાં એક નૌકા ચાલતી હતી. આ વખતે લગભગ સવાર પડવા આવ્યું છે. પૂર્વ તરફ તરૂણ ઉષાની છટા દેખાય છે. પક્ષીઓ હૃદયોલ્લાસથી ગાન કરે છે. મંદમંદ પ્રભાત વાયુ ધીમે પગલે આવી પોતાના કોમળ બાહુ વિસ્તારી તરૂ-લતાને આલિંગન કરે છે અને તેના મધુમય ચુમ્બનથી અવિકસિત કુસુમ-કલિકાઓ ચમકી જઈ પોતાનાં નેત્રો ધીમે ધીમે ઉઘાડે છે.

પ્રભાત થયેલું જોઇ નૌકામાંનો એક માણસ બોલ્યો, "નાવિક નૌકાને કાંઠા તરફ લઇ ચાલ, હું અહીંજ ઉતરીશ." નૌકા-તરંગ ડોલીત થઇને કાંઠા તરફ આવવા લાગી. નૌકા સ્થિર થતાં એક પ્રૌઢ વયનો માણસ એક કન્યાને તેડીને નીચે ઉતર્યો. એક ખલાસીએ તેના સામાનની પોટલી તથા પથારીનો વીંટો કાંઠા ઉપર તેની સામે મૂક્યો. પુરૂષની ઉમર આશરે ૪૦ વરસની હશે; પરંતુ તેના માથાના તથા મૂછના વાળ ધોળા થઈ ગયા છે અને મોઢું કાળાશ પડતું થઇ ગયું છે. મોઢા ઉપર હસવાનું કશુંય ચિહ્ન જણાતું નથી. તેના મુખ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે તેના હૃદયમાં ગાઢ અંધકાર છે. યૌવનનું સુખ તેને વચમાં લટકાવી ચાલતું થયું છે. આ પુરૂષે ભગવાં વસ્ત્ર પહેરલાં છે. પરન્તુ એ વસ્ત્ર પહેરવાના અનભ્યાસથી માલૂમ પડી આવે છે કે આ તેનો નવો વેશ છે. તેની સાથેની બાલિકા લગભગ ચાર-પાંચ વરસની હશે. તેના થોડા થોડા લાંબા વાળ બન્ને કપોલને ઢાંકી દઇ વક્ષદેશ ઉપર આવી પહોંચ્યા છે. કેશની વચમાંથી સુકુમાર ચંચળ ચક્ષુઓ બુદ્ધિના તેજથી પ્રકાશે છે; અને શૈશવાવસ્થાનું કોમળ, મધુર હાસ્ય અધર ઉપર રમી રહ્યું છે. રૂપની સાથે બુદ્ધિના સૌંદર્યથી તેનું મુખ મંડળ કાંઇક અપૂર્વતા દર્શાવે છે. પિતાની પેઠે તેનાં વસ્ત્ર હલકાં નથી. તેનાં વસ્ત્ર ઉપરથી તે કોઈ ધનાઢ્યની પુત્રી હોય એમ ભાસે છે. પુરૂષે નૌકામાંથી ઉતર્યા પછી બીતાં બીતાં પોતાનાં વસ્ત્ર-માંથી કેટલાક પૈસા કાઢી નાવિકને આપ્યા. પૈસા કાઢતાં તેની સાથે

એક કાગળનો કકડો નીકળી આવ્યો. તેને જોતાં બીજા પણ કેટલાક કાગળ બહાર કાઢયા અને તે બધાને નદીના પાણીમાં નાખી દીધા. કાગળો પાણીમાં તરતા તરતા ચાલવા લાગ્ય; અને પોતે પોતાની પુત્રીને લઇ કાંઠા પાસે બેઠો થોડીવાર પછી બાલિકા બોલી, "પિતા ! આપણે ઘેર જવું નથી? તેનો પિતા ગંભીરસ્વર બોલ્યો, "શૈલ ! તારા પિતાને ઘર નથી."

બાલિકા બોલી, "ત્યારે આપણે કયાં રહીશું?

પિતા—વનમાં.

બાલિકા—"ત્યારે ચાલો આપણે વનમાં જઇએ બાપુ ! વન કેવું ?" આવી દુઃખી અવસ્થામાં પણ તેને સુખી દેખી પુરૂષના શુષ્ક ઓષ્ટ ઉપર જરાક હાસ્ય દેખાયું તેણે બાલિકાના પ્રશ્નનો જવાબ ન આપતાં તેનાં મુખનું ચુમ્બન કરી વળી ચિંતામાં ડૂબી ગયો. થોડીવારે બાલિકા હાથ લાંબો કરી કંઇક બતાવતી બોલી, "જુઓ જુઓ બાપુ ! પાણીમાં કોઇક ઉભું રહીને આપણા તરફ તાકીને જુએ છે." પુરૂષે તે તરફ જોયું તો એક સન્યાસી પ્રાતઃકૃત્ય સમાપ્ત કરી તેના તરફ જોતો જોતો પાણીમાંથી બહાર આવે છે. સંન્યાસીએ તે બન્ને જણાંની બધી વાત સાંભળી હતી. તે સંન્યાસી ધીમે ધીમે તેની પાસે આવ્યો. સન્યાસીને જોતાંજ બાલિકાના પિતાએ ગભરાટથી ઉભા થઇ દંડવત કર્યા. સંન્યાસી આશીર્વાદ આપી બોલ્યો, "મારી સાથે ચાલ," બાલિકાના પિતાએ ઘણા આશ્ચર્યથી કારણ પૂછ્યું, ત્યારે સંન્યાસી બોલ્યો "અત્યારે કાઈ પણ પૂછીશ નહી પછી બધું કહીશ." આ વાતથી અતિશય આશ્ચર્ય પામી બાલિકાનો પિતા પોતાનો સામાન તથા કન્યાને લઈ સંન્યાસીની પાછળ પાછળ ચાલતો થયો.

ત્યાંથી થોડેકજ દૂર અલવાર શહેરના સીમાડા ઉપર આવેલા નાના નાના પહાડો હતા. એમાંના એક ન્હાના પહાડ ઉપર સંન્યાસીની ઝુંપડી હતી. સંન્યાસી તે બંન્નેને આ ઝુંપડીમાં લઇ આવ્યો. આ તરફ પહાડમાં વસતી જંગલી જાતો સિવાય બીજું કોઇ ત્યાં જોવામાં આવતું નહીં, વખતે ક્યારેક ક્યારેક કોઇ અજમેરથી દિલ્લી જવા માટે આ પહાડોમાં ચાલતું. કારણ, અજમેરથી દિલ્લી જવાના બીજા સારા રસ્તાઓ હતા. પરંતુ આ રસ્તેથી બીજા રસ્તાઓ કરતાં વહેલું પહોંચાતું. આ પહાડમાં એકવાર આપણું આવવું થશે માટે થોડોક ઇશારો કર્યો છે.

સંન્યાસીને આવતા દેખી લગભગ દસેક વર્ષનો બાળક હસતો હસતો "પિતા પિતા" કરીને તેની પાસે આવી બોલ્યો, "પિતા! આજ તમે કેટલી બધી રાત્રિ હતી ત્યારે નહાવા ગયા હતા છતાં આટલો બધો વિલમ્બ કેમ થયો? હવે ફરી વખત આપને એકલા જવા દઈશ નહીં—આ કોણ આવે છે?"

સંન્યાસી બોલ્યો—"ઠીક હવે હું કોઇ વખત એકલો નહીં જાઉં, જ્યારે જઇશ ત્યારે તને સાથે લઇને જઇશ. આ આપણા અતિથિ છે તેઓ અહિંજ રહેશે." અતિથિ સાંભળતાં બાળકનું મન અતિશય આહ્લાદિત થયું. તે અતિથિની સેવા કરવા માટે તરતજ ત્યાંથી ચાલતો થયો. સંન્યાસીની ઝુંપડીમાં આવી બાલિકાના પિતાએ પૂછ્યું, "આપ અમને શા માટે અહીં લાવ્યા છો તે કહો."

સંન્યાસી બોલ્યો, કહું છું. પણ પહેલાં હું તને જે પૂછું તેનો જવાબ આપ. તું ક્યાંથી આવે છે?

અતિથિ—ક્ષમા કરો, તે કહેવાની મારી ઇચ્છા નથી.

સંન્યાસી—એ હું સમજ્યો છું છતાં પરીક્ષા માટે મેં તને પૂછ્યું હતું. ત્યારે તું છુપા વેશે રહેવા માટે દેશનો ત્યાગ કરી આ તરફ આવ્યો છે?

અતિથિ—તે આપે શી રીતે જાણ્યું?

સંન્યાસી—તમે પિતા-પુત્રી જે વાતો કરતાં હતાં તે સાંભળીને મેં અનુમાન કર્યું છે. હાય! એક દિવસ મારી પણ આવી દશા થઈ હતી. હું છુપે વેશે જ્યાં ત્યાં રખડતો, પરંતુ દેશનો ત્યાગ કરી શક્યો નહોતો. હવે એ બધું ઠીક—તને અહીં શા માટે આણ્યો છે તે કહું છું. તું છુપે વેશે રહેવા માગે છે?

અતિથિ—"હા."

સંન્યાસી— આ ઝુંપડી અતિ નિર્જન છે. તેથી આ ઠેકાણે નિઃશંક ચિત્તે તું રહી શકીશ, એટલા માટે મેં તને અહીં આણ્યો છે. બાલિકાનો પિતા જરાક સંકોચાઇ બોલ્યો, "હું સમજ્યો છું કે અમને આશ્રય વિનાના જોઇ આપને દયા આવી છે, અને એટલા માટે આપની ઝુંપડીમાં આશ્રય આપો છો. પરન્તુ અહીં રહેવાની મારી મરજી નથી. કેમકે એથી આપને અડચણ આવશે.

સંન્યાસી સમજ્યો કે આ બાલિકાનો પિતા કોઇનો અનુગ્રહ ગ્રહણ કરવા ઇચ્છતો નથી. આથી તે બોલ્યો, "અમારે માટે તમારે

ફિકર કરવી નહીં, અમને કાંઇ પણ હરકત આવશે નહીં. હું તારા મનનો ભાવાર્થ સમજ્યો છું કે તું કોઇનો અનુગ્રહ લેવાને ઇચ્છતો નથી. પરન્તુ બીજાઓ સાથે મારી તુલના કરીશ નહીં. હું સંન્યાસી તારા પિતા તુલ્ય છું, વળી હું તારી પાસે અનુગ્રહ પ્રાર્થના કરૂં છું. તું કરતો નથી. જો તું મારી ઇચ્છા પૂર્ણ નહીં કરે તો મને દુઃખ લાગશે." બાલિકાનો પિતા સંન્યાસી અને યોગીઓ તરફ પૂજ્યભાવ રાખતો, તેણે વિચાર્યું કે જો હું સંન્યાસીની આજ્ઞા નહીં પાળું તો તેઓ દુઃખી થશે તેથી તે સંન્યાસીની આજ્ઞાનું ઉલંઘન કરી શક્યો નહીં; અને ત્યાં રહેવાને સંમત થયો. બધાંઓના આહારાદિ સમાપ્ત થયા પછી બાળક, બાલિકાને પોતાની રમવાની ચીજો બતાવવા લાગ્યો. બન્ને જણાંએ કેટકેટલી નિર્દોષ વાતો કરી, બાલિકા બોલી, "તમારા ઘર નીચે નદી કેમ નથી ? અમારૂં ઘર તો આવું નહોતું."

બાલિકા—અમારૂં ઘર તો આમ નદી ઉપર હતું, વળી અમારા ઘર ઉપર નદીનું પાણી ઝપાટા મારતું હતું. પિતા એ ઘરને નૌકા કહેતા, વળી એ ઘરતો એવું હતું કે જ્યાં લઇ જવું હોય ત્યાં લઇ જવાય.

બાલક—તું કોઇ દિવસ આવા ઘરમાં રહી નથી?

બાલિકા—ના.

બાલક—આવાં ઘર તેં જોયાં છે ?

બાલિકા—એમાં શું ? ઘણાંએ જોયાં છે. આના કરતાં પણ મોટાં ઘરો જોયાં છે. અમારા ઘરમાં બેઠાં બેઠાં નદીના કાંઠા ઉપરનાં ઘણાં ઘરો જોવાનાં.

બાલક—તે ઘરો જોવાની તારી ઇચ્છા થતી નહોતી ?

બાલિકા—ઇચ્છા થતી ત્યારે હું પિતાને કહેતી–પિતા આ બધાં ઘરો હું જોવા જઇશ.

બાલક—એમાં રહેવાની તારી મરજી હતી ?

બાલિકા—એમાં તે કેમ રહેવાય ?

બાલક—ત્યારે તું એ ઘર છોડીને કેમ આવી ?

બાલિકા—પિતા આવ્યા એટલે હું પણ આવી.

બાલક જરા દિલગીર થઇ બોલ્યો—"ત્યારે અમારી ઝુંપડીમાં રહેવાની તમારી ઇચ્છા નથી ?

બાલિકા—"પિતા જે ઠેકાણે રહેવાનું પસંદ કરે તે ઠેકાણું મને પણ સારૂં લાગે."

બાલક—જો તારા પિતા જાય તો તું પણ જાય?

બાલિકા—હા.

પછી શૈલબાળાનો હાથ પકડી દીલીપ કોટડીની બહાર આવ્યો. કોટડીની બહાર નીકળતાં થોડેક છેટે શૈલબાળાએ બે મયુર જોયા. તેને જોતાંજ તે બોલી ઉઠી. "જો જો, કેવાં સુંદર પક્ષી છે! હું જઇ એકને પકડીશ" બાલિકા જેવી મયુરને પકડવા દોડી કે તુરત મયુરો દોડવા લાગ્યા. દીલીપ બોલી ઉઠયો. "તું જામાં, હું મયૂર લાવી દઉં છું" પણ શૈલબાળાએ તેની વાત ન સાંભળતાં મયૂર પછવાડે દોડવાથી દીલીપ પણ તેની પાછળ દોડયો. થોડેક દૂર જતાં પર્વતમાં ચાલવાનો મહાવરો ન હોવાથી શૈલબાળાને ઠેસ આવવાથી દીલીપે તેને પડતાં પહેલાં તેડી લઇ પૂછ્યું. "ક્યાં લાગ્યું છે?" બાલિકા "ના" બોલતાં બોલતાં પોતાને વાગેલા પથ્થરને લાતો મારવા લાગી. એ જોઈ દિલીપ હસીને બોલ્યો, કાં તારે મયૂર લેવો છે? તેણે નામ દઇ મયૂરને બોલાવ્યો કે તરત તે આવ્યો. શૈલબાળા આશ્ચર્ય પામી બોલી, "તારી પાસે મયૂર આવ્યો, ત્યારે મારી પાસેથી શામાટે નાસી ગયો? હું નહીં લઉં." દિલીપ દુઃખી થઈ બોલ્યો, આ મયૂર તને ઓળખતો ન હોવાથી નાસી ગયો હતો, આ વખતે લે, ફરી તે નાસશે નહીં." દિલીપનું વિષાદગ્રસ્ત મુખ જોઇ બાલિકા બોલી, "ઠીક, હું લઇશ." દિલીપે મયૂરને પકડી રાખ્યો, અને શૈલબાળા તેને લેવા ગઇ, પરન્તુ તેને પકડવા હાથ લાંબો કરતાંજ નાસવાની ઇચ્છાથી તેણે પાંખો ફફડાવી. આથી ભય પામી બાલિકા હાથ પાછો ખેંચી લઇ બોલી, "ના ના હું નહીં લઉં" આથી દિલીપને જરા ખોટું લાગ્યું, તે મયૂરના શરીર ઉપર હાથ ફેરવતાં ફેરવતાં બોલ્યો, "તું શા માટે ગભરાણી, હવે હું પણ આને લઇશ નહીં, એમ કહી તેણે મયૂરને દૂર ફેંકી દીધો. તે ઉડીને બીજે ઠેકાણે બેઠો. પછી દિલીપ બોલ્યો, "ચાલ હવે મારૂં બીજું શું શું છે તે બતાવું. શૈલબાળાને સાથે લઇને તેનાં હરિણો, અશ્વ વગેરે જ્યાં રહેતાં ત્યાં દિલીપ લઈ આવ્યો. અશ્વને જોઇ શૈલબાળા બોલી, "આવડા મોટા ઘોડા સાથે તું કેવી રીતે રમે છે?"

દિલીપ—"હું એના ઉપર ચડું છું." શૈલબાળા આશ્ચર્ય પામી બોલી, "એના ઉપર ચડે છે!" ચડ જોઉં" દિલીપે ઘોડા ઉપર

બેસી ઘોડો દોડાવ્યો. શૈલબાળા આનંદથી તાળીઓ પાડતી પાડતી તેના પિતા પાસે ઝુંપડીમાં આવી, તેને કહ્યું, "જુઓ જુઓ, દિલીપ કેવો ઘોડા ઉપર બેઠો છે! તમે કેમ ઘોડા ઉપર ચડતા નથી. હું ચડીશ બાપુ!" તે ઝુંપડીમાંથી બહાર નીકળી દિલીપ પાસે આવી. એ વખત લગામ ઢીલી મૂકી હળવે હળવે શૈલબાળા પાસે આવી દિલીપ બોલ્યો, "તારે ચડવું છે? આ ઘોડો તને કાંઇ બોલશે નહીં." બાલિકા ઉતાવળી થઇ બોલી ઉઠી. "હા મારે ચડવું છે, મને ચડવા દેને!" દિલીપ નીચે ઉતરી તેને અશ્વપર બેસાડી બોલ્યો, "હું તને પકડી રાખી ધીમે ધીમે ઘોડાને ચલાવીશ. નહીંતો તું પડી જાય." દિલીપે એક હાથે ઘોડાની લગામ અને બીજે હાથે શૈલબાળાને પકડી ઝુંપડીના દ્વાર પાસે ઘોડાને આણ્યો. દ્વાર પાસે આવતાં બાલિકા બોલી ઉઠી, જુઓ જુઓ, બાપુ! હું દિલીપની પેઠે કેવી ઘોડા ઉપર બેઠી છું" સંન્યાસી અને તેનો પિતા હસવા લાગ્યા.

બાલિકાનો પિતા આ ઝુંપડીમાં ત્રણ ચાર વરસ રહ્યો.

પ્રકરણ ૫ મું.

દિલીપનું પરાક્રમ.

એકતો સાંજનો વખત અને તેમાં વળી ઘાટાં-કાળાં વાદળાંઓથી આકાશ ઘેરાએલું છે એટલે પૂછવુંજ શું! અંધકારથી પૃથ્વી ઢંકાઈ ગઇ છે. ક્ષણે ક્ષણે વિદ્યુતના ચમકારા થયા કરે છે. આ બધું જોતાં હમણાંજ વૃષ્ટિ થશે એમ લાગે છે. અંધકાર બધે વ્યાપી ગયો છે પરંતુ સંન્યાસીની ઝુંપડીમાં દીવો હોવાથી ત્યાં આવી શકતો નથી. બાળક અને બાલિકા દીવાની પાસે બેસી રમત કરે છે, અને સંન્યાસી તથા બાલિકાનો પિતા આકાશ તરફ જોઈ વાતો કરે છે.

સંન્યાસી બોલ્યો—"જુવો છો કે મેઘે કેવો અંધકાર કરી દીધો છે, હમણાંજ વૃષ્ટિ થશે." આ સાંભળી બાલિકાનો પિતા બોલ્યો, "વૃષ્ટિ થશે એટલે મેઘ ચાલ્યો જશે, પરન્તુ મારા દુઃખની આંધિ કોઇપણ રીતે મટવાની-ઉતરવાની નથી."

સંન્યાસી—એ વિચાર તો કદી આણુશોજ નહીં; કેમકે દુઃખ પણ મેઘની પેઠે ચંચળ છે, શું તેં એમ માન્યું છે કે તારૂં દુઃખ

અનન્ત છે ? એ વિચારજ ખોટો છે. આ લોકમાં સુખી નહી થાઓ તો પરલોકમાં સુખી થશો. એક વખતે કોઇ દિવસ નિરાશ થવું નહીં.

તેઓ આમ વાત કરે છે એટલામાં તો વૃષ્ટિનો આરંભ થઇ ગયો. ધીમે ધીમે વૃષ્ટિનું જોર વધવા લાગ્યું. મેઘ કડકડાટ અને ગડગડાટ શબ્દોથી પૃથ્વીને કમ્પાવવા લાગ્યો. વિદ્યુતના ચમકારા આકાશના એક છેડાથી બીજા છેડા સુધી રમત કરવા લાગ્યા. આ વખતે તિમિરાછન્ન પૃથ્વી, મેઘાવૃત આકાશ અને અવિશ્રાન્ત વૃષ્ટિધારા અતિશય ભયંકર થઇ પડયાં.

વૃષ્ટિની ધારા કોટડીમાં આવવાથી સંન્યાસીએ તેનું દ્વાર બંધ કર્યું. થોડીકવાર પછી કોઇએ તે દ્વાર ઠોકયું. સંન્યાસીએ કોટડીમાંથી પૂછ્યું. “ કોણ છે ? ” તેનો જવાબ મળ્યો “ હું મુસાફર છું. આ અત્યંત વૃષ્ટિમાં હવે ચાલી શકું [illegible] નથી માટે અહીં રાત્રિ રહેવા માટે પ્રાર્થના કરૂં છું. “ સંન્યાસી દ્વાર ઉઘાડી વૃદ્ધ પુરૂષને અંદર લઇ આવ્યો, તે પુરૂષનું આખું શરીર પલળી ગયું છે, હાથપગ ઠીક્કા પડી ગયા છે અને ઠંડા છે તથા તેના નીલવર્ણ ઓષ્ઠાધર હજી પણ કંપે છે. વૃદ્ધાવસ્થાને લીધે જરાવારમાં શરદી લાગી ગઇ છે. સંન્યાસીએ તેને સુકાં વસ્ત્ર પહેરવા આપ્યાં. વૃદ્ધે તે વસ્ત્ર પહેર્યાં અને પછી તે અગ્નિ પાસે બેસી હાથપગ શેકવા લાગ્યો.

બાલિકાનો પિતા આ વૃદ્ધને જોતાંજ ચમકી ઉઠયો. તેણે ઉત્તરીય વસ્ત્રવડે નાક અને આંખો સિવાય બધું મુખ ઢાંકી દીધું, અને કોટડીના એક ભાગમાં તે જઇને બેઠો. હાથપગ શેકતાં શેકતાં સંન્યાસી સાથે તે મુસાફર વાતો કરવા લાગ્યો.

સંન્યાસી—આ વખતે તમે કયાં જાઓ છો ?

મુસાફર—દિલ્લી, મારા પ્રભુ ચંદકવિ પાસે.

સંન્યાસી—બીજા સારા રસ્તા હોવા છતાં આ રસ્તેથી શા માટે જાઓ છો ?

મુસાફર—વેલાસર પહોંચાય માટે.

સંન્યાસી—એટલું બધું જલદી જવાનું શું પ્રયોજન છે ?

મુસાફર—શું હું દુઃખની વાત કરૂં ! મારા ધણીનો વિવાહ થવાનો છે. સંન્યાસીએ આશ્ચર્યથી પૂછયું, “ વિવાહ થશે એ તે સુખની કે દુઃખની ? ”

મુસાફર—તે આપ શી રીતે સમજી શકો. કયાંકથી એક નાની

એવી કન્યા આવે, અને એ દિવસમાં અમારા ઉપર સત્તા ચલાવવી માંડે, આટલા બધા જુના નોકરને પણ ન ગણે એ શું ઓછા દુઃખની વાત છે ?

મુસાફરના દુઃખનું કારણ જાણી સંન્યાસીને હસવું આવ્યું. તેથી તે મુસાફર જરાક કચવાઇ બોલ્યો, "આપ હસો નહીં તો શું કરો ? અમારૂં માન જાય એમાં આપને શું ? અમારૂં દુઃખ આપ શી રીતે જાણી શકો ?" સંન્યાસી હસવું અટકાવી બોલ્યો, તમારા પ્રભુનાં મકાન તો અજમેરમાં છે ને દિલ્હીમાં શા માટે વિવાહ થાય છે.

મુસાફર—પૃથ્વીરાજની એવી ઇચ્છા. ચંદ કવિ ઉપર તેઓ બહુ પ્રેમ રાખે છે માટે મોટી ધામધુમ દીલ્હીમાં કરી પોતેજ કન્યાદાન આપશે. કન્યા સાંભળવા પ્રમાણે ચૌદ વરસની છે અને અત્યંત રૂપાળી છે, મારા પ્રભુ તો તેને જોઇને ગાંડા ઘેલા બની ગયા છે. આ વખતે અમારો કાંઈ નિસ્તાર નથી; માનમરતબો બધું ચાલ્યું ગયું.

સંન્યાસી—કેવી ધામધુમ થવાની છે ?

મુસાફર—ઘણાં રાજા—રાણીઓને નિમંત્રણ કરેલાં છે. તેઓમાં જયચંદ્ર સિવાય બીજાં બધાં આવી ગયાં છે. સમરસિંહ બીજી રાણીઓને લઇ આવ્યા છે પરંતુ કમલદેવી ન આવવાથી રાજમહિષીને બહુ ખોટું લાગ્યું છે: કેમકે રાજમહિષીને કમલદેવી સાથે ગાઢ સ્નેહ છે.

સંન્યાસી—શા માટે કમલદેવી આવ્યાં નથી ?

મુસાફર—હાય ! આપને માલૂમ નથી ? તેના કુમાર કિરણસિંહ જળમાં ડૂબી ગયા પછી તેઓ ક્યાંય પણ જતાં નથી. એ બનાવથી તેઓ જીવનમૃત થઇ ગયાં છે.

સંન્યાસી—શું સમરસિંહનો પુત્ર જળમાં ડૂબી ગયો છે ? રાજકુમાર શી રીતે પાણીમાં ડૂબી ગયા ?

મુસાફર, કિરણસિંહ કેવી રીતે પાણીમાં ડૂબી ગયા તે કહેવા લાગ્યો, અને સંન્યાસી સાંભળવા લાગ્યો. છેવટે તે બોલ્યો,

"એ બધી વાતનું આપણે કામ નથી, કેમકે એ બધું યાદ આવવાથી બહુ દીલગીરી થાય એવું છે. એક બીજા સમાચાર સાંભળો, મારા પ્રભુને મહારાજ આ વખતે 'કવિ' ઉપાધિનું દાન કરશે.

સંન્યાસી—કવિ ! આપ આટલા બધા પાસે હોવા છતાં જાણતા નથી એ બહુ નવાઇ જેવું લાગે છે. દૂર દેશોમાં તેઓ કવિને નામે ઓળખાય છે; તેઓ એક અદ્વિતિય કવિ છે.

સંન્યા—ના, હું જાણતો નથી.

મુસાફર—હવે તેને બધાં માણસો 'કવિ' કહીને બોલાવે એટલા સારૂ આ વખતે તેઓ 'કવિચંદ' નામ ધારણ કરશે.

સંન્યાસીએ એ વાત ન લંબાવતાં પૂછ્યું, "એ તો ઠીક પણ બીજા રાજાઓ આવ્યા અને જયચંદ્ર આવ્યો નહીં તેનું કારણ શું? જયચંદ્ર અને પ્રૃથ્વિરાજ તો એક બીજાના નિકટના સંબંધી છે!"

મુસાફર—"કારણ બીજું શું?—ઇર્ષા. મહારાજ અનંગપાળે પોતાનું રાજ્ય જયચંદ્રને ન આપતાં પૃથ્વીરાજને આપ્યું તેથી તે ઇર્ષાગ્નિથી બળે છે. વળી એક બીજી વાત સાંભળી છે? જયચંદ્રના કાકા તેને ઉપદેશ દેવા ગયા હતા કે ઇર્ષાપરાયણ થઇને પોતાના ભાઇનું અહિત કરવાનો પ્રયત્ન કરવો એ આપણને ઉચિત નથી. ત્યારથી બન્ને—કાકા ભત્રીજાને એક બીજાનાં મુખ જોવાનો વ્યવહાર પણ બંધ થયો છે. હાય રે? ચોર શું ધર્મની વાતો સાંભળે?"

આટલું બોલી મુસાફર હસવા લાગ્યો, હસતાં હસતાં એકદમ અટકી જઇ પૂછ્યું, "પેલા ખૂણામાં કોણ બેઠું છે?"

સંન્યાસી—એ તો મારો શિષ્ય છે.

મુસાફર—અને આ બે બાળક?

સંન્યાસી—આમાંનો પુત્ર એ મારો છે, અને કન્યા મારા શિષ્યની છે.

મુસાફર હર્ષથી બોલ્યો, "વા વા! જોડી તો ઠીક મળી છે!" આ વખતે બહાર કાંઇક અવાજ થવા લાગ્યો, તેઓને એમ લાગ્યું કે આજ તેઓ નિશ્ચિંત બેશી શકશે નહીં. બારણું ઉઘાડી શબ્દનું કારણ જોતાંજ ભય પામીને સંન્યાસીએ કોટડીનું બારણું વાસી દીધું. બાલિકાના પિતા સિવાય બધાંએ પૂછ્યું, "શું છે?" સંન્યાસી બોલ્યો, "આપણી કોટડી સામે એક વાઘ ઉભો છે." વાઘ શબ્દ સાંભળતાંજ દીલીપને પોતાનાં અશ્વ-હરિણાદિ યાદ આવ્યાં. તે બોલી ઉઠયો, વખતે વાઘ મારી અશ્વશાળામાં જશે, અથવા કોઇ મુસાફર એકલો જતો હશે તેને સામો મળશે તો તેને મારી નાંખશે; માટે પિતા ચાલો આપણે વાઘનો વધ કરી આવીએ." એ વાતને સંન્યાસીએ કબૂલ કરવાથી ચૌદ વર્ષનો દિલીપ સાનંદચિત્તે તરવાર લઇ વાઘનો વધ કરવા ચાલ્યો. બાલિકા 'દિલીપ દિલીપ' કરીને રડવા લાગી, "આ હું હમણાં આવું છું—બીક રાખીશ માં" એમ બોલી દીલીપ કોટ-

ડીની બહાર આવ્યો. દિલીપ અને સંન્યાસીની સાથે મુસાફર પણ બહાર આવ્યો. બીજે દીવસ હોત તો બાલિકાનો પિતા પણ સાથે આવત. આજે તે ચિંતામાં નિમગ્ન હોવાથી આ બધો ગડબડાટ તેના સાંભળવામાં આવ્યો નહીં. તે વિચારતાં વિચારતા મનમાં બોલ્યો, "આ મુસાફર સવારે મને નક્કી ઓળખશે, કેવી શરમની વાત છે ! હું તેજસિંહ, આ કોટડીમાં ! છાનોમાનો નાસી આવી છુપા વેશે કાળ નિર્ગમન કરૂં છું ! હું કાલ પરિચિત મનુષ્યને કેવી રીતે મુખ દેખાડીશ ; અહા ! જો આ કન્યા ન હોત તો મારૂં જીવતર આટલું લંબાત નહીં. તેજ દિવસે હું પ્રાણત્યાગ કરત. હવે શું થશે ! શું અનાથ મને ઓળખશે ? ના એ કોઇ દિવસ નહીં બને. હું આજ રાત્રિમાંજ કન્યાને લઇ નાસી જઇશ" કન્યાના રડવાથી તેની ચિંતાનો ભંગ થયો. તે બોલ્યો, "શું થયું ?" શૈલબાળા બીતાં બીતાં બોલી, "દિલીપ વાઘ મારવા જાય છે." આ સાંભળી જરાક ગભરાઇ તેને મદદ કરવા પોતે પણ ગયો.

આ તરફ સંન્યાસી વગેરેએ કોટડી બહાર નીકળી જોયું તો કોટડીના દ્વારથી થોડેક છેટે વાઘ મંદ મંદ ગર્જના–ઘુઘવાટા કરે છે. તેને જોઇ સંન્યાસી તથા મુસાફરને પછવાડે રાખી દિલીપ આગળ થયો, મુસાફરે સંન્યાસીને કહ્યું, "મહાશય ! ચાલો આપણે આગળ જઇએ, જોતા નથી—બાળક શા માટે આગળ ગયો છે ?"

સંન્યાસી બોલ્યો, "આપણે એટલા બધા પાસે છીએ કે બાલક આગળ થશે તો પણ તેને કશી હરકત આવશે નહીં. તેનો ઉત્સાહ અટકાવવો અથવા તેનું સાહસ ભાંગી નાંખવું એ ઉચિત નથી." મનુષ્યને જોતાં તેનો સ્વાદ ચાખવાના લોભથી તેઓના ઉપર તુટી પડવા માટે વાઘ જીભ બહાર કાઢતો કાઢતો તેઓના તરફ આવ્યો. બહુજ સંભાળપૂર્વક તેના શરીર ઉપર તરવારનો ઘા મારી દિલીપ થોડોક પાછળ હઠયો. ઘવાયલો વાઘ ક્રોધ-પ્રજ્વલિત થઇ બીજા બધાને પડતા મૂકી એક છલંગ મારી દિલીપ તરફ ધસ્યો અને જેવું તેણે તેને પકડવાને મોઢું પહોળું કર્યું કે દિલીપે [illegible] રાખી તેના મોઢામાં તરવાર ખોસી દીધી ઘામાંથી [illegible] ખરડાયલો ક્રોધી વાઘ તરવારમાંથી મોઢું તાણી લઇ થોડેક છેટે જઇ ઉભો. ત્યાં ઉભો ઉભો તે ગર્જના કરવા લાગ્યો, અને તેના તરફ ધસવાનો અભિપ્રાયજ ન બતાવ્યો. જોત જોતામાં ઉચ્ચ સ્વરે ગર્જના

કરી વળી ફરી વખત છલંગ મારી. સંન્યાસી અને મુસાફર દિલીપ માટે ભયભીત થયા. તેઓએ હાથમાંની તરવાર મજબૂત પકડી રાખી. દિલીપે વાઘને છલંગ મારતો જોઇ તેના લક્ષ્ય સ્થાનથી થોડેક છેટે જવાના વિચારથી પાછા ખસવાનો વિચાર કર્યો; પરંતુ જમીન વરસાદથી નરમ થવાથી પાછો હઠતાં પડી ગયો. વાઘ હર્ષથી જેવો તેને પકડવા ગયો કે પાછળથી સંન્યાસીએ તરવારનો ઘા માર્યો તેથી દિલીપને છોડી દઈ તીક્ષ્ણ નજરથી પાછું વાળી જોયું, આ વખત મળતાં પૃથ્વી ઉપરથી બેઠા થઈ દિલીપે વાઘના પાછલા પગમાં ઘા માર્યો. પગ કપાઇ ગયો. વાઘ વળી તેના તરફ ફર્યો. આ વખતે દિલીપે તેના ખભા ઉપર ઘા માર્યો. ઘાની બહુ વેદના થવાથી વાઘ પૃથ્વી ઉપર પડી ગયો. હવે ફરીવાર ઉઠવાની તેની શક્તી રહી નહીં. થોડી વારમાંજ તે મૃત્યુ પામ્યો.

બાલિકાનો પિતા કોટડીમાંથી બહાર નીકળ્યો ન નીકળ્યો ત્યાંતો રક્તાક્ત તરવાર સહિત દિલીપ પાછો ફર્યો. બાલિકા તેને જોતાં બધું દુઃખ ભૂલી ગઇ. તે હસતાં હસતાં દિલીપની સામે આવી. આવા અલ્પવયસ્ક બાળકનું અસીમ પરાક્રમ જોઇ મુસાફર બહુ નવાઇ પામ્યો.

રાત્રિ ઘણી ગઇ હતી. તેથી આહાર કર્યા પછી બધાં સુઇ ગયાં. સવારે બાલિકા અને તેના પિતાને સંન્યાસી ફરીવાર જોઇ શક્યો નહીં.

પ્રકરણ ૬ ઠું.

અનાથ શૈલબાળા.

બીજાં ચાર વર્ષ ચાલ્યાં ગયાં, સમય જુદા જુદા બનાવો વહન કરીને ચાર નિશાન—સંવત્સર મૂકતો ગયો. ગયા પ્રકરણમાં જણાવેલા બનાવ પછી ચાર વખત ગ્રીષ્મ, વર્ષા, શીત, વસંત વગેરે ઋતુ પૃથ્વી ઉપર અધિકાર કરી ગઇ અને પૃથ્વી પણ સૂર્યની આસપાસ ચાર વખત પ્રદક્ષિણા કરી આવી. અત્યારે ઇ. સ. નું ૧૧૯૦—૯૧ મું વર્ષ ચાલે છે, આ વર્ષમાં કાન્યકુબ્જાધિપતિ મહારાજ જયચંદ્ર સાથે દિલ્હીશ્વર પૃથુરાજને લડવું પડયું. જો કે આ લડાઇ સાથે આપણને અધિક

પ્રયોજન નથી; પરંતુ તેનું કારણ જાણવાનું કોઇને કૌતુહલ થાય એટલા માટે તે સંક્ષેપમાં નિચે દર્શાવ્યું છે.

આ વર્ષમાં મહારાજ જયચંદ્ર રાજ્ય ચક્રવર્તી ઉપાધિ ધારણ કરવા માટે અશ્વમેધ યજ્ઞ કરતા હતા, બીજા બધા રાજાઓ જયચંદ્રને અગ્રગણ્ય ગણી યજ્ઞસભામાં આવ્યા હતા; માત્ર દિલ્લી અને અજમેરાધિપતિ પૃથ્વીરાજ અને ચિતોડાધિપતિ સમરસિંહ તેનો અસ્વીકાર કરી ત્યાં આવ્યા નહોતા. આથી પૃથ્વીરાજનું અપમાન કરવા માટે જયચંદ્રે એક બાવલું બનાવી દ્વારપાલની જગાએ પૃથ્વીરાજના બદલામાં મૂકયું. આ બનાવથી જયચંદ્ર સાથે પૃથ્વીરાજ અને સમરસિંહને શત્રુતા થઇ. બીજા પણ એક કારણથી પૃથ્વીરાજ ઉપર જયચંદ્રને દ્વૈષ થયો હતો તે એ કે:—જયચંદ્ર અને પૃથ્વીરાજ એ અનંગપાળના દૌહિત્ર થતા તેમાં જયચંદ્ર મોટી કુંવરીનો પુત્ર અને પૃથ્વીરાજ નાની કુંવરી નો પુત્ર હતો. પરંતુ જયચંદ્ર કરતાં પૃથ્વીરાજમાં બીજા સદ્‌ગુણ હોવાથી અનંગપાળને તેના ઉપર બહુ પ્રેમ હતો, તેથી મૃત્યુકાળે પોતાની ગાદી જયચંદ્રને ન આપતાં પૃથ્વીરાજને આપી, આથી પૃથ્વીરાજને પોતાના પિતાનું અને પોતાના માતામહનું એમ બે રાજ્યો મળ્યાં આટલા માટેજ જયચંદ્ર પૃથ્વીરાજ સાથે શત્રુતાથી વર્તતો. આજ દિવસ સુધી કોઇ સુયોગ ન મળવાથી તે દેખાડી શકયો નહોતો તે આજ તેણે દેખાડયો.

જયચંદ્રે કરેલા અપમાનથી ગુસ્સે થઇ પૃથ્વીરાજ સૈન્ય લઇ કાન્યકુબ્જ (કનોજ) ઉપર ચઢયો. આ યુદ્ધમાં પૃથ્વીરાજનો જય થયો પરંતુ ૧૦૮ પ્રધાન સેનાપતિમાંથી માત્ર ૬૪ સેનાપતિ જીવતા રહ્યા; આ ઉપરથી સામાન્ય સૈન્ય કેટલું કપાઇ ગયું તેનું અનુમાન કરી લેવું. યુદ્ધમાં જય થયો તે દિવસે સૌ પોતપોતાના શિબિરમાં ગયા તે પછી એક શસ્ત્રધારી પુરૂષ રણક્ષેત્રમાંથી જતો હતો તે પુરૂષ પૃથ્વીરાજનો પ્રિય મિત્ર કવિચંદ હતો. ઇતિહાસમાં પણ તે કવિચંદના નામે પ્રસિદ્ધ છે. કવિચંદ કવિ હોવા ઉપરાંત એક વીર પુરૂષ હતો. તેની ઉમર ૩૪ વર્ષની હતી, તેનાં મુખાવયવ સુંદર અને પ્રફુલ્લ તથા બાંધો મજબુત અને વીર નામને યોગ્ય હતો. તેના બલિષ્ઠ શરીર ઉપર યુદ્ધોપયોગી અસ્ત્રશસ્ત્ર શોભી રહ્યાં હતાં, તેના મસ્તક ઉપર ટોપ હતો અને આખું શરીર કવચથી આવૃત્ત હતું. તેના વાંસાપર ઢાલ, ડાબા હાથમાં બંદૂક અને કેડના ડાબા ભાગમાં તરવાર લટકતી હતી.

કોઈ કારણસર તે બધા યોદ્ધાઓની સાથે શિબિરમાં નહીં જઈ શકવાથી અત્યારે એકલો શિબિર તરફ જાય છે. એવામાં એક બાલિકાના રૂદનનો સ્વર તેના સાંભળવામાં આવ્યો. સ્વરની દિશા તરફ મેં ફેરવીને જોયું તો એક બાલિકા એક મૃતદેહના ગળામાં હાથ નાંખીને "પિતા–પિતા" કરીને રડે છે. તે સમજ્યો કે આ યુદ્ધમાં તેના પિતાનું મૃત્યુ થયું છે. વળી એમ પણ વિચાર આવ્યો કે "જો એમ હોયતો તેની માતા અગર બીજું કોઈ સંબંધી સાથે ન આવતાં તેને એકલી કેમ આવવા દીધી હશે? શું હવે તેનું કોઈ નહીં હોય? આ આ સંસારમાં માત્ર તેના પિતાનોજ આશ્રય હતો? આ વાત જો સત્ય હોય તો એ સુકુમાર કુસુમકલિકા કોનો આશ્રય લઈને જીવન ધારણ કરશે? હવે તેની કોણ રક્ષા કરશે? શું આજ તે ખરેખર અનાથ થઈ છે? જો તેમ હોય તો અમેજ તેનું મૂળ કારણ છીએ. અમેજ આજના યુદ્ધમાં તેના પિતાનો વધ કરી તેને ચિરદુઃખિની કરી છે." ચંદકવિ સ્વભાવથીજ દયાળુ હોવાથી આવા વિચારો તેને આવતાં તેનું હૃદય દયાથી પૂર્ણ થઈ ગયું. આ બાલિકાની ખરેખરી સ્થિતિ જાણવા માટે તે તેની પાસે આવ્યો. ઘોડાના પગનો અવાજ સાંભળતાં બાલિકાએ માથું ઉંચું કર્યું. આ ડગલે ડગલા મૃતદેહોની વચમાં એક જીવતા માણસને જોઈ બાલિકાનું વિષાદગ્રસ્ત મુખ જરાક પ્રફુલ્લ થયું. ચંદકવિએ છેટેથી તે બાલિકા ૫–૬ વર્ષની હોવાનું અનુમાન કર્યું હતું. પરંતુ અત્યારે પાસે આવીને જોયું તો ધારવા કરતાં વધારે વરસ થયાં છે. તેને એમ થયું કે આ અપરિસ્ફુટ ગુલાબકલિકા સમય આવતાં સુગંધ ફેલાવશે, થોડીવારે કવિચંદે પૂછ્યું. "શામાટે તું રડે છે! આ તારે શું થાય?" બાલિકાએ જવાબ આપ્યો કે "આ મારા પિતા"

શૈલબાળાનો પિતા સંન્યાસીની ઝુંપડી છોડયા પછી પ્રથમ તો એ ત્રણ વરસ કન્યાને લઈને દેશ દેશાન્તર ફર્યા કરતો હતો. છેવટે આ યુદ્ધની પહેલાં કેટલાક દિવસથી કનોજની પાસે આવેલા એક પર્વતમાં તે રહેતો. મૃત્યુને માટેજ તે અહીં આવ્યો હતો. આજ તે રણક્ષેત્રમાં મૃત્યુ શય્યામાં સુતો. વક્ષઃસ્થળમાં તરવાર લાગવાથી તેનું મૃત્યુ થયું છે. હાથ અને બીજે બધે ઠેકાણે થોડા થોડા જખમ થયેલા છે. આખું શરીર ખરડાયેલું છે, પણ તે સુકાઈ ગયું છે. થોડેક છેટે લોહીથી ખરડાયલી એક તરવાર પડેલી છે, આ તરવાર સિવાય બીજું કોઈ પણ

અસ્ત્ર પાસે નથી. બંને હાથ છાતી ઉપર પડેલા છે. તેનાં અર્ધા ઉઘાડાં નેત્ર, જરાક પહોળા ઓષ્ટાધર અને વિષાદાંકિત મુખ ઉપર હજી પણ કાતર, પ્રાર્થનાભાવ દેખાય છે. મૃત્યુકાળે પણ તે સુખેથી મરી શક્યો નથી. જાણે કોઇ ગંભીર દુ:ખમય ચિંતાથી કંટાળી જઇ ઇશ્વરને બોલાવતાં બોલાવતાં મૃત્યુ પામ્યો છે. અને અત્યારે પણ જાણે હજી તેને બોલાવે છે. ગભરાટની સાથે શાંતતા મળવાથી તેના મુખની શોભા કાંઇક જુદીજ તરેહની જણાય છે. અત્યારે પણ તેણે ભગવાં વસ્ત્ર પહેરેલાં છે; રણસંગ્રામમાં ઉતરતી વખતે પણ તેનો ત્યાગ કર્યો નથી.

યુદ્ધ વખતે તેને ભગવાં વસ્ત્ર પહેરેલો જોઈ ચંદકવિને નવાઇ લાગી થોડીવાર પછી કવિચંદે પૂછ્યું " તું બાળક હોવા છતાં આ ભયાનક દૃશ્યમાં કેવી રીતે આવી શકી ! તને બીક લાગતી નથી ? "

બાલિકા—બીક ? જેના ઉપર સ્નેહ હોય તેની પાસે આવતાં બીક શાની ?

બાલિકાના મુખમાંથી આવા શબ્દો નીકળતા સાંભળી કવિચંદને બહુ નવાઇ લાગી. ચંદે કહ્યું, " પણ તારી માતા અથવા તારાં બીજાં કુટુમ્બીઓએ તને આ ભયંકર સ્થાનમાં કેમ આવવા દીધી ?"

બાલિકા—મારે મા કે બીજા સંબંધીજ નથી.

કવિ—" શું હવે તારૂં કોઈ નથી ? "

બાલિકા—" ના. "

થોડીવાર સુધી નિસ્તબ્ધ ભાવે ઉભા રહી ફરી ચંદે પૂછ્યું, " તમે ક્યાં રહેતાં ? " બાલિકા આંગળીવડે દર્શાવતાં બોલી, " આ પહાડ ઉપર. "

ચંદે પૂછ્યું, " તારા પિતાના મૃત્યુના—સમાચાર આટલે બધે દૂર કોણે આપ્યા. "

બાલિકા—કોઇએ નહીં. મેં પહાડ ઉપરથી તેમને ઘોડા ઉપરથી પડતાં જોયા, પરન્તુ ત્યાંથી દોડી આવ્યા છતાં મારા દુર્ભાગ્યથી હું તેમને જીવતા જોઇ શકી નહીં. હાય, જો તેઓ કહીને ગયા હોત તો પહાડ ઉપરથી ઉતરવાનો હું વહેલો આરંભ કરત, " આમ બોલતાં બોલતાં બાલિકા ફરી રડવા લાગી.

કવિ—તેઓ યુદ્ધમાં આવશે એમ પ્રથમ તને જણાવ્યું નહોતું ?

બાલિકા—ના.

કવિ—ત્યારે તેઓ યુદ્ધમાં આવશે અને યુદ્ધ થશે એ તેં કેમ જાણ્યું ?

બાલિકા—જો કે યુદ્ધમાં જવાની વાત તેઓએ મને કહી નહોતી, પરંતુ આજ યુદ્ધ થશે એમ તો કહ્યું હતું. વળી કેટલાક દિવસ થયાં તેમનામાં ફેરફાર પણ થઇ ગયો હતો; તેઓ મને જોઈ રડતા, અને તેનું કારણ હું પૂછતી તો કાંઇ પણ બોલતા નહીં. એથી હું એટલું સમજી શકી હતી કે તેઓ મારે માટે દુઃખી થઇ રહે છે. ગઈ કાલે મને એક નાની થેલી આપતાં બોલ્યા હતા, " વત્સે ! હું હવે વૃદ્ધ થયો છું, જો આવી અસહાય અવસ્થામાં મારૂં મૃત્યુ થશે " તો તારૂં શું થશે ? અને બન્યું પણ તેમજ, કેમકે હું હવે વધારે " વખત જીવીશ નહીં. આ દ્રવ્ય મેં તારે માટે રાખ્યું છે તે લે, " જ્યાં સુધી કોઇ સારો આશ્રય ન મળે ત્યાં સુધી આના વડે આત્મ-" રક્ષા કરજે. તું હજી બાળક છે. માટે જોજે કોઇ દુષ્ટ પુરૂષનો સહ-" વાસ કરીશ માં. જ્યાં સુધી તારો વિવાહ ન થાય ત્યાં સુધી કોઈ " સારા પુરૂષનો આશ્રય લેજે, ને જેના આશ્રયમાં રહે તેનો ખરાબ અભિપ્રાય જણાય તો તે ઘરનો ત્યાગ કરજે." આમ કહી તેઓ પણ રડયા અને હું પણ રડી. આજ સવારે ઉઠતાં હું તેઓને જોઈ શકી નહીં, આથી મનમાં જરા ભય ઉત્પન્ન થયો. મનમાં એમ થયું કે આજ નક્કી યુદ્ધ થશે. એ જોવા હું એકદમ પાસેના પર્વતના શિખર ઉપર ચડી, તો મારી ધારણા ખરી પડી." આથી વધારે બાલિકા બોલી શકી નહીં. તેનો શ્વાસ અટકી ગયો.

ચંદકવિએ પૂછ્યું, " તારા પિતા તારે માટે આટલી બધી ચિંતા રાખતા છતાં યુદ્ધમાં કેમ આવ્યા !

બાલિકા—દેશમાં હોવા છતાં દેશને માટે યુદ્ધ ન કરવું એ તેઓ અધર્મ સમજતા. શું તેઓ મારે માટે અધર્મ કરે ?

આવી આવી વાતો બાલિકાના મુખમાંથી સાંભળતાં કવિચંદની ખાતરી થઈ કે આ કોઇ ઉંચા કુળની કન્યા છે. તે કોણ છે એ જાણવાની ઉત્સુકતા વધતાં તેના પરિચય માટે કેટલાક પ્રશ્ન પૂછ્યા. પરંતુ બાલિકા કાંઈ બોલી શકી નહીં. માત્ર તેણે તેના પિતાના નામનો ઉચ્ચાર કર્યો. આમાં કાંઇ સમજી ન શકવાથી નિરાશ થઈ તેણે તેનું નામ પૂછ્યું. બાલિકાએ જવાબ આપ્યો, " શૈલબાળા " ફરી તેણે પૂછ્યું, હવે તું કયાં અને કેવી રીતે રહીશ ?

બાલિકા—બીજો કાંઈ ઉપાય ન હોવાથી હું મારા પિતાનું અનુસરણ કરીશ.

કવિ—"મારી સાથે આવીશ" થોડીવાર વિચાર કર્યાં પછી તે બોલી "ક્યાં" કવિએ કહ્યું, "મારે ઘેર."

બાલિકા—ત્યાં કોણ છે?

ચન્દ—ત્યાં તારા કરતાં મોટી એક યુવતી છે, તે તને બ્હેન પ્રમાણે રાખશે.

બાલિકા—ત્યારે ચાલો. મને એક માણસ બ્હેન પ્રમાણે રાખે તો, તેવો સ્નેહ મેળવવાની હું આશા રાખું છું.

ચંદ—તે કોણ?

બાલિકા—તે એક બાળક હતો, અમે તેની કોટડીમાં કેટલોક વખત રહ્યાં હતાં.

ચંદ—તેઓની કોટડી કઇ તરફ છે?

બાલિકા—ઘણેજ દૂર. તે દેશનું નામ પણ મને આવડતું નથી, કેમકે એ વખતે હું તદન નાની હતી. અમે ત્યાંથી ઘણી મુદત થયાં આ તરફ આવતાં રહ્યાં છીએ. દિલીપે મને કહ્યું હતું કે મને કહ્યા વગર ક્યાંય પણ જઈશ નહીં. પરંતુ આવવાને વખતે તેને કહેવાયું નહીં.

આ વાત કરતાં કરતાં તેના મુખના ભાવ ફરી ગયો. કવિચંદ સમજ્યા કે તે બાલકનું નામ દિલીપ હતું અને બાલિકા તેના ઉપર પ્રેમ રાખતી. આ વાત વધારે ન છેડતાં તેને લઇ પૃથ્વીરાજના શિબિર તરફ ચંદ કવિ આવવા નીકળ્યો. આવતી વખત પિતાને માટે બાલિકા ઘણું રડી પણ ચંદ કવિએ જુદી જુદી વાતો સમજાવી શાન્ત પાડી. રસ્તે આવતાં ચંદે તેની ઉમર પૂછી, તે બોલી, મારા પિતા એમ કહેતાં કે તને તેર વર્ષ પુરાં થયાં છે.

વાતો કરતાં કરતાં તેઓ બન્ને શિબિરમાં પહોંચ્યા. તેને જોઇ પૃથુરાજ બોલ્યો, કેમ કવિ! તમને આવતાં આટલી વાર કેમ થઈ?

ચંદકવિએ બાલિકાને બતાવી તેનો બધો વૃત્તાંત કહ્યો.

પૃથ્વીરાજે કહ્યું, "કાલેજ સ્વદેશ તરફ જવાનો મારો વિચાર થાય છે, તમારી ઇચ્છા શું છે?"

ચંદ—યુદ્ધમાં આપણો જય થયો છે માટે જ્યારે આપની ઇચ્છા હોય ત્યારે જઇએ.

પૃથ્વીરાજ—તમારા અભિપ્રાયનીજ હું રાહ જોતો હતો; ત્યારે

હવે જવાની તૈયારી કરવાનું બધાને કહી દેવડાવો.

બીજે દિવસે કનોજ છોડી દઇ બધા દિલ્હી તરફ રવાના થયા; માત્ર ચંદકવિ દિલ્હી ન જતાં અજમેર ગયા. પૃથ્વીરાજ અજમેરથી આવી દિલ્હીમાં રહેતો. પરંતુ ચંદકવિ તો અજમેરમાંજ રહેતો કેમકે જન્મભૂમિ તેને બહુ વહાલી લાગતી. તે કોઈ યુદ્ધ પ્રસંગે અથવા તો ખાસ કારણ હોય તો દિલ્હી જતો, અને કાર્ય પુરૂં થતાં પાછો અજમેરમાં આવતો. ચંદકવિએ ઘેર આવી પોતાની સ્ત્રીને શૈલબાળાની સુપ્રત કરી. તેની સ્ત્રીનું નામ પ્રભાવતી હતું. તે શૈલબાળાને જોવાથી અત્યંત ખુશી થઈ. ચંદ કવિને એક ગુલાબ નામની બહેન હતી પરંતુ તેનો રાજકન્યા સાથે બહુ પ્રેમ હોવાથી દિલ્હીમાં તેની સાથે રહેતી. આથી પ્રભાવતીને એકલું રહેવું પડતું તેથી આજ સહચરી મળવાથી તેને બહુ આનંદ થયો.

પ્રકરણ ૭ મું.

બે સખીઓનો વિનોદ.

"દુઃખની પાછળ સુખ છે, સુખની પાછળ દુઃખ."

એક અજવાળી રાત્રે માનસ નદીના કાંઠા ઉપર આવેલા ઉદ્યાનમાં શૈલબાળા અને પ્રભાવતી બેસીને નદીની શોભા જોતાં હતાં. જ્યોત્સ્નાથી રૂપેરી બનેલી તરંગમાળા નાચતી નાચતી કાંઠા સાથે રમત કરતી હતી. સંધ્યાસમીર—કમ્પિતવૃક્ષનો મૃદુમધુરનો નિનાદ નદીના કલ્લોલ સાથે મળી જતો હતો. માતૃવક્ષસ્થિત શિશુ—સંતાનની પેઠે નદી ગર્ભે નૌકાઓ તરંગમાળા સાથે નાચતી હતી. તેઓ જે મર્મરાસન ઉપર બેઠાં હતાં તેની પાસેના એક વૃક્ષ ઉપર ચડેલી વેલ બહુજ નીચે ઝૂકી રહી હતી. શૈલબાળા હાથ લાંબો કરી તેમાંથી ફૂલો ચૂંટતી હતી. અત્યારે શૈલબાળા તે દિવસની બાલિકા નથી, તેમ દિલીપની બાલ્યસખી, તેજસિંહની નયનાનન્દવર્ધક કોટડીમાં રહેનારી નવ જાત કુસુમકલિકા અથવા તો રણક્ષેત્રમાં રોતી બાલિકા નથી. આપણે જ્યારે તેને પિતૃશોકાકુલા બાલિકા જોઈ હતી ત્યાર પછી તો બે—ત્રણ વરસ વહીયાં ગયાં છે. તે અત્યારે અર્ધ—ખીલેલી ગુલાબની કળી જેવી સુંદર દેખાય છે. ફૂલ ચૂંટાઇ રહ્યા પછી શૈલબાળા પ્રભાવતીને શણગારવા

બેઠી. પ્રભાવતીની ઉમર ૨૦ વર્ષની છે, અને તેનું સૌંદર્ય અર્ધ-ખીલેલા ગુલાબ જેવું નથી પરંતુ પૂર્ણ ચંદ્રના જેવું મધુર છે.—તેજ ન હોવા છતાં પણ ઉજ્વલ છે. વળી તેના તરફ દૃષ્ટિ ફેંકતાં દરેક વખત કંઇને કંઇ નવીનતાજ જોવામાં આવે છે. શૈલબાળા બાલ્ય-સ્વભાવ વશતઃ હમેશાં હાસ્યમયી દેખાય છે અને પ્રભાવતી ગંભીર દેખાય છે. આ બન્નેમાં કોણ વધારે સુંદર છે તે નક્કી કરવું બહુ કઠિણ હતું. આટલો બધો વખત લાગવા છતાં શૈલબાળા પ્રભાવતીને શણગારી રહી નથી. તેણે એકે એક કરી બધાં ફૂલો અંબોડાની આસ-પાસ ગોઠવી દીધાં, ભંડાર ખાલી થઇ ગયો પરંતુ જેવું જોઇએ તેવુ શણગારાણું નહીં. તેથી શૈલબાળા બોલી, હજી પણ બરાબર થયું નથી, જાણે બધું ખાલી ખાલી દેખાય છે " વળી બીજાં થોડાંક ફૂલો ચૂંટી પ્રભાવતીનું આખું મસ્તક શણગાર્યું તો પણ તેનું મન માન્યું નહીં વળી કેટલાંક ફૂલો ચૂંટી ગુંથવા બેઠી; ફૂલના અલંકારો તૈયાર કરી પ્રભાવતીના હાથમાં, કંઠમાં, લલાટ વગેરેમાં પહેરાવી એક દૃષ્ટ તેના સામું જોવા લાગી. આવું મોટું કાર્ય પૂરૂં થતાં અવકાશ મળવાથી ઉઠી " બસ આ વખતે જેવું જોઇએ તેવું થયું છે " આટલી મુદ્દ-તમાં આવું કોઇ દિવસ હું શણગારી શકી નથી. " તેની વાત સાંભળી પ્રભાવતી બોલી, " આ પીડા હવે હું સહન કરી શકતી નથી. તું રોજ રોજ મને શણગારે છે, જે દિવસે હું ના પાડીશ તે દિવસે તું રડવા બેસે છે. આજ તને શણગાર્યા વિના હું છોડીશ નહીં. " શૈલ-બાલા હસીને બોલી, " હું કોને માટે શણગારાઉં ? એ કોણ દેખે ? "

પ્રભાવતી—કેમ, હું.

શૈલબાળા—ના એ તો નહીં બને, હું તો શણગારીશ અને જોઇશ.

પ્રભા—ના બાઇ, તું આમ શામાટે કરે છે તે કહે જોઇએ ? તારે પોતાને શણગારાવું નહીં અને મને શણગારવી ?

શૈલ—કહું કે ન કહું ?

પ્રભા—બોલ, બોલ, મારા સમ ન બોલ તો. શૈલબાળા ખરી વાત છુપાવવા બોલી, કહું ? લે કહું. જો આટલા દિવસો થયા છતાં મારો વિવાહ થયો નથી માટે.

પ્રભા—તું જુઠું બોલે છે માટે હવે હું તારી સાથે નહીં બોલું,

શૈલ—અરે આટલી બધી રીસ ! લે આ વખતે ખરેખરૂં કહું છું

મેં તને અનેકવાર કહ્યું છે તે બધું ભૂલી ગઇ છે ?

પ્રભા—હા બધું ભૂલી ગઇ છું. ફરીવાર બોલ.

શૈલ—" બાલ્યકાળમાં ફૂલ આપી દિલીપ મને શણગારી જોતો, જો તે અત્યારે હોત તો તેને શણગારી હું જોત. હવે તે તો અહીં નથી માટે તને શણગારીને જોઉં છું."

પ્રભા—હા હવે હું સમજી છું તારો દિલીપ કાં ? તું પણ હજી તેને ભૂલી શકી નથી. બાળપણનો સ્નેહ હજી સુધી રહ્યો છે ? આ વાત તો તેં મને અત્યારેજ કહી તે પહેલાં કોઇવાર કહી નથી !

શૈલ—તેં મને શણગારતો એમ નથી કહ્યું ?

પ્રભા—હા, હા એમ કહ્યું હતું ખરું !

શૈલ—ત્યારે હવે બધું અનુમાન કરી લે. તને આટલું બધું સમજાવવું ન પડે.

પ્રભા—તારી સાથે મારી તુલના ! તે બધું ગમે તેમ હો. પરંતુ દિલીપ કોણ છે તે ખબર નથી, વળી તે હાલ ક્યાં છે, આજ દિવસ સુધી હયાત છે કે નહીં તેની આપણને ક્યાં ખબર છે ? અને કદાચ હોય તોપણ તેની સાથે તો તારાં લગ્ન નજ થવા દઉં. કેમકે તું તો સુંદરી છે એટલે રાજા રજવાડામાં શોભે. તું હજી બાળક બુદ્ધિવાળી છે એટલે 'પ્રેમ' એ શું છે તેની ખબર તને ન હોય, અત્યારે તું દિલીપ ઉપર સ્નેહ રાખે છે પરંતુ જ્યારે ખરેખર પ્રેમ શી ચીજ છે તે સમજશે ત્યારે તારી ભૂલ તને માલૂમ પડશે.

શૈલબાળા એક લાંબો નિઃસાસો નાંખી બોલી, " તેની સાથે મારાં લગ્ન કરવાની તમારી ઇચ્છા નથી તે હું જાણું છું. શામાટે નથી તે પણ સમજું છું—દિલીપ અજ્ઞાત કુળશીલ છે. હું પણ તેની પેઠે અજ્ઞાત કુળશીલા નથી ? એટલા માટે જો તેને કોઈ સુપાત્ર કન્યા નહીં મળે તો મને સુપાત્ર પતિ મળવો મુસ્કેલ છે.

શૈલબાળાની વાતથી દુઃખી થઈ પ્રભાવતી બોલી, " ઠીક બાઈ! તું તારા જન્મની વાત બીલકુલ જાણતી નથી ?

શૈલ—એ વાત કેટલીક વખત પૂછવી છે ? હું આવી છું ત્યારથી જ તું એ પૂછયા કરે છે.

શૈલબાળા આ વાત ઉડાવવા માટે બોલી, " એ એ બધું જવા દે. તને બહુ શું શોભે છે તે કહું ? જો તારી ઇચ્છા હોયતો તારા નામનો એક હાર બનાવી બાંધી દઉં."

પ્રભા—હવે હાર નથી જોઈતો. એકાદ સંગીત ચલાવ.

શૈલ—મને ગમે એવું તો એકેય મારા હાથમાં આવતું નથી.

પ્રભા—પેલું ગા !

શૈલ—ક્યું ?

પ્રભા—"પ્યારી સખી જો બોલે" જે હંમેશાં મારી પાસે ગાય છે તે. બહુ સારૂં લે ગાઉં છું. એમ કહી શૈલબાળાએ ગાવાનો આરંભ કર્યો.

"પ્યારી સખી જો બોલે, મન મુગ્ધ થઇને ડોલે. (ટેક)
જોઉં હું જ્યારે હાસી, મટી જાય ત્યારે ઉદાસી;
સુણી સ્વર ચડું ચકડોળે—પ્યારી.
બહુ નેન તણા પલકારા, વીજળી તણા ચમકારા;
કરી તું-તું-કરીને ખોળે—પ્યારી.
શું આંખમાં દીસે છે, તે જોઇ મન હસે છે;
હા-હા-હૃદય તે બોલે—પ્યારી."

શૈલબાળાએ ધીમે ધીમે કરતાં સાતમા સૂરે સંગીત પહોંચાડી દીધું. તેના સુમધુર અને પૂર્ણ સ્વરથી ઉદ્યાન, નદી, વૃક્ષ અને પત્ર-પુષ્પ સમુદાય પરિપૂર્ણ થઇ ઉઠયાં. નૌકાઓ આમ તેમ ડોલીને જાણે તેને તાલ આપવા લાગી. અને તરંગમાળાઓ એ તાલ સાથેજ જાણે નાચ કરવા માંડી. પવન અતિ રંજીત થઇને પુષ્પોનો પરાગ આખા વનમાં ફેલાવવા લાગ્યો. ચંદ્રમા પોતાનાં કિરણો વધારે સ્નિગ્ધ કરી પૃથ્વી ઉપર અમૃત વરસાવવા લાગ્યો, થોડીવારમાં શૈલબાળાનું ગાયન બંધ થવાથી જાણે બધાં શોભા વગરનાં થઇ પડયાં હોય નહીં એમ ભાસવા લાગ્યું. પ્રભાવતી બોલી, "કેવું મધુર ગાયન ! હજી એક બીજું ગા."

શૈલ—હવે હું ગાઈશ નહીં પણ તારા નામનો એક હાર બાંધીશ. હા ! મને યાદ આવ્યું.

પ્રભા—ભાઇ હવે તું તોફાન કરીશમાં, શૈલબાળા તેની વાત ન સાંભળતાં તેની હડપચી પકડી બોલી—

"કુસુમનો બ્હાર સ્ફુરે, પ્રભાકંઠ દેશે;
ભોગી ભ્રમર મુગ્ધ બની, વાસ કેમ સ્હેશે.

પ્રભા—તું તો દિવસ રાત આવુંજ કર્યા કરે છે.

શૈલ—જેના સ્વામિ કવિ હોય તેને વળી આની અરૂચિ હોય! હા. હવે મને યાદ આવ્યું કે, "જે હંમેશાં સમૂદ્રમાં રહે અને મોટા મોટા તરંગો સાથે જેનું મન હીંચકા ખાતું હોય તેને મન નદી નાળાં શા હીસાબમાં? ના ના, એમ પણ નહીં,—જે હંમેશાં કોકીલાનો સ્વર સુણતું હોય તેને કાગડાની વાણી સાંભળવાની ઇચ્છા થાય? છીઃ—આવા મોટા કવિ પાસેથી તું કવિત્વ ન લઈ શકી?

પ્રભા—ભલે હું કવિ નથી થઇ. પરંતુ તું તો થઇ છે. કવિની પાસેથી શીખેલા બીજા કેટલાક તુક્કા ઉડાવને!

આ વખતે શૈલબાળાની દૃષ્ટિ બીજી તરફ હતી, તે શું જુએ છે એ જોવા પ્રભાવતીએ તે તરફ પોતાનું મુખ ફેરવ્યું. તો કવિચંદને આવતા જોઈ પ્રભાવતી બોલી, "હવે ચૂપ બેસ, જો તેમની પાસે કંઇ વાત કરી છે તો તારા દિલપની વાત હું કહી દઇશ. શૈલબાળા બોલી,—"જો જો તારા સખા આવે છે, તારા વિના તે એક ઘડી પણ રહી શકતા નથી."

"આવે આ ધણી ઉતાવળે તમારા પ્રાણ,
વિના પ્રભા ન એકલો રહેજ ચંદ્ર (ચંદ) જાણ.
તુંન હોત વદન તો ઘણું જણાત સ્યામ;
તેં રૂપેરી તો કીધું હસાવીને તમામ.
સૂર્ય કિરણો વડેજ તેજ થાય;
ચંદ મુખે આ તેમ, આ રૂપેથી તો ફુલાય.

પ્રભાવતીએ જરાક ગુસ્સે થઈ શૈલબાળાના હાથમાંથી હડપચી ખેંચી લીધી શૈલબાળાને તેમાં પણ મજા આવી. તે હસતાં હસતાં બોલી—

"લાજ તું શાને ધરે, સુકુમાર માનિની;
ચંદની શોભા વધી છે, તું પ્રકાશીની."

આ વખતે પ્રભાવતીએ શૈલબાળાનું મોઢું હાથથી દાબી દીધું, શૈલબાળાએ તેના હાથમાંથી મોઢું છોડાવ્યું ન છોડાવ્યું ત્યાં ચંદકવિ પાસે આવી ઉભા રહ્યા. બન્નેએ તેના સામું જોયું તો હમેશની પેઠે તેમના મુખ ઉપર આજ હાસ્ય નથી, પરંતુ વિષાદ છવાઈ ગયો છે. વિષાદને જોતાંજ તેઓનો હાસ્યલાપ સંતાઇ ગયો.

શૈલબાળા બોલી, "નિષ્કલંક ચંદ્ર આજ ઝાંખો કેમ?"

પ્રભાવતી સ્વામિ તરફ જોઈ બોલી, " શૈલને આખો દિવસ મશ્કરી કરવાની ટેવ પડી ગઇ છે, તમારૂં મૂખ જોઇ મારા મનમાં અનેક વિચારો થયા કરે છે–મનમાં એમ થાય છે કે કાંઇક અશુભ સમાચાર આપવા આવ્યા છો. " ચંદકવિ બોલ્યા, " ખરેખર હું અશુભ સમાચાર આપવા આવ્યો છું." પ્રભાવતી વ્યસ્ત થઈ બોલી, "શું ?"

ચંદ—" કાલે દિલ્લી જવું પડશે.

પ્રભા—શા માટે ?

ચંદ—મહારાજે કહેવડાવ્યું છે કે યવનો ફરીવાર દિલ્લી ઉપર આવે છે. શૈલબાળા બોલી, " શા માટે ? તમે જે વરસે મને અહીં લાવ્યા તે પછી થોડાજ માસે તેઓને હરાવ્યા છે ને ?

ચંદ—એ પરાજયથી થયેલું અપમાન હજી પણ તેઓ ભૂલ્યા નથી. આ વખતે ઘણું સૈન્ય લઇ બદલો લેવા આવે છે.

શૈલ—કોનો બદલો વળે છે જોઇએ ! તેને વારે વારે દયા લાવીને જવા દો છો એથીજ તેઓને અહંકાર આવે છે, જો તે વખતે તેઓના ઉપર દયા ન કરી હોત, તો તેઓ ફરીવાર આવવા ન પામત. "

ચંદ—હું કાલેજ જવાનો છું, વધારેવાર રોકાઈ શકું તેમ નથી. પ્રભાવતી અત્યાર સુધી મૌન–રૂદન કરતી હતી, તે બહુ મહેનતે અશ્રુ અટકાવી બોલી, " તમે સ્વદેશ–રક્ષા માટે જાઓ છો તેથી હું આપને અટકાવી શકતી નથી. જાઓ ઇશ્વરકૃપાથી ફતેહ કરી પાછા આવો. તમારી સાથે બીજું કોણ આવે છે ? "

ચંદ—વૃદ્ધ અનાથને લઇ જનારછું.

આ વાત કરી તેઓ ઉદ્યાનમાંથી ગૃહ તરફ ચાલતાં થયાં. પૃથ્વીમાં બધું ચપળ–અસ્થિર છે. શું સુખ–દુઃખ પણ સ્થિર રહી શકે છે ? એક કલાક પહેલાં આ બધાં કેવા હાસ્યમોદમાં મગ્ન હતાં, દુઃખે આવી તે બધું એક ઝપાટામાં ઉડાવી દીધું. જેવાં ઉદ્યાનમાં હસતાં હસતાં આવ્યાં હતાં–તેવાંજ રડતાં રડતાં તેમાંથી બહાર નીકળ્યાં. રસ્તે ચાલતાં શૈલબાળાએ કહ્યું, " અગાઉ ચંદકવિ જ્યારે જ્યારે યુદ્ધમાં જતા ત્યારે તો તું કાંઈ ભય પામતી નહીં, ને આ વખતે આમ કેમ થઇ ગઇ છે ? " પ્રભાવતી બોલી, " કોણ જાણે–હું કાંઇ સમજી શકતી નથી. તે વખતે આજના જેવી અમંગલ આશંકા થતી નહીં. "

પ્રકરણ ૮ મું.

' આશામાં નિરાશા. '

રાત્રિ બેપ્રહર વ્યતિત થઇ છે, પૃથ્વી અંધકારથી ઢંકાએલી છે. ખદ્યોત–માળા પોતાનો પ્રકાશ ચારેતરફ ફેલાવી રહી છે. તમરાંઓ અટક્યા વગર અવાજ કર્યા કરે છે. કોઇએ જાગતું નથી. બધાં નિદ્રિત છે. માત્ર દિલ્હીના રાજમહેલના એક ઓરડામાં રાજકન્યા ઉપાવતી તથા મંત્રીપુત્ર વિજય બેઠેલાં છે. આવા રાત્રિના વખતે એકાન્તમાં એક યુવાન કન્યા પરપુરૂષ સાથે કેમ બેઠી છે ?

રાજકન્યા હસ્ત ઉપર માથું નમાવી સુવર્ણ–મંડિત પલંગ ઉપર બેઠેલી છે, અને વિજયસિંહ નીચેની કીનખાબની ગાદી ઉપર બેઠેલો છે. રાજકન્યાની ઉમ્મર ૧૬ વર્ષની છે. તે એવી તો સુંદર છે કે તેના જેવી બીજી યુવતી ભાગ્યેજ હશે. તેનું રૂપ પૂર્ણિમાની જ્યોત્સ્નાની પેઠે ખીલી રહેલું છે. જ્યોત્સ્નાનો પ્રકાશ જે જે ઉપર પડે છે તે બધાં જેમ સુંદર દેખાય છે તેમ આ રાજકન્યાના રૂપ–રાશિનો પ્રકાશ જેના ઉપર પડે છે તે મુગ્ધ બની જાય છે. તેના અપ્સરા કરતાં પણ સુંદર મસ્તક કૃષ્ણ કેશ કલાપ ઉપર રંગીત ઓઢણું ઓઢેલું હોવાથી કોઇ અપૂર્વ શોભા જોવામાં આવે છે. તેનાં કર્ણાભરણો જરાક ડોલવાથી ઝળકી ઉઠે છે અને તેની સાથે અલક ગુચ્છ ભ્રમર પેઠે મધુના લોભથી જડાઈ રહી ખેલી રહ્યો છે.

આ સૌંદર્યની હલકથી વસ્ત્રાભૂષણ તથા આસપાસના પદાર્થો હસી રહ્યા છે પરંતુ તે પોતે હસતી નથી. તેના મુખ ઉપર અત્યારે કંટાળો દેખાય છે. ચંદ્રમાં કલંક હોવા છતાં તે ઉજ્વલ જણાતો નથી ? જણાય છે. તેમ આ વિરક્તિ–ભાવ વ્યંજક મુખ પણ સુંદરતામાં કંઇક ઉમેરો કરે છે તે ભાવ કાંઈ કાયમ તો થોડોજ રહેવાનો છે ? હવે તે જ્યારે હાસ્ય કરશે ત્યારે આ શોભા કેવી થઇ પડશે ?

થોડીવાર સુધી તો બન્ને જણાં નિસ્તબ્ધ થઇ બેસી રહ્યાં–કોઇ કંઇ બોલ્યુંજ નહીં. પરંતુ એ મૌનનો ઉપાવતીએ ભંગ કર્યો. વીણા જેવા મધુર અવાજથી તે બોલી " વિજય ! બોલ તું શા માટે આવ્યો છે ! જોતો નથી આપણે કેવી રીતે બેઠેલાં છીએ ? " જો કોઇ આ વખતે આવે તો આપણા વિષે શું ધારે ? ઝાઝીવાર થશે તો કંઇ

આફત આવવાનો સંભવ છે, માટે જે કહેવાનું હોય તે કહીને ચાલતો થા."

વિજયસિંહ—" યવનો ફરીવાર આવે છે—તે સાંભળ્યું છે ?"

વિજય દેખાવમાં બહુ રૂપાળો હતો; તેની દષ્ટિ અંતરભેદી હોવા છતાં બધાં જનો તેને અતિ નમ્ર માણસ સમજતાં પરંતુ જેઓ સૂક્ષ્મદર્શી છે તેઓ તો વિજયને જોતાંજ કહી આપે કે આ ગુણ તેનો સ્વાભાવિક નહોતાં ઉપર ઉપરનો ડોળ છે. પરંતુ તે વ્યવહારમાં તથા વાતચીતમાં એટલી બધી પટુતા અને શિષ્ટતા રાખતો કે તેનો આ છદ્મવેશ એકદમ પકડાઇ જતો નહીં. રાજકન્યાએ તેની વાત સાંભળી કહ્યું, "જો એજ વાત કહેવા આવ્યો હો તો જા કેમકે તારા આવ્યા પહેલાં એ વાત મેં સાંભળી છે."

વિજયસિંહ બોલ્યો—ના એ એકજ વાત કહેવા આવ્યો નથી. બીજી પણ વાતો છે.

ઉષા—બોલ, શું ?

વિજય—"જો આ વખતે મહારાજ પૃથ્વીરાજ પરાજય પામશે તો તું શું કરીશ"?

ઉષાવતિ ક્રોધથી બોલી—શું ? મહારાજની હાર થવાની છે ! તું જાણતો નથી કે ગયે વખતે જયચંદ્રનો પરાજય કરી તેમાંથી અવશિષ્ટ રહેલા સૈન્યવડેજ યવનોને ઘેટાંના ટોળાં પેઠે દિલ્લીની હદ બહાર કાઢી મૂક્યાં હતાં ?

વિજયસિંહ કિંચિત લજ્જીત થઇ બોલ્યો, "ઇશ્વર કરશે તો તો તેમજ થશે, પરંતુ કદાચ વિપરિત પરિણામ આવશે તો તું શું કરીશ ?"

ઉષા—તે અત્યારે શી રીતે કહી શકું ! જે દશા પિતાની થશે તેજ દશા મારી પણ થશે.

વિજય—એક તો તું સ્ત્રી છે, તેમાં વળી રાજકન્યા. તો તું દુઃખો શી રીતે ખમી શકીશ. ?

ઉષા—તું કાપુરૂષ હોવાથી આવી વાતો કરે છે. વારેવારે યુદ્ધને વખતે યવનો કેવી રીતે નાસે છે તે જરા યાદ લાવ. જો કે હું પુરૂષ નથી છતાં તારા કરતાં સાહસવાળી છું, હું કષ્ટ સહન ન કરી શકું એ મનમાંથી કાઢી નાંખજે. આ બીજું તો શું પણ હમણાંજ

આવીને કોઈ એમ કહે કે "જો તારૂં મૃત્યુ થાય તો દેશની રક્ષા થશે" તો બતાવી દઉં કે મરી શકું છું કે નહીં! તારી પેઠે હું સ્વદેશ કરતાં પ્રાણને કીમતી ગણતો નથી.

આ શબ્દોએ તીક્ષ્ણશરની પેઠે વિજયનું હૃદય વીંધી નાંખ્યુ. તે એક વખત યુદ્ધમાંથી નાસી આવ્યો હતો. તે વાતની રાજકન્યા સિવાય બીજા કોઇને ખબર નહોતી. પરન્તુ દુઃખની વાત એ છે કે જે આશાથી તેણે આ કાર્ય કર્યું હતું તે આશા ફળીભૂત ન થતાં અવળુ પરિણામ આવવાથી તે મનમાં ગુસ્સે થયો. પણ તે ઢાંકી રાખીને બોલ્યો, "આ વાત દરેક વખત સંભળાવી તું મને દુઃખ આપે છે. તું જે કહે છે તે વાત ખરી નથી. હું સ્વદેશ કરતાં મારા પ્રાણને વ્હાલો ગણતો નથી પરંતુ તનેજ વ્હાલી ગણું છું અને તેટલા માટેજ રણસંગ્રામમાંથી નાસી આવ્યો હતો. મૃત્યુ થયા પછી તારા મુખચંદ્રમાનું ફરી દર્શન નહીં થાય એ આશંકાથી હું નાસી આવ્યો હતો. નાસવાથી કાપુરૂષ ગણાઇ બધાનો તિરસ્કારપાત્ર થઇશ એમ જાણવા છતાં પણ તારા ઉપરના સ્નેહને લીધે નાસી આવ્યો હતો. મેં તારા ચરણકમળમાં મારૂં પ્રાણાધિક–ક્ષત્રિય તેજ અર્પણ કર્યું છે છતાં તું આ વખતે મને નિર્દય–કઠોર વાક્ય સંભળાવે છે? હાય! જો મેં એમ જાણ્યું હોત કે તું મને તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે તો યુદ્ધમાં હું સુખેથી મરત"

વિજયની વાત સાંભળી 'મેં જે કહ્યું તે ઠીક કર્યું નથી' એમ સમજી ઉષાવતી બોલી, "જો એ વાતથી તને દુઃખ લાગતું હશે તો હવે કોઇ દિવસ એ વાત હું નહીં ઉચ્ચારૂં. પણ જો તું કાપુરૂષ–બાયલા–ની પેઠે રણક્ષેત્રમાંથી નાસી ન આવતાં ત્યાંજ મૃત્યુ પામ્યો હોત, તો હું તારા ઉપર વધારે વ્હાલ દર્શાવત. મારે એકેય ભ્રાતા નથી. તેથી તારા મૃત્યુ પછી એક વીરભ્રાતાને માટે હું ખૂબ રડત. અને એમાંજ આનંદ માનત. કેમકે મારા એક વીરભ્રાતાએ દેશરક્ષા માટે પોતાના પ્રાણનો ભોગ આપ્યો છે એમ હું કહી શકત. હવે તે બધું ભૂલી જા, હું સરત ચૂકથી એજ વાત ફરી વખત બોલી તને લજ્જા ઉત્પન્ન કરૂં છું. હવે આ વખતે તો તું તારૂં પરાક્રમ બતાવશેને?

વિજય—જો હું તારા મુખમાંથી એમ સાંભળું કે "આ વખતે જો તું પરાક્રમ દર્શાવશે તો મારો પ્રેમ તને પુરસ્કાર તરીકે આપીશ"

તો પ્રાણ આપવાને માટે પણ અત્યારે તૈયાર છું. આપણે બાળપણમાંથી જ સાથે ઉછરેલાં છીએ, પરંતુ તું મારા ઉપર સ્નેહ રાખવાનું કોઇ દિવસ બોલી નથી, જ્યારે હું તારે માટે સર્વસ્વ આપવા તૈયાર છું.

ઉષા—'હું તારા ઉપર સ્નેહ રાખતી નથી' એમ કહીને તું મારા ઉપર મિથ્યારોપ ચડાવે છે. મેં તને કેટલી બધી વાર કહ્યું છે કે હું તને મારા જ્યેષ્ઠભ્રાતા તરિકે ગણું છું, અને હજી પણ એજ કહું છું કે હું તારા ઉપર જ્યેષ્ઠભ્રાતા તરિકે સ્નેહ રાખીશ.

વિજય—શું તારા પ્રેમની હદ હમેશાં એવીજ રહેવાની છે? તું મને નકામું દુઃખ શા માટે આપે છે? જો આ વખતના યુદ્ધમાં હું ખરેખરૂં વીરત્વ દર્શાવું તો તું મારી થશે કે નહીં?

ઉષા—મેં તને કેટલી વખત કહ્યું છે કે એ વાત તારે કોઇ દિવસ બોલવીજ નહીં. હું એ ભાવથી તો કોઇ દિવસ પ્રેમ નહીં રાખી શકું.

વિજય—કેમ! ત્યારે તું બીજા કોઇ ઉપર પ્રેમ રાખે છે?

ઉષા—એ વાત જાણવાથી તને શો લાભ છે?

વિજય—તો પછી હું કોઈ દિવસ એ વાત કહી તને વિરક્ત નહીં કરૂં.

વિજયસિંહ રૂદ્ધશ્વાસ થઇ ઉત્તર સાંભળવા તત્પર થઇ રહ્યો. ઉષાવતી ધીરા અને ગંભીર સ્વરે ઇચ્છા ન હોવા છતાં બોલી, "હા હું બીજાને ચાહું છું. આટલીજ વાત સાંભળતાં ઘણા લાંબા દિવસની વિજયની આશા નિર્મૂળ થઇ ગઈ. તે કમ્પિત સ્વરે બોલ્યો, "કોને"? આ પ્રશ્નથી ઉષાવતીના મુખમંડળ ઉપર વિરક્તિની છાયા છવાઇ ગઇ. જાણે મનમાં મનમાં કહે છે કે, "એ વાત પૂછવાનો તને અધિકાર નથી, તેમ બીજા કોઇનો પણ નથી, કેમકે મારા પ્રણયની સામગ્રી મારીજ છે." તેણે મન સાથે નક્કી કર્યું કે ગમે તેમ થાય તો પણ બોલવુંજ નહીં.

વિજયે એમ સાંભળ્યું છે કે ચિતોડાધિપતિ સમરસિંહ મહારાજના યુવરાજપુત્ર કલ્યાણની સાથે ઉષાનો સંબંધ થવાનો છે. આ વાત સાંભળતાંજ હતાશ થઈ એક વખત રાજકન્યા પાસે વિજયે પોતાની સાથે પ્રેમ બાંધવાની માગણી કરી હતી. પરંતુ એ વખતે તે કાર્ય પાર પડયું નહોતું. હવે આજ રાજકન્યા કલ્યાણ ઉપર સ્નેહ રાખે છે છે કે નહીં તે જાણવા માટે અને બની શકે તો એ નિવાહમાં રાજ-

કન્યાનો વિચાર ફેરવી નાખવા માટે તે આવ્યો છે. પરંતુ તેના છેલ્લા પ્રશ્નનો જવાબ ન મળવાથી તેની વાટ ન જોતાં પોતેજ બોલી ઉઠયો. " યુવરાજ ઇન્દ્રસિંહ, રણવીરસિંહ અને અજીતસિંહ એ ત્રણમાંથી કોઇ તારૂં પ્રણયપાત્ર છે ? " ઉષાવતી પૂર્વની પેઠેજ મૌન રહી. તેને નિરુત્તર જોઇ વિજય અધિર થઇ બોલી ઉઠયો.

" મારી પાસે એ વાત કરતાં શું તને એટલી બધી હરકત છે ? " ઉષાવતી કંટાળીને બોલી–" ના એમાંનું કોઇ મારૂં પ્રણય–પાત્ર નથી. " હવે વધારે વખત પૂછગાછ કરીને મને દુઃખ આપીશ નહિ. હું એવા પ્રશ્નનો કાંઇ પણ ઉત્તર આપીશ નહીં, હવે જો કાંઇ કહેવું બાકી ન રહ્યું હોય તો ચાલતો થા. "

આ વાત સાંભળી વિજયસિંહ તેને કાંઇપણ ન પૂછતાં ને પોતાના મન સાથે મૃદુ સ્વરે બોલ્યો, તેઓ નહીં ત્યારે કોણ ?

રણવીરસિંહ નહી, ઇન્દ્રસિંહ નહી, ત્યારે હવે ઉષાવતીને યોગ્ય બીજું કયું પાત્ર છે ? એક યુવરાજ કલ્યાણ શું તેનાજ ઉપર રાજકન્યા સ્નેહ રાખતી હશે ?

કલ્યાણનું નામ સાંભળતાંજ ઉષાવતીએ વિજય સામું જોયું, તેના મુખનો ભાવ પરિવર્તિત થયો. વદન મંડળ લોહી ચડી આવવાથી જરાક રતાશ પડતું થયું. વળી તરત પાછું નીચું જોઈ લજ્જા પામતી હોય તેવી દેખાઇ, પોતાના મનનો ભાવ ગુપ્ત રાખવા માટે ઓઢણી સાથે આંગળી વડે રમત કરવા લાગી અને ઓઢણું જરાક તાણી આગળ ઓઢયું. વિજય જે અભિપ્રાયથી આ વાત બોલ્યો હતો તે અભિપ્રાય સિદ્ધ થયો. રાજ કન્યાનો યથાર્થ મનોભાવ તે સમજી શકયો. તેના હૃદયમાં જે આશાનો અંકુર ફૂટયો હતો તે આ ભાવ દેખતાંજ સુકાઈ ગયો. હવે તે વધારે વખત બેસી શકયો નહી; તે એકદમ ઓરડામાંથી બહાર નીકળી ઉતાવળે પગલે ઘેર આવ્યો, વિજયનું આ વર્તન જોઈ રાજકન્યા ગ્નાનશૂન્ય થઇ ગઇ. કેટલીકવારે બરાબર શુદ્ધિ આવતાં તેણે પોતાની વહાલી સખી ગુલાબને બોલાવી. અત્યારે ગુલાબનું મુખ અતિવિષાદગ્રસ્ત અને ચક્ષુ રક્તવર્ણ હોવાથી થોડીવાર પહેલાં તે રડતી હશે એમ અનુમાન થાય છે પરંતુ રાજકન્યાનું ચિત્ત બીજા વિષય તરફ હોવાથી તે તે જોઇ શકી નહીં તેણે ગુલાબને કહ્યુ, " તેં મનિપુત્રને ગુપ્તદ્વારથી આણ્યો હતો. પરંતુ તે તો તારી રાહ જોયા વગર હમણાંજ

એમને એમ ચાલ્યો ગયો. હું પહેલેથીજ તેની સાથે વાત કરવા ના પાડતી હતી; પરંતુ તેની બહુ વિનંતીથી તથા આ હવે છેલ્લી વખતનું મળવું–કહેવું છે એમ તેના કહેવડાવ્યા પછી મેં હા પાડી હતી. શા હેતુ તે અહીં આવે છે એ જો હું જાણી શકી હોત તો કોઇ દિવસ હું સંમત ન થાત! આમ તે સામાન્ય માર્ગે ચાલ્યો ગયો તેથી તેને કોઇ જોઇ શક્યું છે કે નહીં તે જોઇ આવ અને પછી ગુપ્ત દ્વાર બંધ કરી આવ."

પ્રકરણ ૯ મું.

'વિજયની કપટજાળમાં ગુલાબ.'

સંસારમાં બે પ્રકારનો પ્રેમ જોવામાં આવે છે, આત્મવિસર્જી ઉચ્ચ પ્રેમ અને સ્વાર્થપરાયણ નીચ પ્રેમ. જે સ્નેહમાં મનુષ્ય સ્વાર્થને તિલાંજળી આપી પરાર્થને તે આસને સ્થાપે, અને જેની આત્મતુષ્ટિનું સાધન પરાર્થસિદ્ધતાજ થાય; વળી જેમાં 'હું' ભુલાઈ 'તે–તે' થયા કરે, અને તેના સુખને માટે ઉપર આવેલાં હજારો સંકટો કશા પણ હિસાબમાં ન લેખાય–તેજ આત્મવિસર્જી–પ્રેમ ગણાય. સંસારિક સગવડો–ભોગવિલાસો એ તેમનું અંગ નથી, એટલે કે ભોગવિલાસો વધારવાથી પ્રેમનો વિકાસ થતો નથી. પરંતુ સ્વાર્થત્યાગથી પ્રેમનું વિકસન થાય છે આવી જાતનો ઉચ્ચપ્રેમ સંસારમાં દુર્લભ છે. ફક્ત મનવાળી મહાન પ્રકૃતિમાંજ આ પ્રેમ સંભવે એ પ્રેમ ક્ષણભંગુર ન હોતાં ચિરસ્થાયી છે અને જે એનો ઉપભોગ કરે છે તેઓ આ સંસારમાંજ સ્વર્ગ–સુખ અનુભવે છે. અને જે પ્રેમ પરાર્થપરાયણ ન હોતાં સ્વાર્થપરાયણ હોય, પ્રેમને માટે પ્રેમ ન હોતાં સ્વાર્થજ તેનું મૂલ્ય હોય, સંસારિક સગવડો, ઐશ્વર્ય અથવા તો ઉચ્ચ પદાકાંક્ષાની પરિતૃપ્તિજ જેનો ઉદ્દેશ હોય, અને આત્મસુખના રસ્તામાં આવેલું વિઘ્ન જેમાં દુઃસહનિય હોય તે સ્વાર્થપર નીચ પ્રેમ કહેવાય છે. એકત્ર વસવાટ થવાથી ઘસાઇ ઘુંસાઇને જરાક ચકચકિત થાય પરંતુ પિતળ ગમે તેટલું સાફ થાય છતાં તે કદી સુવર્ણ બનતું નથી. એનું નામ પ્રેમજ નથી એ તો માત્ર લાલસા છે.

વિજયસિંહનો પ્રેમ ઉપરોક્ત દ્વિતિયશ્રેણીનો હતો. જ્યારે તેણે સાંભળ્યું કે રાજકુમારી કોઇ દિવસ તેની સાથે પ્રેમ બાંધવાની નથી; અને તે કોઇ બીજાનજ ઉપર આસક્ત છે, ત્યારે તેનું હૃદય ઇર્ષા અને

તિરસ્કાર અને વેરથી સળગી ઉઠયું. આમાં માત્ર તેણે રાજકન્યાનો પ્રેમ ખોયો એટલુંજ નહીં પરંતુ તેની એક જબરી આશા નષ્ટ થઈ, તેણે આશા રાખી હતી કે રાજકન્યાનો પ્રેમ હસ્તગત કરી શકાય તો દિલ્હીશ્વરને એક પણ પુત્ર ન હોવાથી ભવિષ્યમાં રાજા થઈ શકાય, હવે તે સમજી શકયો કે એ સ્થાન કલ્યાણને મળવાનું છે. હવે તેને રાજકન્યા તથા કલ્યાણ કન્ટકરૂપ ભાસવા લાગ્યાં. તેનું શરીર હિંસા અને ક્રોધથી સળગી ઉઠયું. તેણે દૃઢ નિશ્ચય કર્યો કે 'હું કોઇ દિવસ એ થવા નહીં દઉં, મરીશ કાં મારીશ' આવા આવા તર્ક કરતો કરતો જેવો ગૃહમાં પેઠો કે તરતજ એક નોકરે કહ્યું કે "પિતાશ્રી ઘણો વખત થયાં આપની રાહ જુએ છે; વિજયસિંહ તરતજ પિતા જ્યાં બેઠા હતા ત્યાં આવ્યો. વિજયસિંહના પિતાની ઉમર ૮૦ વર્ષ ની થઈ હતી; તેની મુછના અને મસ્તકના વાળ તદ્દન સફેદ થઈ ગયા હતા અને તેનું મુખ ગંભીર તથા સદ્‌ગુણ પ્રકાશક દેખાતું હતું. આ પુરૂષને જોતાં તેના તરફ પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થવાની સાથે યુવાવસ્થામાં તેઓ એક મહાન સત્પુરૂષ હશે એમ અનુમાન થાય. વિજયનું મુખ જોતાં તેના બાપને લગભગ મળતું આવતું હતું પરંતુ બન્નેના ગુણો માં ઘણોજ તફાવત હતો, એટલે તેના પિતામાં જેવા સદ્‌ગુણો હતા તેવા વિજયમાં દુર્ગુણો હતા. વિજયના પિતાનું નામ અમરસિંહ હતું.

વિજયે ઘરમાં આવી જોયું તો દીવા પાસે બેસીને તેના પિતા કેટલાએક કાગળો લખે છે, તેઓએ વિજયને આવ્યો જોઇ લખવું બંધ ન કરતાં ઇશારાવડે બેસવાનું ફરમાવ્યું. લખવું સમાપ્ત થયા પછી કહ્યું, "હું સંધ્યાકાળથી તારી રાહ જોતો બેઠો છું, તને મારે કેટ-લીક વાતો સમજાવવી છે." આટલું સાંભળતાંજ વિજય અધીર થઇ બોલી ઉઠયો, "ફરમાવો, શી આજ્ઞા છે?"

મન્ત્રી બોલ્યા—કેટલાંક કાર્યો માટે તારે કાલેજ બહારગામ જવું પડશે, અહીં બધું તૈયાર છે માટે અત્યારેજ તૈયાર થઇ જજે."

કાલેજ બહાર ગામ જવું પડશે એ સાંભળી વિજયને બહુ નવાઈ લાગી, અમરસિંહે તેને કેટલાક કાગળો બતાવી કહ્યું, "આ બધા કાગળો નિર્દિષ્ઠ સ્થાને પહોંચાડવા માટે વિશ્વાસુ અને ચતુર માણસની જરૂર છે. આમાં આવતી લડાઇમાં મદદ કરવા સારૂ બંડીયા રાજાઓને તથા મિત્ર રાજાઓને આવવાની પ્રાર્થના કરેલી છે જો કે દિલ્હીશ્વરનું સૈન્ય એકલુંજ યવનોને હરાવવા માટે બસ છે. કેમકે ગયે વખતે આપણે જયચંદને હરાવતાં બાકી રહેલા સૈન્યવડે યવનોનો પરા-

જય કર્યો હતો, તો આ વખતે તો તેને હરાવવા એમાં કાંઇપણ મહેનત નથી છતાં, "ચેતતા નર સદાય સુખી" એ સૂત્રાનુસાર તૈયાર રહેવું જોઇએ. વળી આપણે જયચંદ્ર સાથે પણ શત્રુતા છે. તેથી દેશનું હિતાહિત તથા આર્ય ધર્મ ભૂલી જઇ યવનો સાથે તે મળશે અથવા તેને કંઇક સગવડ કરી આપશે. એમ મને આશંકા રહે છે. યવનોને હરાવવા એ જેટલું સહેલું છે, તેટલુંજ જો કોઇ ક્ષત્રિય રાજા તેની સાથે મળે તો તેને હરાવવા એ મુસ્કેલ છે. આ પ્રમાણે ચારે તરફનો સંપૂર્ણ વિચાર કરી તને મોકલું છું. આપણી ચારે બાજુએ શત્રુઓના ગુપ્તચર ફર્યા કરે છે, નિર્ભયતાથી એક પણ પગલું આગળ મૂકી શકાય એમ નથી. માટે કોઇ સામાન્ય દૂતને મોકલવાનું સાહસ કર્યું નહીં કેમકે તે સંકટમાં આવી જાય ત્યારે શત્રુના હાથમાંથી બળથી કે કળથી છુટી શકે નહીં. હવે જો તે શત્રુના હાથમાં આવી જાય તો આપણું કાર્ય સિદ્ધ ન થાય માટે આ કાર્ય કરવામાં સાહસ કૌશલ વગેરે ગુણોની જરૂર છે અને તે સઘળા તારામાં છે. એટલા માટે મહારાજાને કહી આ કાર્ય ઉપર તને નિયુક્ત કર્યો છે. જો આમાં પગલે પગલે વિપદની સંભાવના છે, માટે સંભાળીને ચાલજે, તું મને પ્રાણ કરતાં પણ વહાલો છે છતાં સ્વદેશ માટે તને મોકલું છું, આ વૃદ્ધાવસ્થામાં એકના એક પુત્રને દેશના કલ્યાણ માટે ખોવા તૈયાર થયો છું. જો હું વૃદ્ધ હોવાં છતાં કંઇક શક્તિવાળો હોત તો હું પંડે જાત અને આટલું કષ્ટ પણ લાગત નહીં."

આમ બોલતાં બોલતાં તેની આંખો આંસુથી છલકાઇ ગઇ. તેણે રડતાં રડતાં પુત્રને રજા આપી. જ્યાં સુધી વિજય દેખાયો ત્યાં સુધી તેણે અનિમિષ-લોચને તે તરફ જોયા કર્યું. જ્યારે વિજય દેખાતો બંધ થયો ત્યારે તેના મનમાં કુતર્કો થવા લાગ્યા—"પુત્રને જે કાર્યે મોકલ્યો છે તેમાં મૃત્યુનો ઘણો સંભવ છે. ત્યારે તો આ વિદાય છેલ્લીજ સમજવી. આ વૃદ્ધાવસ્થામાં એક પુત્ર સિવાય કોઇ બીજું તેનું હતું નહીં, તેને પણ તે વખતે ગુમાવશે. જો પુત્ર પાછો નહીં આવે તો કોનું મુખ જોઈને તે જીવતર ધારણ કરશે,—તેની અવસ્થા કેવી થશે? પછી ગભરાટથી મંત્રી મનમાં મનમાં બોલ્યા, "ભગવતિ આશાપૂર્ણા! મારી વૃદ્ધાવસ્થાની બધી આશાઓ તથા દેશની બધી આશાઓ તમારા ચરણમાં અર્પણ કરૂં છું. વિપદતારિણી માતા! તુંજ આ વિપદમાંથી બચાવ!"

મંત્રી આ પ્રમાણે વિચાર-માળા ચલાવતા હતા ત્યારે વિજય શું કરતો હતો! નિદ્રાથી મન સ્વસ્થ થશે એમ ધારી પહેલાં તો તે

સુતો પરંતુ કોઈપણ રીતે નિદ્રા આવી નહીં. પિતાના મહા ભાવ-યુક્ત મુખના દર્શનથી જે ભુલાઇ ગયું હતું તે ફરી યાદદાસ્તમાં આવ્યું, વિજય આ બધી ચિંતામાંથી મૂક્ત થવા માટે જેમ જેમ યત્ન કરતો ગયો તેમ તેમ રાજ કન્યાની સાથે કરેલ વાતો સ્મૃતિપટમાં આવી તેને બાળવા લાગી. તેને શય્યા કંટક સમાન લાગવાથી ઘરની ચારે તરફ તે આંટા મારવા લાગ્યો. રાજ કન્યા અને તેના પ્રિયપાત્ર કલ્યાણને કઇ રીતે શિક્ષા કરવી તેનો ઉપાય શોધવા લાગ્યો. કેટલેક અંશે મન સ્થિર થતાં તેને યાદ આવ્યું કે, રાજ કન્યાના ઓરડામાંથી બહાર નીકળતી વખત દ્વાર પાસે કોઈ ઉભેલું હતું. પરંતુ મન અસ્થિર હોવાથી બરાબર ઓળખાયું નહોતું. “ તે કોણ હશે ? ગુલાબ હશે ? તે ત્યાં ઉભીને શું કરતી હશે ? શું તેણે અમારી બધી વાતો સાંભળી હશે ? હા તેમજ. વળી હું નીકળ્યો ત્યારે મનમાં મનમાં કાંઇક બડબડતી હતી. શું કહેતી હતી ? જાણે તે પુરૂષજાતિની નિંદા કરતી હતી—હા તે કરી શકે. આમ તરંગમાળા ઉપર ચઢતાં તેના મુખ ઉપર જરાક સ્મિત ફરક્યું. હા. તે કરશે. કેમકે તે મારા ઉપર સ્નેહ રાખે છે. આજ દિવસ સુધી તેના મનનો ભાવ જાણવા છતાં તેના પ્રેમ તરફ મેં ઉદાસીનતા બતાવી છે. હવે અત્યારે તેને બરાબર પ્રેમ બતાવી તેના વડે મારૂં કામ કાઢી લઇશ. ”

હાય ! દુનિયામાં આવું કેમ હશે કે જે જેને ચ્હાય, તે તેને મેળવી શકે નહીં !

હવે વિજયના હૃદયમાં એક નવી આશાનો સંચાર થયો. તે હિતા—હિત—વિવેચના શૂન્ય થઈને ઉતાવળે પગલે રાજ મહેલ તરફ જવા નીકળ્યો. પ્રથમ કિલ્લો ઓળંગી તે બગીચામાં ગયો. રાજ મહેલમાં કયે કયે ઠેકાણે ચોકી છે અને કયે રસ્તે જવાથી વગર ભયે જવાશે એ બધું વિજય સારી રીતે જાણતો હતો; તેથી અને વિજયની કુશળતા તથા અંધારાથી કોઈ પ્રહરી તેને જોઈ શક્યો નહીં. વળી ઉદ્યાનમાં ગુલાબનું ઘર કઇ બાજુ છે તે પણ વિજયના જાણવામાં હોવાથી તે તરફ ચાલ્યો. ગુલાબ જે ઘરમાં રહેતી તે ઘર બે માળનું હતું. વિજય આ ઘર પાસે આવી ઉપર ચઢવાનો ઉપાય શોધવા લાગ્યો. ઘેરથી નીકળ્યો ત્યારે તેને આ મુશ્કેલીનો વિચાર આવ્યો નહીં કેમકે તેનામાં દુષ્ટબુદ્ધિ સાથે સ્થિરબુદ્ધિ નહોતી. જેથી વિજય ઉપર ચઢવાનો માર્ગ શોધે છે ત્યાં કોઇક મનુષ્યનાં પગલાં તેના સાંભળવામાં આવ્યાં; અને કોઇક તેના તરફ આવતું હોય એમ લાગ્યું.

વિજયને એમ લાગ્યું કે કોઇ પ્રહરી આ તરફ આવે છે. તેથી એકદમ ભયભીત થઇ પાસેના એક વૃક્ષના ઓથમાં તે સંતાઇ ગયો જ્યારે તે માણસ પાસે આવ્યું ત્યારે એમ જણાવ્યું કે તે એક સ્ત્રી છે. છેક પાસે આવતાં વિજયે તેને ઓળખી કે તે ગુલાબ છે. વિજયની પેઠે ગુલાબને પણ નિદ્રા ન આવવાથી તે બગીચામાં આવી આમ તેમ ફરતી હતી. તેણે એમ ધાર્યું હતું કે રાત્રિના મંદ—શિતળ પવનથી શરીર તથા મન શાન્ત થતાં નિરાંતે ઉંઘી જવાશે પરંતુ તેની આ ધારણા ખોટી પડી. વિજય જેને માટે આવ્યો હતો તે અનાયાસે મળવાથી બહુ આનંદિત થઇ અગ્રસર થયો—વૃક્ષમાંથી બ્હાર આવ્યો. પોતાની સામે એક પુરૂષને જોતાં ભયભીત થઇ ગુલાબ જેવી બુમ પાડવા ગઇ કે તરત વિજય બોલી ઉઠયો, " અરે ! અરે ! આ શું કરે છે ? હમણાંજ ચોર જાણી મને બધા પકડશે. " વિજયનો સ્વર સાંભળી તે તેને ઓળખી શકી. વિજય તેને માટેજ આવ્યો છે એ ગુલાબના જાણવામાં નહોતું પરંતુ તે તેને જોતાં બહુ આનંદિત થઇ. તે પાસે આવી બોલી, " આટલી બધી રાત્રે વળી ફરીવાર શા માટે આવ્યા. ",

વિજય—તારા માટે.

ગુલાબ આ જવાબ સાંભળી બોલી, " આ તમાસો કરવાનો વખત નથી, "

વિજય—હું કાંઇ તમાસો કરતો નથી. ખરેખરૂં કહું છું.

ગુલાબ—એટલું બધું શું પ્રયોજન હતું કે સવાર સુધી ન રહી શકતાં આટલી બધી રાત્રીએ આવ્યા.

વિજય—કાલ સવારે હું અહીં નહીં હોઉં.

ગુલાબ—ત્યારે શું કામ છે તે જલદી કહો.

વિજય—" અહીં કહેવું એ ઉચિત નથી માટે થોડેક છેટે ચાલ." જરાક દૂર ગયા પછી વિજય બોલ્યો " હું તને એક વાત પૂછવા આવ્યો છું તે મને કહીશ ? " આ વાત સાંભળી ગુલાબ કંટાળીને બોલી, " હું સમજી છું કે તમારે રાજકન્યાની વાત પૂછવી છે; તે તેના મુખમાંથી સ્પષ્ટ સાંભળ્યું છે છતાં હજી શું પૂછવું બાકી છે ? આ રાજકન્યા કલ્યાણ ઉપર આસક્ત છે. માટે તેને મેળવવાની આશાનો ત્યાગ કરો. હવે !

વિજયે જોયું કે તેનું અનુમાન ખરૂં છે. રાજકન્યા કલ્યાણ ઉપરજ સ્નેહ રાખે છે. ગુલાબ પાસે આવવામાં વિજયને ઘણાં કારણો હતાં. તેમાંનું એક એકે રાજકન્યા કલ્યાણ ઉપર અનુરાગિણી છે કે નહીં,

પણ તે તો વગર પ્રયત્ને પાર પડયું. તે હવે બોલ્યો, " ના ના, રાજકન્યાની વાત નહીં પણ—તારી વાત."

ગુલાબ જરાક નવાઇ પામી બોલી, " શું ! મારી વાત !"

વિજય—હા. તારી વાત. આજ તે વખતે તું જે બોલી હતી તે શું ખરૂં છે ?

ગુલાબ—ક્યારે ? શું બોલી હતી ?

વિજય—જ્યારે હું રાજકન્યાના ઓરડામાંથી નીકળ્યો ત્યારે તું બોલતી હતી કે હું તમને ચાહુંછું. શું એ ખરૂં છે ?

ગુલાબ સમજી ગઈ કે બધી વાત બહાર પડી ગઈ છે. તેથી તે લજ્જાથી નીચું જોઈ ઉભી રહી. થોડીકવાર વિચાર કરી પછી બોલી, જો તમે બધું સાંભળ્યું છે તો પછી શા માટે પૂછોછો ? "

વિજય—શું ત્યારે મારૂં અનુમાન બરાબર છે ? શું તું બરાબર ચ્હાય છે ?

ગુલાબ—હું તમને ચાહુંછું કે નહીં તે જાણવાથી તમને શું ? તમે કાંઇ મને ચાહી શકવાના નથી; કેમકે તમારૂં હૃદય તમારૂં નથી.

વિજય— "ના હું તને ચાહીશ."

આ વાત સાંભળતાં ગુલાબનું મુખ હર્ષથી પ્રફુલ્લ થયું. પરંતુ બીજી ક્ષણે વળી પાછું મલિન થયું. સર્યોદય સાથે વાદળાં પણ આવવા માંડયાં—દીવો પ્રકટતાંજ બુઝાઈ ગયો. તે બોલી," જે વ્યક્તિ થોડીકવાર પહેલાં રાજકન્યા માટે બ્હાવરી બની હતી, તે આટલા થોડા વખતમાં શી રીતે બીજીને હૃદય આપી શકે ? ધારો કે તે કદાચિત્ આપે તો પણ તે થોડા વખતને માટેજ. કેમકે આજ તમે મને ચાહો છો અને કાલ વળી બીજી કોઇનું મન સંતુષ્ટ કરો. તમારૂં મન દૃઢ નથી.

વિજય—હાય ! તું પણ મારો પ્રણય ગ્રહણ નહીં કરે ? મ્હારાં નસીબ કેવાં અવળાં છે ? આજ દિવસ સુધી જે મારામાં આસક્ત હતી, તે મારો પ્રેમ જાણ્યા છતાં મારા તરફ નિર્દય થઇ. રાજકન્યા મને ચ્હાતી નથી પરંતુ બીજી એક મને ચ્હાય છે એ જાણીને હું તેને ચ્હાયા વિના શી રીતે રહી શકું ? ' હું તને ચાહું છું ' એમ મેં તને કહ્યું તેથી હું તારો પણ ગુન્હેગાર થયો ?"

સરલહૃદયા ગુલાબ વિજયની ચતુરાઈ સમજી શકી નહીં. પોતાના જેવોજ તેને સરલમાની તેની વાત ઉપર વિશ્વાસ આવ્યો. અબળા

બાળા આજ ધૂર્તતાના ફાંદામાં ફસાઇ તે બોલી, "હું તમારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખુંછું. મને લાગે છે કે મારા સૌભાગ્ય સૂર્યનો ઉદય થયો છે. હવે હું તમારી દાસી તરિકે રહીશ. જો મારાં વચનોથી આપને કાંઇ ખોટું લાગ્યું હોય તો માફ કરજો.

હવે વિજયની મનસ્કામના સિદ્ધ થઇ; તે હર્ષથી અધીર થઈ ગયો ગુલાબ ભૂલથી એમ સમજી કે મારાં વચનોથી વિજયને આટલો બધો આનંદ થયો છે. એટલામાં એક પ્રહરીનાં પગલાંનો અવાજ સંભળાયો. તેથી ગુલાબ બોલી." હવે તમે જાઓ, જો પ્રહરી આપણુને દેખશે તો સત્યાનાશ નીકળી જશે." વિજય બોલ્યો, "ત્યારે હું જાઉંછું, કાર્ય સમાપ્ત કરી આવ્યા પછી મળીશું."

વિજય ચાલ્યો ગયો પ્રહરી ગુલાબ પાસે આવ્યો પણ તેને કાંઇ પૂછ્યું નહીં; કેમકે તે જાણતો હતો કે ગ્રીષ્મઋતુમાં દરેક રાત્રે ગુલાબ બગીચામાં ફરે છે.

વિજય ઘેર આવી પૂર્વ કરતાં અધિક શાન્ત થઈ નિદ્રાવશ થઇ ગયો વિજયને શાન્ત થવાનું કારણ શું? ગુલાબ મળવાથી તેના હૃદયમાંની ઇર્ષા ઉડી ગઇ? ના, એમ નથી. તે હવે વેર લઈ શકશે એ આશાથી તેનું હૃદય શાન્ત થયું છે. વિજય પૂરો એક કલાક નહીં ઉંઘ્યો હોય ત્યાં તો સવાર થઇ ગયું. એક ઉઘાડી બારીમાંથી પ્રકાશ આવવાથી તે જાગી ઉઠયો. તેણે જોયું તો પૂર્વ તરફ ગગન ઉજ્વલ થઇ ગયું છે અને પ્રભાતવાયુ મંદમંદ વહી ચોતરફ શિતળતા પ્રસારે છે. પોતાને ઉઠવામાં બહુ વિલંબ થયો છે એમ ધારી પિતાને મળ્યા સિવાય નિશ્ચિત કાર્ય કરવા વિજય ચાલતો થયો.

પ્રકરણ ૧૦ મું.

મુમુર્ષુ સંન્યાસી.

સંન્યાસી અને દિલીપસિંહની પાસે આપણે ઘણા દિવસ થયાં ગયા નથી; તો આજ તેની કોટડીમાં જઇ તેઓ શું કરે છે તે જોઇ આવીએ. રાત્રિ બે પ્રહર ગઇ છે; અસંખ્ય તારાઓ આકાશમાં ચળકે છે. પરન્તુ ચંદ્ર ન હોવાથી પૃથ્વી શોભા વગરની છે. રાત્રિ ગંભીર અને નિસ્તબ્ધ છે; અને પૃથ્વી અંધકારથી ઢંકાએલી છે. આ નિસ્તબ્ધતામાં માત્ર કંસારી અને તમરાંઓનો ઝણઝણાટ સાંભળવામાં આવે છે; એ સિવાય બીજો કશો ગડબડાટ થતો નથી. આવી પ્રશાન્ત રાત્રિમાં આ

કોટડી તરફ નિદ્રાદેવીએ દૃષ્ટિ પણ કરી નથી. કોટડીમાં બળતા ઝાંખા દીવાના પ્રકાશથી જણાય છે કે સંન્યાસી રોગી હોવાથી પથારી વશ છે; અને દિલીપ પાસે બેઠેલો છે. દિલીપની આસપાસ રોગીને ઔષધ આપવાનાં સાહિત્યો પડેલાં છે. રોગીને તાવ નથી પરંતુ શરીરમાં બળતરા થવાથી તે તડફડાટ કરે છે અને વારે વારે દિલીપ પાસે પાણી માગે છે. દિલીપ અત્યારે ૨૨ વર્ષનો યુવાન થયેલો છે, તેના મુખની સુંદરતા પૂર્વના જેવી કોમલ હજી સુધી રહી છે; સંસારની કઠોરતા આ યુવાનમાં બીલકુલ જણાતી નથી. આજ દિલીપનું હૃદય વિષાદગ્રસ્ત છે અને મુખ ઉતરી ગયેલું છે. દિલીપ અશ્રુપૂર્ણ આંખોથી રોગી સામું જોયા કરે છે અને વારે વારે ઝાંખા થતા દીવાને પાછો તેજસ્વી કરે છે.

થોડીવારે સંન્યાસી બોલ્યો, "પાણી" દિલીપે રોગીના મુખમાં થોડુંક પાણી સીંચી કહ્યું, "ઔષધ ખાવાનો સમય થયો છે માટે ઔષધ ખાઓ."

આ ઔષધ સંન્યાસીએ પોતેજ બનાવ્યું છે. પોતેજ પોતાની ચિકિત્સા કરે છે. દિલીપનું કહેવું સાંભળી સંન્યાસી બોલ્યો, "હવે મારે ઔષધ ખાવું નથી કેમકે ઔષધ કાંઇ કરી શકે એમ નથી, થોડુંક પાણી" દિલીપ તેના મુખમાં થોડું પાણી રેડી બોલ્યો, "પિતા! આપ આવું શા માટે કહોછો?"

સંન્યાસી—હું તારો પિતા નથી, માટે હવે મને પિતા કહી બોલાવીશ માં. આજ દિવસ સુધી મેં તને પુત્ર પ્રમાણેજ ઉછેર્યો છે. પરંતુ હવે મરતી વખત બધું કહી દેવાનોછું."

દિલીપ ભયભીત થઇ કરૂણ કંઠે બોલ્યો "હાય! આ શું થયું! આટલી વારમાંજ પિતા જ્ઞાનશૂન્ય થઇ ગયા."

સંન્યાસી—ના, હું જ્ઞાનશૂન્ય થયો નથી. આજ હું તને બધી વાત સ્પષ્ટ કહેવાનોછું. તે સાંભળીશ એટલે મને જ્ઞાનશૂન્ય કહેવાનો તને વખત નહીં રહે થોડું પાણી આપ.

દિલીપ મુખમાં પાણી આપતાં બોલ્યો, "પિતા! હવે વધારે બોલશો નહીં; કેમકે તમને બહુ શ્રમ પડે છે.

સન્યાસી—હું બોલી શકીશ. તું સાંભળ. જોજે વચમાં બોલીને મને અટકાવીશ નહીં. નહીં તો બોલવાની શક્તિ રહેશે નહીં. ચિતોડ સહેરમાં એક ધનાઢ્ય વણિકને ત્યાં મારો જન્મ થયો છે. મારા પિતા મારે માટે ઘણું દ્રવ્ય રાખી ગયા હતા. મારા પિતાના મૃત્યુ પછી એ

બધી સંપત્તિનો હું માલિક થયો અને તેઓની પેઠેજ વેપાર ચલાવવા લાગ્યો. પરંતુ તે બરાબર ચાલ્યો નહીં–લાભ ન થતાં નુકસાન થવા માંડયું. ધીમે ધીમે એટલી બધી ખોટ આવી કે પિતાની બધી સંપત્તિ હું ખોઇ બેઠો અને તદ્દન નિર્ધન બની ગયો. લેણદારોએ મારી બધી મિલ્કત જપ્ત કરી મને રસ્તાનો ભિખારી બનાવી દીધો–'પાણી–પાણી' હવે હું વધારે બોલી શકીશ નહીં.

દિલીપે અશ્રુપૂર્ણ નયને તેના મુખમાં થોડું પાણી રેડયું, પાણી પીધા પછી વળી તેણે બોલવાનો આરંભ કર્યો. હવે દરેક ક્ષણે તેની શક્તિ ઓછી થવા લાગી, બોલવું પણ તેને અતિ દુઃખકર લાગવા છતાં તે બોલવા લાગ્યો. "એ દુઃખના વખતમાં વળી એક બીજું દુઃખ આવ્યું—મારો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો. અને તેના શોકથી મારી સ્ત્રી મરણ પામી. આથી હું ગાંડો બની ગયો અને શહેરે શહેર અને વને વન ભટકવા લાગ્યો."

સંન્યાસીનું જીવનવૃતાંત સાંભળતાં દિલીપની આંખોમાંથી અવિશ્રાન્ત અશ્રુધારા વહેવા લાગી. વળી થોડુંક પાણી દિલીપે તેના મુખમાં રેડયું. સંન્યાસી બોલ્યો, "એક વખત મોટી ઝડીઝપટ થયા પછી તે રાત્રે હું નદીને કાંઠે એકલો ભટકતો હતો તેવામાં નદીના કાંઠા ઉપર બાળકનું મુડદું મારા જોવામાં આવ્યું. મેં પાસે જઈ તેને આમ તેમ ફેરવી જોયું તો ખરેખર તેનું મૃત્યુ થયું નહોતું. આથી અતિ આહ્લાદિત થઈ તરતજ તેને શુદ્ધિમાં આણવા મહેનત કરવા લાગ્યો. છેવટે મારી મહેનત સફળ થઈ—બાળકે જીવન પ્રાપ્ત કર્યું, તે બાળક મારો દિલીપસિંહ! 'પાણી!' જળપાન કર્યા પછી સંન્યાસી વળી બોલવા લાગ્યો, "જે લુગડાં પહેરી તું પાણીમાં ડૂબ્યો હતો તે લુગડાં મેં યત્નથી સાચવી રાખ્યાં છે, તે તારૂં કુળ શોધવામાં તને મદદગાર થશે. તને મેળવ્યા પછી વળી મને સંસાર તરફ મમતા લાગી તેથી અહીં આવીને રહ્યો છું, હવે આજ હું કાયમને માટે રજા લઉં છું."

આટલું બોલતાં બોલતાં સંન્યાસીને બહુ શ્વાસ ચઢી આવ્યો, તેથી થોડો વખત તો તે કંઈ પણ બોલી શકયો નહીં. આ વખતે દિલીપ બોલ્યો, "તમે મારા જન્મદાતા ન હોવા છતાં પણ પિતાજ છો. આ વાત સાંભળ્યા પહેલાં જેટલો તમારા ઉપર હું પ્રેમ રાખતો તેટલોજ પ્રેમ હજી પણ રાખીશ." આ શબ્દો સાંભળતાં સંન્યાસીની આંખોમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યાં. તે બોલ્યો "વત્સ મેં એક

બહુ મોટો અન્યાય કર્યો છે. તે એ કે મારા પોતાના આનંદ-સુખને માટે મેં તારા યથાર્થ પિતાના સુખથી તને વંચિત કર્યો છે.

દિલીપ—પણ આપ તો જાણતા ન હતા કે મારા પિતા કોણ છે?

સંન્યાસી—જાણતો નહોતો એ વાત ખરી, પરંતુ જાણવાના ઉપાયો હતા. જો, તારા કંઠમાં રહેલા કવચમાં તારૂં ખરૂં નામ કોતરેલું છે. એ નામ વડે હું તારા પિતાના ખબર મેળવી શકત. પરંતુ તને કોઇને આપવાની મારી ઇચ્છા ન હોવાથી તે મેં કર્યું નહીં. જો મેં તને તારા પિતાને સોંપ્યો હત તો તું આ કરતાં ઘણોજ સુખી હોત.

દિલીપ—એ આપે શી રીતે જાણ્યું?

સંન્યાસી—તારા પિતા કોણ છે? તેનો થોડો થોડો પત્તો મને મળ્યો છે. હાય! હાય! મેં કેવો ભયાનક અન્યાય કર્યો છે' "પાણી, પાણી"

એક મોટો આંચકો શરીરમાં આવવાથી સંન્યાસીના સ્નાયુઓ છિન્ન વિછિન્ન થઈ ગયા તેનું શરીર થંડુ પડી ગયું, અને શ્વાસનો આરંભ થયો; તો પણ પ્રાણપણે બોલવાનો યત્ન કરવા લાગ્યો, "હજી પણ થોડીક વાત છે—જરા પાસે—"

દિલીપે તેના મુખ પાસે કાન રાખ્યો, સંન્યાસી ઘોઘરા અવાજથી બોલ્યો, "તારા કંઠમાંના સુવર્ણકવચમાં તારૂં યથાર્થ નામ છે. અને તું—ચિતોડના—"

ત્યાં તો તેનો કંઠ રૂંધાઈ જવાથી તેને જે કહેવું હતું તે તેનાથી પૂરૂં કહેવાયું નહીં. તેની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. ગળામાં ઘરડ ઘરડ થવા લાગ્યું અને થોડીજ વારમાં તેનું મૃત્યુ થયું. દિલીપ અતિશોકથી જ્ઞાનશૂન્ય થઇ ત્યાં ને ત્યાં બેસી રહ્યો. જ્યારે કંઇક શાન્ત થયો ત્યારે 'હું એકલો આ શબનો શી રીતે સત્કાર કરી શકીશ?' એ વિચાર તેને આવ્યો. આથી પ્રથમ તેણે સંન્યાસીના શબને વસ્ત્ર વડે સારીપેઠે ઢાંક્યું અને પછી તેને માટે સમાત* તૈયાર કરવા તે બહાર નીકળ્યો. પર્વતના એક ભાગમાં સમાત તૈયાર કરી શબને ઉંચકવા ગયો. પરંતુ શબ બહુ ભારે લાગવાથી તેનાથી ઉંચકાયું નહીં. શબને ઉપાડવાને તેણે બહુ મહેનત કરી પરંતુ સઘળી નિષ્ફળ ગઈ છેવટે નિરાશ થઇ શબ પાસે પથારી કરી તે સુતો. અતિશોકથી

* સમાનંદી માર્ગી વગેરે પંથના સાધુઓના શબને ખાલીપુર ઉંડા ખાડામાં પલાંઠી વળાવી પધરાવે છે અને ફરતું મીઠું તથા માટી પુરે છે તેને આ તરફ, સમાત લીધી' કહે છે. તેના ખાડાને પણ સમાત કહે છે.

આખી રાત્રિ તેને નિદ્રા આવી નહીં; પરંતુ સવારને વખતે ગંભીર નિદ્રાએ તેનાં બન્ને નેત્રો મીંચી દીધાં. નિદ્રાભંગ થતાં બેઠો થઈ આસપાસ જોયું તો જે જ્યાં પડયું હતું તે તેમનું તેમજ પડયું છે. વળી શબને ઉપાડવા તેણે મહેનત કરી પરંતુ પૂર્વની પેઠે આ વખતે પણ નિષ્ફળ થયો. ત્યારે પાસેના એક ગામમાં મદદ મેળવવા માટે તે ગયો.

પ્રકરણ ૧૧ મું.

ચંદ કવિ અને દિલિપસિંહ.

લગભગ બે પ્રહર દિવસ ચઢયો છે. તેમાં વળી શરદ્ ઋતુનો તડકો એટલે રસ્તે ચાલવું એ તો બહુજ દુઃખ કારક છે. જેઓને ચાલ્યા વિના છુટકોજ નથી તેઓ આ પ્રચન્ડ તાપમાં સુખે દુઃખે ચાલે છે. આ વખતે પૂર્વોક્ત પહાડને રસ્તે થઇને ચંદકવિ અને તેનો વિશ્વાસુ નોકર અનાથ ઘોડા ઉપર બેસીને જતા હતા. બન્ને જણા મુસાફરી કરવાથી થાકી ગયા છે અને તેઓનાં શરીર પરસેવાથી ટપકે છે. અનાથે એમ ધાર્યું હતું કે આ થોડે છેટે પેલા સંન્યાસીની કોટડી છે ત્યાં વિસામો ખાઇશું અને તેનાં દર્શન કરીશું એટલામાં એક સારી ઘટાવાળું વૃક્ષ આવ્યું, સારી ઘટા જોઇને ચંદકવિને વિસામો ખાવાની ઇચ્છા થઇ, પરંતુ જેવા તે ઘોડા ઉપરથી ઉતરવા ગયા કે તરતજ અનાથ બોલી ઉઠયો, "અહીંથી થોડેકજ દૂર એક સંન્યાસીની કોટડી છે, ત્યાં વિસામો લઇએ તો ?"

અનાથે જે તરફ જવાનું કહ્યું તે તરફ ચાલતાં તેઓ કોટડી પાસે આવી પહોંચ્યા; તે વખતે કોટડીનું દ્વાર બહારથી બંધ હતું. પરંતુ ચંદકવિના અટકાવવા પહેલાં અનાથે બીતાં બીતાં બહારથી સાંકળ ઉઘાડી દ્વાર ઉઘાડી નાખ્યું. દ્વાર ખોલ્યા પછી અનાથ બોલ્યો, "હું અશ્વ પકડી રાખું છું ને આપ ઉતરીને અંદર જાઓ." ચંદકવિએ કહ્યું, "આ કોટડીના સ્વામિ અહીં નથી તેથી ચોરની પેઠે અંદર જવાની મારી ઇચ્છા નથી."

અનાથ આ સાંભળી જરાક કચવાઇને બોલ્યો, "આ કોટડીનો સ્વામિ મારો મિત્ર છે. તેથી આપ અહીં આવ્યા છતાં ત્યાં વિશ્રાન્તિ લેવા ન ગયા એવા ખબર મળતાં તેઓને દુઃખ લાગશે." અનાથ

થોડી વારમાં કોટડીમાં ડોકું તાણી આવી આનંદથી બોલ્યો, આ કોઇક સુતું ! મને લાગે છે કે આ તાપથી કંટાળીને સંન્યાસી પોતેજ સુઇ ગયા છે. હવ આપ અંદર જાઓ.

અનાથનું કહેવું સાંભળી તેના હાથમાં ઘોડાની લગામ આપી ચંદકવિ કોટડીમાં ગયા તો ખરેખર એક પુરૂષને અંદર સુતેલો તેમણે જોયો. આવા ગ્રીષ્મઋતુના ઉકળાટમાં પગથી તે માથા સુધી ઓઢેલું જોઈ ચંદકવિને જરા નવાઈ લાગી પરંતુ તેને યાદ આવ્યું કે સંન્યાસીના સંબંધમાં આ કાંઈ નવું કહેવાય નહીં, કેમકે હઠયોગવાળા દિવસે પણ ગાઢ નિદ્રામાં સુવે છે તોપણ બરાબર વહેમ ગયો નહીં. તેથી પોતાની શંકા દૂર કરવા સારૂ જરાક ધીમેથી બોલ્યા, "મહાશય! જાગૃત થાઓ, આ એક મુસાફર આપની અનુમતિ લીધા વિના આપની કોટડીમાં વિશ્રાન્તિ લેવાની ઇચ્છાથી આવેલ છે તો તેને ક્ષમા કરશો." પરંતુ કોટડીના સ્વામિની નિદ્રા ઉડી નહીં. તેથી ચંદકવિને જરા વધારે સંદેહ થયો. આ વખતે તેણે ઉંચે અવાજે ફરી કહ્યું "મહાશય ! એક મુસાફર આપની કોટડીમાં વિશ્રાન્તિ લેવાની પ્રાર્થના કરે છે. તો જાગૃત થાઓ." પરંતુ કોઇએ જવાબ આપ્યો નહીં. માત્ર જે શબ્દો પોતે બોલ્યા હતા, તે ફરી વખત સંભળાયા—પ્રતિધ્વનિ થયો. આ અવાજથી કોટડીના સ્વામિ—સંન્યાસીની ઉંઘ તો ન ઉડી પરંતુ શરીર પણ જરાએ હાલ્યું ચાલ્યું નહીં—તે તો પૂર્વની પેઠે નિસ્પન્દજ રહ્યું. આથી ચંદકવિને જરા ભય લાગ્યો. તે મનમાં મનમાં બોલવા લાગ્યા, "આ તે કયા પ્રકારની ઉંઘ? શું ચિરનિદ્રા પ્રાપ્ત થઇ હશે?" આથી તેણે પાસે જઇ તેનું ઓઢેલું વસ્ત્ર નીચા નમી જરાક ઉંચું કર્યું, ત્યાં તો તેને કમ્પારી વછૂટી, અને હાથમાંનો છેડો પણ પડી ગયો. તેણે જોયું કે એક મૃત્યુ-વશ મનુષ્યની નિદ્રા ઉડાડવા અત્યાર સુધી નકામો પ્રયત્ન કર્યો. આ વખતે ઘોડાઓને સારી રીતે બાંધી અનાથ જેવો કોટડીમાં આવ્યો કે તરતજ તેને બહાર નીકળવાનું કહી પોતે પણ બહાર નીકળી ગયા, અનાથને બહુ નવાઈ લાગી. ચંદકવિ જ્યાં બહાર નીકળ્યા ત્યાં તો એક વિશાદગ્રસ્તમુખવાળો યુવાન બે-ચાર પહાડી માણસોને સાથે લઈ કોટડી તરફ આવતો તેમણે જોયો. દીલિપને જોઈ અનાથ બોલી ઉઠ્યો, "શું આ તે બાલક? આ તો બહુ મોટો થઇ ગયો છે! જો આ સ્થાન સિવાય બીજા કોઇપણ સ્થાને તેને જોયો હોત તો નક્કી ઓળખાત નહીં."

દીલિપ પણ અનાથને પ્રથમ ઓળખી શક્યો નહીં. તે પાસે આવ્યો ત્યારે અનાથ બોલ્યો, "સંન્યાસી અને તેનો શિષ્ય ક્યાં છે?"

દિલીપને જોઈ ચંદકવિ બોલ્યા, "શું આપ આ કોટડીના સ્વામિ છો ? તો આપની અનુમતિ વિના વિશ્રાન્તિ લેવા અમે અહીં પેઠા છીએ તેથી અમારો અપરાધ ક્ષમા કરજો."

દિલીપે અનાથને કહ્યું, "હાય ! આજ તે દિવસ નથી, તમે જે દિવસ અમને ત્રણ-ચાર જણને સુખમાં દિવસો ગાળતાં જોયાં હતાં. તે દિવસ આજ નથી ! નવા સંન્યાસી-મારા પિતાના શિષ્ય તેની કન્યાને લઇ અહીંથી ઘણી લાંબી મુદત થયાં ચાલ્યા ગયા છે. અને મારા પિતા પણ ગઈ કાલે સ્વર્ગ તરફ ચાલતા થયા છે એટલે અત્યારે હું એકલો કોટડીનો માલિક છું." આમ બોલતાં બોલતાં તેની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. કેટલીક વાતચીત કર્યા પછી બધાએ મળી સંન્યાસીના શબનો સત્કાર કર્યો. ભૂમિદાહ થયા પછી બધા પહાડી લોકો ચાલ્યા ગયા અને આ ત્રણ જણા ફરી વખત વિશ્રાન્તિ લેવા કોટડીમાં આવ્યા. આ યુવાનને જોઈ ચંદકવિને બહુ બહુ વિચાર થવા લાગ્યા, "આવો સુંદર પુરૂષ કોઇ રાજસભામાં જોઇએ આ કોટડીમાં ક્યાંથી? નક્કી આ કોઈ ઉંચા કુળનું સંતાન છે, અને અહીંઆં છદ્મવેશે રહે છે. હું અપરિચિત છું તેથી ગાઢ સંબંધ થયા વિના તેનો પરિચય થવાનો સંભવ નથી. ત્યારે પૂછવામાં શી હરકત છે ?" ચંદ કવિ આ જીજ્ઞાસાને દબાવી ન શકવાથી બોલ્યા, "આપ કોઇ છદ્મવેશી પુરૂષ લાગો છો, અને આ સ્થાનમાં આપનો યથાર્થ વાસ નથી આપ અહીં કેટલો વખત થયાં રહોછો ?"

દિલીપ—બાળપણથીજ હું અહીં રહું છું.

ચંદ—ત્યારે શું આપનો જન્મ અહીં થયો હતો ?

દિલીપ—ના, અહીં મારો જન્મ થયો નથી. તેમ મારો જન્મ ક્યાં થયો છે તે પણ મારા જાણવામાં નથી.

ચંદ—કેમ ? આપના પિતા-સંન્યાસી પાસેથી એ વાત કોઈ દિવસ તમે સાંભળી નથી.

દિલીપ—તેઓના મુખથી જે મેં સાંભળ્યું છે તેથી હું એમ સમજી શક્યો છું કે તેઓ મારા યથાર્થ પિતા નથી પરંતુ હું કોઇ સ્થળે બેભાન સ્થિતિમાં પડેલો હતો ત્યાંથી તેઓ મને અહીં લાવ્યા છે, અને તેઓએ પુત્રની પેઠે મને ઉછેર્યો છે એ સિવાય વિશેષ હું જાણતો નથી.

ચંદકવિ આશ્ચર્ય પામી બોલ્યા, "ત્યારે સંન્યાસી તો તમારા યથાર્થ પિતા નહીંજ કે !"

દિલીપ—ના.

ચંદ—ત્યારે આપના યથાર્થ પિતા કોણ ?

દિલીપ—તે હું જાણતો પણ નથી અને જાણવાનો ઉપાય પણ નથી. મરતી વખત સંન્યાસી કહેવા જતા હતા ત્યાં તો તેમની જીંદગી પૂરી થઇ આથી તેઓ કશું બોલી શક્યા નહીં.

દિલીપના સંબંધમાં વિશેષ જાણવાનું કાંઇ ન મળવાથી થોડી વારે ચંદકવિએ કહ્યું, " સંન્યાસીનું મૃત્યુ થવાથી હવે આપ તદન એકલાજ રહ્યા કે ?

દિલીપ—હા તદ્દન એકલો; અત્યારે કોઇ મારૂં નથી. આટલા દિવસ સુધી તો માત્ર પિતાને ખાતરજ બંધાઇ રહ્યો હતો, અને તેઓને માટેજ આ વિશાળ જગતમાં વિચરણ કરવાની મારી ઉગ્ર ઇચ્છાને આજ સુધી મેં દબાવી રાખી હતી. હવે મને બાંધી રાખે એવું કાંઇ રહ્યું નથી તેથી હું અત્યારથીજ મુક્ત છું.

દિલીપની વાત સાંભળી ચંદકવિ હર્ષથી બોલ્યા, " જો આપની ઇચ્છા હોય તો હું આપને દિલ્લી લઇ જાઉં. ત્યાં યવનો સાથે અમારે યુદ્ધ થવાનું છે એટલે આપની ઉગ્ર ઇચ્છાને તૃપ્ત કરવાનો તથા આપની કાર્યકુશળતા, સાહસ તથા પરાક્રમ દર્શાવવાનો આ અત્યુત્તમ સમય છે. "

ચંદકવિની વાતથી આનંદથી ઉત્તેજીત થઈ દિલીપ બોલી ઉઠયો, " યવન ? યવન કોણ ? જો કે હું અસ્ત્રવિદ્યા શિખ્યો નથી, પરંતુ અસ્ત્ર-શસ્ત્ર વાપરી શકું છું. તેઓની સાથે યુદ્ધ કરવા હું અત્યારથીજ તૈયાર છું. મને લાગે છે કે આટલા માટેજ મારૂં મન અધિર થઇ ગયું હતું. "

ચંદકવિએ એકે એકે યવનોનો ઇતિહાસ તથા તેઓની સાથે થયેલી લડાઇઓનો ઇતિહાસ દિલીપને કહી સંભળાવ્યો. દિલીપ આ બધું સાંભળી દિલ્લી જવા માટે બહુ ઉત્સુક થઇ ગયો. થોડી વારે ચંદકવિ બોલ્યો, આ બધી વાતોમાં હું આપનું નામ પૂછતાં તો તદ્દન ભુલી ગયો. "

દિલીપ—મારૂં નામ દિલીપસિંહ.

નામ સાંભળતાંજ ચંદકવિને નવાઈ લાગી કે " શું આ તેજ દિલીપસિંહ " પછી તેને પુછ્યું, " આપની કોટડીમાં એક બાલિકા તેના પિતા સાથે રહેતી ?

દિલીપ વ્યગ્ર થઇ બોલી ઉઠયો, "થોડોક વખત તેઓ અહીં રહ્યા હતાં ખરાં, પરંતુ તે વાત આપે શી રીતે જાણી? શું તે બાલિકાના સંબંધમાં આપ કાંઇ જાણો છો? જો જાણતા હો તો કહો કે તે બાલિકાનું શું થયું? બાલ્યાવસ્થામાં અમે સાથેજ રહેતાં."

ચંદ—બાલિકાના પિતાનું યુદ્ધમાં મૃત્યુ થયું છે.

દિલીપ—ત્યારે શું તે પણ મારી પેઠે પિતૃહીના થઇ છે? હવે તે કઇ સ્થિતિમાં દિવસો ગાળે છે?

ચંદ—હવે તે સ્વતંત્ર છે, તેને કાંઇપણ દુઃખ નથી.

દિલીપ—અત્યારે તે ક્યાં છે?

ચંદ—અજમેર.

દિલીપ—અજમેરમાં કોની પાસે?

ચંદ—અજમેરના એક સત્પુરૂષે તેને અનાથિની જાણી પોતાને ઘેર આશ્રય આપ્યો છે.

આ વાત સાંભળી દિલીપ ચમકી ઉઠયો, તેણે વળી પૂછયું "શું તેનો વિવાહ થયો છે?" દિલીપનો મનોભાવ ચંદકવિ સમજ્યા હતા છતાં પરીક્ષા કરવા માટે બોલ્યા, "ના, હજુસુધી તેનો વિવાહ થયો નથી, પરંતુ તેનો આશ્રયદાતા તેની સાથે વિવાહ કરશે એવો જનરવ છે." ચંદકવિની વાતથી દિલીપનું મુખ સુકાઇ ગયું. તે આટલે દિવસે પોતાનું મન સ્પષ્ટ સમજી શકયો. દિલીપને નિસ્તબ્ધ જોઇ ચંદકવિએ પૂછયું, "કેમ, તેનો વિવાહ થવાથી આપને કાંઇ હરકત જેવું છે?" દિલીપ પોતાના મનનો ભાવ સંતાડવાની ચેષ્ટા કરી બોલ્યો, "એ આપ શી રીતે સમજી શક્યા?"

ચંદ—હું તો અનુમાન કરૂં છું. બાળપણામાં સાથે રહેવાથી અરસપરસ પ્રેમ બંધાય એમાં નવાઇ શી?

દિલીપ લજ્જીત થઇ બોલ્યો "આપનું અનુમાન ખરૂં હોય તો હવે શા કામનું? કેમકે તેનાં લગ્ન થવાથી તે પરસ્ત્રી ગણાય. અને પરસ્ત્રી સંબંધે વાત કરવી એ અધર્મ છે."

ચંદ—હજી તેના આશ્રયદાતાની સાથે તેનો વિવાહ થવાનું નક્કી નથી કેમકે તેના કુળની ખબર ન હોવાથી બધું અટકયું છે.

દિલીપ—પણ શૈલબાળાની તો ઇચ્છા છે ને? પછી શું?

ચંદ—ના, તેની ઇચ્છા તો નથીજ.

આ વાતથી દિલીપનું મુખ હર્ષથી પ્રફુલ્લ થયું, પરંતુ ચંદકવિએ વાતને આગળ લંબાતી અટકાવી બોલ્યા, "અમારો થાક ઉતરી ગયો છે, માટે હવે આપણે જવાની તૈયારી કરીએ. આપને જે કાંઈ સાથે લેવું હોય તે લઇ લો."

દિલીપ સંન્યાસીના કહેવા મુજબ બાલ્યકાળનાં વસ્ત્રો બાંધી લઇ બોલ્યો, "મારે જે જે લેવું હતું તે બધું લેવાયું છે, હવે માત્ર મારી એક પ્રિયવસ્તુ બાકી રહી તે, પરંતુ તે કોટડીની બહાર છે."

ચંદકવિએ પૂછ્યું, "શું?"

દિલીપ— "ભીમ"

ચંદ—"ભીમ કોણ?"

દિલીપ હસતાં હસતાં બોલ્યો—"મારો અશ્વ."

તેજ રાત્રે તેઓ ત્રણે જણા પર્વત ઉપરથી ઉતરી નીચે આવેલી એક ધર્મશાળામાં સુઈ રહ્યા. બીજે દિવસ સવારમાં ચંદ કવિએ દિલીપને કહ્યું, "હું તમારી સાથે દિલ્હી આવી શકીશ નહીં, કેમકે ગઇ રાત્રે મેં સંકલ્પ કર્યો છે કે પ્રથમ ગુપ્ત વેશે યવન–સેનામાં ફરી તેની યુક્તિ પ્રયુક્તિ જાણી પછી દીલ્હી જવું એટલે મને થોડા દિવસનો વિલંબ થશે, માટે તમે તો આજેજ દિલ્હી જાઓ. જો કે મારૂં નામ આપવાથીજ પૃથ્વિરાજ તમારો સત્કાર કરશે છતાં હું તમને એક પત્ર લખી આપું છું. તેથી વધારે સગવડ થશે."

લખવાનાં સાહિત્યો સાથેજ હોવાથી તરતજ દિલીપને એક પત્ર લખી આપ્યો. અને અનાથને યવન–સેનામાં ચર્યા જોવાનો પોતાનો અભિપ્રાય જણાવી અજમેર પાછો મોકલ્યો.

ત્રણે જણા ત્રણ માર્ગે ચાલતા થયા.

પ્રકરણ ૧૨ મું.

'લુણહરાની વિજય.'

શતદ્રુ નદીને કિનારે પોતાના સૈન્યનો પડાવ નાખી મહંમદઘોરી સભાસદોની સાથે મળી 'દિલ્હી ઉપર શી રીતે હુમલો કરવો,' તેની ચર્ચા ચલાવતો હતો.

દિવસ લગભગ પુરો થવા આવ્યો છે, અસ્તાચળગમનો–મુખ સૂર્યદેવ પ્રચંડ કિરણોને બદલે નિસ્તેજ સુવર્ણમય કિરણો ફેંકી રહ્યા

છે, પવન પણ ઠંડો પડી ગયો છે. અને ઉનાળાના પ્રચંડ તાપથી કંટાળેલાં મનુષ્યો ઠંડી ઋતુ થવાની વાટ જોઇ રહ્યાં છે.

મહંમદઘોરી બોલ્યો, "જો આપણે એ પ્રમાણે નહીં કરી શકીએ તો આ વખતે પણ આપણો જય થવાનો નથી, ગયે વખતે હિંદુઓને આપણે પૂરેપૂરા ઓળખી ગયા છીએ, એટલે કે સન્મુખ અને ન્યાયના યુદ્ધમાં તેઓ કદી પણ હારશે નહીં, પરંતુ આપણે જે ઉપાય યોજ્યો છે તેનું અવલંબન કરવાથી આપણો જય થવાની આશા રહે છે."

મહંમદઘોરીના સાથે બધા સભાસદો સંમત થઇ બોલી ઉઠયા, "હા, હા ! એ ચતુરાઇથી નક્કી આપણો જય થશે."

મહંમદઘોરી બોલ્યો, "હિંદુઓ જ્યોતિષ, ગણિત, વિજ્ઞાન વગેરે વિદ્યામાં જેવા પ્રવિણ છે તેવાજ સાંસારિક વિષયોમાં તેઓ અતિમૂર્ખ છે. ધૂર્તતા અને જરૂર જેટલા અસત્ય કથનથી કેટલો બધો લાભ થાય છે તે હજી સુધી હિંદુઓ સમજી શકયા નથી, પ્રાણાન્તે પણ તેઓ જુઠું બોલતા નથી, એટલુંજ નહીં પણ યુદ્ધમાં પણ ધર્મયુદ્ધ સિવાય કદી તેઓ લડશે નહીં. માટે અન્યાય યુદ્ધ સિવાય કદી આપણો જય થશે નહીં. ચૂડામણી સિકંદર શાહે ઇરાન વગેરે દેશો થોડી મહેનતે જીત્યા, પરંતુ હિંદુવીર પૌરસરાજા સાથે ન્યાયયુદ્ધમાં ઉતરવાનું સાહસ તેઓ કરી શકયા નહીં, છેવટે અન્યાયથી પૌરસને હરાવ્યો, તેમ આપણે પણ જો જય મેળવી શકીએ તો માત્ર અન્યાય યુદ્ધથી અને છળ કપટથી;"

બધા સભાસદો બોલ્યા, "હિંદુઓ કેવા અજ્ઞાન છે ! યુદ્ધમાં પણ તેમને ધર્મ આડો આવે છે ! ખરેખર આપણો જયજ થવાનો છે. આપણે તેના જેવા અજ્ઞાન નથી એ ખાતે અલ્લાહનો અહેસાન માનવો ઘટે છે."

મહમંદઘોરી બોલ્યો, "આપણા પૂર્વજો કે જેઓએ પશ્ચિમ તરફના દેશો જીતી લઇ આપણો ઇસ્લામ ધર્મ પ્રવર્તાવ્યો હતો. તેઓએ ત્રણુસો વર્ષ સુધી હિંદુઓ સાથે લડાઈ કરી છળકપટ કર્યું તો પણ ભારતવર્ષ તાબે થયું નહીં. ગયે વખતે મેં એકજ હાર ખાધી છે એમ નથી. આજથી ત્રણુસો વર્ષ પહેલાં મહમદગિજનીએ કેટલી બધી મહેનત કરી ત્યારે માંડ માંડ કોઇક કોઇક દેશ હાથમાં આવ્યા હતા, ત્યાર પછી આપણામાંનો કોઇપણ તેઓનો પરાજય કરી શકયો નથી, એટલા માટે હું કહું છું કે ધર્મનિષ્ટ અથવા અજ્ઞાન હિંદુઓની સાથે ધર્મ

યુદ્ધ કરી તેઓનો પરાજય કરવો અને અગ્નિમાં પડી તેને બુઝાવવાનો પ્રયત્ન કરવો એ બન્ને બરાબર છે. માટે એવી જગાએ તો શકતા સિવાય બીજું અસ્ત્ર વાપરવુંજ નહીં. હિંદુઓની બીજા વિષયમાં ગમે તેટલી બુદ્ધિ હો પરંતુ આપણે તેને ધુર્ત્તતાથી હરાવીશું, એવા ઇરાદાથીજ આ વખતે આપણે અંહી આવ્યા છીએ, તેઓ એવા તો ધર્મચુસ્ત છે કે આપણે તેની સાથે કપટ કરી અન્યાય યુદ્ધ કરીશું તો પણ તેઓ તો ધર્મ યુદ્ધજ કરવાના."

આ વખતે એક પ્રહરી આવી મહમંદઘોરીને સલામ કરી બોલ્યો, "નામદાર! કોઇએક હિંદુ આપને મળવા માગે છે, પરંતુ અમે તો તેને ગુપ્તચર જાણી કેદ કર્યો છે.',

મહંમદ—તેને કેદજ રાખવો, અહીં આણવાની કશી જરૂર નથી.

પ્રહરી—પણ તે કહે છે કે હું ગુપ્તચર નથી.

મહંમદ—તે ગુપ્તચર હોય તોપણ કબૂલ કરે ખરો કે? ગમે તે હો, પરંતુ આપણા સ્વાર્થને માટે તો હિંદુઓને કેદ કરવાની જરૂર છે. માટે તું જા, અને તેને બંદી કરી રાખ.

મહંમદનો હુકમ મળવા છતાં પ્રહરી ન ગયો ત્યારે તેણે કહ્યું. શું બીજું કાંઇ કહેવું છે! ત્યારે પ્રહરી બોલ્યો, "બન્દી એમ કહે છે કે મને કેદ કરશો તો તમારું અનિષ્ટ થવાનું છે."

પ્રહરીનાં વચન સાંભળી મહંમદ ક્રોધથી બોલ્યો, "શું તે આપણને ભય બતાવવા આવ્યો છે! તેને બન્દી કરવાથી શું થશે?"

પ્રહરી—તે એમ કહે છે કે તો યુદ્ધમાં તમારો જય થશે નહીં

મહંમદ—યુદ્ધની સાથે તેને શો સંબંધ છે?

પ્રહરી—તે કહે છે કે હું યુદ્ધમાં જય કરાવી આપીશ.

મહંમદ—કેવી રીતે!

પ્રહરી—તે અમારી પાસે બોલતો નથી, પરંતુ આપની પાસે કહેવાનું કહે છે. આટલું પણ તે ઘણી મુશ્કેલીએ બોલ્યો છે. કેમકે જો ન કહે તો આપનો મેળાપ ન થાય.

મહંમદઘોરીએ થોડીવાર વિચાર કર્યા પછી ત્યાં લાવવાનો હુકમ ફરમાવ્યો તેથી પ્રહરી એક હિન્દુને સાથે લઇ સભામાં આવી ઉભો રહ્યો. અમને લાગે છે કે બધા વાચકો સમજી શક્યા હશે કે આ હિંદુ કોણ! તે બીજું કોઇ નહીં પણ વિજયસિંહ છે. મહંમદઘોરીએ

વિજયને બેસવાનું કહી પૂછ્યું, " આપ શામાટે અંહી આવ્યા હતા ? "

વિજય—આપના ઉપર ઉપકાર કરવા માટે.

મહંમદ—આપ હિંદુ થઇને યવન ઉપર ઉપકાર કરવા આવ્યા છો એ કેમ મનાય ?

વિજય—આપ જાણુતા નથી કે દિલ્લી છતવામાં આપની કમબખ્તી છે? ગયે વખતે એટલાં સારાં ભાગ્ય કે આપ બચવા પામ્યા, બાકી આ વખતે તો તે આશા પણ ન રાખવી, જો ગયા તો મુવાજ સમજવા.

મહંમદ—એનો પ્રથમ સ્વિકાર કરીનેજ અમે આવ્યા છીએ શું આપ અમને ભય બતાવવા માટે અહીં આવ્યા છો ?

વિજય—ના, આ વિપદ્દમાંથી જે વ્યક્તિ આપનો ઉદ્ધાર કરી શકે તેમ છે તેને હું જાણુંછું, અને તે કહેવાજ હું આવ્યો છું.

મહંમદ—તે કોણ ?

વિજય—હું.

મહંમદ—શું આપ ! આપ કોણ છો ?

આ પ્રશ્નથી વિજય ઉંડા વિચારમાં પડી ગયો. કેમકે પોતાનો પરિચય આપવાની તેની ઇચ્છા નહોતી. તેથી બોલ્યો, " હું કોણ છું તે જાણવાથી આપને શો લાભ છે ? હું ગમે તે છું પણ મારી સહાયતાથીજ આપ જય મેળવી શકશો. "

મહંમદ—આપના પરિચય વિના આપની શક્તિ કેટલી છે તે કેમ જણાય ? જો આપના ઉપરજ અમારા જય-પરાજયનો આધાર છે તો આપના પરિચય વિના આપના ઉપર શી રીતે વિશ્વાસ રાખી શકાય ?

વિજયે જોયું કે પરિચય આપ્યા વિના છુટકો નથી. છતાં મહંમદ શો જવાબ આપે છે એમ ધારી પૂછ્યું, " જો હું મારો પરિચય ન આપું તો ! "

મહંમદ—તો આપ અમારા બન્દીતો છોજ.

આ શબ્દો સાંભળતાંજ વિજયનું મુખ ક્રોધથી લાલચોળ થઇ ગયું અને કાંઇપણ વિચાર કર્યા સિવાય ગુસ્સાથી બોલી ઉઠ્યો, " હું કોણ તે તમારે સાંભળવું છે ? આ હું દિલ્લીશ્વરનો અમાત્ય-પુત્ર વિજયસિંહ છું. "

આ પરિચય સાંભળતાંજ એક સભાસદ બોલી ઉઠયો, "બરાબર, બરાબર, તે વિજયસિંહજ છે, હું તેને ઓળખું છું. ગયે વખતે દૂત થઇને હું પૃથ્વીરાજની સભામાં ગયો હતો ત્યારે મેં એમને ઓળખ્યા હતા. અત્યારસુધી મને બરાબર યાદ આવતું નહોતું. પણ હવે તે બરાબર યાદ આવે છે."

સભાસદનાં વચનથી વિજય મંત્રીપુત્ર છે એમ બધાની ખાતરી થઇ મહંમદઘોરી પણ સમજ્યો કે જો આ મદદ કરશે તો અમારો જય થવાની સંભાવના છે, તેથી તેને સંતુષ્ટ કરવાની ચેષ્ટા કરવા લાગ્યો. જેઓ દુર્બલ ઉપર રૂઆબ બજાવે છે, અને અનુગ્રહપ્રાર્થી ઉપર નિર્દયતા બતાવે છે, તેઓ પોતાનો સ્વાર્થ સાધવા સારૂ હલકામાં પણ હલકું કાર્ય કરવા તૈયાર થાય છે.

વિજયદ્વારા આપણે સ્વાર્થ સિદ્ધ થવાનો છે એમ સમજી મહંમદ ગર્વનો ત્યાગ કરી અતિ નમ્રતાથી બોલ્યો, આપનો પરિચય મેળવવા સારૂ આપને કેટલાંક કઠોર વચન કહેવાં પડયાં છે માફ કરશો. હવે આપ બન્દી થવાનો ભય રાખશો નહીં.

વિજય મહંમદનાં વચન સાંભળી મનમાં મનમાં હસ્યો અને તેની કપટતા સમજવા છતાં પણ તેના વિનિત ભાવથી જરા સંતુષ્ટ થયો પછી થોડીવારે મહંમદે પુછ્યું, "આપ કેવી રીતે અમને મદદ કરશો?"

વિજય—આપે એટલો પણ વિચાર ન કર્યો કે એક વિધર્મી–હિંદુ સ્વાર્થ શૂન્ય થઇને આપનું કલ્યાણ કરવા આવ્યો હશે?

મહંમદ—અરે! એમ તે હોય? અમારા ઉપર ઉપકાર કરીને તેના બદલાની આપ આશા રાખોજ અને તે મારા ધારવામાં છે.

વિજય—ત્યારે યુદ્ધમાં જો આપનો જય થાય તો આપ શું મને આપવા ધારોછો?

મહંમદ—આપની શી ઇચ્છા છે!

વિજય—સિંહાસન લેવાની.

મહંમદ—ત્યારે અમને લાભ શો? માત્ર અરસ્પરસ કેટલાં એક મનુષ્યોના જાનની ખુવારી કરી લોહી વહેવડાવવું એટલુંજ કે!

વિજય—ના, જો યુદ્ધમાં આપનો જય થશે તો પૂર્વના અપમાનનો બદલો વળશે, અને ખૂબ સંપતિ લઇ દેશમાં જઇ શકશો. પરન્તુ જો હું મદદ નહીં કરૂં તો એમાંનું કશું બને તેમ નથી.

મહંમદ—આ વખતે હિંદુઓ કરતાં કેટલું બધું વધારે સૈન્ય હું લાવ્યો છું, તે જોવા છતાં આપ શા માટે એવું બોલો છો ? આટલાં બધાં લશ્કર વડે પણ આપની મદદ વિના અમારો જય નહીં થાય એ વિશ્વાસ યોગ્ય નથી.

વિજય—અમારા કરતાં હજાર ગણું સૈન્ય લાવો પરંતુ વિર હિંદુઓ પાસેથી મારી સહાયતા વિના જયની આશા રાખવીજ નહીં. જો આપને મારી મદદની જરૂર ન હોય તો હવે હું રજા લઇશ. એટલું બોલી વિજય ઉભો થયો, ત્યારે મહંમદ બોલ્યો, " ઠીક કદાપિ આપની વાત ખરી હોય, અને અમે તમારી મદદ લેવા તૈયાર થઇએ તો સિંહાસન વિના બીજી કોઈ રીતે અમને મદદ આપશો નહીં કે ? "

વિજય—ના.

વિજયનો ઉત્તર સાંભળી મહંમદઘોરીનું મુખ લાલચોળ થઇ ગયું. લલાટ અને ભ્રૂ જરાક સંકોચાયાં. હવે તેણે વિચાર્યું કે અત્યંત નરમ થવાથી પણ ચાલશે નહીં. તેથી જરા કડક અવાજે બોલ્યો, " હવે તમારે અમને મદદ કર્યા સિવાય ચાલવાનું નથી. કેમકે તમે અમારા હાથમાં આવ્યા છો, અમે તમારા હાથમાં નથી. માટે જો અમને મદદ નહીં કરો તો તમારી વિશ્વાસઘાતકતા પૃથ્વીરાજ પાસે હું ખુલ્લી પાડીશ અને તેથી ઘેર જીવતા પહોંચશો નહીં, માટે હવે વિચાર કરી જુઓ કે અમને મદદ કર્યા સિવાય તમારા છુટકાનો બીજો કોઈ ઉપાય છે ? "

હવે વિજય સમજી શક્યો કે ખરેખર હું તેના સપાટામાં આવ્યો છું. બીજાનું ભુંડું કરવા જતાં પોતેજ પકડાઇ ગયો. ક્રોધ, હિંસા અને લોભથી અહીં આવ્યા પહેલાં તેને ભાન રહ્યું નહોતું. હવે જો મહંમદઘોરીની વાતનો સ્વીકાર નહીં થાય તો નક્કી તે પૃથ્વીરાજ પાસે બધું ફોડી નાખશે. જે ભયથી તે પરિચય નહોતો આપતો તેજ ભય સામે આવી ઉભો રહ્યો. થોડીવારે વિજય બોલ્યો, " જો આપની ઇચ્છા ન હોય તો હવે હું જાઉં છું. અને આપના જયની આશાનો આપે બીલકુલ ત્યાગ કરવો. "

વિજયને કોઇ પણ પ્રકારે ભોળવી ન શકવાથી છેવટે મહંમદ બોલ્યો, " ઠીક ચાલો આપને સિંહાસન મળશે, પરંતુ આપ કઇ રીતે મદદ કરશો ?

વિજય—યુદ્ધ વખતે મારા તાબાના સૈન્યને અટકાવી તેઓને યુદ્ધથી વેગળું રાખીશ, એટલે એ દરમિયાન આપ જય કરી શકશો.

મહંમદ—એ બરાબર નથી.

વિજય—ત્યારે હું બરાબર વિચાર કરી આજથી પંદરમે દિવસે આપને જણાવીશ, પરંતુ આપની વાતનો ભરોસો શો ?

મહમંદ—હું સોગન લઉં.

વિજયે વિચાર્યું કે, " શત્રુના સોગન ઉપર વિશ્વાસ ! પરન્તુ હું અત્યારે તેના હાથમાં આવ્યો છું, એટલે જો અવિશ્વાસ રાખીશ તો ધારેલું કામ પાર પડશે નહીં, અને જો આ બધું પૃથ્વીરાજ પાસે ખુલ્લું કરશે તો હું તો બેઉ તરફથી માર્યો જઇશ. એમ વિચારી બોલ્યો, " ઠીક ચાલો ખાઓ સોગન "

મહંમદઘોરી હાથમાં કુરાન લઇ બોલ્યો કે " જો યુદ્ધમાં અમારો જય થશે તો ભવિષ્યમાં આપ રાજા થશો; પરંતુ જો આપ વિશ્વાસઘાત કરશો તો પ્રાણપણે પણ આપને શિક્ષા કરીશ અને આપનું બધું પોગળ રાજા પાસે ખુલ્લું પાડીશ." મહંમદઘોરી આટલું ઉતાવળો બોલી મનમાં મનમાં બોલ્યો, " તું તારા રાજા તરફ વિશ્વાસઘાત કરવા તૈયાર થયો છે તે વખત આવે તો અમારા તરફ પણ તૈયાર થા. માટે તારો તે વિશ્વાસ રાખી યુદ્ધમાં અમારો જય થાય તો તું રાજા બનવાની આશા રાખે છે. પરંતુ જીવતો રાખું તો પણ બસ છે. આથી વિશેષ પુરસ્કાર શું ?"

વિજય—હવે હું રજપુતાનામાંથી દિલ્લી તરફ જાઉં છું. એટલે આજથી બરાબર પંદર દિવસે દિલ્લી પાસેના પર્વતમાં આપના માણસની હું રાહ જોઇશ, અને જે ઉપાય મેં ધાર્યો હશે તે આપને જણાવીશ. તે પછી આપ આગળ વધવાની તૈયારી કરજો.

મહંમદ—શું રજપુતાનાના બધા રાજાઓ પૃથ્વીરાજની મદદે આવવાના છે ?

વિજય—હા. તેઓ બધાએ એમ લખ્યું છે કે અમે આવશું. પરંતુ વાતવાતમાં મેં તેઓને જણાવી દીધું છે કે તમારી મદદની અમને એટલી બધી જરૂર નથી. તો પણ ખૂબ સૈન્ય એકઠું કર્યું હોય તો સારૂં એમ સમજી તેઓને આવવાનું નિમંત્રણ આપવા હું ગયો હતો. પરંતુ મેં એવું સમજાવ્યું છે કે સ્વદેશ છોડી તેઓ આવશેજ નહી. જો મારી વાત આપે કબુલ રાખી ન હોત તો તેઓ ચોક્કસ આવેજ, એવું કરવા માટે મારે ફરી વખત તેઓ પાસે જવું પડત. પરંતુ હું જાણતો હતો કે આપ મારી વાત કબૂલ કરશોજ.

મહંમદ—શું બધા રાજાઓ આવવા ઇચ્છે ?

વિજય—જયચંદ્ર અને ભીમદેવ સિવાય બીજા બધા આવવા ઇચ્છે છે. વળી જયચંદ્ર અને ભીમદેવ પાસેથી મદદ પણ અમે ઇચ્છતા નથી.

મહંમદ—જયચંદ્રે ગુપ્ત રીતે મદદ આપી પૃથ્વીરાજનું અપમાન કરવા સારૂ અમને બોલાવ્યા છે.

વિજય—હા. તે મહારાજના શત્રુ છે તે હું જાણું છું.

આટલું બોલી વિજય ત્યાંથી ઉઠી ચાલતો થયો. મંત્રિવર ! જુઓ તમે સૌથી અધિક વિશ્વાસપાત્ર જેને ધાર્યું હતું, તેણે કેવું વિશ્વાસનું કામ કર્યું. ?

વિજયના ગયા પછી એક સભાસદ બોલ્યો, " આપે તેને રાજ્ય આપવાનું વચન આપ્યું ત્યારે દિલ્હી ઉપર આપણો શો અધિકાર રહેશે ? "

મહંમદ—એક વખત તેની મદદથી જય લાભતો કરીએ. રાજ્ય આપતી વખતે જોયું જાશે.

આ તરફ ભાગ્યશાળી ચંદકવિ પાસેના એક પહાડ ઉપરથી યવન સેનાની સ્થિતિ જોતા હતા, તેવામાં હિંદુવેશ ધારી એક વ્યક્તિને યવન શિબિરમાં પેસતો જોઈ તેને બહુ નવાઇ લાગી. તે કોણ અને શામાટે ત્યાં આવ્યો છે તે જાણવાની તેને ઉત્કંઠા થઇ શિબિરની આસપાસ ગુપ્ત રહી આ બધી ચર્ચા જોવાય એવું કોઇ સ્થાન છે કે નહી ! તેનો તપાસ કરતાં જણાયું કે શિખરની પછવાડે એક મોટું વડનું વૃક્ષ છે તેથી જાળવીને પર્વત ઉપરથી ઉતરી ધીમે પગલે ચાલી પ્રહરીઓની નજર ચૂકાવી વડ ઉપર તેઓ ચડી ગયા. તેણે જ્યારે વિજયને યવન શિબિરમાં પેસતો જોયો હતો ત્યારે થોડોક દિવસ હતો. ત્યાં પર્વત ઉપરથી તેઓ ઉતર્યા જ્યાં સંધ્યા થઇ ગઇ. એટલે અંધકારથી વડ ઉપર ચઢવામાં બહુ સુગમતા થઇ. વડની જે ડાળી ઉપર બેસી તરવારવડે સાવચેતી રાખી તંબુનું કપડું ચીરીને જોયું તો વિજયને અંદર બેસાડેલો જોયો, તેને જોતાંજ કવિને વિચાર થયો કે " વિજય આંહી શામાટે ! "

વિજયના જવા પહેલાં મહંમદઘોરી સાથે જેટલી વાત થઇ હતી તેટલીજ માત્ર ચંદકવિના સાંભળવામાં આવી. પરંતુ જેટલી સાંભળી તે ઉપરથી વિજયનો અભિપ્રાય સમજવો બાકી રહ્યો નહીં આથી તેને બહુ ક્રોધ ચઢી ગયો અને તેનું શરીર કંપવા લાગ્યું. પહેલાં તો

એમજ થયું કે હમણાંજ શિબિરમાં જઈ તેનું મસ્તક છેદી નાખું પણ તેથી વિપરિત પરિણામ આવશે એમ ધારી તેઓ અટક્યા. હવે તેઓ વડ ઉપરથી નીચે ઉતરવા લાગ્યા. પરન્તુ ક્રોધથી નિઃશબ્દે તેઓ ઉતરી શક્યા નહીં એટલે પાંદડાઓનો ખડખડાટ થયો, આવતી વખત જેવી રીતે પ્રહરીઓની દૃષ્ટિ ચૂકાવી હતી, તેવી રીતે જતી વખત ચૂકાવી શક્યા નહીં. પ્રહરીઓની દૃષ્ટિ વારે વારે ચૂકાવવી એ કાંઇ જેવી તેવી વાત નથી. પાંદડાંઓનો ખખડાટ સાંભળી એક પ્રહરી તપાસ કરવા માટે તે તરફ આવ્યો, કવિનાં દુર્ભાગ્યથી આ વખતે થોડી થોડી જ્યોત્સ્ના ખીલી હતી. તેથી પ્રહરી ચંદ કવિને જોઇ શક્યો. તેઓને જોતાંજ બુમો પાડતો પાડતો તેની પછવાડે દોડ્યો, પ્રહરીની બુમ સાંભળતાંજ અસંખ્ય સશસ્ત્ર સૈનિકો દોડી આવી ચંદ કવિને ઘેરી વળ્યા. આટલા બધા માણસો પાસેથી છટકી જવાશે નહીં એમ ધારી તેમણે તરવાર બહાર કાઢી નહીં કેમકે તેમણે વિચાર કર્યો કે, "જો હું લડીશ તો આટલા બધા સૈનિકો નક્કી મારો વધ કરશે. હવે જો અહીં મારૂં મૃત્યુ થશે તો વિજયનું કપટ અપ્રકાશ્ય રહેશે. માટે હમણાં તો બંદી થવું અને લાગ ફાવે ત્યારે નાસી જઈ બધું પૃથ્વીરાજને કહી દેવું." એટલા માટેજ તેઓએ છૂટવા માટે કાંઈ મહેનત કરી નહીં.

આ તરફ ચંદ કવિને પકડીને સૈનિકો મહંમદઘોરી પાસે લાવે છે ત્યાં દ્વારમાં પેસતાંજ વિજય સામો મળ્યો, વિજયને જોતાંજ કવિનો ક્રોધ પ્રદિપ્ત થયો; અને હિતાહિતનું કાંઈ ભાન રહ્યું નહીં. તેથી લાલચોળ આંખથી બોલ્યા, પાખંડી રાજ્યલોભથી દેશનું ભુંડુ કરવા તૈયાર થયો છે કે? લે આ તેનું ફળ." એમ કહી જેવો તરવાર ઉપર હાથ નાખવા ગયા કે તરતજ પાસેના પ્રહરીએ ધક્કો મારી તરવાર છીનવી લીધી.

જો ચંદકવિએ વિજયની બધી વાત સાંભળી છે એમ તેને મોઢે ન કહ્યું હોત તો તેના વડેજ મહંમદઘોરી પાસથી તેઓ છુટી શકત પરંતુ તે રસ્તો તો તેમણે હાથે કરીને બંધ કરી દીધો. કેમકે વિજય સમજી ગયો કે ચંદકવિએ બધું સાંભળ્યુ છે ત્યારે અહીં આવવાનું જુઠું બહાનું તેઓ માનશે નહીં. હવે જો તેઓ છૂટા થાય તો તેના ભોપાળા બહાર આવી જાય. આથી અત્યંત ચિન્તાતુર થઇ તે ફરી પાછો મહંમદઘોરી પાસે આવ્યો. બન્ને વચ્ચે કેટલીક છાનીછાની વાતો થઇ. પરિણામે કવિ બન્દી થયા.

પ્રકરણ ૧૩ મું.

યુદ્ધ સંબંધી ચર્ચા.

તારાઓથી વીંટાએલા ચંદ્રમા પેઠે દિલ્લીશ્વર પૃથ્વીરાજ સભાસદોથી વીંટાઇને બેઠા છે. તેનું બલિષ્ઠ શરીર, પ્રશસ્ત લલાટ, સુદીર્ઘ નાસિકા, શ્યામ અને ઘાટાં ભ્રુયુગલ, તથા તેની નીચે આવેલાં ભ્રમરસંયુક્તપદ્મકિસલય જેવાં લાંબા અને ઉજ્જવલ નયનદ્વયો જોતાં, તે એક સરલ અને ચંચલ વ્યક્તિ છે એવો બોધ થાય; પરંતુ બરાબર નિરિક્ષણ કરવાથી એ ચંચલતાની સાથે દૃઢતાનો પણ ભાસ થાય ક્ષત્રિયતેજ સરલતાની સાથે મિશ્રિત થવાથી તેના સુંદર મુખારવિંદ ઉપર એક અલૌકિક શોભા નજરે પડેછે. તેની ઉમ્મર હજી ૨૫ વર્ષની છે. ત્યાં તો બધાં સુખોએ તેની પાસેથી વિદાયગીરી માગી છે.

પાસેના બીજા સિંહાસન ઉપર કુશાસન નાંખી વીરચુડામણી, યોગીંદ્ર સમરસિંહ બેઠેલા છે. હિંદ ઉપર યવનો ચડી આવે છે. એવું સાંભળ્યા છતાં પૃથ્વીરાજ તેની કાંઇ પણ દરકાર કરતા નથી અને નિશ્ચિત થઇ બેઠા છે એવું સાંભળી સમરસિંહ ચિંતાતુર થઇ પોતાના સૈન્ય સાથે દિલ્હી આવ્યા છે. આજ આપણે ૨૦ વર્ષે સમરસિંહને જોઇએ છીએ. કાળના ફેરફાર સાથે તેમનામાં પણ ફેરફાર થયો છે. અત્યારે તેઓ યુવાન નહોતાં પ્રૌઢ થયા છે. કેમકે તેઓની ઉમ્મર અત્યારે લગભગ ૫૦ વર્ષની થવા આવીછે. કિરણના જગવિભ્રમ થવા પછી મુકુટનો ત્યાગ કરી જે જટા ધારણ કરી હતી તે અત્યારે વધીને પૃષ્ઠદેશને ઢાંકી રહી છે, અને દાઢી પણ વક્ષદેશને ઢાંકી રહી છે. દાઢી મુછ અને માથાના વાળ ધોળા થવા લાગ્યા છે. તેઓના કંઠમાં રહેલી પદ્મબીજની માળા—શંકરના કંઠની આસપાસ વીંટાયેલા સર્પના હારની પેઠે શોભી રહીછે. વૃદ્ધાવસ્થા આવવા છતાં તેઓનું શારીરિક અને માનસિક તેજ બીલકુલ ઘટયું નથી; અને દુઃખ ભોગવવાથી પહેલાં કરતાં અત્યારે તેઓની મૂર્તિમાં વિશેષ ગંભીરતા દૃષ્ટિએ પડેછે. ટુંકામાં કહીએ તો જટી-શ્મશ્રુધારી, પદ્મબીજમાલા શોભિત, સ્થિર, ગંભીર અને તેજસ્વી રવિના જેવા સમરસિંહ અત્યારે દેખાય છે. અમે અગાઉ કહી ગયા છીએ કે સમરસિંહ સદ્ગુણોથી વિભુષિત છે, પરંતુ તેના સદ્ગુણો બરાબર—સુસ્પષ્ટ સમજાય એટલા માટે ચંદ કવિએ સમરસિંહના ગુણોનું વર્ણન કર્યું છે તેમાંથી કેટલોક ભાગ નીચે આપીએ છીએ.

" સમરસિંહ રણક્ષેત્રમાં મહાસાહસી, ધીર અને કૌશલનિપુણ હતા. સભા સ્થળે તેઓ અતિ વિજ્ઞ, સુવિવેચક સદ્વક્તા હતા, તેઓ સ્વભાવથીજ અતિ ધાર્મિક હોવાથી દરેક વિષયમાં તેઓનો ધર્મભાવ અને સામાજીકતા સ્પષ્ટ જણાઇ આવતાં. તેઓના તાબામાં રહેલા રાજાઓ, મંત્રિઓ અને લશ્કરી યોદ્ધાઓ પણ તેઓ ઉપર પૂજ્યભાવ રાખતા, પરંતુ પૃથ્વીરાજના સામન્તો અને યોદ્ધાઓ પણ તેઓને ખરાભાવથી પૂજતા. યુદ્ધ વખતે તેઓના જેવું શુભાશુભ લક્ષણ કોઇ નક્કી કરી શકતું નહીં; રણસંગ્રામમાં તેઓના જેવી સૈન્યની ગોઠવણ કોઈ કરી શકતું નહી. અશ્વ અને અસ્ત્ર ચલાવવામાં તેઓને કોઇ હરાવી શકતું નહીં; યુદ્ધ શરૂ થયા પહેલાં અને યુદ્ધ પુરૂં થયા પછી અને સંધી કરવાનું ચર્ચાસ્થાન સમરસિંહનું શિબિર હતું. અને તે વખતે તેઓ જે બોલતા તેજ સભાસદો કબુલ રાખતા. છેવટે ચંદ કવિ મુક્ત કંઠે સ્વિકારે છે કે રાજાઓના ધર્મ, મંત્રિઓના ધર્મ અને દૂતપ્રેરણ વગેરે વિષયો સંબંધે જે જે ઉપદેશ મેં આપ્યો છે તે બધો સમરસિંહની રસનામાંથી નીકળેલો છે; તેમજ ઉપન્યાસ વગેરેમાં જે કાંઇ નીતિ, ધર્મ અથવા કર્તવ્યાનુષ્ઠાન અને વિશેષે કરીને રજપુતોની રાજ્યભક્તિ મેં દર્શાવી છે, તે બધું સમરસિંહનુંજ ગ્રહણ કરેલું છે." આ બધા ગુણોની સાથે સમરસિંહમાં એક બીજો મોટો સદ્‌ગુણ હતો તે એ કે તેઓ અહંતા શૂન્ય હતા. પૃથ્વીરાજ અને જયચંદ્ર વગેરે ભારત વર્ષીય રાજાઓએ પોતાના લાભને માટે કેટલાં કેટલાં યુદ્ધો કર્યાં! પરંતુ સમરસિંહે સ્વાર્થ માટે અથવા તો પોતાના અહંકારની તૃપ્તિ માટે એક પણ યુદ્ધ કર્યું નથી. તેમજ તેઓને જ્યાં જરૂર જણાઇ ત્યાં અને બીજાઓની મદદમાં જઈ તેઓએ જેટલાં યુદ્ધ કર્યાં છે, તેટલાં બીજા કોઇએ કર્યાં નથી."

પૃથ્વીરાજ અને સમરસિંહને ગાઢ મૈત્રી હતી. પૃથ્વીરાજ તેઓને પોતાનો જમણો હાથ માનતા. દરેક યુદ્ધમાં તેઓએ કરી આપેલી અનુકૂળતા વડેજ પૃથ્વીરાજ જય મેળવતા. સંકટને વખતે તેઓને બનેવી તરિકે ગણી પૃથ્વીરાજ તેઓની આજ્ઞાપાલન કરતા. આ વખતે સમરસિંહના આગમનના ખબર મળતાંજ તેઓના સન્માન અર્થે પૃથ્વીરાજ પોતાના સભાસદોને લઇને સાડા ત્રણ કોશ સુધી સામા જઈ તેઓને તેડી લાવ્યા હતા. રસ્તામાં બન્નેનાં સૈન્યો એકબીજાને જોઇ જયનાદ કરવા લાગ્યા, અને બધામાં એવડો ઉત્સાહ આવ્યો.

ત્યાં બન્ને મિત્રો અરસપરસ ભેટયા, અને આજ સુધી યુદ્ધના સંબંધમાં પૃથ્વીરાજને નિશ્ચિંત જોઇ ત્યાંજ તેને કોમલ સ્વરે કેટલોક ઠપકો આપ્યો, અને કેટલોક બોધ આપ્યો. છેવટે બધા મળી દિલ્હીમાં આવ્યા.

અત્યારે સભાની ચારે બાજુએ યુદ્ધનો નિર્ણય સાંભળવા માટે પ્રજા જનો ઉભેલા છે. છેવટે નિર્ણય પૂરો થયો એટલે સમસ્ત પ્રજા ન્યાયવાન રાજાને આશીર્વાદ આપી ત્યાંથી ચાલતી થઈ. થોડીવારે એક પ્રહરીએ આવી જાહેર કર્યું કે, "યવનો તરફથી તેઓનો દૂત અહીં આવેલો છે." પૃથ્વીરાજે તરતજ તેને સભામાં લાવવાનો હુકમ કર્યો. મહંમદઘોરીએ દિલ્હી ઉપર ચડી આવવાનો અભિપ્રાય દર્શાવી જે ખુલાસો માગ્યો હતો, તે ખુલાસાનો આજ પ્રત્યુત્તર લઈ દૂત ફરી વખત આવેલો છે.

પૃથ્વીરાજે શો ઉત્તર આપ્યો હતો તે પ્રથમ કહેવાની જરૂર છે. તેઓએ કહ્યું હતું કે, "મહંમદઘોરી હાથે કરીને શા માટે બળતા અગ્નિમાં પડે છે. જો તેને પૂર્વની વાત યાદ આવતી હોય તો તો તેણે અહીંથી ચાલ્યું જવું. જો તેની પાછા જવાની ઇચ્છા હશે તો અમે દયા લાવીને તેઓને દેશમાં પાછા જવા દઈશું. અને વામન થઈને ચંદ્રસ્પર્શ કરવાની તેણે જે સ્પર્ધા કરી છે તેની અમે ક્ષમા આપીશું."

આજ આ સદેશાનો પ્રત્યુત્તર લઇ દૂત આવેલો છે. દૂત સભામાં આવી હાથ જોડીને બોલ્યો, "મહંમદઘોરી કહે છે કે હું કાંઇ બાદશાહ નથી. માત્ર સેનાપતિ છું, વળી બાદશાહે મને યુદ્ધ કરવા મોકલ્યો છે, માટે પ્રાણપણે પણ યુદ્ધ કરીશ."

આ પ્રત્યુત્તર સાંભળી પૃથ્વીરાજે ગર્વથી કહ્યું, "જો મહંમદઘોરી હાથે કરીને સંકટમાં પડવાનું ઇચ્છે છે તો તેને કહે કે ખુશીથી આવે; અને વળી એક વખત ક્ષત્રિય તેજ જોતા જાઓ."

પૃથ્વીરાજનું બોલવું પુરું થતાં સભાની એક બાજુએથી એક વ્યક્તિ બોલી ઉઠી, "તેને કહેજે કે વારેવારે હિંદુરીતી અનુસાર અમે તમારા ઉપર દયા લાવી તમને જીવતા જવા દઇએ છીએ, તેનું આ ફળ કે? જો તમને જીવતા મૂકયા તો ફરી વખત અમારા દેશમાં ઉત્પાત કરવા આવ્યા ને? આ વખવ બરાબર દંડ આપવો છે. આ વખતે એક પણ માણસ સ્વદેશ જવાનું નથી."

જે તરફથી આ અવાજ આવ્યો તે તરફ બધાની નજર પડતાં પૃથ્વીરાજ બોલી ઉઠયા. "અરે! વિજય તું કયારે આવ્યો? જે કાર્ય માટે ગયો હતો તેનું શું થયું? આ તારી સાથે અપરિચિત યુવાન

કોણુ છે ?"

વિજયને અક્ષત શરીરે પાછો આવેલો જોઇ મંત્રીના આનંદની સીમા રહી નહીં. પૃથ્વીરાજનું કહેવું સાંભળી વિજય પાસે આવી ધીમેથી બોલ્યો, "મહારાજ! આપની ભૂલ થાય છે. હજી દૂતને આપણે રજા આપી નથી."

"હા, બરોબર" કહીને પૃથ્વીરાજે દૂતને પૂછ્યું, "ત્યારે તેઓ અહીં ક્યારે આવવા ઇચ્છે છે?"

દૂત—આજથી એક માસ પછી.

પૃથ્વીરાજ—ઠીક, અમે પણ તેની ઇચ્છા મુજબ કાર્ય કરીશું. જા તેને જઇને કહે કે, "આજથી એક માસ પછી તમારી સ્પર્ધા ચૂર્ણ કરવા માટે અમે સ્થાણેશ્વરમાં તમારી રાહ જોઇશું."

દૂત ગયા પછી પ્રથમ વિજયે કાર્યની બધી વાત મહારાજને કહી સંભળાવી, પછી તે બોલ્યો, "આ યુવાન ચંદકવિ પાસેથી આપની પાસે આવતા હતા, અને હું મારૂં કાર્ય સમાપ્ત કરી પાછો આવતો હતો. રસ્તામાં અમારા બન્નેનો મેળાપ થતાં તેણે મને દિલ્હી જવાનો માર્ગ પૂછ્યો. કેટલીક વાતચીત કર્યા પછી હું તેને આપની પાસે તેડી આવ્યો છું." પૃથ્વીરાજ ચંદકવિના સમાચાર પૂછતાં દિલીપ જે જે જાણતો હતો તે બધું કહી ચંદકવિનો આપેલો પત્ર તેઓના હાથમાં મૂક્યો, પત્ર વાંચ્યા બાદ આ નવા યુવકને ખાવા-પીવા રહેવા વગેરેનો બંદોબસ્ત કરવાનો હુકમ ફરમાવ્યા પછી મહારાજ બોલ્યા, "આટલા બધા દિવસો જવા છતાં ચંદકવિ હજી યવન-શિબિરમાંથી પાછા ફર્યા નથી તેથી મને લાગે છે કે કાંઈ વિપદ આવી પડી હશે."

પૃથ્વીરાજનાં વચન સાંભળી મંત્રી બોલ્યો, "કવિચંદને માટે તો આપણે કશી ફિકર રાખવા જેવું છેજ નહીં; કેમકે એના જેવો ચતુર પુરૂષ કોઇ દિવસ વિપદમાં આવશેજ નહીં. ધારો કે કદાચ કોઇ સંકટમાં આવી પડે તો પણ મને તેના બુદ્ધિકૌશલ ઉપર એટલો બધો વિશ્વાસ છે કે તેઓ ગમે તે ઉપાય કરી તેમાંથી છટકી આવશે."

આ તરફ નવા આવેલા યુવકને જોઈ સમરસિંહ એક દૃષ્ટિથી તેના તરફ જોઇ રહ્યા. આ સુંદર યુવક કોણ? કયો ભાગ્યશાળી પુરૂષ આને પુત્ર કહી સંબોધન કરતો હશે? આને જોઇ કિરણ કેમ યાદ આવે છે! શું કિરણની સાથે આની મુખાકૃતિ મળતી આવે છે? આહા! જો કિરણ હોત તો આજ આવડો મોટો હોત! અને આવોજ સુંદર હોત! પરંતુ હાય! ક્યા પાપે મેં તેને ગુમાવ્યો? એમ વિચારતાં

વિચારનાં ભૂતકાળ તેના સ્મૃતિપટ ઉપર ખડો થયો, કિરણને ગુમાવ્યો તે દિવસ યાદ આવ્યો ! તે ઝડી ઝપટ, તે વૃષ્ટિ, બિન્દુમતિનો મૃતદેહ વગેરે ધીમે ધીમે નજર આગળ તરવા લાગ્યું; અને રાણીઓના રૂદનનો સ્વર તેઓના કર્ણમાં સંભળાવા લાગ્યાં. આ પ્રમાણે યોગીન્દ્ર પુરૂષ પણ પરવશ થઈ પડયા.

પૃથ્વીરાજ સમરસિંહ તરફ જોઇ બોલ્યા, “ આ શું ? એકદમ આપને શું થઇ ગયું ? ”

પૃથ્વીરાજનો અવાજ સાંભળી સમરસિંહ વિચાર નિંદ્રામાંથી જાગૃત થઈ બોલ્યા, “ આ યુવકને જોઈ મને મારો કિરણ યાદ આવે છે. હમેશાં તેના જેટલી ઉમ્મરવાળાને જોતાં તે યાદ તો આવે છે પરંતુ આજ કાંઈ વિશેષ લાગી આવે છે. ”

સમરસિંહની વાત સાંભળી પૃથ્વીરાજે આ નવા યુવકના મુખ તરફ જોયું તો તે સમરસિંહના મુખ સાથે કેટલેક અંશે મળતું આવતું હતું પરંતુ એ વાત જણાવવાથી સમરસિંહ તેને પોતાનો પુત્ર માને એ બીકથી તેઓને કહ્યું “ ગતાનુશોચ કરીને આપ શા માટે દુ:ખી થાઓછો ? જે પૃથ્વીમાં નથી તેની આશા રાખવાથી શો લાભ ? જો કિરણ મૃત્યુ ન પામતાં અદૃશ્ય થયો હોત તો હું પણ આ નવા કુમારને જોઇ કિરણ માનત. પરંતુ કિરણ તો જળમાં ડુબીને મૃત્યુ પામ્યો છે ત્યારે હવે તેની આશા શા માટે ? મરેલું માણસ આ સંસારમાં ફરી વખત આવતું નથી. ”

એક લાંબો નિસાસો મૂકી સમરસિંહ બોલ્યા, “ ખરૂં છે. હું સમજું છું કે હવે તેને મેળવી શકાય તેમ નથી છતાં પણ એમ થયા કરે છે કે તે મૃત્યુ ન પામતાં કોઇક જગાએ છે. બિન્દુમતી ગાંડી થઇ ગઈ હતી ત્યારે જે બોલતી તે સાંભળી હું હસતો પરંતુ મને પણ અત્યારે એમ થાય છે કે મારો કિરણ મૃત્યુ પામ્યો નથી પરંતુ કોઇકે તેને ચોરી ગયું છે. ”

ત્યાર પછી આ વાત ભૂલવા માટે તેઓ બીજી વાત તરફ ઉતર્યા. આ આવતા યુદ્ધમાં કેવી રીતે ગોઠવણ કરવી તેની ચર્ચા ચલાવવા માંડયા. છેવટે નક્કી થયું કે સૈન્યના ચાર ભાગ કરી, ત્રણ ભાગ વડે યવનોને ઘેરી લેવા અને સહાય માટે ચોથો ભાગ તૈયાર રાખવો. ત્રણ તરફથી યવનોને ઘેરી તેને નાશવાનો રસ્તો ચોથા ભાગથી બંધ કરવો એટલે આપણો સંપૂર્ણ જય થશે. પરંતુ સૈન્યના ચાર ભાગ કરવાથી ચાર સેનાપતિ જોઇશે. પૃથ્વીરાજ અને સમરસિંહ એ બેતો

છે પરંતુ બીજા બે કોણ ? બીજા રાજાઓ પણ હજી સુધી આવ્યા નથી અને લાહોરનો ખંડીઓ રાજા ચાંદપુંદીર મહંમદઘોરીને આવતો અટકાવવામાં મૃત્યુ પામ્યો હતો, તેમજ પૃથ્વીરાજનો પ્રધાન સેનાપતિ અખિલસિંહ હજી સુધી રોગી હોવાથી અશક્ત છે. વિજય નિર્વિઘ્ને પોતાનું કાર્ય સમાપ્ત કરી પાછો આવેલો હોવાથી બધાની દૃષ્ટિ તે તરફ ગઈ. છેવટે નક્કી થયું કે વિજય અને કલ્યાણ બીજા બે ભાગના સેનાપતિ થાય.

યુવરાજ કલ્યાણ સમરસિંહ સાથે દિલ્હી આવેલો હતો. કલ્યાણની ઉમ્મર માત્ર ૨૪ વર્ષની હોવા છતાં સાહસ અને પરાક્રમમાં તે સમરસિંહ અને પૃથ્વીરાજ જેવોજ હતો. કલ્યાણે દિલ્હી આવી રાજકન્યાને જોતાં તેની સાથે લગ્ન કરવાની પોતાની ઇચ્છા પ્રગટ કરી. આની પહેલાં એક બે વખત સમરસિંહની સાથે કલ્યાણ દિલ્હી આવ્યો હતો પરંતુ તે વખતે રાજકન્યા બાલિકા હતી, એટલે તેની સાથે પ્રણય શું ? માત્ર બાલ્યક્રીડા કરતો. સુંદર બાલિકા જોતાં કોને આનંદ ન થાય ? તેનો સુમિષ્ટ સ્વર સાંભળી કોને તેના ઉપર પ્રેમ ન થાય ?

આ વખતે રાજકન્યાને જોતાં કલ્યાણનો બાલ્યપ્રેમ પ્રણય સ્વરૂપમાં ફેરવાઇ ગયો. તેણે તેની સાથે વિવાહ કરવાની ઇચ્છા દર્શાવી. આ ઇચ્છા અટકાવવા માટે સમરસિંહે ગુપ્ત રીતે કેટલાક પ્રયત્ન કર્યા હતા પરંતુ કોઇ પણ રીતે કલ્યાણની ઇચ્છા ફેરવાઇ નહીં. ઉલટું તેણે તો એમ કહ્યું કે 'જો વિવાહ નહીં કરવામાં આવે તો હું પ્રાણ ત્યાગ કરીશ.' એથી સમરસિંહને પૂર્વની વાત યાદ આવી કિરણસિંહ કેવી રીતે ગુમાવ્યો તેનું સ્મરણ થયું. બિન્દુમતીને રમાડવા આપવાનો નિષેધ કર્યો એજ કિરણને ગુમાવવાનું મૂળ કારણ હતું. પોતાની બુદ્ધિના દોષથી એક વ્યક્તિની અદૃષ્ટલીપી ખરી પડી છે. તેમ જો કલ્યાણનાં લગ્નનો અટકાવ કરવાથી તેના પ્રાણની હાની થાય તો તે દોષ તેનીજ બુદ્ધિ ઉપર આવે. વળી જો કલ્યાણના લગ્ન થઇ જાય તો કલ્યાણને અકાળમૃત્યુ ગ્રહણ કરી શકે નહીં. કોણ કહે છે કે તેને અકાળમૃત્યુ ગ્રહણ કરશે ? તેના ગુરૂ મંગલાચાર્યે તેનું ભાગ્ય નક્કી કરતી વખતે કહ્યું હતું કે વિવાહ થયા પહેલાં કલ્યાણનું મૃત્યુ થશે, અને એટલા માટેજ વિવાહ કરવામાં સમરસિંહ આંચકો ખાતા હતા. પરંતુ જો લગ્ન થાય તો બધું

અસત્ય ઠરે. આવો વિચાર કરી સમરસિંહે ફરી અટકાવ ન કર્યો. ઉલટું તેના મનમાં એમ થવા લાગ્યું કે જો એક વખત કલ્યાણનાં લગ્ન થઇ જાય તો તેના મૃત્યુનો ભય મટી જાય, એટલા માટે જેમ બને તેમ ઉતાવળથી લગ્ન થાય એવી ગોઠવણ તેઓ કરવા લાગ્યા. વિજયે આવીને સાંભળ્યું કે, યુદ્ધ પુરૂં થયા પછી ઉષાવતી અને કલ્યાણનાં લગ્ન થશે. ત્યારે તે મનમાં મનમાં બોલ્યો કે, "પણ જો કલ્યાણ જીવતો રહેશે તો ને ?"

સભામાં જ્યારે યુદ્ધ વિષે ચર્ચા ચાલતી હતી ત્યારે કલ્યાણ ત્યાં હાજર નહોતો. તેથી તેને બોલાવવા માટે પૃથ્વીરાજે વિજયને મોકલ્યો.

પ્રકરણ ૧૪ મું.

અમૃતમાં ઝેરનું બિન્દુ.

સભામાં જ્યારે યુદ્ધની ચર્ચા ચાલતી હતી ત્યારે કલ્યાણ શું કરતો હતો ? તે વખતે રાજકન્યાની સાથે યમુના સ્તંભ ઉપર બેસી યમુનાની શોભા જોતો હતો. આ ઉચ્ચ અને ચમત્કારી સ્તંભ પોતાની પુત્રીને યમુનાનાં દર્શન માટે પૃથ્વીરાજે તૈયાર કરાવ્યો હતો. તે હજુ સુધી વિદ્યમાન છે, પરંતુ મુસલમાનોએ તેનું નામ કુતુબમિનાર આપવાથી અત્યારે તે તેજ નામે પ્રસિદ્ધ છે.

લગભગ સાંજ પડવા આવી છે, રાજ મહેલમાંથી આવતો નોબતોનો અવાજ, દિલ્લી અધિષ્ટાત્રી આશાપૂર્ણાદેવીના મંદિરમાંથી આવતો શંખ ધ્વનિ, ચારે દિશાઓ તરફથી આવતો જનકલ્લોલ અને વૃક્ષરાજીઓમાંથી આવતો પક્ષીઓનો અવાજ મંદીભૂત થઇને યમુના સ્તંભના શિખર ઉપર રમી રહ્યો છે. થોડેકજ દૂર પ્રચન્ડ અને વિચિત્ર જ્યોત્સ્ના પ્રદિપ્ત રાજમહેલમાંની દીપમાળાઓનો પ્રકાશ ચંદ્રના કિરણોથી ઝાંખો પડતો જાય છે. મહેલનાં ઉંચાં અને શુભ્ર શિખરો આ નિસ્તબ્ધ નિશાકાળે જોનારના હૃદયમાં એક અપૂર્વ ભાવ ઉત્પન્ન કરી ઉર્દ્ધનેત્રે અસીમ ગગન તરફ જોઇ રહ્યાં છે. તે જાણે આવનારી વિપદમાંથી બચવા માટે ઇશ્વરની પ્રાર્થના કરતા હોય નહીં ? એમ જણાય છે. મહેલના ચોકમાં રહેલો લોહસ્તંભ પોતાનું મસ્તક ઉંચું કરીને પૃથ્વીરાજની કીર્તિ—પ્રભુતાઇ દર્શાવી રહ્યો છે અને સમસ્ત નગરની શોભા સમ્પાદન કરી રહ્યો છે. શહેરની આસપાસ વીંટાયેલી નાની

નાની ડુંગરીઓ સમુદ્રના તરંગ જેવી દેખાય છે અને ચંદ્રના પ્રકાશથી બહુ મનોહર લાગે છે. થોડેક છેટે પૂર્ણીમાના પૂર્ણચંદ્રને વક્ષ સ્થળ ઉપર ધારણ કરીને યમુના નદી ચાલી જાય છે. કલ્યાણ યમુનાની શોભા જોવા માટે યમુનાસ્તંભ ઉપર આવેલો છે–પરંતુ યમુનાની શોભા તો તે જોતો નથી. ત્યારે શું જુએ છે ? રાજકુમારી અનુરાગ–પૂર્ણ, લજ્જા વિનમ્ર નયને વારંવાર રાજકુમાર તરફ જુએ છે અને યુવરાજ અનિમિષ લોચને તેના મુખની શોભા જુએ છે રાજકન્યાના મુખની શોભા કલ્યાણને યમુનાની શોભા કરતાં અધિકતર લાગે છે. તે તો રાજકન્યાના વદન મંડળમાંજ યમુનાની શોભા સમાયલી જુએ છે. શું તેની સાથે યમુનાની શોભા સરખાવી શકાય ?

આજ યમુનાનું શ્યામ જળ પૂર્ણચંદ્રથી જેવું ઝળહળી રહ્યું છે, તેવુંજ આપણી ઉષાવતીનું મુખ લાવણ્યરાશિથી ઝળહળી રહ્યું નથી ? તારાઓની પ્રતિબિંબિત યમુના લહરીઓ કરતાં ઉષાવતીના મુક્તામંડિત કેશગુચ્છ પવનના મંદ મંદ ઝપાટાથી આમ તેમ ઝૂલે છે તે મનોહર નથી અરે ! પણ રાજબાળાનાં પ્રેમવિકસિત, લજ્જાસ્નિંગ્ધ અને ઉજ્જવલ ચક્ષુ તથા પ્રફૂલ ગુલાબના જેવા કપોલની સાથે સરખામણી કરવા માટે યમુના પાસે શું સાહિત્ય છે ? આ શોભા જોતાં કલ્યાણનાં નયનો તૃપ્તજ થતાં નથી, જેમ જેમ જુએ છે તેમ તેમ તેને નવિનતાજ માલૂમ પડે છે. જોતાં જોતાં આંખો અવશ થઇ જાય છે, તો પણ જૂએ છે ! શું આટલી બધી વાર જોવા છતાં તેનાં ચક્ષુ થાકતાં નથી ? આટલું આટલું નિહાળ્યું તો પણ તૃપ્તિ થતી નથી ? શું હજી પણ નવિનતા દેખાય છે ? આ નવિનતાનો અંત હશે કે નહીં હોય ? જોતાં જોતાં આટલી બધી અજાનતા ? જોતો નથી ? કે યમુનાસ્તંભને દ્વારે કોઇક ચુપચુપ સંતાઇ રહી તેમને જુએ છે અને તમારી વાતો સાંભળવા માટે કાન માંડે છે. પણ તેઓ શી રીતે જુએ ! અને શી રીતે સાંભળે ? કેમકે સંસારમાં આજ તેઓ બે સિવાય બીજું કોઇ નથી ત્યારે કોને જુએ ? આજ બન્ને પ્રાણ એકત્ર થઇ ગયા છે, બન્નેના નેત્રોમાં મધુરરૂપનો આવિર્ભાવ થયો છે અને આ બે પ્રાણીથીજ આખુ બ્રહ્માંડ વ્યાપ્ત થયું છે ત્યારે હવે જોવું–જાણવું શું બાકી રહ્યું ?

નિસ્તબ્ધ આકાશ નીચે, નિસ્તબ્ધ રતંભશિખર ઉપર બન્ને

જાણું નિસ્તબ્ધ બેઠાં છે. એવામાં કલ્યાણે નિસ્તબ્ધતાનો ભંગ કર્યો. આનું સુખ અને આવો આનંદ આ મર્ત્યલોકમાં કોઇએ અધિક ક્ષણ ભોગવ્યો છે ! કલ્યાણ એક દીર્ઘ નિશ્વાસ નાખી બોલ્યા, " ઉષા ! શું વિચાર કરે છે ? તારૂં મુખ નિસ્તેજ કેમ છે ? " રાજકન્યાએ આ પ્રશ્નથી ઉંચું જોયું પણ કલ્યાણનું મહત્ ભાવયુક્ત લલાટ, ઉજ્જવલ ચક્ષુ, સ્વાભાવિક હાસ્ય પ્રદર્શક ઓષ્ટાધર અને સુંદર, બળવાન તથા ઘાટીલું શરીર જોતાં તેનો જવાબ આપવો ભૂલી ગઈ. કલ્યાણે વળી ફરી વખત પૂછ્યું, " ઉષા ! તારૂં મુખ નિસ્તેજ કેમ છે ! "

આ વખતે ઉષાવતીએ જરાક ભયથી જવાબ આપ્યો, " ના, હું કાંઈ વિચારતી નથી, તમે શું વિચારતા હતા ? "

કલ્યાણ—હું એક સ્વપ્ન વિચારતો હતો, કે ઉષાવતી ખરેખર મારીજ થઇ, રાજકુમારી ! મારૂં એ સ્વપ્ન ક્યારે સફળ થશે ?

ઉષા—ત્યારે તમને વિશ્વાસ ક્યારે આવશે ? યુદ્ધ થયા પછી આપણાં લગ્ન કરવાનું નક્કી કર્યું છે તો પણ હજી અવિશ્વાસ છે ?

કલ્યાણ—" હા મને એમ થાય છે કે આ રત્ન મેળવવા પહેલાંજ કાંઇક અનિષ્ટ થશે. વખતે યુદ્ધમાં મારૂં મૃત્યુ થશે અને આ મારૂં દુર્લભ રત્ન કોઇ બીજા પુરૂષના હાથમાં પડશે. " એ સાંભળી ઉષાવતી સજલનયને બોલી, " એ તમારે કોઈ દિવસ મનમાં આણવુંજ નહીં. કદાચિત ઇશ્વર મારા તરફ નિર્દય થઇને એવો બનાવ બનાવે તો હું વિધવા થઇશ. કેમકે મેં તમનેજ પતિ માન્યા છે. "

એટલું બોલતાં તો તેનો કંઠ રૂંધાઇ ગયો અને વિશાલ આંખોમાંથી અશ્રુ ધારા વહેવા લાગી.

કલ્યાણ—પરંતુ તારા પિતાજી તને બીજે કોઇ સ્થાને આપશે તો ?

ઉષા—તો હું પ્રાણ ત્યાગ કરીને પરલોકમાં તમને મળીશ સ્ત્રીઓનો પ્રેમ તમે પુરૂષો શી રીતે સમજી શકો ? પ્રેમની આગળ અમારો પ્રાણ કશા હિસાબમાંજ નહીં.

ઉષાવતીનાં વાક્યો સાંભળી કલ્યાણનું હૃદય અત્યંત આનંદથી ધડકવા લાગ્યું. અન્તે મોહવશ થઈ ઉષાવતીના જમણા હાથનું ચુમ્બન કરવા માટે તાણીને જેવો પોતાના ઓષ્ટાધર પાસે અણ્યો કે તરતજ ઉષાવતી હાથ ખેંચી લેતાં બોલી—" રાજકુમાર— " આ એકજ શબ્દે ઉષાવતીના હૃદયનું પ્રેમમય અભિમાન, અને નિર્દોષ પવિત્ર હૃદયનો કોમળ તિરસ્કાર વ્યક્ત કર્યો. શબ્દ સાંભળતાંજ

સ્વપ્નોસ્થિતની પેઠે કલ્યાણ બોલ્યો.

"કલ્યાણિ તારો નિઃસ્વાર્થ પ્રણય જોઈ હું મોહવશ થયો હતો, તેથી જો કંઇ અપરાધ થયો હોય તો ક્ષમા કરજે. તું પુરૂષ જાતિ ઉપર દોષારોપ કરે છે, પરંતુ હું ચતુર્ભુજા દેવીને સાક્ષી રાખી કહું છું કે તારા સિવાય બીજી કોઇ સ્ત્રી મારી પ્રણયભાગિની થશે નહીં. અથવા બીજી કોઇ સ્ત્રીને હું પત્ની તરિકે સ્વીકારીશ નહીં."

આ વખતે એક પરિચારિકાએ આવી તેઓની સુખ–નિદ્રાનો ભંગ કર્યો. તે બોલી, "વિજય કહે છે કે મહારાજ આપને સભામાં બોલાવે છે."

વિજયનું નામ સાંભળતાંજ રાજકન્યા ચમકી ઉઠી; અને તે રાત્રીની બધી વાત યાદ આવતાં તેને એમ થયું કે વિજય કલ્યાણ પાસે વેર લેવા આવ્યો છે. આથી તેની મુખ મુદ્રા ઉપર શોકની છટા છવાઇ રહી. રાજકન્યામાં એકદમ આવો ફેરફાર થયેલો જોઇ કલ્યાણે પૂછ્યું, "ઉષાવતિ, શું થયું છે?"

રાજકન્યાને એમ થયું કે વિજય સાથે બનેલી વાત કલ્યાણને જણાવી દઉં. પરંતુ લજ્જાથી કંઇ થઈ શક્યું નહીં–માત્ર એટલુંજ બોલી, "કાંઇ નહીં."

યુવરાજે કાંઈ વિશેષ ન પૂછ્યું. તેણે જોયું તો સભામાં જવાનો વખત વીતી ગયો છે, આટલો બધો વખત ક્યારે અને કેવી રીતે ચાલ્યો ગયો તે તે નક્કી કરી શક્યો નહીં. તે ત્યાંથી એકદમ નીચે ઉતરી ઉદ્યાનમાં પહોંચ્યો. ત્યાંથી આગળ ચાલતાં એક લતા–મંડપ તરફથી રાજકન્યાનું નામ સાંભળતાં અચકાઇને ઉભો રહ્યો–તેના ચરણુજ અવશ થઈ ગયા. ત્યાં ઉભા રહેતાં નીચે પ્રમાણે સંભળાયું.

"આતે રાજકુમારી કે પાષાણ પ્રતિમા! તેના ઉપર આટલો આટલો સ્નેહ રાખે છે છતાં તે કોઇ બીજા ઉપર આશક છે! આ તે મનુષ્ય કે રાક્ષસી! આવા સુંદર પુરૂષને ન ચાહતાં વિજય ઉપર મોહિત થઇ છે! અરે! રાજપુત્ર પણ કેવા ભોળા છે! કે આ રાજકન્યાના જૂઠા પ્રણય ઉપર વિશ્વાસ રાખે છે! તેઓની દુર્દશા જોઇ મારૂં હૃદય ચીરાઇ જાય છે, રાજકન્યામાં જરાએ માયા–મમતા નહીં હોય! જેમ મોટા માણસ તેમ વધારે નિર્દય!"

આ વાક્યો સાંભળતાંજ કલ્યાણનું હૃદય વીંધાઇ ગયું, આખા શરીરનું લોહી ગરમ થઇ જઇ ઉછાળા મારવા લાગ્યું અને ક્રોધથી

અંગ ધ્રુજવા લાગ્યું. તે રાજસભામાં ન જતાં લતા-મંડપમાં પેઠો. કુમારને જોતાંજ ગુલાબ ભયભીત થઇ બોલી ઉઠી, "અરે આ શું? અહીંયા તમે કેમ આવ્યા?"

કલ્યાણ તેનો કાંઈ જવાબ ન આપતાં બોલ્યો, "તું શું બકતી હતી?"

ગુલાબ—ના, હું તો કાંઇ બોલી નથી.

આથી કલ્યાણ ગુસ્સે થઇ બોલ્યો, "કેમ? કાંઇ બોલી નથી? હમણાંજ રાજકન્યાના પવિત્ર હ્રદય ઉપર દોષારોપ કરતી હતી, અને કહે છે કે કાંઇ બોલી નથી? પાપીણિ, તું કોના નિર્મળ ચિત્ત ઉપર આરોપ મૂકે છે તે જાણતી નથી?" એમ કહી ક્રોધથી તરવાર બતાવી બોલ્યો, "લાચાર છું કે તું સ્ત્રી છે. બાકી જો કોઈ બીજું હોત તો આ તરવારથી તેના ટુકડે ટુકડા કરી નાંખત."

ગુલા—આપ પ્રેમને લઇને નરહત્યા કરવા તૈયાર થાઓછો ત્યારે પ્રેમની આગથી હું રાજકુમારીની નિન્દા કરૂં છું તેમાં શું ખોટું છે?

કલ્યાણ—રાજકન્યાની નિન્દા સાથે તારા પ્રેમને શો સંબંધ છે?

ગુલાબ—હું જેને ચાહું છું, તેનેજ રાજકન્યા ચાહે છે તેથી મારા રસ્તામાં તે કન્ટકસ્વરૂપ છે.

"તેનેજ રાજકન્યા ચાહે છે" એ સાંભળી કલ્યાણ હસીને બોલ્યો, "દુર્વત્તે જરા શાન્ત થા! તારૂં રત્ન રાજકન્યાના પગને પણ સ્પર્શવાલાયક નથી. આવી પાપી કલ્પનાઓથી તારા મનને પાપી બનાવ માં."

ગુલાબ—યુવરાજ! આ બધી કલ્પનાઓ નથી. આ કરણોથીજ વિજય સાથે રાજકન્યાનો પ્રેમલાપ મેં સાંભળ્યો છે.

કલ્યાણ—હું તારી વાત ઉપર બિલકુલ વિશ્વાસ રાખી શકતો નથી.

ગુલાબ—ત્યારે હું આપને સાબિતી આપું તો મને શું આપશો?

આમ બોલતાંની સાથે કલ્યાણના પગમાં આળોટી તેના પગ પકડીને બોલી, "યુવરાજ! આપ અહીંથીજ સભામાં જશો એમ ધારી, આપને સંભળાવવા માટેજ હું એ વાત ઉચ્ચ સ્વરે બોલી હતી, જો આપ તેનો તિરસ્કાર નહીં કરો તો બીજો ઉપાય નથી."

કલ્યાણ—હજી પણ મને તારા ઉપર વિશ્વાસ આવતો નથી. તો પણ જો તે સત્ય ઠરશે તો હું તારા ઉપર મારી શક્તિ મુજબ ઉપકાર કરીશ, પરંતુ પહેલું પ્રમાણ તું મને આપ.

ગુલાબ—આપ ઉષાના નામવાળી વીંટી વિજયની આંગળીમાં જોશો. એ વીંટી રાજકન્યા તરફથી વિજયને પ્રત્યુપકાર તરીકે મળેલી છે.

કલ્યાણ—તે તો હોઇ શકે. એમાં શું ? વિજય અને રાજકન્યા બાલપણથી સાથે ઉછરેલાં હોવાથી રાજકન્યાએ તેને ભ્રાતૃભાવે આપી હશે.

ગુલાબ—જો કેવલ ભ્રાતૃભાવથીજ તેને આપી હશે તો આપ તેને પૂછશો ત્યારે કંઇપણ સંકોચ રાખ્યા સિવાય તે કહેશે. અને જો બીજા ભાવથી આપી હશે તો આપની પાસે તે વાત ગુપ્ત રાખવાનો યત્ન કરવા માંડશે. માટે આપ તેને પૂછશો એટલે ખરૂં—ખોટું જણાઇ આવશે.

કલ્યાણ—પરંતુ વખતે રાજકન્યાને ખબર ન હોય અને વિજયે તે કોઈ ખરાબ અભિપ્રાયથી ચોરી લીધી હોય તો કહી શકાય નહીં! પરંતુ એટલા માટે કાંઇ રાજકન્યા ઉપર અવિશ્વાસ રખાય ?

ગુલાબ—વિજયને એમ કરવાનું શું પ્રયોજન ?

કલ્યાણ—તે હું શી રીતે કહી શકું ? તું જે જે કહે છે તે બધું નજરો નજર જોયા સિવાય હું કશુંય માનવાનો નથી.

આ વખતે ગુલાબ જરાક ગુસ્સે થઇ બોલી, “યુવરાજને આટલાથી પણ વિશ્વાસ આવતો નથી ત્યારે એક દિવસ ચોક્કસ હું નજરો નજર બતાવીશ, અને જ્યાં સુધી એ પ્રત્યક્ષ ન કરી શકું ત્યાં સુધી હું આપના ગુન્હામાં છું. હવે આજ તો હું જાઉં છું પરંતુ જ્યારે બરાબર લાગ ફાવશે ત્યારે હું આપને જણાવીશ.

એટલું બોલી ગુલાબ ત્યાંથી ચાલી ગઇ, અને કલ્યાણના હૃદયમાં પૂળો મૂકતી ગઈ, કલ્યાણ મનમાં મનમાં વિચારવા લાગ્યો, “શું આ સત્ય હોઇ શકે ? એવા પવિત્ર હૃદયમાં કોઇ દિવસ પાપ સંભવે નહીં. મને તો લાગે છે કે રાજકન્યાની સાથે ગુલાબને કાંઇક વૈર બંધાયું હસે એટલે તે આમ કરતી હશે. અને કદાચિત્ સત્ય હોય તો ?—એ મનમાં આવતાં તેનું હૃદય ધ્રુજી ઉઠયું. જો એ સત્ય હોય તો કોણ જાણે શું થશે. તો આજથીજ સુખની પાસેથી જન્મપર્યંતની વિદાયગીરી. અને આ યુદ્ધમાંજ આ દેહનું અવસાન ! પરંતુ ના, ના. એ વાતજ ખોટી છે, પ્રત્યક્ષ જોયા સિવાય ખરૂં મનાયજ નહીં. થોડા વખતનેમાટે તેના પવિત્ર હૃદય વિષે મેં સંદેહ આણ્યો તેથી હું તેનો અપરાધિ છું. નક્કી રાજકન્યાની સાથે ગુલાબને કાંઇક ગૂઢ વૈર બંધાયું છે.”

હવે તેના મનમાં કાંઈ સંદેહ રહ્યો નહીં. થોડી વાર પહેલાં તેના મનમાં જે થયું હતું તે શરદ કાળના મેઘની પેઠે ઉડી ગયું. તેથી દૃઢ ચિત્તે તે રાજસભામાં આવ્યો. પૃથ્વીરાજે તેજ દિવસે તેને સેનાપતિનું પદ આપ્યું. સભામાં દિલીપને જોઈ તેને બહુ નવાઇ લાગી, કેમકે તેનું મુખ સમરસિંહના મુખ સાથે મળતું આવતું હતું. પછી ગમે તો આજ કારણથી કે કોઇ બીજા કારણથી પણ કલ્યાણને દિલીપની સાથે ગાઢ મૈત્રી બંધાઇ.

પ્રકરણ ૧૫ મું.

સ્વાર્થ સાધકોનું પાપી કાર્ય.

ગયા પ્રકરણમાં જે અમે કહી ગયા છીએ તેની પહેલાં એક બનાવ બન્યો છે તે આ પ્રકરણમાં અમે જણાવીએ છીએ.

રાજસભામાંથી કલ્યાણને ઘેર આવતાં વિજયે સાંભળ્યું કે કલ્યાણ ત્યાં નહોતાં રાજકન્યાની સાથે યમુનાસ્તંભ ઉપર ગયો છે. આ સાંભળી પૂર્વની બધી વાતો યાદદાસ્તમાં લાવતો લાવતો તે યમુનાસ્તંભના ઉદ્યાનમાં પેઠો અને ત્યાંના માળીને બોલાવીને પૂછ્યું, "રાજકન્યા યમુના સ્તંભ ઉપર છે? સાથે સહચરી કોણ છે?" માળી બોલ્યો—"ગુલાબ."

વિજય—ક્યાં છે તે? શું રાજકન્યાની સાથે તે ઉપર છે!

માળી—"ના તે તો બગીચામાં છે." માળીએ જે દિશા બતાવી તે દિશા તરફ જતાં વિજય ગુલાબને મળી શક્યો. વિજયને જોઇ ગુલાબ પ્રફુલ્લ વદને બોલી, "અત્યારે હું યાદ આવી કે! મેં તો એમ સાંભળ્યું છે કે તમે ઘણો વખત થયાં અહીં આવ્યા છો. તમે મને ચાહતાજ નથી, નહીં તો સૌ પહેલાં અંહીંજ આવત."

વિજય જો કે ગુલાબની સાથે પ્રેમાલાપ કરવા આવ્યો નહોતો, પરંતુ અત્યારે તેને કેટલીક આવશ્યકતા જણાઇ તેને વિચાર્યું કે, પ્રેમની છલના વડે ગુલાબને સારી રીતે હાથમાં લીધા સિવાય રાજકન્યા અને કલ્યાણ વચ્ચે વિચ્છેદ થશે નહીં. અને એ વિચ્છેદ કરાવ્યા વિના તેની મનોવાસના પૂર્ણ થશે નહીં. એટલા માટે અહીં આવવાનું યથાર્થ કારણ પહેલું ન કહેતાં બોલ્યો, "તું નકામો મારા ઉપર દોષ મૂકે છે. રાજકાર્ય પૂરું થયું ન થયું ત્યાં તને મળવા માટેજ ઉચ્છ્વાસે આ તરફ આવ્યો છું. છીઃ સ્ત્રીઓ બહુ નિષ્ઠુર હોય છે. હું એક સ્ત્રી ઉપર સ્નેહ

રાખતો હતો પરંતુ તેણે તો મારો ત્યાગ કર્યો; વળી બીજી સ્ત્રીને હું જ્યારે ચ્હાવા લાગ્યો ત્યારે તે તો મને દુઃખ આપવાનાજ વિચાર કરે છે." વિજય જાણતો હતો કે ગુલાબ ખરેખર તેને ચ્હાય છે. તેથી બીજી સ્ત્રીને ચ્હાવાનું કહેતાં તેને દુઃખ અને ઇર્ષા ઉત્પન્ન થશે. વિજય ગુલાબને દુઃખ આપવાના ઇરાદાથીજ બોલ્યો હતો. વિજયનાં વચન સાંભળી ગુલાબ બોલી , " મને લાગે છે કે હજી પણ તમે રાજકન્યાને ભૂલી શકયા નથી. અરે ! તે ભૂલાયજ કેમ ? કેમકે જે વસ્તુ સ્હેજ મળી આવે તેનું ગૌરવ હોતું નથી. રાજકન્યાનો પ્રેમ અપ્રાપ્ય છે માટેજ સ્પૃહણીય છે. "

વિજય—ના, હવે હું તેને ચ્હાતોજ નથી.

ગુલાબ—ત્યારે કોને ચ્હાઓ છો ?

વિજય—તે શું તું જાણતી નથી જે ફરી વખત પૂછેછે ? હાય ! પ્રેમના ફાંદામાંથી હું એક વખત માંડ છૂટયો ત્યાં ફરી વખત કયાંથી પડયો ? મનને હું બહુબહુ સમજાવુંછું પરંતુ કોઇ પણ વાતે તે સમજતું નથી. તેં જે હમણાં કહ્યું તે બરાબર છે કે—જે ધન દુર્લભ હોય તે મેળવવાની આશા થાય. હું સમજું છું મારે મન તું દુર્લભ છે. માટેજ તને મેળવવાની ઇચ્છા થાય છે.

ગુલાબ—આજ મારી આટલી બધી મશ્કરી શા માટે કરો છો ? તમે મને ચ્હાતા નથી છતાં મેં તો તમને મારા મન—પ્રાણ સમર્પણ કર્યા છે. તો પણ હજી હું દુર્લભ !

વિજય—હા હું સમજુંછું કે તારો પ્રેમ તે મારોજ પ્રેમ છે; પરંતુ માત્ર આપણા બેનાજ પ્રેમથી કાંઇ લગ્ન થાય ?

ગુલાબ—ના, તે તો ન બને. તેમાં માતા પિતાની મંજૂરી જોઇએ. પરંતુ તમારો જો મારા ઉપર અનુરાગ હશે તો તમારા વૃદ્ધ પિતા મારી સાથે તમારાં લગ્ન કરવાની ના પાડશે નહીં કેમકે હું કાંઈ નીચકુલોદ્‌ભવા નથી, હું ચંદ કવિની ભગિનીછું અને તે તમારા પિતા જાણે છે.

વિજય—તે તો હું જાણુંછું કે મારા પિતા ના પાડશેજ નહીં

ગુલાબ—ત્યારે શું તમારી પોતાની ઇચ્છા નથી ?

વિજય—હું તો તને મેળવવા માટે ગાંડો ઘેલો બની ગયો છું.

ગુલાબ—તમારી વાતમાં હું બીલકુલ સમજતી નથી.

વિજય—તું જાણે છે કે અમને પ્રતિજ્ઞા પાલન બધા કરતાં વ્હાલું હોય છે.

ગુલાબ—ત્યારે શું મારી સાથે વિવાહ ન કરવાની તમે પ્રતિજ્ઞા લીધી છે? તો મને પ્રેમની નકામી આશા શા માટે આપી? આ જો પ્રથમ જાણ્યું હોત તો મનને હું સમજાવી શકત કે એ પ્રેમ દુર્લભ છે માટે તેની આશા રાખવીજ નહીં.

વિજય—ના ના, એવી મેં પ્રતિજ્ઞા કરી નથી. તારો પ્રેમ જાણ્યા પહેલાજ મેં પ્રતિજ્ઞા કરી હતી કે, જે સ્ત્રી મારૂં એક કાર્ય સિદ્ધ કરી આપે તેનેજ ચ્હાવું અને તેની ઇચ્છા હોય તો તેની સાથે લગ્ન કરવાં તે સિવાય બીજી કોઇ મારી થશે નહીં.

ગુલાબ—તે કાર્ય એટલું બધું કઠણ છે કે હું કરી શકીશ નહીં? તમારે માટે બીજી સ્ત્રીઓ જેટલું કષ્ટ સહન કરી શકશે તેના કરતાં સહસ્ત્રગણું કષ્ટ હું સહન કરી શકીશ.

વિજય—એમાં કાંઇ પણ કષ્ટ સહન કરવાનું નથી.

આ વાત સાંભળી ગુલાબ હર્ષથી બોલી, "જો કષ્ટ સહન કરવાનું નથી ત્યારે શા માટે કાર્ય બતાવતા નથી? જાઓ, કષ્ટ હો કે ન હો પરંતુ તમે જે કહેશો તે સઘળું હું કરીશ." ગુલાબની સરલતા જોઈ વિજયનું પાખંડી હૃદય ક્ષણકાળને માટે સહેજ વિચલિત થયું. આવી વિશ્વાસુ બાલિકા પાસે એક નિન્દ્ય વિશ્વાસઘાતકતાનું કાર્ય કરાવતાં તેને દયા આવી પરંતુ થોડી વારમાં તે ઢંકાઇ ગઈ. હિંસાનલ વળી સળગી ઉઠયો. વિજયને નિસ્તબ્ધ જોઈ ગુલાબ ભયથી બોલી, "બોલો શું કાર્ય છે? કહેતાં ભય ઉપજે છે? કોઇ અન્યાય કર્મ તો નથીને? ગુલાબની અન્યાય કર્મમાં આવી અશ્રદ્ધા જોઇ વિજય કાર્ય સિદ્ધિને માટે વધારે દૃઢ થયો. ગુલાબ તે કાર્ય કરવા સંમત થતાં જે દયા ઉપજી હતી તે એકદમ ઢંકાઇ ગઇ. વિજય હીન મનુષ્યોના સ્વભાવ પ્રમાણે ગુલાબની શ્રેષ્ઠતા સમજી શક્યો નહીં. ગુલાબને આ પાપી કાર્યમાં પ્રવૃત કરવાનો દૃઢ સંકલ્પ કરી તે બોલ્યો, "મેં તો પહેલુંજ કહ્યું હતું કે તું કરી શકીશ નહીં."

ગુલાબ—પણ કહેશો કે નહીજ? એ કાર્ય સાંભળ્યા પછી જણાય કે હું કરી શકીશ કે નહી કરી શકું! પરંતુ તમારા જેવા પુરૂષોના મનમાં પાપી કાર્યનો વિચાર ઉદ્ભવે એ હું જાણતી નહોતી.

વિજય જરાક ક્ષુબ્ધ થઇ બોલ્યો, "પહેલું સાંભળતો ખરી, પછી પાપાપાપનો વિચાર કરજે.

ગુલાબ—બોલો.

વિજય—જે રાત્રે રાજકન્યાએ મને પ્રેમ—આશામાં નિરાશ કર્યો હતો તેજ રાત્રે મેં પ્રતિજ્ઞા કરી છે કે, તે જેની પ્રેમાકાંક્ષિણી થઇ મને તુચ્છ ગણે છે તેની સાથેજ તેનો વિચ્છેદ કરવો, અને તેણે જેમ મારા સુખને કાપી નાખ્યું તેમ મારે પણ તેના સુખને કાપી નાખવું.

ગુલાબ દુઃખી થઈ બોલી, "શું હજી પણ એ દુઃખ તમારા મનમાં ગયું નથી? મારૂં હૃદય મેળવ્યા છતાં તમને સુખ થયું નથી?

વિજય—ના. હું તો તે રાત્રીની વાત કહું છું તારા પ્રણયથી હું આટલો બધો સુખી થઇશ એ મેં સ્વપ્નમાં પણ ધાર્યું નહોતું.

ગુલાબ—ત્યારે જો તમને સુખ થયું હોય તો એ ઇચ્છાને છોડી દ્યો.

વિજય—શું હું પ્રતિજ્ઞાચ્યુત થાઉં?—ક્ષત્રિય થઇને પ્રતિજ્ઞાચ્યુત થાઉં.? આ પ્રાણનો ત્યાગ કરી શકું! બધાંને તિલાંજલી આપી શકું! અરે વધારે તો શું! તારા અમૂલ્ય પ્રેમનો પણ ત્યાગ કરી શકું! પરંતુ પ્રતિજ્ઞાચ્યુત થઈ શકું નહિ."

ગુલાબ ગભરાટથી બોલી, "પરન્તુ હું રાજકુમારીનો શી રીતે વિચ્છેદ કરી શકું?

વિજય—તે તો હું તને શીખવીશ. હું જે જે કહું તે તે તારે કરવું" પછી ગુલાબ વધારે આનાકાની ન કરતાં બોલી," ચાલો, શું કરવું છે તે કહો?"

વિજય—પ્રથમતો રાજકન્યાની કોઈ મૂલ્યવાન વસ્તુ તારી પાસે છે? હોય તે મને આપ.

ગુલાબ—હા તેનું નામ કોતરેલી એક વીંટી મારી પાસે છે. એક દિવસ રાજકન્યાની શય્યામાં પડી રહેલી જોઈ મેં મારી પાસે રાખી હતી. પરંતુ આજ દિવસ સુધી આપતાં ભુલી ગઈ છું. તમે સંભારી આપ્યું એ ઠીક કર્યું એ તો ઠીક પણ તેને તમે શું કરશો?

વિજયે ગુલાબ પાસેથી વીંટી લેતાં લેતાં તે શા ઉપયોગમાં આવશે તે તથા ગુલાબને કરવાનું કાર્ય ધીમે ધીમે તેને કહી દીધું. ગુલાબ આ બધું સાંભળી ચમકી ઉઠી, તેનું સ્વભાવથીજ નિર્મળ કોમળ હૃદય આ નિંદ્ય કાર્યથી કમકમી ઉઠયું. તેથી તે રડતાં રડતાં વિજયના ચરણમાં પડીને બોલી, "હું તે નહીં કરી શકું; કેમકે રાજકન્યા મારા ઉપર કેટલુ બધું હેત રાખે છે તથા કેટલો બધો વિશ્વાસ રાખે છે

તેના બદલામાં હું આવું વિશ્વાસઘાતક કામ કરૂં ? તમે આ સિવાય બીજાં જે જે કાર્યો બતાવશો તે બધાં કરી શકીશ; પરંતુ આ કાર્ય તો મારો જીવ જશે તો પણ નહીં કરૂં" આ વખતે વિજય ક્રોધથી બોલ્યો, "કેમ? તેં હમણાંજ મને નહોતું કહ્યું કે 'તમે જે કહેશો તે હું કરીશ' મારા પ્રેમનો આવોજ બદલો? હાય હવે ફોગટ તને શું કહેવું? તું મને બીલકુલ ચ્હાતીજ નથી નહીં તો કાર્ય કર્યા વિના રહેત નહીં. તેં મને કહેવાનું કહ્યું ત્યારેજ મેં કહ્યું છે. ન કહ્યું હોતતો કાંઈ કહેત નહીં. થયું ત્યારે હવે હું જાઉં છું." ગુલાબ નિરવે રડવા લાગી અને કાંઈ પણ જવાબ આપી શકી નહીં. હવે વિજયના સ્નેહનું કારણ તેને યથાર્થ સમજાયું. તેને ચોક્કસ ખાતરી થઇ કે વિજય તેને ખરા દિલથી ચ્હાતો નથી. વળી એમ પણ થયું કે વિજય જેવા મનુષ્ય સાથે પ્રેમ બાંધવો એ ઉચિત નથી. પરંતુ બુદ્ધિ અને કારણથીજ જો પ્રેમ ઓછો વત્તો કરી શકાતો હોત તો દુનિયામાં આવાં જે અનિષ્ટ કાર્યો થાય છે તે થાત કે કેમ? તે વિચારવા જેવું છે.

ગુલાબ આ બધું જોવા—જાણવા છતાં તેના ઉપરના પ્રેમને દૂર કરી શકી નહીં. ઉલટું વિજય મેળવવા માટે તેનું સરલ અને પ્રેમ પૂર્ણ હૃદય વધારે ઉત્કંઠિત થયું. પરંતુ રાજકન્યાનું અનિષ્ટ કર્યા સિવાય તે મળી શકે એમ નહોતો, પોતાના સુખને માટે રાજકન્યાને ચિરદુઃખિની કરવી એ ગુલાબને બહુ આકરૂં લાગતું હતું. શું અને કેમ કરવું તે ગુલાબ વિચારી શકી નહીં. અત્યારે તેની વિવેચના શક્તિ ગાઢ નિદ્રામાં પડી ગઈ ઘડીભર એવો વિચાર આવ્યો કે. "આત્મસુખને માટે રાજકન્યાનું અનિષ્ટ કરવુંજ નહીં." વળી પાછું એમ થયું કે જો એમ નહીં કરૂં તો આખી જીંદગી સુધી વિજયને મેળવાની આશાનો ત્યાગ કરવો પડશે; છેવટે નક્કી કર્યું કે, "જો હું વિજયના કહેવા મુજબ કાર્ય કરૂં તો રાજકન્યાને આખી જીંદગી સુધી દુઃખમાં રહેવું પડશે? ના, એવું તો હું એકપણ કારણ જોતી નથી, વિજય કહે છે કે જો રાજકન્યાની સાથે કલ્યાણને વિચ્છેદ ઉત્પન્ન થાય તો હું તારી સાથે વિવાહ કરીશ તો તે શા માટે ન કરવું? છેવટે અમારા લગ્ન થયા પછી રાજકન્યાને અને કલ્યાણને આ બધું હું સ્પષ્ટ જણાવી દઇશ. એટલે તેઓ પણ સુખી થશે. માત્ર જ્યાં સુધી અમારાં લગ્ન નહીં થાય ત્યાં સુધી તેઓને કષ્ટ ભોગવવું પડશે

પરંતુ તે તો થોડાજ દિવસ. અને પછી તો તેઓ સુખી થવાનાં છે, એટલે એ બધું ભુલાઈ જવાનું. વળી તેઓ બન્ને એટલાં તો ઉદાર ચિત્તવાળાં છે કે આમ કરવાનું કારણ સ્પષ્ટ સમજ્યા પછી તેઓ મને ક્ષમા આપશે. અને અમારાં લગ્ન થઇ ગયાં એટલે પછી વિજય મારો ત્યાગ કરી શકશે નહીં. અરે ! પણ તે જાણીજ કેમ શકશે કે આ બધું મેં તેઓને કહી દીધું છે. વળી તેઓ મારૂં અમંગળ થશે એમ સમજી વિજય પાસે કશું બોલશેજ નહીં.

પોતાની ઇચ્છા પ્રમાણે મન તરત સમજી જાય છે. આ પ્રમાણે પોતાના મનને સમજાવી ગુલાબ પોતાના સુખ માટે નિત્ય કાર્ય કરવા પ્રવૃત્ત થઈ. ઉગ્ર સ્વાર્થ સિદ્ધિને વખતે દેવતા પણ આત્મસંવરણ કરી શકતા નથી તો ગુલાબના જેવી દુર્બળ અબળાનો શો ભાર ! અત્યાર સુધી રાહ જોતાં કાંઇ પણ ઉત્તર ન મળતાં વિજય જવાને તૈયાર થયો. આથી પોતાનાં અશ્રુઓ લુછી તેને જતો અટકાવી બોલી, " હું હવે બરાબર સમજી છું કે તમારા કાર્યની સિદ્ધિ માટેજ તમે મને ચાહો છો. ઠીક તે હું તમારૂં કાર્ય કરવા પ્રવૃત્ત થાઉં તો તમે મારા થશો કે નહીં ?

વિજય—" આ સૂર્ય અને ચંદ્રને સાક્ષી રાખીને હું કહું છું કે તો ગુલાબ મારી થશે." આથી ગુલાબ સહર્ષ બોલી, " ઠીક, હવે હું તમારા આવા કાર્યમાં પ્રવૃત્ત થાઉં છું પણ જો જો હો છેવટે મારો ત્યાગ કરતા નહીં !"

વિજય આ શબ્દો સાંભળી બહુ આહ્લાદિત થયો. તેણે અત્યાર સુધી ગુલાબને જે કષ્ટ આપ્યું તે ભુલાવવા માટે ભવિષ્યનાં સુખોની મોટી મોટી વાતો કરવા લાગ્યો. સરલ હૃદયા ગુલાબ આથી ભોળવાઇ ગઈ. ગુલાબને શાન્ત થએલી જોઈ વિજય બોલ્યો, " મહારાજની આજ્ઞાથી હું કલ્યાણને બોલાવવા આવ્યો છું. પરંતુ આ બધી વાતોમાં એ કહેવું હું ભુલી ગયો."

ગુલાબ—ત્યારે હું જઇને કહી આવું.

વિજય—ચાલ, તેઓની વાત સાંભળવા હું પણ આવું.

ગુલાબ—આટલું આટલું મારી પાસે કરાવા તૈયાર થયા તોપણ હજી શાન્તિ થઇ નથી ? આના કરતાં પણ જબરી વિશ્વાસઘાત કરવા હું તૈયાર થઇ છું ત્યારે આસો આ પણ કરીશ.

વિજય સંતાઇને તેઓની વાત સાંભળવા ઉભો રહ્યો ખરો પરંતુ તેઓનો સુખકર પ્રેમાલાપ સાંભળતાં તેના હૃદયમાં એટલી બધી વેદના થવા માંડી કે તે વધારે વખત ઉભો રહી શક્યો નહીં. દરેક વાતે જાણે તેનું હૃદય વીંધાવા લાગ્યું. તેથી ગુલાબને લઇ નીચે આવી બોલ્યો, "મેં જે કહ્યું છે તે બોલવાનો અત્યારે ઉતમ વખત છે. માટે મારો સંદેશો કહેવડાવવા માટે એક બીજી દાસીને મોકલીને તું લતા–મંડપમાં જા અને જ્યારે કલ્યાણ અહીંથી નીકળે ત્યારે તે સાંભળી શકે એટલા ઉંચા સ્વરથી મેં જે જે બોલવાનું કહ્યું છે તે બોલજે."

જે જે કરવાનું વિજયે શીખવ્યું હતું તે બધું ગયા પ્રકરણમાં કહેવાઈ ગયું છે. ત્યારપછી વિજય સભામાં આવ્યો. આ બધું લખવામાં—કહેવામાં જેટલો વખત લાગ્યો તેના કરતાં આ કાર્ય કરવામાં વિજયને અર્ધો પણ વખત લાગ્યો નહીં.

પ્રકરણ ૧૬ મું.

"ચંદન તરૂમાં દાવાનળ."

દીલ્હીમાં યુદ્ધની તૈયારી થઇ રહી છે. કલ્યાણ સેનાધ્યક્ષ હોવાથી બીજું કાંઇપણ કાર્ય કરવાનો તેને અવકાશ રહેતો નથી. ગુલાબની વાત સાંભળ્યા પછી એક વખત પણ રાજકન્યા પાસે તે જઈ શક્યો નથી; તેથી આજ તેને મળવા માટે કલ્યાણનું મન બહુજ ઉત્સુક થઈ રહ્યું છે. છેવટે થોડા વખતને માટે યુદ્ધની તૈયારીનો ભાર તેના સહકારી દિલીપસિંહ ઉપર મૂકી ત્યાં જવાનું તેણે નક્કી કર્યું.

દિલીપસિંહ કલ્યાણના તાબામાં આવેલા પાયદળનો અધ્યક્ષ હતો. થોડીવાર પહેલાંજ તેઓનું રણકૌશલ્ય જોઇ તે ઘેર આવ્યો હતો. ઘેર આવીને જ્યાં દિવાલે ઢાલ લટકાવવા ગયો ત્યાં તે હાથમાંથી નીચે પડી ગઇ; અને પાસે આવેલી એક પેટી સાથે અથડાણી. ઢાલ પાછી લેતાં તેને એક નવી વાત યાદ આવી. "સંન્યાસી કહી ગયા છે કે તારાં બાલ્યકાળનાં વસ્ત્રો ઉપરથી તારૂં અભિજ્ઞાન મળશે." પરંતુ દિલ્હી આવ્યા પછી આ બધા વ્યવસાયમાં એ વાત ભૂલાઇ ગઇ હતી, પણ ઢાલે પાછી સ્મૃતિમાં આણી; કેમકે તે જે પેટી સાથે અથડાણી હતી

તેમાંજ તેનાં બાલ્યકાળનાં વસ્ત્રો હતાં. તેણે ઢાલને પાછી યોગ્ય સ્થાને મૂકી અને કૌતુહલાક્રાન્ત થઇ પાસેની પેટી માંહેથી પેલાં વસ્ત્રો કાઢી તેને આમતેમ ફેરવીને તે જોવા લાગ્યો. પરંતુ જે આશા રાખી હતી તે ફળીભૂત ન થઇ. વસ્ત્રોમાં તેણે કાઇ પણ પ્રકારનું નવું ચિહ્ન જોયું નહિં. થોડીવાર પહેલાં આત્મ–પરિચયમાં જેવો અજ્ઞાન હતો તેવો ને તેવોજ આ વસ્ત્રો જોયા પછી તે રહ્યો. તેથી તેના મનમાં થયું કે, "આમાં શીરીતે મારૂં કુળ જડશે? વળી તેણે વસ્ત્રોને આમતેમ ખૂબ વીંખી જોયાં પણ કાંઇ સાબિતી મળી નહીં; તેથી કંટાળી જઇને તે જેવાં વસ્ત્રોને દૂર ફેંકવા ગયો ત્યાં તેમાંથી એક–બે કાગળની ચીઠીઓ નીચે પડી. કાગળ જોતાં તેની આશા વળી પુનર્સજીવન થઇ કે આમાં કાંઇક લખ્યું હશે! કેવું આશ્ચર્ય! કે અત્યારસુધી તે જોવામાં ન આવ્યા. તે એકદમ ત્યાંથી ઉભો થઇ કાગળ લઇ તેમાંનો એક કકડો વાંચવા લાગ્યો.

મહિમાર્ણવ, પ્રબળપ્રતાપ કુમાર શ્રી તેજસિંહની સેવામાં—

આપના ક્ષાત્રિય–મહારાજ જયચંદ્ર આપની તે વાતથી ગુસ્સે થયા છે અને આપનું અશુભ કરવા પ્રવૃત્ત થયા છે માટે સાવધાન રહેજો.

લી०

આપનો શુભાકાંક્ષી.

× × × ×

'આ શું? આનો અર્થ શું? આમાં મારો પરિચય ક્યાં છે?' આમ બોલી અત્યંત અધીર થઇ વળી બીજો પત્ર વાંચવા લાગ્યો—

મહામહિમ પ્રબલપ્રતાપ......તેજસિંહ......

જયચંદ્રનો ક્રોધ હજી ઉતર્યો નથી; તેણે આપનો નાશ કરવાની ઇચ્છા દર્શાવી છે, માટે આ વખત જો આપ......ઇચ્છા......તો આપની કન્યા શૈલબાળાને મારી પાસે રાખી આપ નાસી જાઓ.

લી. શુ.

× × ×

શૈલબાળાનું નામ આવતાં દિલીપ ચમકી ઉઠયો, ને તેના મનમાં એમ થયું કે જે દિવસ સંન્યાસીએ શૈલબાળા તથા તેના પિતાને પોતાની કોટડીમાં આણ્યાં હતાં તે દિવસે તેના હાથમાં એક બે કાગળો હતા તે આજ હશે. આપણે આગળ જોઇ ગયા છીએ કે તે પત્રો શૈલબાળાના પિતાએ નદીમાં ફેંકી દીધા હતા, પરંતુ તે પત્રો તરતા તરતા સંન્યાસી પાસે આવ્યા ત્યારે સંન્યાસીએ તે લઇ લીધા; અને

ધાર્યું કે ' અત્યારે આ મનુષ્ય વૈરાગ્યથી હિતાહિત વિવેચનાશૂન્ય થઇ ગયો છે, માટે આ બધું ગમે તેમ ફેંકી દેછે. પરંતુ આગળ ઉપર તેનેજ કામમાં આપશે.' આ પત્રો સંન્યાસીએ વાંચ્યા હતા કે કેમ? તે કહી શકાતું નથી, કેમકે મૃત્યુકાળે આ સંબંધે તેઓ કશુંય બોલ્યા નહોતા. વખતે તેઓને યાદ પણ ન આવ્યું હોય ! એ તો જે થયું હોય તે ખરૂં ! પણ અહીં તો પોતાનો પરિચય શોધતાં શૈલબાળાનો પરિચય દિલીપને મળ્યો. તેથી તે બહુજ ખૂશી થયો. તે વિચારવા લાગ્યો કે, શું ત્યારે અજાત ફુલશીલા શૈલબાળા તેજસિંહની પુત્રી ? ત્યારે તો હવે તે રાજવંશી થયેલી હોવાથી તેને મેળવવાની આશા દુસ્તર છે " દિલીપ આ પ્રમાણે તર્ક વિતર્ક કરતો હતો ત્યાં કલ્યાણ આવીને ઉભો રહ્યો. કલ્યાણને જોતાંજ પેલા પત્રો ગભરાટથી સંતાડી દીધા. ઘરમાં આવતાં ભોંયપર પડેલા વસ્ત્રો ઉપર કલ્યાણની દૃષ્ટિ પડી. રાજ્યનો પોશાક અહીં જોતાં કલ્યાણને બહુ નવાઈ લાગી બિન્દુમતી જ્યારે કિરણને લઇ ગઇ હતી ત્યારે કલ્યાણની ઉમ્મર માત્ર ૬ વર્ષની હતી. એટલે એ બધી વાત બરાબર યાદ નહોતાં અભાસ જેવી હતી. પરંતુ મોટા થયા પછી સારી પેઠે સાંભળી હતી. તોપણ આ વસ્ત્રો જોતાં એમ તો થયું કે આ વસ્ત્રો કોઇપણ જગ્યાએ મેં જોયાં છે. તેથી દિલીપને પુછ્યું:—

"આ વસ્ત્ર કોનાં ?"

દિલીપ—મેં સાંભળ્યું છે કે મારા બાલ્યકાળના છે.

કલ્યાણ—રાજ્યના પોશાક તમારી પાસે ક્યાંથી ? મને એમ થાય છે કે આ વસ્ત્રો મેં જોયેલાં છે. મેં જ્યારે તમને પહેલવહેલા જોયા ત્યારે તમારા વિષે મને સંદેહ થયો હતો, તે આ વસ્ત્રોથી તથા તમારી વાતથી વિશેષ દૃઢ થયોછે. તે ગમેતે હો પરંતુ આ વસ્ત્રો આમ શા માટે રખડે છે ?

દિલીપ—સંન્યાસીએ મને કહ્યું હતું કે "આ વસ્ત્રોથી તું તારો પરિચય મેળવી શકીશ.' એટલા માટે હું તેને જોતો હતો. પરંતુ કાંઈ ન જણાવાથી કંટાળી જઇને ફેંકી દીધાં છે.

કલ્યાણ દિલીપની આ બધી વાત મન દઇને સાંભળતો હતો; તેણે દિલીપના મુખથી જે જે સાંભળ્યું હતું તે ઉપરથી તે તેને કિરણ ધારતો હતો, તે સંદેહ ઉત્તરોત્તર દૃઢિભૂત થતો ગયો. પરંતુ જ્યાં સુધી કોઇ મજબૂત પ્રમાણ મળી ન આવે ત્યાં સુધી આ બધું પંચાટ કર-

વાની તેની ઇચ્છા ન હોતી. કેમકે દિલીપ એ કિરણ ન હોય તો સમરસિંહને વળી બમણું કષ્ટ થાય. થોડી વારે કલ્યાણે કહ્યું, "તમે મને એક વખત કહ્યું હતું કે મારા કંઠમાં રહેલા કવચમાં મારૂં યથાર્થ નામ છે. એમ સંન્યાસી કહેતા હતા, તો એ કવચ ક્યાં છે! મને બતાવો!"

દિલીપ—કામકાજથી નવરાશ મળતી નથી એટલે બતાવી શકતો નથી. એક વખત નક્કી તમને બતાવીશ.

કલ્યાણ ઝાઝો વખત અહીં ન રોકાય એવું દિલીપ ઇચ્છતો હતો કેમકે તે વખતે તેનું મન પેલા પત્રોમાં હતું, ક્યારે કલ્યાણ અહીંથી જાય ને ક્યારે એ બધા પત્રો વાંચું, અને શૈલબાળા સંબંધે વિશેષ હકીકત મળે તો જોઉં એ વિચારોથી તે અધીર થઈ પડયો. જો અત્યારે કવચ બતાવીશ તો કલ્યાણ ઝટ જશે નહીં એ ઇરાદાથી દિલીપે કવચ બતાવ્યું નહીં કલ્યાણની પણ વધારે વખત રહેવાની ઇચ્છા નહોતી. કેમકે તેને તો રાજકન્યા પાસે જવું હતું. એટલે બન્નેનાં મન જુદી જુદી દિશા તરફ જોડાયલાં હતાં. આથી કલ્યાણ જે કહેવા આવ્યો હતો તે કહીને ચાલતો થયો. કલ્યાણના ગયા પછી સાવધચિત્તે બધા પત્રો દિલીપે વાંચ્યા, પત્રો ઉપરથી તે સમજી શકયો કે શૈલબાળાનો પિતા કનોજના અધિપતિ જયચંદ્રનો કાકો થાય. બન્ને—કાકા ભત્રિજા વચ્ચે કાંઇ વિવાદ થવાથી જયચંદ્રે તેજસિંહને દેશ બ્હાર કાઢયો હતો. આ અપમાનથી લજવાઇને તેજસિંહ ગુપ્તવેશે દિવસો કાઢતો હતો. આવી અવસ્થામાં પરિચિત મનુષ્યોને મુખ બતાવતાં વિઘ્ન થાય એમાં કાંઈ નવાઈ નહીં! દિલીપ તેના તે પત્રો વારંવાર વાંચવા લાગ્યો, વાંચતાં વાંચતાં તેની આંખો અશ્રુઓથી છલકાઈ ગઈ, શૈલબાળાની શૈશવ ક્રીડાઓ તેને યાદ આવવા લાગી, અને તેને મળવા માટે તે બહુ અધીરો બની ગયો. થોડી વારે મન શાંત થતાં જયચંદ્ર અને તેજસિંહ વચ્ચે કલહ ઉત્પન્ન થવાનું કારણ જાણવા સારૂ બધા પત્રો આદ્યોપાન્ત ફરી વખત વાંચ્યા, પરંતુ તેમાંથી કશું જણાયું નહીં.

આ તરફ દિલીપ સંબંધે વિચાર કરતો કરતો કલ્યાણ રાજ્યકન્યાના ગૃહ પાસે આવી ઉભો રહ્યો ત્યાં ગુલાબ તેના જોવામાં આવતી એક વાત તેને યાદ આવી. તેથી જરા ગર્વથી બોલ્યો, "કાં રાજ્યકન્યા દુઃખિયા છે તેનું પ્રમાણ આપે છે કે નહીં?" ગુલાબ બોલી, "આપ એટલી બધી ઉતાવળ શા માટે કરોછો? મારે તે પ્રમાણ બતાવવુંજ

નહીં પડે! સત્યજ પોતાની મેળે તેની સત્યતા આપને બતાવશે. નહીંતર આપ શામાટે અત્યારે અહી આવો? આજ વિજયઅંહી આવવાનો છે આપ અંહી આવ્યા છો એ વિજયને હું જણાવીશ નહીં તેથી તે પરામાર્ગે ત્યાંજ આવશે." આવાં અસત્ય વાકયો ઉચ્ચારતાં તેના મુખમાંથી એક લાંબો નિશ્વાસ નીકળ્યો અને આંખો અશ્રુથી ભરાઇ ગઇ, પરંતુ રાજપુત્ર તે જોઇ શકયો નહીં. ગુલાબની વાત સાંભળી કલ્યાણનું મન સહેજ વિચલિત થયું. તે દિવસ વિજયનું નામ સાંભળતાં રાજકન્યા ચમકી હતી તે પણ યાદ આવ્યું. વારંવાર ઘર્ષણ કરવાથી કાષ્ટમાં પણ અગ્નિના તણખાઓ દેખાય એમાં નવાઇ શી? પરંતુ એ તણખાઓ હજી બાળી મૂકે એટલા બળથી ઉત્પન્ન થયા નથી. કલ્યાણ મનમા મનમાં બોલ્યો, "શું ગુલાબ કહેછે તે સત્ય છે હશે? તે દિવસે એટલા માટેજ મારા દેખતાં વિજયનું નામ સાંભળીને ચમકી હતી? તેણે ગુલાબને કહ્યું," તું જે કહેછે તે વખતે ખરૂં હશે. પરંતુ જો આજ વિજય આવશે તો હું તારી વાત ખરી માનીશ."

એટલું કહી તે તે રાજકન્યાના ગ્રહમાં પેઠો. રાજકન્યા આ વખતે કરપલ્લવમાં મુખ છુપાવીને પલંગ ઉપર સુતી હતી. રાજકન્યાને ખબર ન પડે એવી રીતે કલ્યાણ પાસે આવી તેને જોવા લાગ્યો. તેને જોતાં થોડી વારને માટે પણ તેના તરફ જે સંદેહ થયો હતો તેના માટે પોતાને ધિક્કારવા લાગ્યો. અને મનમાં બોલ્યો, "છીઃ! હું કેવો પાપિષ્ટ" રાજકુમારનો સ્વર જરા વધારે થવાથી રૂપાવતીએ માથું ઉંચું કરી જોયું, પણ ત્યાં તો યુવરાજને જોઇ તે ઉઠીને બેઠી થઈ. યુવરાજે જોયું કે તે રૂદન કરે છે.

જેણે કોઇ દિવસ આવું જોયું હશે તેઓ બરાબર સમજી શકશે કે નિઃશબ્દે રૂદન કરવાથી સુંદર સ્ત્રીનું વદન કેવું મનોહર લાગે છે? શું તે રમણીના હાસ્યપૂર્ણ વદન કરતાં મિષ્ટ નથી? ગુલાબનું પુષ્પ ઝાકળનાં બિંદુઓથી જરા નમી પડે ત્યારે તે વધારે રમણિય દેખાતું નથી? સૂર્યનાં પ્રચંડ અને ઉજ્જવલ કિરણોને બદલે શિતકાન્તિ ચંદ્ર પોતાનાં અપરિસ્ફુટ પ્રભાની કિરણો ફેંકે ત્યારે પૃથ્વી પ્રથમ કરતાં વધારે શોભિત દેખાતી નથી? દિવસના અત્યંત ઉજ્જવલ આકાશમાં કોઇ કોઇ કૃષ્ણવર્ણ મેધપસાર થાય ત્યારે તેની ઉજ્જવલાત્તામાં વધારો થતો નથી?

ઉષાવતીનાં રતાશ પડતાં નયનો નિહારબિન્દુઓથી છંટકાયલાં ગુલાબપુષ્પો પેઠે આંસુથી ભીંજાઇ રહ્યાં છે. જ્યારે પૂરાં ભરાઇ જાય છે ત્યારે તે આંસુઓ નિઃશબ્દઝરણની પેઠે કપોલ ઉપર વહી જાય છે. તેના ચીકણા કેશો પુષ્પથી ગુંથાએલા અંબોડાના રૂપમાં ન હોતાં આમ તેમ, મુખ, પૃષ્ટ વગેરે પર વિખરાયેલા છે. કોઇકોઇ જગ્યાએ તે આંસુથી ભીંજાયા છે. તેનાં સ્પન્દહીન અને અશ્રુસિક્ત નયનો અવનત છે, શરીર સ્તંભિત છે, ઓષ્ટાધર મુદ્રિત છે પરંતુ વખતે વખતે તે જરા જરા ફરકે છે. રાજકન્યાનું આવું રૂપ જોઇ કલ્યાણ મોહિત થઈ ગયો. અને મનમાં એમ થયું કે આવી સુંદરતા કોઇ દિવસ ક્યાં જોઈ નથી. થોડીવારે તે મુગ્ધની પેઠે બોલ્યો, "ઉષા, કેમ રડેછે?" આ પ્રશ્નના જવાબમાં માત્ર રાજકન્યાએ સામું જોયું, વળી કલ્યાણે પૂછ્યું, પણ તેનો જવાબ મળ્યો નહીં. માત્ર નીચી દૃષ્ટિ રાખી બેસી રહી. આ વખતે ભર્ત્તાની પેઠે અભિમાનથી કલ્યાણે પૂછ્યું, "રાજકુમારી, શું થયું છે તે મને કહીશ નહીં ?" આ વખતે ઉષાવતી કંઇક બોલવા ગઇ પરંતુ બોલાયું નહીં. કોને માટે રડેછે. તે બોલતાં આટલી બધી લજ્જા શાની! તે તે સમજી શકી નહીં, પછી રાજકન્યાનો હાથ પકડી પ્રેમપૂર્ણ મધુમય–મિષ્ટ સ્વરે બીજા પ્રશ્ન પૂછતો પૂછતો કલ્યાણ તેને ઝરૂખામાં લઈ ગયો. આ વખતે એક પુરૂષ ઉતાવળથી આ ઝરૂખાના દ્વાર પાસે આવતાં કલ્યાણને જોઇ સિંહને જોતાં મૃગ નાસે તેમ ચાલ્યો ગયો. રાજપુત્ર વિજયને ઓળખી શક્યો. આ વખતે તેનો યત્ન સફળ થયો. કાષ્ટમાં અગ્નિ પડવાથી ભૂ–ભૂ કરીને સળગી ઉઠયો. આખું બ્રહ્માંડ જાણે પ્રલયકાળ સરખું તેને ભાસવા લાગ્યું, આખું શરીર કન્ટકિત થઇ ગયું, અને તેની મૂર્તિ ક્રોધથી ભયંકર થઇ ગઇ, તેણે એકદમ રાજકન્યાનો હાથ તરછોડી નાખ્યો. રાજકન્યા પોતાના દુઃખમાં ડુબેલી હોવાથી તે વિજયને જોઇ શકી નહોતી. તેથી કલ્યાણનું આવું કાર્ય જોઇ તેને બહુ નવાઇ લાગી. રાજકન્યાએ અત્યાર સુધી કલ્યાણના મુખ સામું જોયું નહોતું. પણ આ વખતે જ્યાં જોયું ત્યાં ગુસ્સાથી લાલચોળ થયેલું હોવાથી તે બહુ ભયભીત થઇ ગઇ. કલ્યાણ અત્યંત ક્રોધથી બોલ્યો, પાપિણી, તું આ માટે રડતી હતી તે હવે હું સમજ્યો. એટલા માટેજ તું મને ઉત્તર આપી શકતી નહોતી; કેમકે એકદમ શો જવાબ આપવો તે તું ગોઠવતી હતી! અહા! હું કેવો વિશ્વાસુ અત્યાર સુધી હું એમજ માનતો હતો કે હું યુદ્ધમાં જવાનો છું તે માટે તું રડે છે,

બીજાને માટે રડે છે તે તો સ્વપ્નમાં પણ ધાર્યું નહોતું." ઉષાવતીથી હવે બોલ્યા વિના રહેવાયું નહિ. તે ગંભીર અને ધ્રુજતે અવાજે બોલી, "શું તમારે માટે હું રડતી નથી ?"

કલ્યાણ—તું દુશ્ચરિત્રા હોવાથી કપટતા એ તારો અલંકાર છે. શું તું મારે માટે રડે છે ? ત્યારે તે દિવસે વિજયનું નામ સાંભળતાં ચમકી શા માટે હતી ?

ઉષા—શું હું દુશ્ચરિત્રા ! તમારા મુખમાંથી આવા શબ્દો નીકળતા સાંભળી મારૂં મૃત્યુ કેમ થતું નથી ?

કલ્યાણના શબ્દોથી રાજકન્યાના મસ્તક ઉપર વજ્રાઘાત થયો હતો. રાજપુત્રને પોતાના વિષે કાંઇ સંદેહ થયો છે એમ તે સમજી શકી પણ શામાટે થયો છે તે સમજી શકી નહીં.

કલ્યાણ બોલ્યો, "હા હા, તું સતી છે ! એટલા માટેજ પ્રણયોપહાર તરિકે વિજયને વીંટી આપી હતી ? તું સતી છે ! એટલા માટેજ તેના ઉપર પ્રેમ રાખી મને સ્વામી કરવા તૈયાર થઇ છે ! પાપિણી ! તું દુશ્ચરિત્રા થઇને અટકી નથી; પણ વેશ્યાની પેઠે અસત્ય પ્રણયપાશે મને બદ્ધ કર્યો છે. તને દુશ્ચરિત્રા જાણ્યા છતાં તે બંધન હું તોડી શકતો નથી, આખી જીંદગીને માટે મારૂં સૂખ ઉડી ગયું. આ હું કેવો મોહિત થયો હતો કે ગુલાબની વાત ઉપર વિશ્વાસ ન રાખતાં પ્રત્યક્ષ જોયું ત્યારે ખરૂં માન્યું."

કલ્યાણની વાત સાંભળી રાજકન્યા બહુ આશ્ચર્ય પામી બોલી, શું પ્રત્યક્ષ જોયું છે ? અને કયારે વિજયને મેં વીંટી આપી છે ? પરંતુ તેને વધારે બોલતી અટકાવી કલ્યાણ બોલ્યો, "ચૂપ કર. જે કર્યું છે તે બધું ખરૂં છે. હવે જૂઠું બોલીને વધારે પાપ કર નહિં. જો પ્રત્યક્ષ ન જોયું હોત તો તારી વાત માનત. હું હવે તેને કંઇ કહીશ નહીં. તારૂં હૃદય તને નરકયંત્રણા આપશે. હવે હું જાઉં છું—યુદ્ધમાં પ્રાણત્યાગ કરવા માટે જાઉં છું. હું સુખેથી વિદાય માગવા આવ્યો હતો તે હવે જીંદગીને માટે વિદાયગીરી લઉં છું. તારે આ કાર્યનું ફળ એક વખત તો ભોગવવુંજ પડશે. હવે જો ભય હોય તો પશ્ચાતાપ કર અને પ્રાયશ્ચિત કર" આટલું બોલી કલ્યાણ ત્યાંથી ચાલ્યો ગયો. રાજકન્યા અત્યારસુધી મૌન રૂદન કરતી હતી. હવે તેની આંખમાં અંધારાં આવવા લાગ્યાં અને તે મૂર્છિત થઇને આરસપહાણ રચિત ઝરૂખામાં પડી ગઇ. રાજપુત્ર તે જોઇ શક્યો નહીં ગુલાબ

અત્યાર સુધી સંતાઇ રહીને બધું જોતી—સાંભળતી હતી, રાજકન્યાને પડતાં જોઇ તેનું હૃદય અનુતાપથી ભરાઇ ગયું, અને પોતાના ભવિષ્યના સુખની ઇચ્છા તેને ન રહી. થોડીવાર તો એમ થયું કે આ બધી રચના કલ્યાણુ પાસે સ્પષ્ટ—ખુલ્લી કરી દઉં. પણુ એ વખત હવે રહ્યો નથી. કેમકે કલ્યાણુ પાસે એ બધું કહેવા જાય તો પાછળ રાજકન્યાનું શું થાય? માટે રાજકન્યાને સ્વસ્થ કરવા ગઇ. તેણે વિચાર્યું કે, રાજકન્યાને સ્વસ્થ કરી આ બધું ખુલ્લું કરી દઇ અપરાધનો સ્વિકાર કરવો અને પછી કલ્યાણુને કહી દેવું. ઝરૂખામાં આવતાં જોયું તો શીતનિહાર—સંકુચિત કમળની પેઠે રાજકુમારી પડી છે, તેનું મુખ ફીકકું પડી ગયું છે અને કપોલ તથા ઓષ્ઠ ઉપર પરસેવાનાં બિંદુઓ તરી આવ્યાં છે. ગુલાબે આંખો અને મોં ઉપર ગુલાબજળ છાંટયું તથા ધીમે ધીમે થોડો વખત વાયુ ઢોળ્યો, તેથી રાજકન્યાને કિંચિત્ સંજ્ઞા પ્રાપ્ત થઈ ખરી, પરંતુ તે વળી પાછી મૂર્છિત થઈ ગઇ. હવે રાજકન્યાની આ અવસ્થા ગુપ્ત રાખવાનું સાહસ તે કરી શકી નહીં. તેણે એકદમ એક પરિચારિકા દ્વારા આ સમાચાર રાજમહિષિને કહેવડાવ્યા, અને પોતે રાજકન્યાને પલંગ ઉપર સુવડાવવાના ઇરાદાથી જેવી તેને ઉંચકી કે તરતજ તેના મસ્તકમાંથી ટીપે ટીપે રક્તપ્રવાહ કપોલ ઉપર વહેવા લાગ્યો, આ રક્તપ્રવાહ ક્યાંથી નીકળે છે તેનો તપાસ કરતાં ગુલાબને જણાયું કે માથાના એક ભાગમાં મોટો આઘાત થયો છે. તેણે આ બધું રક્ત જળવડે સાફ કરી રાજકન્યાને ધીમે ધીમે લઇ જઈ પલંગ ઉપર સુવડાવી.

આ તરફ દાસી રાજકન્યાના મૂર્છિત થવાના સમાચાર લઈ રાજમહિષી પાસે ગઇ. રાજમહિષીની ઉમ્મર આ વખતે ૩૨ વર્ષની હતી. એટલે તેનું પૂર્ણયૌવન રૂપરાશીથી ઝળહળી રહ્યું છે. એક સભાસદ તેની પાસે બેસીને આવતા યુદ્ધનો બંદોબસ્ત વર્ણવે છે. દાસીને જોઇ તેને આવવાનું કારણુ પૂછ્યું. દાસી બોલી, “ બ્હેનને મૂર્છા આવી છે માટે આપ જલદી ચાલો. ” રાજમહિષીને ઉષા સિવાય બીજું કંઇ સંતાન ન હોવાથી તેને કંઇક થતાંજ તે અધીરી થઇ જતી. ઉષાને મૂર્છા આવ્યાના સમાચાર સાંભળતાંજ તેણે સભાસદને રજા આપી અને પોતે રાજકન્યાના ગૃહમાં આવી ત્યાં જઇને જોયું તો રાજકન્યા મૃતવત્ પડેલી છે અને ગુલાબ તેને શુદ્ધિમાં લાવવાના યત્ન કરે છે, પરંતુ ગુલાબથી કશું બોલાયું નહીં. તે તો ન્યાયાધીશની પાસે ઉભેલા

અપરાધિની પેઠે ભયભીત થઈ ગઇ, માત્ર તેની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં, ગુલાબને ચૂપ રહેલી જોઇ બીજી પરિચારિકા વાત કરવાનો પ્રસંગ મળેલો જોઇ પોતપોતાનો અભિપ્રાય દર્શાવવા મંડી કોઈ અતિકષ્ટે એક બે અશ્રુબિન્દુ લાવી તે રાજમહિષીને બતાવવાનો અવસર શોધવા લાગી, કોઇ લાંબા લાંબા નિસાસા મૂકવા માંડી પરંતુ તે રાજમહિષી સાંભળતાં નથી એમ સંદેહ લાવી તેની પાસે જઈ બેઠી. સૌ રાજકન્યાને થયેલી પીડાની કલ્પિત વાતો કરવા લાગી. છેવટે એક પ્રવીણ પરિચારીકા બોલી.'' ના, ના, એ બધું ખોટું. આજ કલ્યાણ અંહી આવ્યા હતા; તેની સાથે યુદ્ધની વાત થઈ હશે, હવે જ્યાં સુધી તેઓ બેઠા હશે ત્યાં સુધી તો સારૂં હશે પણ જ્યારે તેઓ અંહીથી ગયા હશે ત્યારે તેઓની વિપદની આશંકાથી મૂર્છા આવી હશે''

આ વાત સાંભળતાંજ બધાં બોલી ઉઠયાં; " બરાબર " રાજમહિષીને પણ એ વાત ખરી લાગી. કેમકે તેણે ખૂબ વિચાર કરી જોયો પણ આ કારણ સિવાય બીજું કશું તેને યાદ આવ્યું નહીં પછી તેણે બધાંને ચૂપ બેસી રહેવાનું કહી વૈદ્યને તેડવા માણસ મોકલ્યું વૈદ્દે આવીને જોયું ત્યાં સુધીમાં પણ શુદ્ધી આવેલી ન હતી. વૈદ્દે નાડી પરીક્ષા કરી કહ્યું કે રાજકન્યાને જ્વર આવવાની શરૂઆત થઇ છે. રાજકન્યા કયાં હતી? શીરીતે મૂર્છિત થઇ? કેટલો વખત થયાં મૂર્છિત છે? વગેરે વૈદને કહી સંભળાવ્યું. પત્થરના આઘાતથી આ બધું રક્ત વહે છે એમ સાંભળી તેણે મસ્તક બરાબર જોયું પછી બોલ્યો,'' મસ્તકમાં મોટો આઘાત થયો છે માટે રાજકન્યાને શુદ્ધિ આવતી નથી. વળી એથીજ જ્વરની શરૂઆત થઇ છે. મને તો લાગે છે કે આ આઘાત સાંઘાતિક છે માટે હું એકલો આની ચિકીત્સા કરી શકીશ નહિ.

લેપન કરવાનું ઔષધ બતાવી રાજવૈદ્ય બીજા વૈદ્યોને તેડવા માટે ત્યાંથી ચાલ્યો ગયો. રાજમહિષિને એમ લાગ્યું કે " વખતે આ કન્યારત્નથી હું વંચિત થઇશ એ આ શંકાથી તે રડવા લાગી. અને આહાર—નિદ્રાનો ત્યાગ કરીને પોતાની પુત્રીની સુશ્રુષા કરવા લાગી.

પ્રકરણ ૧૭ મું.

' દિલિપ તેજ કિરણસિંહ. '

કલ્યાણ ઘેર આવીને પ્રથમ તો આપઘાતનો વિચાર કરવા લાગ્યો દરેક ક્ષણે તેનું જીવન તેને એટલું તો કષ્ટકર લાગવા માંડયું કે આવતા યુદ્ધ સુધી જીવવું એ એક યુગ જેટલું તેને જણાયું. પરંતુ તે સિવાય બીજું સન્માનજનક મૃત્યુ ન હોવાથી વગર છૂટકે ત્યાં સુધી પ્રાણ રક્ષા કરવાનું ધાર્યું.

મૃત્યુનો ઉપાય આ પ્રમાણે નક્કી થતાં વળી બીજી કેટલીક વાતો તેને યાદ આવવા લાગી એકે એકે પિતા, માતા—અપરમાતા, ચિતોડ વગેરે મનમાં આવ્યું. મૃત્યુ થવાથી તે સુખમય જન્મભૂમિ—રમ્ય પહાડાવૃત્ત ચિતોડ નગરીમાં હવે ફરી વખત જવાશે નહીં! આ છેલ્લી વખતનાં દર્શન કરીનેજ આવ્યોછું! મરવા માટેજ સ્વદેશનો ત્યાગ કર્યો છે! અપરમાતા—કમલદેવી જે મારા ઉપર બહુ સ્નેહ રાખે છે, તેનાં પણ છેલ્લીવારનાં દર્શન કરી આવ્યોછું! આહા! તેઓના મધુર, સ્નેહમય અને મિષ્ટ શબ્દો હવે કોઇ દિવસ સંભળાશે નહીં! બાલ્યકાળથીજ કલ્યાણ માતૃહીન હતો, પરંતુ કમળદેવીના ઉંચા ગુણોથી તેને માતૃસ્નેહની ખોટ જણાઇ નહોતી. તે કમળદેવીનેજ પોતાની માતા સમજતો અરે! મૃત્યુ વખતે તેનાં છેવટનાં દર્શનનો લાભ મળ્યો નહીં! આહા! મરતાં પહેલાં એક વખત " મા ' કહીને તેને બોલાવાશે નહીં! પિતા સમરસિંહ—સ્નેહપૂર્ણ, પુત્રવત્સલ પિતા—ને આખી જીંદગીને માટે છોડીને ચાલ્યા જવું પડશે! તેઓનો મધુમય ઉપદેશ હવે કોઈ દિવસ કર્ણમાં પ્રવેશ કરશે નહીં! કિરણ ડૂબ્યા પછી સમરસિંહનો નેત્રાનંદ વર્ધક, વાર્ધક્યની આશા જીવનનું સુખ અને ટુંકામાં કહીએ તો તેનું સર્વસ્વ કલ્યાણજ હતો. હવે જો કલ્યાણ મૃત્યુ પામે તો તેનું હૃદય શૂન્ય થઇ જાય સમરસિંહ એ પ્રહાર શી રીતે સહન કરી શકશે? પુત્રનું મૃત્યુ થવાથી પુત્રવત્સલ-પિતા શી રીતે જીવન ટકાવી શકશે? પિતાની વાત યાદ આવતાં કલ્યાણને બહુ કષ્ટ થવા માંડયું. હાય! જ્યારે તે ચિતોડથી આવતો હતો ત્યારે તેણે ધાર્યુંકે ભગ્નહૃદયે પ્રાણ ત્યાગ કરવો પડશે? જ્યારે તે રાજકન્યાના પ્રેમમાં મગ્ન થયો હતો ત્યારે તેણે ધાર્યું હતું કે આવું પરિણામ આવશે! ત્યારે તો ચોતરફ આશા, સુખ, પ્રેમ અને રાજ-

કન્યાજ દેખાતાં. અને કદાચિત્ યુદ્ધમાં મૃત્યુ થાય તોપણ સુખસ્વપ્નો જોતાં જોતાં, રાજકન્યાનું મુખ પ્રત્યક્ષ કરતાં કરતાં, મૃત્યુ સમાચાર રાજકન્યાને મળતાં તેનો હ્રદયભેદક રૂદન વિચારી અશ્રુપાત કરતાં કરતાં મરવું હતું, તેને બદલે મૃત્યુકાળે રાજકન્યા સ્નેહમયી ન દેખાતાં વિષધરી ભુંજગીની જોતાં જોતાં, જીવન સુખકર ન ધારતાં તિરસ્કાર ઉપજાવનારૂં વિચારતાં વિચારતાં, રાજકન્યાને પ્રેયસી સંબોધને ન બોલાવતાં પાપિણીના સંબોધને તિરસ્કાર કરતાં કરતાં પ્રેમાશ્રુને બદલે વૈરાગ્યાશ્રુ ત્યાગ કરતાં કરતાં મૃત્યુ પામવાનું કોઇએ ધાર્યું હતું ? અરે પણ યુદ્ધમાં પ્રાણત્યાગ કરવો પડશે એવું કોણે ધાર્યું હતું? તે જાણતો હતો કે, યુદ્ધમાં યવનોનો પરાજય કરી જય જય નાદ કરતા દિલ્લીમાં પાછા આવવાના છીએ, અને વિજય પતાકા ઉડાડતા ઉડાડતા પિતા પુત્ર સાથે ભ્રાતા ભગિની સાથે, પતિ પત્નિ સાથે સાશ્રૂનયને આનંદ ચિત્તે ભેટી ઇશ્વિરને ધન્યવાદ આપવાના છીએ. વળી યુદ્ધ પુરૂં થશે ત્યારે પૃથ્વીરાજ તેના હસ્તમાં ઉષાવતી સમર્પણ કરશે અને તે હર્ષોલ્લસિત ચિત્તે, આશા પૂર્ણ હૃદયે તેનું પાણિ ગ્રહણ કરશે; ત્યારે ઉષાવતી—પ્રેમમયી ઉષાવતી—રમણીરત્ન ઉષાવતી—તેની થશે. ઉષાવતીનું મુખ આનંદથી પ્રફુલ્લીત થશે; અને કલ્યાણમાંજ બધાં સુખ તે જોશે. વિવાહ થયાપછી નવી વહુ લઇને કલ્યાણ ચિતોડ પાછો આવશે ત્યારે વધુને જોઈ માતાઓના આહ્લાદની સીમા રહેશે નહીં. આ પ્રમાણે બધી વાતો તેના મનમાં રમતી હતી. પરન્તુ હાય ! એ બધી આશાઓ અત્યારે મૂળમાંથી ઉખડી પડી છે. કલ્યાણનો સુખ—પ્રદીપ ઓલવાઈ જવાથી જીવન તેને અસહ્ય થઇ પડયું છે. હવે તેના મૃત્યુ—પથમાં માત્ર તેના પિતા વિઘ્ન રૂપે રહ્યા. કેમકે જો કલ્યાણનું મૃત્યુ થાય તો સમરસિંહને અસંત મનોવેદના પ્રાપ્ત થાય અને બધી આશાઓ વિલુપ્ત થાય—એ ચિંતાથી આવી અવસ્થામાં પણ કલ્યાણને પીડા થવા લાગી. બીજી કેટલીક વાતો યાદ આવ્યા પછી વળી એમ પણ યાદ આવ્યું કે જો તેનું મૃત્યુ થાય તો પછી ચિતોડાધિપતિ કોણ થશે? કેમકે તેણે સાંભળ્યું છે કે તેના બે ભાઈઓને રાજ્ય આપવાની સમરસિંહની ઇચ્છા નથી. પિતાના માનવા પ્રમાણે તેઓ રાજ્યને માટે નાલાયક છે. ત્યારે હવે જો તે મરે તો ચિતોડનું શું થાય? પિતા તો અત્યારે પ્રૌઢ થયા છે, તેથી હવે વધારે વખત રાજ્યભાર વહન કરી શકશે નહીં, તેમાં વળી આ બનાવ બને તો શોકાકુળ થઇ જલદીજ અકર્મણ્ય થઇ જાય.

આવા આવા વિચારોથી કલ્યાણ બહુ દુ:ખી થવા લાગ્યો. તેને અત્યારે યાદ આવ્યું કે, "મેં ધાર્યું હતું કે મરીશ એટલે સુખ થઈ જશે પરંતુ સુખે મરાય છેજ ક્યાં? આ જો કિરણ અત્યારે હોત તો આ કશી નડતર આવત નહીં. નિર્વિઘ્ને, નિશ્ચિંતે મરી શકત, પિતાને માટે પણ વિચારવું ન પડત તેમ ચિતોડને માટે પણ વિચારવું ન પડત! વળી કિરણ હોવાથી મારા મૃત્યુથી પિતાને એટલું બધું કષ્ટ ન લાગત. તેઓ બધું સુખ, આશા વગેરે કિરણમાં સ્થાપત." કિરણની વાત યાદ આવતાં દિલીપની વાત યાદ આવી; દિલીપની વાત સાથે તેના કવચની વાત પણ યાદ આવી. આ વખતેજ દિલીપ ત્યાં આવીને ઉભો રહ્યો. દરરોજ તો દિલીપને જોતાંજ કલ્યાણ હસીને તેને બોલાવતો, પરન્તુ આજ કલ્યાણને વિષણ્ણ તથા નિસ્તબ્ધ જોઇ દિલીપ સંકોચાઇને પાસે ઉભો રહ્યો. થોડીવારે ઉંઘમાંથી ઉઠેલાની પેઠે પૂછ્યું, "કેમ!—કાંઇ કામ છે? હું હમણાંજ તમારી પાસે આવવાનું કરતો હતો. કેમ કે તમારૂં કવચ જોવાની મને બહુજ ઉત્કંઠા થઇ છે. દિલીપ બોલ્યો, "આપની પાસે આવવાનું મારે બીજું પ્રયોજન નથી. હું આ કવચ બતાવવાજ આવ્યો છું." એમ કહી કંઠમાંથી સુવર્ણહારયુક્ત કવચ છોડી કલ્યાણના હાથમાં મૂક્યું. કવચમાં લખેલું નામ વાંચતાં કલ્યાણને બહુ આશ્ચર્ય થયું. તેણે સાંભળ્યું હતું કે 'કિરણ' નામ કોતરેલું રક્ષાકવચ કિરણના ગળામાં રહેતું. અને એટલા માટેજ દિલીપનું કવચ જોવાને તે આતુર થયો હતો. પછી કલ્યાણે વિસ્મય પ્રકાશ ન કરતાં ધીરે ધીરે પૂછ્યું— "આ કવચ સંન્યાસીને ક્યાંથી મળ્યું હતું?"

દિલીપ—મારા કંઠમાંથી

કલ્યાણ—ઠીક, સંન્યાસીએ કયા દેશમાંથી તમને મેળવ્યા હતા. તે તમે જાણો છો? મેં તમારા મુખથી બીજી ઘણી વાતો સાંભળીછે પરન્તુ એ વાત સાંભળી નથી.

દિલીપ—તેઓ કહેતા હતા કે 'ચિતોડમાંથી.'

કલ્યાણ—ચિતોડમાંથી?

દિલીપ બોલ્યો, "હા"

કલ્યાણ—ત્યાર પછી? તેઓની પાસેથી તમે જે જે સાંભળ્યું હોય તે બધું વિસ્તારથી કહો જોઇએ."

દિલીપ ઝડી થઇ તે પછી બીજી રાત્રે સંન્યાસી ચિતોડ પાસેની

નદીના કાંઠા ઉપર ફરતા હતા, કાંઠા ઉપર મને મૃતવત્ પડેલો જોઇ ઉપાડી લીધો અને કેટલીક ચેષ્ટા કરી મને સજીવ કરી પુત્ર પેઠે ઉછેર્યો ત્યારથીજ આ કવચ મારા ગળામાં છે. સંન્યાસીએ મૃત્યુ વખતે કહ્યું હતું કે "આ કવચમાં તારૂં યથાર્થ નામ છે." તેઓનો શ્વાસ રૂંધાઇ જવાથી તેઓ બીજું કશું બોલી શક્યા નહોતા. "તું ચિતોડ-" એટલું બોલ્યા ત્યાં તો તેમનું જીવન પૂર્ણ થઇ રહ્યું. અહીં આવ્યા પછી કવચમાં શું લખ્યું છે તે મેં એક દિવસ વાંચ્યું હતું; પરંતુ મારાં બાલ્યકાલનાં વસ્ત્રોથી જેટલો પરિચય મને મળ્યો તેટલોજ આ કવચથી મળ્યો—મતલબ કે કાંઇજ નહીં. આમાં લખ્યું છે કે "કિરણસિંહ" પરંતુ એટલા ઉપરથી હું કેમ જાણી શકું કે હું કોણ છું? સાથે જો પિતાનું નામ—ઠામ હોત તો વખતે પરિચય મેળવી શકાત હવે વધારે વખત પોતાનો આનંદ કલ્યાણ છુપાવી શક્યો નહીં. દિલીપ તેજ કિરણસિંહ, તેમાં કશો પણ સંશય રહ્યો નહીં. તેના ભગ્ન અને નિરાશ હૃદયમાં આશાનો જરાક સંચાર થયો; તે ગંભીર દુઃખમાં પણ જરાક આનંદનો ઉદય થયો તેથી બોલ્યો, "તું મારો પાસેમાં પાસે સગો છે. તે મેં આજ જાણ્યું આજ દિવસ સુધી મને સંદેહ રહેતો હતો પરંતુ જે મળવાની આશાજ નથી તે ક્યાંથી હોય એમ ધારી તે સંદેહને હૃદયમાં સ્થાન આપ્યું નહોતું તે સંદેહ આજ સત્ય ઠર્યો મારી બધી આશાઓ સફળ થઇ ખરેખર મારો પ્રાણપ્રિય મિત્ર દિલીપ તેજ કિરણસિંહ અને મારો લઘુભ્રાતા. આવ—એક વખત પ્રાણ ભરીને ભેટી લઉં

અત્યંત સ્નેહથી ભેટ્યા પછી કલ્યાણે તેનું બધું જીવનવૃત્તાંત ખુલ્લું કરી દીધું. દિલીપ પોતાનું અભિજ્ઞાન મેળવવાથી અતિ આહ્લાદે વાક્શક્તિ હીન થઇ ગયો અને ફરી વખત કલ્યાણને ભેટી પડ્યો. પછી કલ્યાણ બોલ્યો, "થોડીક જ વાર પહેલાં કિરણને માટે હું વ્યાકુળ થઇ પડ્યો હતો પરંતુ ચતુર્ભુજા દેવીએ મારી આશા પૂર્ણ કરી. હું વિચારતો હતો કે, "મારૂં મૃત્યુ થશે તો ચિતોડનું શું થશે? પિતાના શોક નિવારણનું શું થશે? એટલા માટેજ દેવી ચતુર્ભુજાએ તને મારી પાસે મોકલ્યો છે. હવે હું નિશ્ચિંત થઇને મરી શકીશ. દિલીપ કલ્યાણની વાત સાંભળી અતી વિસ્મય પામ્યો, તે જોઇ કલ્યાણ બોલ્યો, "મારી વાતથી આશ્ચર્ય પામીશ નહિં હું કહું તે બરાબર ચિત્ત દઇને સાંભળ. તું જાણે છે કે પિતાના મૃત્યુ

પછી રાજ્યનો અધિકાર મારો છે. આજ એ મારૂં સર્વસ્વ તને આપું છું. આજથી તુંજ ચિતોડનો યુવરાજ; અને ભવિષ્યમાં તુ જ સિંહાસન ઉપર બેસશે.

કલ્યાણના કહેવાનો ભાવાર્થ કિરણસિંહ બીલકુલ સમજી શક્યો નહીં. એકવાર એમ થયું કે—શું કલ્યાણ તેની મશ્કરી કરે છે? અ-થવા પરીક્ષા લેવા માટે આવું બોલે છે? પરંતુ જ્યારે તેના વદન-મંડળ ઉપર દૃષ્ટિ નાંખી ત્યાં તે યુવાવદન અસ્વાભાવિક ગંભીર અને વિષાદાંકિત જોવામાં આવ્યું તેથી કિરણનો એ સંદેહ દૂર થયો અને હૃદયમાં દુ:ખ થવા લાગ્યું; તેને ચોક્કસ ખાતરી થઇ કે કલ્યાણને કોઈ ગંભીર વેદના છે તેથી આમ બોલે છે. કલ્યાણના શબ્દો ફરી વખત મનમાં આવતાં કિરણ કંપી ઉઠયો અને પોતાની મેળે બોલી ઉઠયો, "ના ના ના—તે થઈ શકે જ નહીં. ભગવતી!—એ સ્વપ્ન—"

કલ્યાણ ગંભીર સ્વરે બોલ્યો, "ભ્રાત! આ સ્વપ્નની વાત નથી; હુ ખરેખર મરીશ." કિરણ ચમકી ઉઠયો, તેની વાત મનમાંજ રહી; પૂરી કરી શક્યો નહીં. કલ્યાણ બોલ્યો, "તું નવાઈ પામીશ નહીં. હુ ખરેખર યુદ્ધમાં મરવાનો છું, માટે તું યુદ્ધમાં ન રહે. તું ચિતોડ જા. જો બન્ને જણ યુદ્ધમાં પ્રાણત્યાગ કરીએ તો પછી પિતાની અને ચિતોડની શી દશા થાય?" કિરણને એમ થયું કે યુદ્ધમાં મૃત્યુ જ થશે એ કારણથી કલ્યાણ આમ બોલે છે. તેને બહુ નવાઈ લાગી. જો આપને એ ભય હોયતો આપજ ચિતોડ જાઓ, હું અહિંજ ર-હીશ અને યુદ્ધમાં જઇશ—પરંતુ આપના જેવા વીર પુરૂષને આજ મૃત્યુની બીક આટલી બધી કેમ લાગે છે?

કલ્યાણ—ના, હું મૃત્યુની બીક રાખતો નથી, પરંતુ મૃત્યુની ઇચ્છા કરૂં છું.

કિરણ—શું યુવરાજ કલ્યાણ આજ મૃત્યુની ઇચ્છા કરેછે? જે પિતાના સ્નેહથી પરમ સુખી છે, જેનું નામ સાંભળતાંજ પ્રજાજન ઉત્સાહિત થાય છે, શૌર્ય અને વીર્યથી જે જગતમાં પ્રસંશનીય છે, ને જેને કોઈ પણ વાતની ન્યુનતા નથી, અને જે બધાં સુખોથી સુખી છે તેનાં જીવનમાં આજ વૈરાગ્ય શી રીતે પ્રાપ્ત થયો? અને તે મા-નવું પણ કેમ?

યુવરાજ, એ વાત કહીને હવે મને વ્યથિત કરશો નહીં.

કલ્યાણ—જો તને મારા ઉપર થોડો પણ પ્રેમ હોય તો મને જીવતો રાખવાની ઇચ્છા કરીશ નહીં; કેમકે મરવાથી હું સુખી થઇશ. કિરણસિંહ! આજ રસ્તાનો ભિખારી પણ મારા કરતાં સુખી હશે. કાલે હું સુખી હતો, અને તું પણ મને સુખી કહી શકત, પરંતુ આજથી કોઇ મને 'સુખી' કહીને સંબોધન કરી શકશે નહીં. એટલું બોલી કલ્યાણ જરાવાર અટકયો, તેની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી, તે અતિકષ્ટે અટકાવી વળી બોલ્યો, "શું તેં કોઇ દિવસ કોઇની સાથે પ્રેમ બાંધ્યો છે? પ્રેમ બાંધ્યા પછી જો તુ નિરાશ થયો હોત તો મારૂં કષ્ટ બરાબર સમજી શકત. પરંતુ દેવી આશાપૂર્ણા પાસે હું પ્રાર્થના કરૂં છું કે આવું કષ્ટ કોઈ શત્રુને પણ આપીશ નહીં." તે વીરપુરૂષના નેત્રોમાંથી અશ્રુ પડતાં જોઈ કિરણને બહુ લાગી આવ્યું તે સમજી શકયો કે અત્યંત ગંભીર દુઃખ વિના આવી દુર્બળતાકલ્યાણ ન બતાવે. તેણે કલ્યાણને પૂછ્યું, "આપ પ્રેમ બાંધ્યા પછી શી રીતે નિરાશ થયા? મહારાજ પૃથ્વિરાજ તો આપને જમાઇ કરવાના છે! ત્યારે શું રાજકન્યા આપને વ્હાલી નથી."

કલ્યાણ ભગ્નહૃદયે બોલ્યો, "હા. તે પાપિણીજ મારી યથાર્થ પ્રણયિની છે, તેને વિશ્વાસઘાતિની જાણવા છતાં પણ હું ભૂલી શકતો નથી."

દિલીપ આશ્ચર્ય પામીને બોલ્યો, "શું રાજકન્યા વિશ્વાસઘાતિની? એ આપ શી રીતે માનો છો?" આ વાતથી રાજપુત્રનું હૃદય-શોણિત એકદમ તપી ગયું, અત્યાર સુધી ઘણી મહેનતે મનને શાન્ત રાખ્યું હતું પરન્તુ હવે તે રહી શકયું નહીં. તે અત્યંત જુસ્સાથી બોલી ઉઠયો, "હા હા, તેજ પાપિણી—તેજ વિશ્વાસઘાતિની—તેજ દુશ્ચારિણી. ના પણ રહે, જ્ઞાનશૂન્ય થઇને હું કોનું નામ બોલું છું? તેનું નામ લેતાં જીહ્વા કલંકિત થશે! નહીં નહીં, હવે તે વાત પૂછીશ નહીં."

આ ઉપરથી દિલીપ એટલું તો સમજી શકયો કે રાજકન્યા તરફથી ગમે તે કારણે આ વ્યથા ઉત્પન્ન થઇ છે, પરંતુ હવે તે સંબંધે વધારે હકીકત પૂછવાનું તે સાહસ કરી શકયો નહીં. તેણે માત્ર ભયભીત ચીત્તે કલ્યાણને મૃત્યુકામનાથી અટકાવવા માટે બહુ યત્ન કર્યો પરંતુ કલ્યાણ એકનો બે ન થયો ત્યારે ભગ્ન હૃદયે બોલ્યો, "ભગવાન આપને સદ્બુદ્ધિ આપશે, ભગવાન આપને શાન્તિ આપશે અને ભગ-

વાન આપની રક્ષા કરશે.” ત્યારે કલ્યાણ બોલ્યો, “જો મને શાન્તિ થાય એમ હોય તો તે માત્ર તારાં વચનથીજ થશે. ભ્રાતા જો તું ચિતોડ જવાને સંમત થા તો મને બહુજ શાન્તિ થશે.” કિરણનું હ્રદય જાણે ધબકતું બંધ પડી ગયું, તે રૂદ્ધશ્વાસે બોલ્યો, “ભલે, આપને શાન્તિ થવા માટે હું ચિતોડ જઇશ, ભગવાન આપને શાન્તિ આપશે, અને આપની રક્ષા કરશે.” પછી કેટલોક વખત બન્ને જણ મૌન બેસી રહ્યા, થોડીવારે કિરણ બોલ્યો, “હું ચંદકવિને મુક્ત કરવા જવાને ઇચ્છું છું.”

કલ્યાણ—તેમાં મારે બીલકુલ વાંધો નથી, યુદ્ધ વખતે તારી હાજરી અહીં ન હોવી જોઇએ, એ મારી પ્રધાન ઇચ્છા છે. તું ચિરંજીવ અને પ્રજાવત્સલ થઇ સુખે રાજ્યપાલન કર. વળી પિતા પણ તને પુનઃપ્રાપ્ત કરવાથી સુખી થશે એ જાણીને હું સુખેથી મરી શકીશ. લે હવે આ છેવટનું આલિંગન.”

કલ્યાણે વળી એક વખત દિલીપને ભેટી તેના પાસેથી વિદાય લીધી, દિલીપ સન્મુખનયને કલ્યાણની વાતના ઉત્તર રૂપે ધીરે ધીરે બોલ્યો, “ભગવાન કરે ને એ અસત્ય ઠરે !”

પ્રકરણ ૧૮ મું.

‘પુત્ર વત્સલ સમરસિંહ અને કિરણના હ્રદયના તરંગો.’

તેજ દિવસે કલ્યાણ પાસેથી પોતાના અપહૃત બાળક કિરણસિંહની પુનઃપ્રાપ્તિના સમાચાર સમરસિંહને મળ્યા. ઘણે દિવસે આજ તેનું ગંભીર, યોગીન્દ્ર મુખમન્ડળ આનંદથી પ્રકાસ્યું. પછી કિરણને પોતાની પાસે લાવવાનો હુકમ કરી કમ્પિત કલેવરે અને ધડકતે હ્રદયે તેના આવવાની રાહ જોવા લાગ્યા. દિલીપ આવતાં સમરસિંહ સ્થિરનેત્રે જોઇ રહ્યા. બન્ને જણ આત્મસ્મૃતિ હીન થઇ ગયા, કોઇના મુખમાંથી કશો ઉચ્ચારજ ન થઈ શકયો, કંઇપણ બોલ્યા વગર, સ્પન્દહીન લોચને પત્થરનાં–પુતળાં પેઠે બન્ને ઉભા રહ્યા.

આ શું ! દિલીપ તેજ તેનો કિરણસિંહ ! શું આ તેજ તેનું અપહૃત બાળક ! શું એટલા માટેજ પહેલી વખત દિલીપને જોતાં કિરણ યાદ આવ્યો હતો ! શું એટલા માટેજ તેના ઉપર વાત્સલ્ય પ્રેમ જન્મ્યો હતો ! શું આ સુંદર નેત્રવ્યંજક યુવાન ખરેખર તેનોજ

પુત્ર છે તે વખત તો માત્ર ત્રણ વરસનો બાળક હતો, તે અત્યારે આવડો મોટો થયો છે ? શું ખરેખર પિતા કહીને તે ફરી વખત બોલાવશે ? શું આવી આશા કોઇ દિવસ રાખી હતી ? આ પ્રમાણે દલીપને જોતાં સમરસિંહનું હૃદય ચિંતાસ્રોતમાં તરવા લાગ્યું. પિતાને નિસ્તબ્ધ જોઇ આજ દિવસ સુધીનું દિલીપનું જીવનવૃત્તાંત કલ્યાણે ધીરે ધીરે કહી બતાવ્યું. પ્રથમ નદીના કિનારેથી કેવી રીતે મેળવીને પુત્રની પેઠે સંન્યાસીએ ઉછેર્યો તે કહ્યું પછી સંન્યાસીના મૃત્યુ વખતે તેણે કહેલી બધી વાતો, તેનાં બાલ્યકાળનાં વસ્ત્રોનો વૃતાંન્ત, જે સુવર્ણ કવચથી દિલીપનું યથાર્થ નામ મળ્યું તે કવચની વાત વગેરે એકે એકે પિતાને જણાવ્યું. હવે સમરસિંહની ચમક ભાંગી, આટલા દિવસ દુઃખથી તેનું હૃદય ભગ્ન થયું હતું તે આજ સંધાઇ ગયું. તે ગંભીર રાજર્ષિ પણ આજ થોડો વખત તો હર્ષથી અભિભુત થઈ ગયા. માનવ–હૃદયની દુર્બલતા છુપાવી ન શકવાથી હર્ષ વિહવલચિત્તે તેઓએ પુત્રનું આલિંગન કર્યું, તેને ચુમ્બનો કર્યાં, ખોળામાં બેસાડયો. અને આનંદાશ્રુઓથી તેના કપોલ ભીંજાઇ ગયા. તેઓને કેટલો આનંદ થયો તે લેખિની વડે જણાવવાની અમારી શક્તિ નથી. સમરસિંહ શાન્ત થયા ત્યારે બીજી કેટલીએક વાતો કર્યા બાદ કિરણને ચિતોડ મોકલવાના ઇરાદાથી કલ્યાણે કહ્યું, “ કિરણ હજી સુધી ઉત્તમરૂપે અસ્ત્રશિક્ષા પ્રાપ્ત કરી શકયો નથી તેથી તેને યુદ્ધમાં લઇ જવો એ ઉચિત નથી માટે તેને ચિતોડ મોકલાવો. કદાચિત યુદ્ધમાં અમારા બેનું મૃત્યુ થાય તો આપની અને ચિતોડની શી અવસ્થા થાય ? કિરણને ચિતોડ મોકલવાથી એ વિચાર આપને રહેશે નહીં ” સમરસિંહને આ બધી વાત ખરી લાગી. આટલાં વર્ષે અને આટલાં કષ્ટે કિરણને મેળવ્યા પછી યુદ્ધમાં તેનું મૃત્યુ થાય તો—

‘ કિરણ સિંહાસને બેસીને ચિતોડને આબાદ કરી સુખ આપશે, ’ એ આશા તદ્દન ઉન્મૂલિત થાય એમ વિચારી કલ્યાણની સાથે તેઓ સંમત થયા. કિરણને તરતજ ચિતોડ મોકલવાનું નક્કી થયું.

ચિતોડ ગયા પહેલાં ચંદકવિનો ઉધ્ધાર કરવા જવાની કિરણસિંહે પિતા પાસે અનુમતિ માગી. કલ્યાણના સમજાવવાથી સમરસિંહે તેમાં અટકાવ ન કર્યો.

કિરણ દિલ્હી આવ્યા પછી આટલાં બધાં કાર્યોમાં ગુંથાયેલો રહેવા છતાં શૈલબાળાને ભુલી શકયો નહોતો. ક્યારે યુદ્ધ પૂરું થાય

અને ક્યારે શૈલબાળા પાસે જાઉં એમ તેને હમેશાં થયા કરતું. બધા દિવસો એકદમ વ્યતિત થતા પરંતુ દિલીપને તે બહુ લાંબા લાગતા. શૈલબાળાની વાતો યાદ લાવતાં તેને ઘણું ઘણું યાદ આવવા લાગ્યું. શૈલબાળા જ્યારે તેની કોટડીમાં આવી હતી ત્યારે તેની ઉમ્મર માત્ર ચાર વર્ષની હતી. તેનો તે વખતનો બાલ્યભાવ અને તેનો અપરિસ્ફુટ મધુર સ્વર યાદ આવવા લાગ્યો. શૈલબાળા જ્યારે કોઇ કારણથી રડતી ત્યારે તે તેને કેવી રીતે ચૂપ રાખતો તે યાદ આવ્યું. શૈલબાળા કોઇ પણ રીતે રડતી અટકતી નહીં ત્યારે તે પણ તેની સાથે રડવા માંડતો, ત્યારે તે બોલી ઉઠતી, "હવે હું નહીં રડું, તું ચૂપ કર" શૈલબાળા શાન્ત થતાં બન્ને જણાં પર્વત ઉપર ફરતાં, દિલીપ તેને કેટલાંક મંદિર દેખાડતો, તે જ્યારે થાકી જતી અને આગળ ચાલી શકતી નહીં ત્યારે તે તેને તેડીને પોતાની કોટડીમાં લાવતો. એક વખત હરણને જોઇ શૈલબાળા બહુ ભય પામી હતી તેથી તેને શીક્ષા કરવા માટે શૈલબાળાને ત્યાંજ રાખી તે હરણની પછવાડે દોડયો હતો. જ્યાં પાછો આવીને તેણે જોયું તો શૈલબાળા ત્યાં ન મળે. આ બધાં રમતનાં સ્થળોમાં કયાંક સંતાઇ રહી હશે, એમ ધારી તે બધાં સ્થાનો ખોળી વળ્યો પણ શૈલબાળાનો પત્તો મળ્યો નહીં. તેણે ઉચ્ચસ્વરે કેટલાક સાદ કર્યા, પરંતુ પોતાના પ્રતિધ્વનિ સિવાય બીજું કશું સંભળાયું નહીં. આખરે થાકીને તે એક મંદિરમાં પેઠો. કેવું આશ્ચર્ય ! છ વરસની શૈલબાળા એક ચિત્તથી ઇશ્વરને બોલાવે છે. કિરણ તેને જોઇ બોલ્યો, "આ શું ! શૈલબાળા ! તું અહીંયાં ? અત્યાર સુધી તેં મને બહુ કષ્ટ આપ્યું." કિરણનો અવાજ સાંભળી શૈલબાળા ચમકી જઇને રડતી રડતી તેને કંઠે વળગી પડી, તેને જોતાં કેટલી ખુશી થઈ! કિરણ હરિણની પછવાડે ગયો છે તો હરિણ તેને શીંગડાં મારશે તો ! એ ભયથી તે મંદિરમાં ગઈ હતી. દિલીપના પૂછવાથી તે બોલી, "મેં સાંભળ્યું હતું કે મહાદેવને બોલાવવાથી કોઈ પણ કષ્ટ આવતું નથી. તેથી મહાદેવને બોલાવવા માટે અહીં આવી હતી." વળી શૈલબાળા જ્યારે થોડીક મોટી થઇ ત્યારે તે તેને પુષ્પાભરણોવડે શણગારી જોતી તે યાદ આવ્યું. બાલ્યકાળની બધી ઘટના તેના નેત્રપટ આગળ નૃત્ય કરવા લાગી. તે આહ્લાદથી અજ્ઞાત થઇ પડયો. એ બધી વાત્ત યાદ લાવતાં તેને એમ થયું કે તે તે વખતનો દિલીપ છે અને શૈલબાળાની સાથે રમત કરે છે, જાણે તે તેણીને ફૂલવડે શણગારે છે !

કેવો મનોહર દેખાવ થયો છે ? જાણે તે વનદેવીના રૂપથી મોહિત થઇને તે તેના તરફ જોઈ રહ્યો છે.—ત્યાં એકદમ તેનો મોહ ભાંગી ગયો—શૈલબાળા કયાં છે ? તેતો એકલો બેઠો છે ! શૈલબાળા અહીં નથી પણ અજમેરમાં છે. તે કદાચિત્ અવિવાહિતા હશે તો પણ મનમાં શું હશે ? રાજવંશીય શૈલ્યબાળાના મનમાં અજ્ઞાતકુલશીલ દિલીપ હશે ? અટ્ટાલિકા નિવાસિની શૈલબાળા કોટડીવાસી દિલીપની સાથે વિવાહ કરશે ? આટલી બધી દુરાશા શા માટે ? શા માટે અજમેર તરફથી મનને વાળી શકતો નથી ! બાલ્યકાળની વાતો યાદ લાવતાં જેટલો આનંદ થતો તેટલોજ તેના વિવાહની વાત યાદ આવતાં તે નિરાશ થતો આજ પોતાનું અભિજ્ઞાન મળવાથી તે ચિંતા કેટલેક અંશે દૂર થઇ તેના હૃદયમાં આશાનો સંચાર થયો. તેણે વિચાર્યું કે જો શૈલબાળા અવિવાહિતા હશે, ને મારૂં અભિજ્ઞાન તે જાણશે તો પછી તે કશી ગભડચણ લાવશે નહીં અને કદાચ વિવાહ થઇ ગયો હશે તો ?—આશા, તું હવે ફરી વખત મારા હૃદય ઉપર અધિકાર કરી શકીશ નહીં. તારાં આ છેલ્લાંજ દર્શન. સુખ ! તું કોઈ દિવસ તારા અમૃતમય ખોળામાં મને લઇ શકશે નહીં. આ છેવટની તારી પાસેની વિદાયગીરી ! શૈલબાળા વિવાહિત છે કે અવિવાહિ છે તે જાણવાને કિરણનું મન બહુ અધિર થઈ પડયું કેમકે તે ઉપરજ તેના સુખ દુઃખનો આધાર હતો, પરંતુ પોતાના સુખને માટે કર્ત્તવ્ય કર્મનો ત્યાગ કરવો એ ઉચિત નથી એમ ધારી ચંદકવિનો છુટકારો કર્યા પછી અને ચિતોડ જવા પહેલાં અજમેર જવું એમ નક્કી કર્યું.

કિરણની પુનઃ પ્રાપ્તિના સમાચાર તેજ દિવસે પૃથ્વીરાજ વગેરેને મળ્યા, અને ધીમે ધીમે આખા રાજ્યમાં ફેલાયા.

પ્રકરણ ૧૯ મું.

‘ ગુલાબનો પશ્ચાતાપ. ’

મહારાજ પૃથ્વીરાજ રાજમહેલના એક ખંડની બારીપાસે ઉભા રહી કંઇક વિચારે છે. તેઓના મુખની કાન્તિ તદન નિસ્તેજ થઇ ગઇ

છે. અને વિવિધ ચિન્તાઓથી હૃદય પૂર્ણ થઇ ગયું છે. ચિન્તાઓ દૂર કરવા તેઓએ ઘણા ઘણા યત્ન કર્યા પરંતુ કોઇપણ રીતે તે દૂર ન થવાથી કંટાળીને ત્યાંથી ચાલ્યા ગયા. થોડીવારપછી તેમણે મંત્રીને બોલાવ્યા, મંત્રી આવ્યા ત્યારે તેને કહ્યું, "યુદ્ધ થવા પહેલાં આપણે સ્થાણેશ્વરમાં પહોંચી જવું એજ ઉત્તમ છે. માટે એક અઠવાડીયામાં ત્યાં જવાની મારી ઇચ્છા છે, ત્યાં ગયા પછી યુદ્ધની તૈયારીઓ કરીશું. પિડીતા કન્યાને સાથે લઇ મહિષી પણ ત્યાં આવશે."

ઉષાવતી પીડિત હોવાથી યુદ્ધને વખતે સ્થાણેશ્વરમાં લઇ જવાની અનિચ્છા પૃથ્વીરાજે દર્શાવી હતી. પરંતુ રાજમહિષીના બહુજ ક્રંદનથી ત્યાં લઇ જવાને તેઓ સંમત થયા હતા,

એક તો કન્યાને પીડા હોવાથી મહિષીને અસુખ છે. તેમાં વળી તે બધાંને અહીં રાખી જવાથી મહારાજની અમંગળ ભાવનાઓ તેને વધારે વ્યથિત કરી નાંખે, પરંતુ સાથે હોવાથી એ બધી ચિન્તાઓ રાખવાનું કારણ રહે નહીં. પાલખીમાં બેસાડીને ધીમે ધીમે લઇ જવાથી રાજકન્યાને વિશેષ હાની થવાનો સંભવ નથી, વળી સ્થાનાનંતર થવાથી શરીર સ્થિતિ પણ સુધરી શકે." રાજમહિષીએ આ પ્રમાણે પૃથ્વીરાજને નિવેદન કરવાથી તેઓને સાથે લઇ જવાની તેમણે અનુમતિ આપી હતી.

યુદ્ધની વાત પૂરી થયા પછી પૃથ્વીરાજે મંત્રીને કહ્યું; "ચંદકવિનો ઉદ્ધાર કરવા માટે શો ઉપાય કર્યો? તેમની ચિન્તા કરવાની તમે ના પાડી હતી માટે આજ દિવસ સુધી મેં રાહ જોઇ, પરન્તુ હજી સુધી તેમના તરફથી કશા સમાચાર આવ્યા નથી; તેથી મને તો લાગે છે કે તેઓ નક્કી કેદ થયા છે. માટે તેમનો છુટકારો થાય એવા ઉપાયની અત્યારે આવશ્યકતા છે. આ વખતનાં બધાં લક્ષણો અમંગળ સૂચક છે, ઉષાવતી પીડિત છે, વળી તે બચશે કે કેમ તે પણ નક્કી નથી, સેનાપતિ અખિલસિંહ રોગી હોવાથી પથારીવશ છે. ચંદકવિનો ક્યાંય પત્તો નથી, તેઓ જીવતા છે કે કેમ? એ પણ શંકાસ્થાન. છે, અને આ વખતના યુદ્ધમાં જોઇએ તેવો ઉત્સાહ નથી. ઉષાવતીને પીડા થયેલી હોવાથી બધાંનાં મનને અસુખ છે, હવે જો હું નિરૂત્સાહી જણાઉં તો તો શું જ થાય? મનને અશાન્તિ હોવા છતાં પ્રકટ કરવી રો ઉચિત નથી. કેમકે આપણે ક્ષત્રિય છીએ એટલે નિસ્તેજતા દર્શા-

વળી એ પાપ છે, અને શોકતાપે વ્યાકુલ થવું તે અકર્ત્તવ્ય. માટે તમે જાઓ અને સૈન્યને એકઠું કરો હું તેઓને સજ્જ થયેલા જોવા ઈચ્છું છું." પૃથ્વીરાજની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવાને મંત્રી ચાલ્યો ગયો.

આ તરફ ચંદકવિના છુટકારાનો ભાર કિરણસિંહ એકલોજ લઇને તેજ દિવસે બધા પાસેથી રજા લઈ દિલ્લીથી ચાલતો થયો. કલ્યાણ કિરણસિંહને વિદાય આપ્યા પછી 'હવે પોતાના મૃત્યુ-પથમાં કોઇ અંતરાય છે કે નહીં તે વિચારવા લાગ્યો, પિતા અને ચિતોડને માટે જે ગુરૂતર ચિન્તા હતી તે કિરણને ચિતોડ મોકલવાથી નિર્મૂળ થઈ ગઇ. પરંતુ એક બીજી ચિન્તાનો ઉદય થયો. તેણે ગુલાબને કહ્યું કે, "રાજકન્યા વિજયને ચ્હાય છે તેનું જો તું પ્રમાણ આપીશ તો હું તેનો બદલો આપીશ," એ પ્રમાણ તો તેણે આપ્યું, પરંતુ તેનો બદલો શી રીતે વાળવો? વચન આપ્યા પછી ન પાળવું એ ક્ષત્રિયને ઉચિત નથી. જો વિજયની સાથે ગુલાબનો વિવાહ થાય તો તેનો યથાર્થ બદલો વળે. પરન્તુ વિજય તેને ચ્હાતો નથી તેથી શી રીતે વિવાહ કરવો? અને કદાચિત્ તેની ઇચ્છા હોય તો પણ તેને શી રીતે જોડવો? વિજયે ચતુરાઇથી રાજકન્યાને દુઃશ્ચરિત્રા કરી છે એ વાત કલ્યાણને યાદ આવતાં વિજયને તે નીચ માણસ ગણી તેનો તિરસ્કાર કરવા લાગ્યો. એક વખત જેને નીચ માણસ કહેવામાં આવે છે, જેની સાથે ગાઢ શત્રુતા છે અને જેને શિક્ષા કરવાની ઇચ્છા છે તેની સાથે ગુલાબનો વિવાહ શી રીતે કરવો? હરકોઇ કાર્ય પ્રસંગે વિજયને મળવું એ તેને બહુ અપમાન જેવું થવા માંડયું. ગુલાબનો બદલો વાળવાનો કોઇ ઉપાય નક્કી ન થવાથી કલ્યાણ બહુ ઉંડા વિચારમાં પડી ગયો. એજ વખતે ગુલાબ રડતી રડતી ત્યાં આવીને ઉભી રહી. રાજકન્યાની મુમુર્ષાવસ્થાનું કારણ પોતાને ગણી ગુલાબ બહુ દુઃખી થતી હતી. પોતે તેની હત્યાકારિણી છે એ વિચાર આવતાં તેનું હૃદય ભેદાઇ જતું હતું. રાજકન્યાને આ ... ષડયંત્ર કહી દેવામાં આવે તો તેની વ્યાધિ ઓછી થાય પરંતુ તે તો ... હીન ... તેથી સાંભળે કોણ? છેવટે કલ્યાણની પાસે પોતાના દે...નો સ્વિકાર કરવા તે આવી છે. અહીં કલ્યાણ પાસે આવતાંજ તેના ચરણમાં આળોટી પડી તેના ચરણો ગ્રહણ કરી બોલી, " મેં જે કર્યું છે તે મનમાં ન લાવતાં મારો અપરાધ ક્ષમા કરો." ગુલાબના મુખમાંથી આવા શબ્દો નીકળતાં સાંભળી કલ્યાણ આશ્ચર્યથી બોલ્યો, " તેં શું કર્યું છે?

ગુલાબ—મેં શું કર્યું છે? મેં અસત્ય વાત કહી આપના સુખનું સદાને માટે હરણ કર્યું છે.

કલ્યાણ—તેં મારા સુખનું હરણ કર્યું છે એમ કહી તું ક્ષમા માગે છે પરંતુ હું એથી અસંતુષ્ટ થયો નથી. હું અમૃતધારી વિષ ખાવા જતો હતો તે તેં બતાવી દીધું. જો કે તે અમૃત ન થયું એમ વિચારી હું નિરાશામાં ડૂબ્યો હતો. પરંતુ વિષપાન કરતો અટકયો છું તેથી તને ધન્યવાદ આપું છું. તને ક્ષમા શેની આપવી! ઉલટું પ્રથમ તારી વાતમાં મેં વિશ્વાસ ન કર્યો તેથી હું તારો ક્ષમાપ્રાર્થી છું.

ગુલાબ—હવે મારી વાત ઉપર અવિશ્વાસ લાવી મારૂં દુઃખ વધારશો નહીં, હું ખરેખર દોષી છું, મેં મારા સુખને માટે આવું નિચ-કાર્ય કર્યું હતું. જે સુખને માટે આ કાર્ય કર્યું હતું તે સુખજ અત્યારે કયાં છે? મેં જેમ આખી જીંદગીને માટે આપને અસુખી કર્યા તેમ હું પણ ક્યારે સુખી થઇ શકવાની નથી.

એટલું કહી શા માટે આ કાર્ય કરવા તે પ્રવૃત્ત થઇ હતી તે આદ્યોપાન્ત કલ્યાણને કહી દીધું. આ બધું વૃત્તાન્ત સાંભળતાં કલ્યાણ વિચલિત થયો પરંતુ સંપૂર્ણ વિશ્વાસ રાખી શકયો નહીં. જે વિશ્વાસ હૃદયમાં દૃઢમૂળ થઈ ગયો છે, જે આ બધા કષ્ટનું કારણ છે, જેણે જીવનની પ્રત્યેક ક્ષણ અસહ્ય કરી દીધી છે, તે ગુલાબની અત્યારની વાત સાંભળતાંની સાથે શી રીતે દૂર થાય? તેથી તે બોલ્યો, "ગુલાબ! હું બાળક નથી, તું જેની શીખવણીથી આજ આમ બોલે છે તે હું સમજ્યો છું–વૃથા શા માટે–હવે–" ગુલાબ દુઃખી હૃદયથી બોલી ઉઠી, "યુવરાજ! ક્ષમા કરો, એ અવિશ્વાસ મનમાંથી કાઢી નાંખો; કેમકે રાજકન્યા આમાંનું કશુંય જાણતી નથી તે તો સંપૂર્ણ નિર્દોષ છે. આપ મારાં વચનો ઉપર વિશ્વાસ રાખતા નથી ત્યારે હવે મારે શી રીતે વિશ્વાસ ઉત્પન કરવો, અરે [illegible] પણ હવે આ પાપિણીના મુખમાંથી નિકળતાં વાક્યો ઉપર વિશ્વાસ રાખવાનું શી રીતે કહી શકું?—ના—યુવરાજ! મારાં વાક્યો ઉપર વિશ્વાસ રાખવાનું હું કહેતી નથી, પણ આ પત્રો વાંચશો એટલે આપની સંપૂર્ણ ખાત્રી થશે. એમ કહી યુવરાજના હાથમાં ગુલાબે કેટલાક પત્રો મૂકયા. આ બધા વિજયે ગુલાબ ઉપર લખ્યા છે.

કલ્યાણ એકપત્ર વાંચવા લાગ્યો,

"પ્રાણાધિકા ગુલાબ !

મેં સાંભળ્યું છે કે યુવરાજ આજ રાજકન્યા પાસે જવાના છે, જો ખરેખર ત્યાં આવે તો મને જણાવજે, અને ગુપ્તદ્વાર ખુલ્લું રાખજે કે જેથી હું ત્યાં આવી શકું. મને રાજકન્યાના ગૃહમાં જોયા સિવાય કલ્યાણને સંદેહ થવાનો નથી.

ગુલાબ ! હું આશાપૂર્ણા પાસે પ્રાર્થના કરૂં છું અને તું પણ કરજે કે તેઓ આપણો મનોરથ પુર્ણ કરે.—આ વખતે યુવરાજના હૃદયમાં અગ્નિ સળગી ઉઠે, આજથી તેઓનો વિચ્છેદ થાય, રાજકન્યાએ જેમ મને નિરાશ કર્યો છે તેમ તે તેને નિરાશ કરે. તે જેને ચ્હાય છે, તેનું સુખ પણ આ જન્મમાં જોઈ ન શકે. તો ગુલાબ ! મારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે, અને તને પ્રાપ્ત કરી હું સુખી થઇશ.

તારો ચરણાશ્રિત
વિજયસિંહ.

કલ્યાણે જેટલા પત્રો વાંચ્યા તે બધા આજ મુદ્દાના હતા. વાંચતાં તેનું શરીર રોમાંચિત થઇ ગયું અને તે વિજયની ધૂર્તતા હવે સમજી શકયો. પરંતુ આટલાં કષ્ટો વેઠયા પછી આ સુખજનક વાત ઉપર તે સંપૂર્ણ વિશ્વાસ કરી શકયો નહીં, આ બધું તેને સ્વપ્ન જેવું લાગવા માંડયું. તેના શરીરનું લોહી જાણે ફરતું અટકી ગયું, તે જીવે છે કે મૃત્યુવશ છે તે પોતે નક્કી કરી શકયો નહીં.

ગુલાબ બોલી, "યુવરાજ" કલ્યાણ ચમકી ઉઠયો; તેની વિચાર-માળા તૂટી પડી, તે વિચારતો હતો કે, "શું તેમ હોઇ શકે? શું તેમ હોઈ શકે ? શું ખરેખર ઉષાવતી નિર્દોષ છે ? ત્યારે શું હું રાજ-બાળાનો અપરાધિ થયો ? શું મારી ઉષાને ફરીવાર હું મારી કહી શકીશ ? તે હર્ષકમ્પિત સ્વરે બોલ્યો, "ગુલાબ ! ખરેખર દેવતાઓ મારા ઉપર પ્રસન્ન છે ? શું ખરેખર મારી ઉષા નિરપરાધિ છે ? કે આ સ્વપ્ન હું જોઉં છું ?"

ગુલાબ—યુવરાજ ! સંદેહ દૂર કરો, હું આપનું દુઃખ જોઇ શકતી નથી.

યુવરાજ અત્યંત હર્ષથી બોલ્યો, "ત્યારે દોષ વિના તેના ઉપર અવિશ્વાસ કરવાથી હું ઉષાવતીનો ક્ષમાપ્રાર્થી થયો ! હું હમણાંજ તેની પાસે જઈ તેનાં પાદપદ્મ ગ્રહી તેની પાસે ક્ષમા માગીશ; તે એટલી તો કોમળ પ્રકૃતિવાળી છે કે નક્કી મને માફ કરશે. તેં અપરાધ કર્યો

ખરો, પરંતુ તેં તારા દોષનો સ્વિકાર કરી પ્રાયશ્ચિત કરવાથી હું તને માફ કરીશ. આની પહેલાં તારી વાતથી જેવો યન્ત્રણાભોગી થયો હતો તેવોજ આજ સુખી થયો છું."

યુવરાજની વાત સાંભળી એક લાંબો નિશ્વાસ નાખીને ગુલાબ બોલી, "આપના બોલવાથી મને જણાય છે કે રાજકન્યાને થયેલી પીડાની આપને ખબર નથી. આપ તેની પાસેથી ચાલ્યા આવ્યા ત્યારથી તે અત્યાર સુધી તે અચૈતન્ય અવસ્થામાં છે તેથી તેની પાસે અપરાધનો સ્વિકાર કરી આપ તેને સુખી કરી શકશો નહીં. વખતે ભગ્નહૃદયથીજ તેનું જીવન નિઃશેષ થશે. હાય! જો આપ બન્નેજણ ફરી વખત સુખી થયાં હોત તો મારા સુખની આશા કંઇક પણ રખાત." ગઈ કાલે કલ્યાણના આવ્યા પછી જે જે બન્યું હતું તે બધું ગુલાબે વિસ્તારથી કહી સંભળાવ્યું. રાજકન્યાને સાંઘાતિક પીડા થઈ છે એ વાત કલ્યાણ સાંભળશે તો તેને અત્યંત દુઃખ થશે એમ ધારી પૃથ્વિરાજ, સમરસિંહ, કિરણ વગેરે કોઇએ તેને એ સમાચાર આપ્યા નહોતા. બોલતાં બોલતાં ગુલાબનું મુખ ફરી ગયું, તેની આંખો ફાટી ગઇ અને ભ્રૂ સંચકોઇ ગઈ, આ બધું વૃત્તાન્ત કહી સંભળાવી છેવટે બોલી, "રાજકુમારી વખતે બચશે નહીં—હાય, હાય! તેનો ઘાતક કોણ?" છાતી ઉપર જોરથી હાથ પછાડી પોતાની મેળેજ બોલી ઉઠી, "આ પાપિણી," એટલું કહી તે અતિ ઉતાવળે ત્યાંથી ચાલી ગઇ.

રાજપુત્ર વજ્રથી હણાયલા પેઠે ત્યાંજ બેસી રહ્યો.

પ્રકરણ ૨૦ મું.

'સ્થાણ્વીશ્વરાભિગમન.'

એક બાજુ કિલ્લો, બીજી બાજુએ રાજમહેલ અને તેની વચ્ચે આવેલા મેદાનમાં ઉભેલો ઉચ્ચ શીર્ષ યમુના—સ્તંભ ત્યાં એકઠા થતા અસંખ્ય યોદ્ધાઓને આજ ઉત્સાહિત કરે છે. સહસ્ર સહસ્ર ક્ષત્રિય સૈનિકો સ્તબ્ધ, ગંભીર અને ઉત્સુક ભાવે તે મેદાનમાં એકઠા થતા જાય છે! રજપૂત રીતિ પ્રમાણે યુદ્ધમાં જતાં પહેલાં આશાપૂર્ણ દેવી

ની પૂજા કરી સ્થાનેશ્વરમાં જવા માટે તેઓ તૈયાર થઇ રહ્યાછે. પૂજાના ચિહ્નસ્વરૂપ તેઓના કંઠમાં જપાકુસુમની લાંબી માળાઓ છે, અને કપાળમાં રક્તચંદનનું ત્રિપુંડ્ર શોભી રહ્યું છે. આજ સહસ્ર સહસ્ર ઉઘાડી તરવારો ઝળકી રહી છે, અને તીક્ષ્ણ શરો લોહી પીવાને આતુર થઇ રહ્યાં છે. યોદ્ધાઓએ ધારણ કરેલાં બખ્તર, કવચ, ટોપ, ભાથા અને તરવાર વગેરે ઉપર સૂર્યનાં પ્રચંડ કિરણો પડી પાછાં ફેંકાવાથી ત્યાં જુદોજ પ્રકાશ ફેલાઇ રહ્યો છે. આ બધો દેખાવ જોતાં શરીરનું લોહી સ્તબ્ધ થઇ જાય અને રોમાંચ થવા માંડે. વચ્ચે વચ્ચે અશ્વો સ્થિર ન રહી શકવાથી દાબડાવડે ભૂમિને ખોદે છે તથા રણરણાટથી નિસ્તબ્ધતાનું ગૌરવ વધારે છે. આ સૈન્ય સમૂહને જોતાં પ્રચંડ વાવાઝોડાનાં પૂર્વ લક્ષણનો ભાવ ઉદય થાય, અને જાણે આ બધું હમણાંજ પ્રવાહિત થઇને આખી પૃથ્વીને રસાતાલમાં નાંખી દેશે. અથવા પ્રચંડ પર્વતોનાં શિખરો પડું પડું થઇ રહ્યાં છે તે હમણાંજ પડીને મોટો ધમધમાટ મચાવશે.

સમસ્ત સૈન્યના ચાર ભાગ પાડેલા છે, તેમાંના પહેલા અને બીજા દરેક ભાગમાં ૧૮૦૦૦ સૈનિકો છે, અને તે પૃથ્વીરાજ તથા સમરસિંહની દેખરેખ નીચે છે. ત્રીજા ભાગમાં ૧૨૦૦૦ સૈનિકો છે, તે કલ્યાણને આધિન છે. અને ચોથા ભાગમાં ૧૦૦૦૦ છે તેનો સેનાનાયક વિજયસિંહ છે. આ ચાર ભાગમાંના દરેક ભાગના વળી ૨ ભાગ પાડેલા છે, સ્વાર અને પ્યાદા. ઘોડેસ્વારોને પછવાડે ઢાલ, હાથમાં બંદૂક અને કેડમાં તલવાર લટકી રહી છે. પ્યાદાના વળી પાછા ૨ ભાગ પાડયા છે. એકના હાથમાં બંદૂક અને બીજાના હાથમાં ધનુષ્ય—બાણ. આ પ્રમાણે બધા સૈનિકો સજ્જીત અને વિભક્ત થઇને ઉભા રહ્યા છે. આ સૈન્ય—દળની પછવાડે અસંખ્ય હાથી, ઉંટ, બળદ, પાલખી, ખોરાક અને અસ્ત્રથી પૂર્ણ ગાડાંઓ તથા તેના રક્ષકો અને તોપો તથા તેના ગોળા ભરેલાં ગાડાંઓ તૈયાર રાખ્યાં છે. અત્યારે રાજધાનીમાં માત્ર થોડાંકજ માણસો બાકી રહ્યાં છે, અને તેપણ આ બધું જોવા માટે મેડીઓ ઉપર, અગાસીઓ ઉપર, યમુનાસ્તંભ ઉપર અને રાજમહેલ ઉપર ચડીને ઉભાં છે, બાકીનાં બધાં માણસો આ ચોકમાં આવી ગયાં છે. એવામાં દોડતા ઘોડાઓનો પદ ધ્વનિ સંભળાતાં વચ્ચે માર્ગ થયો અને "મહારાજ પૃથ્વીરાજનો જય," મહારાજ "સમરસિંહનો જય." એ પ્રમાણે જયનાદ થવા લાગ્યો, એ

જયનાદ ત્યાંથી મહેલના શિખરે, મહેલના શિખરઉપરથી યમુનાસ્તંભે, યમુનાસ્તંભ ઉપરથી નભોમંડળમાં અને નભોમંડળમાંથી ચારે દિશાઓને ગજાવી મૂકી પ્રતિ ધ્વનિત થવા લાગ્યો. એ જય ધ્વનિની વચમાંથી વર્મ્માવૃત્ત ચાર અશ્વારોહી સેનાપતિ પૂર્ણવેગે આવી સૈન્યની સન્મુખ આવતાં ઉભા રહ્યા; રણવાદ્યો ચોતરફ વાગવા માંડયાં, તેથી સૈનિકોનું અશ્વોનું અને નગરવાસી જનોનું હૃદય નાચવા લાગ્યું. અને ઉત્સાહ સમુદ્રની લહરીઓ ચોતરફ ઉછળવા લાગી.

બીજી પંકતિની સન્મુખ જે અશ્વારોહી સેનાપતિ ઉભેલા છે, તેના મસ્તક ઉપર હીરા જડિત મુકુટ, કર્ણે મુક્તામય સુવર્ણનાં કુન્ડલો, બંને ભુજાએ વીરવલય, અને તેનું સમસ્ત શરીર લોહવર્મ્મથી ઢંકાયલું છે. તેના પૃષ્ટદેશમાં ઢાલ અને શરપૂર્ણ ભાથો છે, કેડમાં તરવાર લટકે છે, એક હાથમાં બંદૂક છે અને બીજા હાથમાં અશ્વરજ્જુ છે. આ વીર દેખાવ જોતાંજ મનમાં એમ થાય કે જાણે આજ કાર્તિકસ્વામિ અસુરનો સંહાર કરવા વીરવેશ ધારણ કરી યુદ્ધમાં જવા તૈયાર થયા છે. અત્યારે તેના નેત્રોમાંથી અગ્નિ વિસ્ફુલ્લીંગ ઝરે છે; અને તેઓનું મુખ પ્રચંડ સૂર્યના જેવું તેજસ્વી જણાય છે. તેઓ વારે વારે દરેક સૈન્યની પંક્તિ તરફ દૃષ્ટિ ફેંકે છે, અને કટાક્ષથી તેઓમાં ઉત્સાહ પ્રજ્વલિત કરે છે. તેમનો અશ્વ પણ તેમનો આંતરિક ઉત્સાહ જાણી લઇ ચોકડાંની અધિનતાનું ઉલ્લંઘન કરવાનો યત્ન કરે છે.—આ શૂરવીર પુરૂષ તેજ પૃથ્વિરાજ. અત્યારે રાજકન્યાને માટે તેઓ જરાપણ ચિન્તાકુલ નથી. પરંતુ યવનોનો પરાજય કરી વિજય મેળવવા સારૂ શૌર્યભાવજ દૃષ્ટિએ પડે છે. પૃથ્વિરાજના જમણા હાથ તરફ સમરસિંહ છે. તેઓનું લલાટ ચિંતારેખાંકિત છે અને દૃષ્ટિ સ્થિર છે પરંતુ હૃદયભેદી છે. વળી એ દૃષ્ટિ પ્રત્યેક મનુષ્યના આંતરિક પ્રદેશના પડદાને ઉઘાડી નાંખી અંદરનું સત્ત્વ શોષી લઇ મનુષ્યને આધિન બનાવે છે. તેમના કટાક્ષમાં એવી મોહીની છે કે જે તેનો ભોગ થઇ પડે છે તે તેને તાબેજ થઇ જાય છે. તેમનો રણવેશ અતિ સામાન્ય છે—માત્ર મસ્તકઉપર ટોપ અને શરીરે કવચ ધારણ કરેલું છે—બાકી નથી કર્ણોમાં કુન્ડલ કે નથી ભુજાઓમાં વીરવલય—કેવળ એક હાથમાં ઢાલ તથા અશ્વની લગામ છે. તેમના ઇષત્પક્વ કેશ વાયુથી ઝૂલી રહ્યા છે અને સ્કંધ દેશ ઉપર વિખરાઇ ગયા છે. અત્યારે યોગીભાવ અને વીરભાવનું મિશ્રણ

થવાથી તેમનું મુખમન્ડળ બ્રહ્મતેજની સાથે મળેલા ક્ષાત્ર તેજની પેઠે પ્રશાન્ત પ્રભા ફેલાવે છે. તેમનો મહાન ગંભીર, અટલ અને દઢભાવ જોતાં હિમાલયની ઉપમા આપી શકાય. પૃથ્વીરાજને ડાબે પડખે તેમના જેટલીજ યુદ્ધની તૈયારી કરી યુવરાજ કલ્યાણ શૂન્ય દૃષ્ટિથી પોતાના અધિનસ્થ સૈન્યને નિહાળે છે. પ્રદિપ્ત અગ્નિમાં ધૃત હોમતાં પ્રથમ તે મંદીભૂત થઇને પછી બમણા જોરથી જેમ પ્રજ્વલિત થાય છે તેમ કલ્યાણમાં પણ ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે. એટલે ક્યારેક તેનું મુખ વિષાદાંકિત દેખાય છે અને ક્યારેક વીરરસની જાજ્વલ્ય પ્રતિમારૂપ દેખાય છે તેના ઘાટા કાળા અને લાંબા વાળો સ્કંધ ઉપર પથરાયલા હોવાથી બન્ને ભાવની ગરિમા વધારે છે.

ચોથા ભાગનો સેનાધ્યક્ષ વિજય છે. એવો કોઇ સૂક્ષ્મદર્શી પુરૂષ છે કે વિજયનાં હૃદય-દ્વાર ઉઘાડી તેની અંદર સંતાડી રાખેલો ભાવ યથાર્થ જોઇ સમજી શકે? તેની અંધકારમય ભ્રૂ, વિષમ ઘૃણા-વ્યંજક ઇષત્ હાસ્યકુંચિત ઓષ્ટાધર અને કાઠિન્ય ભાવપૂર્ણ મુખમંડળ જોતાં કોના મનને એમ ન થાય કે તે ભયાનક કાર્ય કરવા તત્પર થયો છે? પરંતુ એ ભયાનક કાર્ય કયું? કયું? તે સમજવાની કોઇની શકિત નથી. બધા તો એમ અનુમાન કરે છે કે યવનોનો કચ્ચરઘાણ વાળવા સારૂ આજ તેની મુખાકૃતિ ભયાનક થઇ ગઇ છે.

આ ચારે સેનાપતિઓ પોતપોતાના અધિનસ્થ દળની સામે આવીને ઉભા રહ્યા. પૃથ્વિરાજે કાંઇક સંકેત કર્યો કે તરતજ કોલાહલ જયધ્વનિ, રણવાદ્યધ્વનિ વગેરે બધું નિસ્તબ્ધ થઇ ગયું. થોડીવારે નિસ્તબ્ધતા તથા સૈનિકોનાં અને શ્રોતાઓનાં હૃદય કંપાવી નાખે એવા ઉત્સાહથી તથા જુસ્સાથી પૃથ્વીરાજે ભાષણ શરૂ કર્યું—

"સૈનિકો! ક્ષત્રિય વીરો! ગઇ સાલ જે યવનો દશદ્વતિને કિનારે "આપણા ક્ષત્રિય વીર્યની તેજસ્વિતા-આપણા ક્ષત્રિય-ખડ્ગની તીક્ષ્ણતાનો "અનુભવ લઈ ગયા છે, જેઓ એ મહાન્ પરાજયથી આજસુધી "કલંકિત છે, જેઓના સેનાપતિ મહંમદ ઘોરીને આપણે બબ્બે વખત "બન્દી કરી લાવ્યા હતા, અને આપણા પરમ સૂત્ર-**क्षमा वीरस्य "भूषणम्।** ને અનુસરી તેઓને જીવતા પાછા ફરવા દીધા હતા તે "દુરાત્મા યવનો આપણી આર્યભુમિને પદકલંકિત કરવાને ફરી વખત

"આવ્યા છે. સૈનિકો ! જો તમે આર્ય–નામના ગૌરવની રક્ષા કરવા
"ઇચ્છા રાખતા હો, જો યવનની તરવારથી ન ડરતા હો, જો તમારાં
"પ્રાણાધિક સ્ત્રી–પુત્ર–કન્યાને નિષ્ઠુર યવનના હાથમાં પડતાં અટકાવવા
"ઇચ્છતા હો, જો હિંદુ ધર્મ અને હિંદુ દેવાલયો ઉપર તમારી શ્રદ્ધા
"ભક્તિ હોય, જો દેવી આશાપૂર્ણાની આશા પૂર્ણ કરવી એ મહત્ત્વનું
"કાર્ય ગણતા હો,–તો હવે વિલંબ કરશો નહીં, તે લુચ્ચાઓને એવી
"શિક્ષા કરો કે ફરી વખત સિંધુ નદી ઓળંગવાનું સાહસ કરી શકે
"નહીં. શું તમારામાં કોઇ—" પૃથ્વીરાજનું ભાષણ વધારે સંભળાયું
"નહીં–એકદમ જાણે ચારે દિશા ડોલવા લાગી, સૈનિકોના ઉત્સાહ–
"ધ્વનિથી, અસ્ત્રોના ઝણઝણાટ શબ્દોથી, અશ્વોના હણહણાટથી અને
"માણસોના 'જય જય' નાદથી પૃથ્વીરાજનું ભાષણ ડૂબી ગયું. આ
"બધો કોલાહલ શાન્ત પડતાં પૃથ્વીરાજે વળી આગળ ચલાવ્યું, "શું
"તમારામાં એવો કોઇ ભીરૂ છે–કોઈ અક્ષત્રિય અનાર્ય છે કે તેને
"ઉત્સાહનાં વચનોથી ઉત્સાહિત કરવો પડે ? જ્યારે યવનોનો પરાજય
"કરવો એ તમારો ઉદ્દેશ્ય છે, દેશરક્ષા કરવી એ તમારૂં વ્રત છે અને
"વીરશ્રેષ્ઠ સમરસિંહ તમારી મદદે છે, ત્યારે તમારા શરીરનો જે રક્ત-
"સ્રોત વહે છે તેનું દરેક બિન્દુ ઉત્સાહથી ઉત્તેજીત છે, સૈનિકો !
"ચાલો, તે વીરતેજ, ક્ષત્રિય પ્રતાપ અને દુર્ધર્ષ પરાક્રમથી આજ
"આપણે યવનદલ વીંખી નાખવા માટે અગ્રસર થઇએ."

પૃથ્વીરાજનું ભાષણ પૂરૂં થયું–ન થયું ત્યાં તો વળી ચોતરફથી કોલાહલ થવા માંડયો, આ વખતનો તે જયધ્વનિ અને અસ્ત્રોનો ઝણઝણાટ જાણે આખા નભમંડળને ગજાવવા લાગ્યો, અને સાથેસાથે રણવાદ્યધ્વનિ તેને મદદ આપવા લાગ્યો.

આ કોલાહલની વચમાંથી ચારે સેનાપતિઓએ પોતાના અશ્વ ચલાવ્યા કે તરતજ તેની પાછળ સ્વારો અને પ્યાદાઓ હારબંધ ગોઠવાઇ જઇ ચાલવા લાગ્યા. ત્યારપછી સજ્જ કરેલા અનેક હાથી, અશ્વ અને ઉંટથી ચાલતાં ગાડાંઓ ક્રમે ચાલવા માંડયાં. આ બધું દળ સમુત્થિત ધૂળરાશિ ભેદીને સ્થાણેશ્વર તરફ ચાલતું થયું.

પ્રકરણ ૨૧ મું.

——:૦:——

બે રમણીની મુસાફરી અને વિજયનો સંકેત.

આ તરફ ચંદકવિનો ભૃત્ય અનાથ તેના યવન–શિબિરમાં જવાના સમાચાર લાવ્યા પછી બીજા કાંઇપણ ખબર ન મળવાથી તેની પત્ની પ્રભાવતીને અતિશય ચિન્તા થવા લાગી. ચંદકવિનું અમંગળ થવાની ભાવનાઓથી તેનું મન અતિશય વ્યાકુળ થવા માંડયું. શૈલબાળા આ ભાવ પ્રકટ કરતાં તે માનતી નહીં; કેમકે તે તો કહેતી કે, "પ્રભાવતીને ભય અને દુઃખ રાખવાનું કાંઇ કારણ નથી. કવિ ઉપર બહુજ પ્રેમ હોવાથી આવી ભાવનાઓ થાય છે. વળી ચંદકવિજેવા બાહોશ નરને વિપદ્ પડવાનું બનેજ નહીં. અવશ્ય કોઇ કારણને લીધે તે પત્ર લખી શક્યા નથી."

રાત્રિ ઘણી વીતી ગઈ છે, આખા દિવસના કષ્ટનો ભાર નિદ્રા આવવાથી હલકો થશે એમ ધારી પ્રભાવતી નિદ્રા લાવવામાટે ક્યારની યત્ન કરે છે પરંતુ ચંદકવિની ચિંતાઓ તેને પાછી હડસેલી કાઢે છે. તેને પડખેજ શૈલબાળા ગાઢ નિદ્રામાં પડેલી છે, તે પ્રભાવતીનું કષ્ટ બીલકુલ જાણતી નથી. કોઇપણ રીતે પ્રભાવતીને નિદ્રા ન આવવાથી કંટાળી જઇને તે બેઠી થઇ, અને ગાઢ નિદ્રામાં પડેલી શૈલબાળાના નિર્દોષ–મુખ મંડળ એક દૃષ્ટિથી જોવા લાગી. શૈલબાળાના ઓષ્ટ ઉપર પરસેવાનાં બિન્દુઓ ચળકતાં હતાં તે પ્રભાવતીએ સ્નેહથી લુછી નાંખ્યાં; અને પછી મુખ સામું જોયું તો શૈલબાળાના ઓષ્ટાધર મૃદુહાસ્યથી સ્હેજ ફરકે છે.–શૈલબાળા કોઇ સુખસ્વપ્ન દેખેછે. આ જોતાં પ્રભાવતીને સ્નેહનો ઉભળકો આવવાથી તે હાસ્ય વિકસીત મુખનું ધીરે રહીને એક ચુંબન કર્યું. આ વખતે તેનાં નેત્રોમાંથી શિશિર–આનંદ–અશ્રુ શૈલબાળાના પ્રફુલ્લ કપોળ ઉપર પડયાં તે ધીમે રહીને લૂછી નાંખી પ્રભાવતી ફરી વખત સુતી અને મનમાં મનમાં બોલી, "બાલિકા, ખરેખર તું સુખી છે."

લગભગ પ્રભાત થવાના સમયે પ્રભાવતીને સ્હેજ તંદ્રા આવી. પરંતુ તેમાં ભયાનક કુસ્વપ્ન દેખાવાથી તે ચમકીને બેઠી થઇ. આસપાસ જોયું તો પ્રભાત થઈ ગયું છે અને શૈલબાળા પથારીમાં નથી

તેથી થોડીવાર તો સુતી સુતી રડી. અને જ્યારે કાંઇક શાન્ત થઇ ત્યારે શય્યાનો ત્યાગ કરી એક બારી પાસે જઇને ઉભી રહી. ત્યાં શૈલબાળાને નદીને કાંઠે બેસીને પ્રભાત–પવન–હિલ્લોલિત માનસ નદીના તરંગો જોતી જોઇ. એથી પ્રભાવતી પણ પોતાના મકાનનો ત્યાગ કરી નદી તરફ ગઈ નદીના કાંઠા પાસે આવતાં સુમધુર વીણા–ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો, તેથી તે ત્યાંજ ઉભી રહી આસપાસ તપાસ કરતાં શૈલબાળાના મુખમાંથી વીણાના ઝણકાર જેવો અવાજ નીકળતો સંભળાયો તેથી તે આગળ ન જતાં ત્યાંજ ઉભી રહી અને બાલિકા કંઠ નિસૃત સુમધુર ગીત સાંભળવા લાગી,

" રજની રમવા યમુનાને તીરે, રાહ જોઈ કાનો નાવ્યો જો;
" કબરી–કુસુમો સુકાઈ ગયાં મારાં, હારલો તેનો સુકાયો જો.
" વારે વારે હું ચમકીને જોતી, આવ્યો એ વાંસળી વાતો જો;
" સામી દોડું નહીં તો પાછો, વળશે એ મદમાતો જો,
" હરખે યમુનાનું જળ વહે છે, ફૂલો કદમ્બનાં ફૂલ્યાં જો;
" પશુ પંખી ને બીજાં જનો તે, મોહ પામીને ભૂલ્યાં જો,
" એવા એવા ધાટો ધડતી, પડતી પડતી દડતી જો,
" ઉઠી ઉઠી આગળ જાતાં, વળી પાછી આખડતી જો;
" બહુ રાહ જોતાં કાનો ન આવ્યો. વાંસળી પણ નહીં વાગી જો;
" આવી પાછી હું જમુનાને કાંઠે, પ્રેમઆગ મુજને લાગી જો,
" કાંઠે બેસીને ખૂબ રડી હું, અશ્રુ પહોચ્યાં જમુનામાં,
" પીડશે કાનો આવી રીતે, ન્હોતું ધાર્યું સ્વપ્નામાં;
" આશા રાખી'તી ઘણી ઘણી મોટી, આવશે નંદનો નાનો જો,
" રડતાં રડતાં રજની કાઢી, નાવ્યો નિર્દય કાનો જો,
" મનની વાતો મનમાં રહી ગઇ, હાય હવે હું હારી જો,
" જ્યારે મળ્યા હોત મ્હારા વ્હાલજી ખૂબી દીસત ન્યારી જો,"

શૈલબાળાના ગાને પ્રભાવતીનું હૃદય બરાબર ઉથલાવી નાંખ્યું. ગાન જ્યારે પૂરૂં થયું ત્યારે ધીમે પગલે તે શૈલબાળા પાસે ગઇ. શૈલબાળા તેને જોતાંજ બોલી ઉઠી, " અરે ! આ શું ! તારૂં મુખ તદ્દન નિસ્તેજ કેમ લાગે છે ? "

પ્રભાવતી બોલી, " આજ પ્રભાત વખતે એક કુસ્વપ્ન દેખવાથી

મન એવું તો વ્યાકુળ થઇ ગયું છે કે એક ઘડી પણ અહીં રહેવાની ઇચ્છા નથી, "

શૈલબાળા બોલી, " આખો દિવસ કુતર્કો કર્યા કરે ત્યારે રાત્રે કુસ્વપ્ન ન આવે ? "

પ્રભાત—કુતર્કો! તારી વાત સાંભળીને મને તારા ઉપર ખીજ ચડે છે, હવે હું મારૂં દુઃખ તને જણાવીશ નહીં. કેટલા દિવસ થયાં કવિ યવન-શિબિરમાં ગયા છે પણ હજી સુધી દિલ્હીમાં પહોંચ્યા નથી તેમ બીજા કશા પણ ખબર નથી, અને તું કહે છે કે હું ફોકટ વિચાર કર્યા કરૂં છું, મને લાગે છે કે નક્કી તેઓ બન્દી થયા છે.

શૈલ—આહા! રડી રડીને તારી આંખો કેવી ફૂલી ગઇ છે! તું હસે અથવા રડે તોપણ તારી સુંદરતા વધતી ઘટતી નથી. તું રડે છે તોપણ સુંદર દેખાય છે. જાણે રક્તપદ્મમાં શિશિર પડે છે—

" મારી પ્રભાના અશ્રુથી નયનદ્વયો છલકાય છે,

" કનક કમલે ગઠિત મુક્તા રાશિઓ મલકાય છે."

ચંદ કવિનાં અદ્રષ્ટ નથી તેથી આ શોભા તેઓ જોઇ શકતા નથી."

શૈલબાળાની વાત સાંભળી પ્રભાવતી ગુસ્સે થઇ બોલી, "મારે એ ઉપમાઓ સાંભળવી નથી, તું દુઃખને વખતે પણ મશ્કરી કરે છે? પ્રેમ એ શી ચીજ છે તે તું હજી સમજતી નથી.

શૈલ—ખીજાય છે શા માટે? ચાલ, આપણે કેડ બાંધીને યવન શિબિરમાંથી તારા પ્રાણનાથને છોડાવી લાવીએ.

પ્રભા—તું તો મશ્કરીમાં કહે છે પણ મારી તો ખરેખર ઇચ્છા છે.

શૈલ—આંહી પણ કોણ મશ્કરી કરે છે? હું ખરેખર કહું છું.

પ્રભા—હવે તું મને નકામી સંતાપ માં. એકતો હું કષ્ટમાં ગરકાવ થયેલી છું અને તેમાં વળી સાન્ત્વનને બદલે તું પાછી બાળે છે!

શૈલબાળા પ્રભાવતી ઉપર અત્યંત પ્રેમ રાખતી, ચંદ કવિના કાંઇ પણ ખબર ન મળવાથી પોતે પણ ચિંતાકુળ રહે તો પ્રભાવતીના કષ્ટમાં વધારો થાય એમ ધારી તે તેને મોઢે કદી કહેતી નહીં. પરંતુ આજ તેના દુઃખને વખતે તેનો ઉપહાસ કરી ઉલટું વધારે દુઃખ દેવાયું છે એમ સમજી ગંભીરભાવથી બોલી, " બ્હેન! કાંઇ પણ ખોટું લગાડશો નહીં, તમને દુઃખ દેવા માટે હું હસતી નહોતી પણ

તારૂં કષ્ટ દૂર કરી તને ઉલ્લાસમાં લાવવા હું બોલી હતી. હવે હું જે કહું છું તે મશ્કરીની વાત નથી. ચાલ આપણે બન્ને જણ દીલ્લી જઈ તેમને મુક્ત કરવાની વ્યવસ્થા કરીએ.

પ્રભા—શી રીતે ?

શૈલ—જો ચંદ કવિ ખરેખર બન્દી થયા હશે તો આપણે નિઃસહાય સ્ત્રીઓ તેને છોડાવી શકીએ તેમ નથી. પરંતુ દિલ્લી જઇ આ બધી બિના મહારાજને જણાવીશું એટલે તેઓ કાંઇક ગોઠવણ કરશે.

પ્રભાવતીને શૈલબાળાની યોજના ઠીક લાગવાથી બીજેજ દિવસે માત્ર એકજ ભૃત્યને સાથે લઇ તેઓએ અજમેર છોડયું. અનાથ નામનો તેનો પુરાતન-વૃદ્ધ ભૃત્ય માંદો હોવાથી આ વખતે તેને સાથે લઈ જવાયો નહીં. મુસલમાનો ભારતવર્ષમાં આવ્યા છે ને યુદ્ધ પણ નજીક આવ્યું છે, તો એવે વખતે સ્ત્રી વેશે મુસાફરી કરવાથી અણધાર્યું સંકટ આવી પડે તેથી તથા જલદી પહોંચવાના અભિપ્રાયથી બન્ને સ્ત્રીઓએ પુરૂષવેશ ધારણ કર્યો. સોનેરી બુટ્ટાવાળાં હીરાગળ ઝીણ વસ્ત્રોને બદલે તેઓનું કોમળ અંગ પુરૂષનાં વસ્ત્રોથી આચ્છાદિત થયું. આ વખતે રંગીન ઓઢણાંને મસ્તિક ઉપર સ્થાન ન મળ્યું પરંતુ લમ્બિત કેશ જાળ નવધરામાં બદ્ધ થયા, એકે એક બધાં ઘરેણાં ઉતારી નાંખ્યાં પણ કેડમાં તરવાર લટકાવી તે અલંકાર જેવીજ શોભા આપવા લાગી. અત્યારે એ શૈલબાળા તથા પ્રભાવતી ન રહ્યાં પણ ૧૪–૧૫ વર્ષનાં બાળકો જેવો દેખાવ લાગવા માંડયાં. પુરૂષવેશ ધારણ થઇ રહ્યા પછી અરસપરસ બન્નેને જોતાં બન્નેને બહુ નવાઇ લાગી, શૈલબાળા બોલી, "તું તો ભાઈ ખરેખર પુરૂષ બની ગઇ છે, ઓળખાતી પણ નથી. પણ લાગે છે તો ફક્કડ. ચાલ, એક વખત આપણાં મુખ આરસીમાં જોઇ આવીએ."

પ્રભા—તું જા, મને તો જોવાનો વખત નથી.

શૈલ—હું તો જોઇશ, પણ તારે પણ જોવું પડશે.

શૈલબાળા પ્રભાવતીનો હાથ પકડી આરસી પાસે લઇ જઇ બોલી.

"આ પુરૂષના વેશથી ખરેખર હું પુરૂષ હોઉં એવો મને ભાસ થાય છે, તેથી જો રસ્તામાં કોઈ મારા ઉપર અત્યાચાર કરવા આવશે તો હું તમારી રક્ષા કરી શકીશ," એટલું બોલી શૈલબાળાએ કેડ-

માંથી તરવાર ખેંચી એક પગલું આગળ ભરી તરવાર ફેરવવા માંડી. આરસીમાં તેનું પ્રતિબિંબ જણાવા લાગ્યું; યુદ્ધવેશ ધારણ કરી શૈલબાળા પોતે પોતાને જોવા લાગી અને પોતાનાજ રૂપમાં એ મોહ પામી ગઇ. થોડી વારે તે બોલી, "તું જોજે, રસ્તામાં હું તારી કેવી રક્ષા કરીશ! આ અવસ્થામાં કદાચિત્ દિલીપની સાથે મેળાપ થાય તો તે શું મને ઓળખી શકે?"

પ્રભા—ઠીક ઠીક, આ વેશ તો દિલીપને બતાવવા માટેજ સજ્યો લાગે છે! શૈલબાળા જરાક હસીને આરસી પાસેથી ખસી ગઇ.

દિલ્લી જવાના ધોરી માર્ગનો ત્યાગ કરી પર્વતને છાને રસ્તે તેઓએ પોતાના ઘોડા ચલાવ્યા. સ્ત્રીઓ ઘોડા ઉપર બેસીને મુસાફરી કરે છે એ વાતથી કોઇ આશ્ચર્ય પામશો નહીં. યાદ રાખજો કે અમે આધુનિક હિંદુ સ્ત્રીઓની વાત કરતા નથી. પશ્ચિમ મહારાષ્ટ્રમાં તો હજી પણ અશ્વ ઉપર બેસીને સ્ત્રીઓ મુસાફરી કરે છે. અમે જે વખતની વાત કરીએ છીએ તે વખતે હિંદુસ્તાનની સ્ત્રીઓ વિશેષે કરીને રજપુત સ્ત્રીઓ અશ્વારોહણમાં નૈપુણ્ય ધરાવતી હતી. જ્યારે યવનો હિંદમાં આવ્યા અને ઓજલ–પડદાની રીત દાખલ થઇ ત્યારથી એ કેળવણી બંધ પડી છે.

અજમેરથી નીકળ્યા પછી પાંચમા દિવસની સાંજે તેઓ એટલાં તો દિલ્લીની પાસે આવી ગયાં કે જો બે કલાક વધારે ચાલ્યાં હોત તો તેઓ દિલ્લીમાંજ પહોંચી જાત. પરંતુ આ પર્વત ઉપર થોડીવાર વિસામો લેવાનો વિચાર કરી સાથેના ભૃત્યને પાસેના કોઇ ગામમાંથી ખાવાનું લાવવા મોકલ્યો. આ વખતે સંધ્યા પડી ગઇ હતી. ચંદ્રદેવ થોડીકજવાર થયાં પોતાનાં કિરણો ફેંકી પૃથ્વીને ઉજ્વલ કરતા હતા, પર્વતમાંથી નીકળતાં ઝરણો એકદમ નીચે પડવાથી રૂપાના જેવા કણોથી પાછા ફેંકાતાં હતાં. એ જલ–પ્રપાતનો સુગંભીર મધુર નિનાદ શ્રોતાઓના કાનમાં અમૃત રેડતો હતો. કુદરતના આ સૌન્દર્ય–સૂખનો ઉપભોગ કરતાં કરતાં શૈલબાળાનું હૃદય આનંદથી પરિપૂર્ણ થઇ ગયું તેથી હૃદય દ્વાર ખોલી તેણે ગાવાનું શરૂ કર્યું. ગાન શરૂ કરતાં પહેલાં પ્રભાવતી તરફ જોઇ મંદમંદ હસીને બોલી,

"તારા મનના ભાવ જેવુંજ બરાબર ગાઉં, કે જે વિષણ્ણ છે તે પ્રફુલ્લ થાય.

" કાં રે યમના તું આટલી, નાચી કુદી રહી છે !
" પવન મૃદુના સંસર્ગથી, કેમ હીલી રહી છે ?
" ચંદ્ર હૃદયમાં ઉછાળીને, કેમ શોભા તું ધરતી ?
" ધિક યમુના વિના કાનજી આવો શૃંગાર શું સજની !
" નથી મોહન ક્યાંહી દીસતા, સુની કદંબ ડાળો,
" બંસરી વ્રજની ગોપીનો નથી કરતી જીવ ટાળો,
" કદંબ કમ્પે વિયોગથી, ઝર ઝર ઝરપે હુતાશે,
" માધવી લતિકા સુતી ભુમિ, નથી મધુરી વિકાશે,
" અલિકુલ રોતા ગુન્જરતા, કોયલ કહરે વિલાપે "
" રમણી મુખો શુષ્ક થઇ ગયાં, કૃષ્ણ વિરહ ઉતાપે,
" ત્યારે કોનું મુખ જોઇને, યમુના હીસી રહી છે ?
" કોના સુખે સુખી તું થઈ, હીંચી ઝુલી રહી છે !
" પ્રેમ ખરો કહેવાય તે, દુઃખી સ્વજને રડવું,
" તું તો સોહાગણ ઉલટી, ત્યારે ધિક્કારે પડવુ. "

આ ગાન હજી પૂરૂં થયું નહોતું ત્યાં તો પશ્ચિમ દિશા તરફથી એક નાના મેઘે આવીને ચંદ્રને ઢાંકી દીધો. થોડીવારમાં આખું આકાશ મેઘથી ઢંકાઈ ગયું અને પૃથ્વી અંધકારમય થઇ ગઇ. એક તરફ વિદ્યુત પણ ચમકારા કરી ગાઢ અંધકારને ગાઢતર કરવા લાગી. આખું આકાશ વાદળાંઓથી ઢંકાયેલું છે. પ્રકૃતિ નિસ્તબ્ધ થઇ ગઈ છે, પવન બીલકુલ બંધ પડી જવાથી વૃક્ષોના પાંદડાઓનો ખડખડાટ પણ સંભળાતો નથી, આખી પૃથ્વી અંધારાથી છવાએલી છે. આ પ્રમાણે ઝડી થવાના ચિન્હો થવા લાગ્યાં. આવી અસહાય અવસ્થામાં રહેલી બન્ને સ્ત્રીઓ—પુરૂષવેશ ધારિણી—સ્ત્રીઓ ઝડી થવાનાં પૂર્વ લક્ષણો જોઇ ભયભીત થઇ અને તેનાથી બચવા માટે કોઇ આશ્રય મેળવવા વ્યગ્ર થઇ. એવામાં વિદ્યુતના ચમકારાથી એક ગુફા તેમના જોવામાં આવતાં તેઓ તેમાં પેઠી. થોડીવારે શૈલબાળા બોલી આપણા આવા કાર્યથી આપણો પુરૂષ વેષ લજાય છે, કેમકે જરાક વા વટોળ જોતાંજ સાહસ ચાલ્યું ગયું ત્યારે પુરૂષ વેષ ધરવાનો અર્થ શો ? પ્રભાવતી બોલી " મારે સાહસ બતાવવાનું નથી. જો તારે તારૂં પરાક્રમ બતાવવાની ઇચ્છા હોય તો ઝડીની સાથે યુદ્ધ કર.

શૈલબાળા—જો તું રોવા ન બેઠી હોત તો હું ઝડીની સાથે લડત કે નહીં તે તું જોઇ શકત.

આ બન્ને જણી જે ગુફામાં પેઠી હતી તેને બીજે પડખે એવીજ બીજી ગુફા હતી. બન્ને ગુફા વચ્ચે માત્ર થોડોજ અંતરાય હતો, એ અંતરાયના ઉપલા અર્ધ ભાગમાંથી બીજી ગુફામાં શું થાય છે તે બધું જોવાતું. આ ગુફામાં આવ્યાને તેઓને થોડીવાર થઇ ત્યાં બીજી ગુફામાં બે માણસો દીવા સહીત પેઠા. આ બે મનુષ્યોને જોતાં શૈલબાળા તથા પ્રભાવતીને પ્રથમ તો એમ થયું કે આપણી પેઠે તેઓ પણ ઝડીથી બચવા માટે આવ્યા છે. તેઓએ જ્યાં ગુફામાં પગ મૂક્યો કે તરતજ અત્યંત વૃષ્ટિ થવા માંડી. તીક્ષ્ણ વિદ્યુતલતા ક્ષણે ક્ષણે આકાશને સળગાવવા લાગી, પ્રચંડ વાયુ એક શિખરપર અથડાઇને બીજા શિખર સાથે ફેંકાવા લાગ્યો. પવનના સપાટાથી તૂટી પડતાં શિખરો પોતાના માર્ગમાં આવતાં શિખરો અને વૃક્ષોને લઇ તળેટીમાં વહેતી નદીમાં ક્રીડા કરવા લાગ્યાં, વાયુના હુંકાર, ઉપરા ઉપર મેઘની ગર્જના, શિખરોની અથડામણીનો ધડાધડ અવાજ, વૃક્ષો પડવાનો કડકડાટ શબ્દ દિગ્મંડળોમાં પ્રતિધ્વનિત થવા લાગ્યો. પ્રલયના જેવી ઝડીથી, પર્વત, તેની ગુફા અને તત્રસ્થિત પ્રભાવતી કમ્પવા લાગ્યાં. માત્ર એક શૈલબાળા નિર્ભય પણે બેસીને પ્રભાવતીને ભયભીત જોઇ હસવા લાગી. એટલામાં પુરૂ પાસેની ગુફામાં બે મનુષ્યો પેસતાં જોઇ તેઓને લુટારા જાણી પ્રભાવતી વધારે ભયભીત થઇ. અને બન્ને ગુફા વચ્ચેના અંતરાય આડી ચુપચુપ છુપાઇને બેસી ગઇ. પ્રભાવતીને આમ ભયભીત થતી જોઇ શૈલબાળા તેના કાનમાં બોલી, "ગભરાય છે શા માટે ? ભય રાખવાનું કશું કારણ નથી. કેમકે અંધકારને લીધે તેઓ આપણને જોઇ શકવાના નથી. વખતે તારા રૂપના તેજને લીધે તેઓ જોઇ શકે તો કાંઇ કહેવાય નહીં—

"રૂપવતી પ્રભાવતીના રૂપની પ્રભા વડે—
બને ઘણો પ્રકાશ અંધકારને નસાડીને"

અરે! પણ બીકજ શા માટે રાખવી જોઇએ! જેમ એ બે પુરૂષો છે તેમ આપણે પણ બે પુરૂષો છીએ, જો કદાચિત તેઓ અહીં આવેને, તો યુદ્ધમાં ધમાધમી બોલાવીએ."

ખરેખર નવા આવેલા બે પુરૂષો આ બન્નેને અંધકારથી જોઇ શક્યા નહીં. પરંતુ તેમની ગુફામાં દીવો હોવાથી આ બન્ને જણી તેઓને જોઈ શકી. શૈલબાળાની વાતનો ઉત્તર પ્રભાવતી ન આપતાં તેને ધક્કો મારી ચૂપ રહેવાની સંજ્ઞા કરી. શૈલબાળા પણ પેલા માણસો વાત સાંભળશે એવી આકાંક્ષાથી ચૂપ બેસી રહી. પરંતુ આ સાવધાનતાનું ફળ તેમના ધાર્યા પ્રમાણે ન ઉતર્યું; કેમકે બીજી ગુફાવાળા માણસોમાંના એક જણે આ બન્ને જણીના અસ્ફુટ શબ્દો સાંભળતાં સાથેના માણસને કહ્યું, "આ પર્વતમાં કોઇ માણસ હોય એમ લાગે છે કેમકે થોડીવાર પહેલાં મેં એવો અવાજ સાંભળ્યો હતો માટે તું દીવો અહીં રાખી બહાર જઈ બરાબર તપાસ કરી આવ." આથી સાથેનો માણસ બહાર નીકળ્યો. આ બન્ને પુરૂષોની વાત શૈલબાળા અને પ્રભાવતીએ સાંભળી હતી તેથી તેમને શંકા થઇ કે વખતે પેલો માણસ આ ગુફામાં તપાસ કરવા આવશે તો ? પરંતુ તે માણસ તેની ગુફામાં ન પેસતાં થોડીવારે પાછો પડખેની ગુફામાં જઇ બોલ્યો, "ત્યાં તો કોઇએ નથી; આવી ઝડી-વૃષ્ટિમાં કોણ બહાર નીકળે ? પવનના સુસવાટાને મનુષ્યનો શબ્દ આપે માન્યો હશે." આ વાત સાંભળી જેણે શંકા ઉઠાવી હતી તેની શંકા દૂર થઇ ગઈ તેથી પ્રભાવતીને કાંઇક નિરાંત થઇ. આ વિપદનું કારણ શૈલબાળાની અસાવધાનતા હોવાથી તે જ્યારે દૂર થઇ ત્યારે ક્રોધ કટાક્ષથી પ્રભાવતી શૈલબાળા સામું જોઇ રહી. એટલું વળી સારૂં થનાર કે આ દેખાવ અંધકારથી શૈલબાળા જોઈ શકી નહીં. નહીંતો આ વખતે પણ તેનું હાસ્ય અટકત નહીં. હવે તેઓ નિસ્તબ્ધતાથી પડખેની ગુફામાંના માણસોને જોવા લાગી. એક માણસ આ ગુફા તરફ મ્હોં રાખીને અને બીજો માણસ પીઠ રાખીને બેઠા હતાં. જે માણસ સન્મુખ હતો તેનું મુખ જોતાં તે મુસલમાન જેવો જણાતો હતો. અને જેનું મુખ દેખાતું નહોતું તેની વાત ઉપરથી તે હિંદુ હોય એવો ભાસ થતો હતો. થોડીવારે મુસલમાને હિંદુને કહ્યું "મને મહંમદઘોરીએ આપની પાસે મોકલ્યો છે." ત્યારે હિંદુ બોલ્યો, "તેની ખાતરી શી ?" એટલે યવને કહ્યું "આ જુઓ" એમ કહી હિંદુના હાથમાં તેણે કંઇક આપ્યું. એ જોઇ હિંદુ બોલ્યો, "હા, ખરેખર તું તેનોજ માણસ છે. હવે તું તેને કહેજે કે તમે દિલ્હી મેળવવા માટે જેની મદદની આશા રાખો છો તે તૈયાર છે. અને જે ચતુરાઇ વાપરવાની છે તે આ—"

એમ કહી કઈ યુક્તિથી યવનોનો જય થશે અને તેમાં વિજય કેવી રીતે સહાય કરશે તે બધું વિસ્તારથી તેને કહી ગયો. તે પછી કહ્યું, "આટલેથી નક્કી તેમનો જય થશે. આ સિવાય યુદ્ધને વખતે જે જે કરવું ઘટશે તે બધું સગવડ મળતાં કહેવડાવી દઇશ હવે જે મેં તને કહ્યું તે બધું તું વિસ્તારથી મહમ્મદ ઘોરીને કહીશ ?"

યવન—હા, કહી શકીશ.

હિન્દુ—શું કહીશ, તે એક વખત બોલી જા.

વિજયે જે જે કહ્યું હતું તે બધું કડકડાટ યવન બોલી ગયો. ત્યારે વિજયે કહ્યું. "હવે જા, અને તેને કહેજે કે પ્રતિજ્ઞા ચૂકતા નહીં."

આ બન્ને જણાની વાત પૂરી થઇ રહી ત્યાં ઝડી પણ બંધ પડી ગઇ. જાણે વિજયની વિશ્વાસઘાતકતા જોઇ પ્રકૃતિ દેવી પણ ક્રોધથી નિસ્તબ્ધ થઇ ગઇ. બન્ને જણા બહાર નીકળી પોતપોતાને માર્ગે પડ્યા.

પ્રકરણ ૨૨ મું.

વિપદ્ગ્રસ્ત રમણીઓ અને દિલીપની મદદ.

યવને ગુફાની બ્હાર આવી જોયું તો ઝડી બંધ પડી ગઇ છે અને બધું શાન્ત દેખાય છે. પરિપૂર્ણ જ્યોત્સ્નાના શ્વેત પ્રકાશથી સમસ્ત પર્વત શોભી રહ્યો છે; શીતળ વાયુ ધીમે ધીમે વહીને વૃક્ષનાં પાંદડાંઓ ઉપર અટકેલાં વારિબિન્દુઓને નીચે ટપકાવે છે. દીવાની જરૂર હવે ન જણાતાં યવને તે બુઝાવી નાંખ્યો અને આગળ ચાલવાનું પ્રયાણ કીધું. જ્યાં થોડેક દૂર તે ગયો ત્યાં બે અશ્વો તેના જોવામાં આવ્યા. શૈલબાળા અને પ્રભાવતીએ પોતાના અશ્વોને ચરવા માટે છુટા મૂક્યા હતા તેજ આ હતા. ઝડીને વખતે કોઇ મોટી શિલા તળે આશ્રય લેવાથી તે બેઉ બચી ગયા હતા. અશ્વોને જોતાંજ યવનનાં મનમાં સંદેહ ઉત્પન્ન થયો. ઘોડાઓને બેસવા માટે તૈયાર રાખેલા—ચોકડું, લગામ સહિત જોઇ તેના મનમાં એમ થયું કે નક્કી આ પર્વતમાં કોઇ આવેલું છે. પેલા હિંદુનું અનુમાન ખોટું નહોતું. આ ઝડીને વખતે તેઓ આ પર્વતમાં—તેની ગુફાનો આશ્રય લેવા આવ્યા

હશે પરંતુ હું તેમને જોઇ શક્યો નહીં. જો કદાચિત તેણે અમારી વાતો સાંભળી હશે તો ? તો આ વખતે પણ યુદ્ધમાં જય થશે નહીં. યવન ફરી વખત પાછો પોતાના સ્થાન તરફ આવ્યો. જ્યોત્સ્નાના પ્રકાશની મદદથી તેણે પોતાની ગુફાની આસપાસ બરાબર તપાસ કર્યો, પરંતુ કોઇપણ તેના જોવામાં આવ્યું નહીં. પછી આ ગુફાની આસપાસ એવી કોઇ બીજી ગુફા છે કે જેમાં મનુષ્યો રહી શકે તે ખોળતાં ખોળતાં તે શૈલબાળા વાળી ગુફામાં પેઠો. યવન પ્રકાશમાંથી અંધારામાં આવતાં પ્રથમ તો તે કાંઇએ જોઇ શક્યો નહીં. પણ શૈલબાળાએ તેને પેસતો જોઈ કોઇ ખરાબ અભિપ્રાયથી તે પેસે છે એવું અનુમાન કર્યું. પ્રભાવતી તો બિચારી મૃત્યુ વશ જેવી થઇને એક તરફ લપાઇને બેઠી હતી. ગુફામાં પેઠા પછી તેમાં કોઈ છે કે નહીં તેનો તપાસ કરવા યવન હાથ લાંબા કરીને ફરતો હતો ત્યાં આ બન્ને જણીના શરીર સાથે તેના હાથ અથડાયા. હવે યવનને બરાબર ખાતરી થઇ કે આ બન્નેએ અમારી વાત સાંભળી છે માટે તેમનો વધ કર્યા સિવાય બીજો ઉપાય નથી. ત્યાં તો જે હસ્ત તેણે લાંબો કર્યો હતો તેનો અગ્રભાગ તરવારથી વીંધાઇ ગયો.

શૈલબાળાએ એવો વિચાર કર્યો હતો-'કે જો આ તરવાર યવનના પગમાં લાગે તો તે ચાલવાને અશક્ત થવાથી અત્યાચાર કરવા આવી શકશે નહીં તેથી મહંમદઘોરી હિંદુની ગોઠવણ મુજબ તે કાર્ય કરી શકશે નહીં. તેમ આ સમાચાર અમે દિલ્હીમાં જઇ મહારાજને કહીશું તેથી તેઓ દૂત પ્રેરણ કરી આ યવનને ત્યાં લઇ જઇ કેદ રાખશે. યુદ્ધ પૂર્ણ થયા પછી આને મારવો કે જીવતો છોડવો તે મહારાજની મરજીની વાત છે.' પરંતુ તેની ચેષ્ટા અને વિચાર અફળ ગયાં. જે વખતે શૈલબાળાએ ઘા કર્યો તે વખતે યવને હાથ લાંબો કરવાથી તથા શૈલબાળાની અસ્ત્ર ચલાવવામાં નિપુણતા ન હોવાથી પગને બદલે હાથમાં આઘાત થયો કે તરતજ બીજા હાથવડે શૈલબાળાનો તરવારવાળો હાથ બરાબર પકડી તેને ગુફાની બ્હાર ખેંચી લાવ્યો. શૈલબાળાને લઇ જતો જોઇ તેની વિપદની આશંકાથી ભયભીત થઇને ઉંચે અવાજે "અરે કોઈ રક્ષા કરો, રક્ષા કરો" એમ બોલતી બોલતી પ્રભાવતી પણ બહાર આવી. ત્યાં થોડેજ છેટેથી "બીશો નહીં" એમ કહીને કોઇએ આશ્વાસન આપ્યું.

જે તરફથી એ અવાજ આવ્યો તે તરફ તેણે જોયું તો એક યુવાન ઉઘાડી તરવાર લઇ દોડતે ઘોડે તેમના તરફ ધસ્યો આવે છે; વળી તેની સાથે કેટલાક અનુચરો પણ છે. જોતાં જોતાંમાં તે સૈન્ય સહિત ત્યાં આવી પહોંચ્યો, એટલામાં ખોરાક લેવા ગયેલો તેમનો ભૃત્ય પણ આવી પહોંચ્યો. આ ઝડીથી તે અત્યારસુધી આવી શકયો નહોતો. આ બધાને જોતાં વિપદ પાસે આવેલી જોઈ શૈલબાળાને છોડીને તે યવન ઉર્દ્ધશ્વાસે નાસી ગયો. તેને નાસતો જોઇ યુવાને એ અનુચરોને તેની પાછળ પડવાનો હુકમ આપ્યો, કેમકે પોતે તો પર્વતના માર્ગોથી અજ્ઞાત હતો. આવા અલ્પવયસ્ક બાળકોને આવે વખતે અને આવી સ્થિતિમાં પર્વતને રસ્તે મુસાફરી કરતા જોઈ પેલા યુવાનને બહુ નવાઇ લાગી. શૈલબાળા નવા આવેલા યુવકને જોઇ બરાબર ઓળખી ગઇ, જેની મૂર્તિ અહોરાત્ર તેના હૃદયમાં જ્વાજલ્યમાન રહી છે તેને જોતાં તે ઓળખી શકે એમાં નવાઇ શું? આ યુવાન તેજ દિલીપ અથવા કિશ્નસિંહ. શૈલબાળા દિલીપને ઓળખી શકી પણ તેના પુરૂષ વેષથી તથા તેની યૈવનાવસ્થામાં બાલિકાવસ્થા કરતાં ઘણો ફેરફાર થયેલો હોવાથી દિલીપ તેને ઓળખી શક્યો નહીં. દિલીપને જોતાં શૈલબાળાનું હૃદય રોમાંચિત થઇ ગયું. તેના મુખ સામું એક વખત જોઇ પછી નીચું જોઇને ઉભી રહી. જો તેમ ન થયું હોત તો તેનું પૂર્ણ અનુરાગવ્યંજક તથા લજ્જાથી રક્ત બનેલું મુખ જોતાં નક્કી કિશ્નસિંહને સંદેહ થાત. શૈલબાળાએ બે ત્રણ વખત માથું ઉચકવાનો યત્ન કર્યો પરંતુ બે ત્રણ વખત તે તેની મેળેજ નીચું નમેલું રહ્યું. પ્રભાવતી શૈલબાળાનો આવો ભાવ જોઇ તેના કાનમાં બોલી, "તું પુરૂષ વેશ ધારણ કરવાને યોગ્ય છે ખરી પરંતુ તારી આ સ્થિતિ તથા ભાવ જોતાં આ યુવાન શું ધારશે?" શૈલબાળા કંઇક અપ્રતિભ થઇ અને જ્યારે તેના હૃદયનો વેગ કંઇક શાન્ત થયો ત્યારે તે પ્રભાવતીના કાનમાં ધીમે ધીમે કંઇક કહ્યું, તે સાંભળી પ્રભાવતી કુમાર તરફ જોઇ બોલી, 'અત્યાચારી યવનના દુરાચરણથી આમને બહુ ક્રોધ ચઢી ગયો છે તેથી કંઇપણ વાક્ય નીકળતું નથી." આ વખતે યવનની પછવાડે પડેલા બે સીપાઇઓએ પાછા આવી જણાવ્યું કે તે યવન કોઇ ઠેકાણે ભરાઈ રહેવાથી પકડાયો નહીં" જરાક હસીને દિલીપે પ્રભાવતીને કહ્યું, "ક્રોધનું પાત્ર તો મને લાગે છે કે અત્યારે આ દેશની બહાર ચાલ્યું ગયું છે,

અનેજ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી તો તમારે બીલકુલ ભય રાખવો નહીં."

શૈલબાળા મનમાં મનમાં બોલી, "ત્યારે શું વિચ્છેદ રાખવો?" પરન્તુ તેના મનની વાત તેના મનમાંજ મળી ગઈ.

પછી આ વિપત્‌માં કેવી રીતે તેઓ આવી પડયાં તે કિરણસિંહે પૂછ્યું. બટાકબોલી શૈલબાળા એક પણ અક્ષર બોલી શકી નહીં. બાલ્યસખા દિલીપની સાથે વાત કરવામાં આજ આટલી બધી લજ્જા કેમ? જેની સાથે એકત્ર શયન, ભોજન, રમત, ગમત વગેરે કરતાં લજ્જા થતી નહીં, તેની પાસે આટલી બધી લજ્જા આજ શાની? આ પ્રશ્નોનો ઉત્તર શૈલબાળા વિના બીજું કોઇ આપી શકે નહીં. શૈલબાળાને નિસ્તબ્ધ જોઇ તેમના ઉપર જે જે સંસ્કાર થયા હતા તે બધા સંક્ષેપમાં પ્રભાવતી કહી ગઇ. વિશ્વાસઘાતક હિંદુની વાત સાંભળતાં કિરણસિંહ બોલ્યો, "હિંદુ કુળમાં એવો કયો કુલાંગાર જન્મ્યો છે કે જે આવું નિંદ્ય કાર્ય કરવા પ્રવૃત્ત થયો છે? ઇશ્વરની પૂર્ણ કૃપા છે કે જેથી તે દુષ્ટોનો ગુપ્ત સંવાદ સાંભળવા માટે તેઓએ આપણને મોકલ્યા. આ વાત મહારાજને જણાવવા માટે મારે ફરી વખત દિલ્લી જવું પડશે. એ વિશ્વાસઘાતકોને તમે સંપૂર્ણ જોઈ શક્યા છો? આહા! જો તેઓ ઓળખાય તો બરાબર તેમને શિક્ષા કરાય." પ્રભાવતી બોલી, "ના, તેઓનાં મુખ જોયા સિવાય શી રીતે ઓળખાય?"

ભૃત્યને અશ્વ તૈયાર કરવાનું કહી પ્રભાવતીએ કિરણને કહ્યું, "આજે અમારા ઉપર આપે જે ઉપકાર કર્યો છે તેનો બદલો આ જીંદગીમાં અમે વાળી શકીએ તેમ નથી તેથી અમે આપના ચિર-ઋણી રહીશું." કિરણસિંહ જરા લજ્જિત થઇને બોલ્યો, "મેં તો મારી ફરજ બજાવી છે તેથી આપને ઋણી રહેવાનું કાંઇ છે નહીં હવે હું અત્યારેજ પાછો દિલ્લી જવાનો છું, તો આપને આ રસ્તે મારી સાથે આવવું હોય તો ચાલો, હું નિર્વિઘ્ને દિલ્લી પહોંચાડી દઇશ." પ્રભાવતીને આ વાત ઠીક લાગવાથી બધાં કિરણ સાથે જવાને તૈયાર થયાં. આ તરફ જ્યોત્સ્નાનો પ્રકાશ દિવસના પ્રકાશની પેઠે દિશાઓને શોભાવવા લાગ્યો. આ પ્રકાશમાં નીચે ઉતરતાં ઉતરતાં બન્ને બાળકોને લક્ષ્ય કરીને કિરણ બોલ્યો, "આપના જેવાં અલ્પ-

વયસ્ક બાળકો અસહાયાવસ્થામા પર્વતને રસ્તે દિલ્હી જાય છે તે જોઈ મને બહુ કૌતુહલ લાગે છે, બેઅદબી માફ કરશો."

દિલીપની સાથે વાત કરવાનો બરાબર સુયોગ મળવાથી શૈલબાળા પ્રભાવતીના કાનમાં બોલી, "હું આ યુવાનની સાથે જરા ગમત કરૂં છું માટે તું છાનીમાની સાંભળ્યા કરજે, કાંઇ ઉઘાડું પાડીશ નહીં." શૈલબાળાએ કિરણુને કહ્યું, "જો કે આપ તો અમને અપરિચિત મનુષ્ય છો છતાં આપે અમારા ઉપર એટલી બધી મમતા દર્શાવી છે કે તેથી અહીં આવવાનું પ્રયોજન જણાવવામાં અમને કશી હરકત નથી." સ્વર સાંભળતાંજ કિરણુસિંહ ચમકી ઉઠયો, જાણે તેના કર્ણમાં વીણા વાગવા લાગી; જાણે તેણે બાલિકાનો સુમધુર અવાજ સાંભળ્યો; અને શૈલબાળા યાદ આવી. તેણે એક નિશ્વાસ નાખ્યો અને આ પુરૂષવેશ-ધારી બાલિકા હોવાનો સંદેહ થયો પરંતુ તે હૃદયમાં સ્થાન પામ્યો નહીં. શૈલબાળા પ્રભાવતી તરફ આંગળી કરી બોલી, "આ નાની વય-થીજ એક બાલિકા ઉપર આસક્તક થયા છે, અત્યારે તેને જોવાની આમની ઉગ્ર ઇચ્છા થવાથી પિતા–માતાની અનુમતિ લીધા વિના ઘેરથી નાસી આવ્યા છે. કોઇ પણ રીતે આમને ન અટકાવી શક-વાથી હું પણ સાથે આવ્યો છું." આ વાત સાંભળી યુવાને એક લાંબો નિશ્વાસ મૂકયો, અને પ્રભાવતી બોલી, "હજી પણ મશ્કરી."

શૈલબાળા—જેની સાથે મિત્રતા બંધાણી તેની સાથે જુદાઇ શા માટે રાખવી ? તું શા માટે શરમાય છે ? મને તો લાગે છે કે આ યુવાન પણ કોઈ યુવતી ઉપર આસક્ત છે. તો એ પણ તારાં દુઃખની સાથે પોતાનું દુઃખ કહી બતાવશે.

આ વાત સાંભળી કિરણુસિંહ અપ્રતિભ થયો અને તેના વદન મંડળ ઉપર સહેજ રતાશ તરી આવી. કિરણુને નિરૂત્તર જોઇ શૈલ-બાળા બોલી, "મેં યથાર્થ અનુમાન કર્યું છે કે નહીં ?"

કિરણુ—આપે જયારે હૃદય ખોલીને બધું કહી બતાવ્યું ત્યારે મારે પણ ખરેખરૂં જણાવવું જોઇએ. આપનું અનુમાન સત્ય છે.

સાંભળતાંજ શૈલબાળાનું હૃદય ધડકવા લાગ્યું, તેને એમ થયું કે, "શું હજી શૈલબાળા યાદ હશે કે બીજી કોઇ યુવતી માટે નિસાસો નાખ્યો હશે." ઉત્તેજિત આવેગે શૈલબાળા બોલી ઉઠી, "ત્યારે તો મને લાગે છે કે આપ તેનીજ પાસે જતા હશો ?"

કિરણ—હાય ! ના ! હું આપના બન્ધુની પેઠે સૌભાગ્યવાન નથી.

શૈલ—કેમ ? તે યુવતિ આપને વ્હાતી નથી !

કિરણ—તે પણ હું જાણુતો નથી, કેમકે ઘણાં વરસ થયાં મેં તેને જોઇ નથી.

શૈલ—આપ તો વળી જુદાજ પ્રકારના પ્રણયી જણાઓ છો. આપ જેને વ્હાઓ છો તેના મનનો ભાવ જાણતા નથી, ઘણાં વર્ષો થયાં તેની ખબર પણ નથી ત્યારે આપનો સ્નેહ કયા પ્રકારનો ? મને તો લાગે છે કે આપનો પ્રેમ ગાઢ નથી.

કિરણ—તેને જોવા માટે તો મન ઘણું વ્યાકુળ થાય છે; પરંતુ એક કાર્યવશાત્ ત્યાં જઇ શકતો નથી.

શૈલ—પણ તે યુવતિ આપને ચાહે છે કે કેમ તે તો આપ જાણતા નથી. કદાચિત તે આપને નહીં વ્હાતી હોય તો ?

કિરણ—શા માટે હું ચાહું છું તેનું કારણ હું કહી શકતો નથી: હું તો ચાહું છું એટલુંજ જાણું. જો તે કદાપિ મને ભૂલી ગઇ હશે અને બીજાને વ્હાતી હશે તો પણ હું તો તેને વ્હાવાનોજ: પરંતુ તેને કષ્ટ નહીં આપું. તેમ તેની ઇચ્છા અટકાવીશ નહીં. મને દારૂણ કષ્ટ થશે તો પણ તેને સુખી જોઇ હું સુખી રહીશ."

શૈલબાળા હવે રહી શકી નહીં. તેથી તે ધીમે ધીમે બોલી, "આપ જેને વ્હાતા હશો તેનાં પરમ ભાગ્ય હશે !" પછી પોતાની મેળે વિચારવા લાગી, "કઇ ભાગ્યવતી યુવતિએ દિલીપ મોહિત કર્યા હશે ! શું તે શૈલબાળા હોય ! શું તેનું એટલું બધું સૌભાગ્ય હોય !" આ પ્રમાણે તે વિચાર તરંગો સાથે ઝોકાં ખાવા લાગી. આ વખતે તેઓ પર્વત ઉપરથી ઉતરી રહ્યાં ત્યાં વિજય તેઓને મળ્યો વિજય પોતાનું કાર્ય સમાપ્ત કરી ઉતાવળે જવાની આવશ્યક્તા ન જણાયાથી ધીમે ધીમે ઘર તરફ જતો હતો. આવે વખતે પર્વતને રસ્તે કોઇ મળશે એવું તેણે ધાર્યું નહોતું. વિજય ઘણો વહેલો નીકળ્યો હતો પરંતુ તે ધીમે ચાલતો હતો, અને આ બધા ઉતાવળે આવતા હતા તેથી રસ્તામાંજ મેળાપ થયો: વિજય આ સ્થાનમાં આવે સમયે એકલો જોઈ કિરણ આશ્ચર્ય પામીને બોલ્યો, આ શું ! તું અહીંયાં ક્યાંથી ? બાળકોની સાથે કુમારને ઉતરતા જોઇ વિજય પણ વિસ્મય પામીને બોલ્યો, " કેમ આપ પાછા ફર્યા ! આ કોણ છે ? "

કિરણ—હું કહું છું પણ પ્રથમ તું કહે.

એકદમ શું કહીને ઉત્તર આપવો તે નક્કી કરવા થોડો વખત વિચાર કર્યા પછી વિજય બોલ્યો, " આ પર્વત પ્રદેશમાં એક સન્યાસી રહે છે તે ભવિષ્ય જાણી શકે છે. તેથી આ વખતના યુદ્ધનું શું પરિણામ આવશે તે જાણવા માટે હું અહીં આવ્યો હતો. સંન્યાસીની કોટડીએ પહોંચ્યો ત્યાં તો ઝડી ઝપટ થવા લાગી તેથી અત્યાર સુધી પાછો આવી શક્યો નહોતો. હવે એ બધું શાન્ત થઈ ગયું છે તેથી ઘર તરફ જાઉં છું.

કિરણ—સંન્યાસી શું બોલ્યા ?

વિજય—તેઓ ત્યાં હતાજ નહીં, ગમે ત્યાં ચાલ્યા ગયા હશે. પરંતુ આપ આજ અહીં ક્યાંથી !

કિરણ—ચંદકવિની શોધ કરવા હું યવનના શિખર તરફ જતો હતો. પરંતુ એક મહાન્ કાર્યને લઇને વળી પાછું દિલ્હી જવું પડત પરંતુ હવે મારે પાછું જવું પડશે નહીં, કેમકે જે કાર્ય મારે કરવાનું છે તે તમારા દ્વારા થશે માટે હું જે કહું તે મહારાજને કહેજો, "

એમ કહી તેણે પ્રભાવતીની પાસેથી જેટલું સાંભળ્યું હતું તેટલું વિજયને કહી બતાવ્યું. આ બધું સાંભળી વિજયે વધારેમાં વધારે જેટલો ક્રોધ બતાવાય તેટલો બતાવ્યો. જાણે કે તે વિશ્વાસઘાતક જો મળી આવે તો અગ્યારેજ તેના ટુકડેટુકડા કરી નાખે, ક્રોધથી તે જ્ઞાનશૂન્ય જેવો થઇ ગયો. પછી કુમારે તેને સાન્ત્વના આપતાં કહ્યું, " તમે નકામો ક્રોધ શા માટે કરો છો ? અત્યારે ક્રોધ કરવાથી શું ફળ થવાનું છે ? વિલંબ ન કરતાં અત્યારેજ આ બધી વાત મહારાજને કહી દેશો તો તેનું ફળ આપશે. અને તેઓ સાવધાન રહી શકશે, એ કાર્યની સાથે એક બીજું કાર્ય કરી મને અનુગ્રહિત કરશો હવે મારે દિલ્હી જવું નથી માટે આ બે બાળકને તમે સાથે લઇ જાઓ અને તેઓ જ્યાં જવાની ઇચ્છા કરે ત્યાં તેમને પહોંચાડશો.

વિજય બોલ્યો " કુમાર જે કાર્ય કરવા મને ફરમાવે છે તે કરવા હું અત્યારેજ તૈયાર છું " " કુમાર " સાંભળતાંજ શૈલબાળા ચમકી ઉઠી દિલીપ-કુમાર ! દિલીપ-રાજપુત્ર ! ત્યારે તો તેની પ્રણયિની કોઈ રાજવંશીયા હશે ! અજ્ઞાતકુળશીલા શૈલબાળા કોઇ દિવસ તેનું પ્રણયપાત્ર ન હોય ? તેમના પ્રણયપાત્રની શૈલબાળાનો દાસીની

દાસીથવાને યોગ્ય નથી. હવે બાલ્યસખી શૈલબાળાની વાતને દિલીપહૃદયમાં પણ સ્થાન મળે નહીં. નહીં તો તે શૈલબાળાને ઓળખી શકત. જો બાલ્યસખી શૈલબાળા તેમના હૃદયમાં હોત તો અત્યાર સુધી તેને જોવા છતાં શા માટે ન ઓળખે ? જેનું હૃદય દિલીપના નામથી નિશદીન જાગૃત રહે છે, જેને તે અત્યારે પ્રત્યક્ષ જૂએ છે, તેઓ રાજકુમાર જાણી જોઇને ઓળખતા નહીં હોય કેમકે હવે તો તેઓ કોઇ બીજી ઉપર આસક્ત હશે.” શૈલબાળા પોતાનો પુરૂષવેશ ભુલી ગઇ, વળી દિલીપે તેને જોઇ હતી ત્યારે તો તે બાલિકા હતી ને અત્યારે તે યુવાવસ્થામાં આવેલી હોવાથી તેનામાં કેટલો બધો ફેરફાર થઇ ગયો હશે તે પણ ભૂલી ગઇ. તેને દિલીપ ન ઓળખી શકયો તેથી પૂર્વની આશાઓનો ત્યાગ કરી દિલીપ ઉપર દોષારોપ કરી તેણે તર્ક કર્યો હતો કે, “ હવે તેઓ કોઇ બીજી ઉપર આસકત હશે. ” આવો વિચાર કરી દિલીપ ઉપરના દઢ પ્રણયને ઉન્મૂલિતુમ્ કરવાને યત્ન કરવા લાગી. કદાચ બહુ યત્ન કરવાથી હૃદય ઉંખડી જાય પરંતુ તેમાં સજ્જડ ચોંટી રહેલો પ્રણુય કોઈ દિવસ ઉખડતો હશે !

આ બન્ને કુમારોને સાથે સાથે દિલ્હી લઇ જવાનું કિરણુસિંહ વિજયને કહેતો હતો તે સાંભળી પ્રભાવતી પાસે આવી બોલી, “અમે એક અપરાધ કર્યો છે તો તે ક્ષમા કરશો. ” કિરણુસિંહ હસીને બોલ્યો, “ તમે શો અપરાધ કર્યો છે ? ”

પ્રભા—આપના જેવા પરોપકારી નરને અમારો પરિચય ન આપતાં અમે અત્યાર સુધી ગુપ્ત રાખ્યો છે.

કિરણુ—પણ મેં હજી એ કયાં પૂછ્યું છે ?

પ્રભા—આપે તે પૂછ્યું નથી પરંતુ મારે કહેવાની જરૂર છે એટલુંજ નહીં પણ તેની સાથે તે ગુપ્ત રાખવાનું પ્રાયશ્ચિત પણ કરવાની જરૂર છે થોડી વાર પહેલાં ચંદકવિનું નામ આપ્યું તો તેને આપ જાણો છો ?

કિરણુ—હા. હું તેની શોધ કરવાજ દિલ્હીથી નીકળ્યો છું. નહીં તો આપનો મેળાપ ક્યાંથીજ થાત.

પ્રભા—ત્યારે હું ચંદકવિની પત્ની—”

દિલીપ એકદમ વિસ્મયતાથી બોલી ઉઠયો, તમે કવિચંદના પત્ની ? ત્યારે તમે સ્ત્રીઓ હોઇને પુરૂષવેશ ધારણુ કર્યો છે ! શું મને જે સંદેહ પડયો હતો તે ખરો પડયો ? ત્યારે દિલ્હી આવવાનું આપને

શું પ્રયોજન છે ? " પ્રભાવતી બોલી, " અમે પણ એટલા માટેજ અજમેરથી આવીએ છીએ. હવે જો આપ અમને સાથે લઇ જશો તો અમારા ઉપર આપનો બેવડો ઉપકાર થશે." શૈલ ! કેમ બોલતી નથી, આમની સાથે જશું કે નહીં ?" "શૈલ" શબ્દ સાંભળતાંજ કુમાર ચમકી ઉઠયો. ગંભીર સ્વપ્ન જોતાં જોતાં નિદ્રાભંગ થાય ત્યારે જેમ સ્વપ્નના આભાસમાં સત્યનો આભાસ જડીભૂત થઇ મનને વિહ્વળ કરી નાંખે તેમ કિરણનું મન વિહ્વળ થઇ ગયું. તે વિચારવા લાગ્યો, શું આ મારા હૃદયની શૈલબાળા ? પણ એ તો અજમેરમાં છે ? "

આ વખતે તે કુમારના મુખમંડળમાં શૈલબાળાના મુખાવયવો કિરણના જોવામાં આવ્યા ને વારે વારે તેના મુખ સામું જોવા લાગ્યો વારે વારે તેના નામનો અસ્ફુટ ઉચ્ચાર કરવા લાગ્યો, છેવટે તેની બાલ્યસખીને તે ઓળખી શકયો. ઉલ્લાસથી તેનું હૃદય અભિભૂત થઈ ગયું. અમને ખબર નથી કે કયા વિચાર અને ભાવનાઓથી તે આટલો બધો અધિર થઇ ગયો છે–જ્યારે હૃદયનો ઉચ્છ્વાસ કેટલેક અંશે શાન્ત પડયો ત્યારે તે મનમાં મનમાં બોલ્યો, " શૈલ ! કુટિવારસિની બાલિકા તું કેમ ન રહી ? શૈશવ ચાંચલ્યની પ્રતિમા તું કેમ ન રહી ? જો રહી હોત આજ બાલ્ય પ્રેમના અનુરાગથી તારો આદર કરવામાં સંકોચાત નહીં. " કિરણસિંહ શૈલ્યબાળા સામું જોતાં સમજી ગયો કે તે હજી દિલીપનું હૃદક જાણવાનો પ્રયત્ન કરે છે. પ્રભાવતીના કહેવાથી કિરણસિંહ તેની વાત કબુલ રાખી આથી શૈલબાળા તેના મનનો ભાવ જાણી શકી, કે હજી પણ દિલીપનું હૃદય શૈલબાળાથી પૂર્ણ છે. અત્યાર સુધી નકામો તેના ઉપર દોષરોપ કર્યો. પ્રભાવતી અને શૈલબાળાને દિલ્હી જવાનું બંધ થયું જાણી વિજય અત્યંત અલ્હાદિત થયો. કેમકે જો આ બન્ને દિલ્હી આવે તો તેનું પોગળ ખુલ્લું પડી જાય તેમ હતું. તેથી અત્યાર સુધી તે ઉંડા વિચારમાં પડયો હતો. આ વખતે નિશ્ચિંત થઈ ઘર તરફ જતાં જતાં મનમાં બોલ્યો "

" અત્યારે પૃથ્વીરાજ ઉપર વિધાતા કોપાયમાન છે, કેમકે ચંદકવિ પકડાઈ ગયા છે, અને મારી કુમન્ત્રણાઓ ખુલ્લી પડતી પડતી રહી જાય છે તેથી નક્કી યવનોનો જય થવાનો છે, હવે મારી આશા સફળ થાય છે કે નહીં તે જોયું જાશે.

પ્રકરણ ૨૩ મું.

'ચંદકવિનો છુટકારો અને પ્રેમીઓનો વાર્તાલાપ'

મહંમદઘોરીએ ચંદકવિને બન્દી કર્યા હતા. વિધર્મીઓના ઉચ્છેદ કરવા એ તો યવનોનું મૂખ્ય કાર્ય હતું ત્યારે વિધર્મી અને ઓછામાં પૂરું શત્રુનો સહાયક ચંદ હાથમાં આવવા છતાં તેનો ઘાત શા માટે ન કર્યો ! એમાં કંઇક ગૂઢ કારણ છે. મહંમદે વિચાર્યું કે, "કદાપિ યુદ્ધમાં પરાજ્ય થાય અને જો ચંદકવિનો ઘાત કર્યો હોય તો પૃથ્વી-રાજા અત્યંત ગુસ્સે થઇ પુરેપૂરી શિક્ષા કરે તેના કરતાં આપણા પક્ષનો કોઇ સેનાપતિ—અગર કોઇ ચતુર અગ્રેસર તેના હાથમાં સપડાયો હોય તો ચંદકવિ જીવતો હોવાથી તેનો ઉદ્ધાર કરી શકાય અને જો યુદ્ધમાં આપણો જય થાય તો પછી તેને મારતાં કેટલી વ.ર ? એટલે છેવટ જોઇશું" આ પ્રમાણે ચારે તરફનો વિચાર કરી તેણે ચંદકવિનો ઘાત કર્યો નહોતો; પણ બરાબર મજબુતીથી હાથ—પગમાં બેડીઓ નાંખી તેને કેદમાં રાખ્યો હતો રાત્રિ—દિવસ તેના શિબિરની આસપાસ અસ્ત્રધારી પ્રહરીઓ રહેતા, અને તે પોતાના શિબિરમાં શું કરે છે તે કલાકે કલાકે એક પ્રહરી જોઇ આવી મહંમદને કહી જતો આવી સ્થિતિમાં ચંદકવિને છટકી જવાનો વખત ક્યાંથી મળે ? આખો દિવસ અભિષ્ટ ગાળી માત્ર સંધ્યા કાળેજ પાસેની નદીને કાંઠે એક વખત રાંધીને આહાર કરતા. મ.ત્ર તેજ વખતે તેના હાથ પગમાંથી બેડીઓ કહાડી લેવામાં આવતી. શરૂઆતના બે—ચાર દિવસ તો તેના ભાગ્ય પ્રમાણે એ પણ થયું નહોતું. યવનો સીધુ—સામાન લાવીને ત્યાંજ રાંધવાનું કહેતા, પરંતુ યવનસંલગ્ન શિબિરમાં રાંધવાની તેણે ચોખ્ખી ના પાડી, યવનોએ વિચાર્યું કે, "હમણાં નહીં રાંધે તો પેટમાં ખાડો પડશે ત્યારે રાંધશે, પરંતુ બે—ચાર દિવસો વીતી ગયા, ક્ષુધા અને તૃષાથી શરીર નિર્બળ થવા માંડયું છતાં ક્ષત્રિય-તેજ અને હિંદુધર્મનિષ્ઠા ઓછા થયાં નહીં. તે ચોખ્ખું કહેતા કે મૃત્યુ થશે તો પણ હું અંહી આહાર નહીં કરૂં" જો તે મરશે તો આપણું કાર્ય સિદ્ધ નહીં થાય એવી આશંકાથી દિના-તે એક વખતજ પાસેની નદીના કિનારા ઉપર તેને લઇ જતા. તેઓ જ્યાં સુધી સ્નાન—રંધન—ભોજન સમાપ્ત કરતા ત્યાં સુધી ૭ અસ્ત્રધારી પ્રહ-

રીઓ તેમની આસપાસ ચોકી કરતા. પહેલાં પહેલાં તો આવો બહુ સખત પહેરો રાખવામાં આવતો પરંતુ જ્યારે કેદી નાસશે નહિ એવી ખાતરી થઇ ત્યારે ચોકસાઇ શિથિલ થવા માંડી. ૭ પ્રહરીને બદલે ૪ પ્રહરી આવવા માંડયા, ચાર પ્રહરીને બદલે ત્રણ અને છેવટે માત્ર બેજ પ્રહરી આવતા વખતે વખતે તો માત્ર એકજ પણ રહેતો તેઓ એમ ધારતા કે કેદી તરફથી ભય શા માટે રાખવો? નાસવાનાં લક્ષણો જણાય તો શિબિર પાસે હોવાથી એક બુમે ઘણાં માણુસો આવી પહોંચે તેમ છે,

એક દિવસ સંધ્યાકાળે નદી તટસ્થ એક વૃક્ષ નીચે બેસીને ચંદ કવિ રસોઇ કરતા હતા, થોડે છેટે બે પ્રહરી બેઠા હતા. અમાવાસ્યા હોવાથી ચારે તરફ અંધકાર વ્યાપિ ગયો હતો. માત્ર રાંધવા માટે કરેલા તાપનો પ્રકાશ થોડી જગામાં ફેલાયલો હતો, ચંદકવિ તાપ પાસે બેઠેલા હોવાથી બીજું કશું જોઇ શકતા નહોતા પરંતુ નદીમાં પડતાં હલેસાંના ઝપ ઝપ અવાજને તથા માછીઓના આનંદનું ગીત અંધની પેઠે સાંભળતા—

"કોણે છુપાવ્યોરે મુજ બંધવા!
ફરી ફરી દેશોદેશ શોધ્યો તને બહુ બહુ
લાગી મુને ભાલ ન કયાંહી તુજ બંધવા! કોણ. ૧
હવે પકડાઇ ગયો તું તો શ્યામચંદ્ર કવિ-
ચંદ તને છોડે નહીં પ્રભા તારી બંધવા. કોણ. ૨
વિરહ-દહન-દુઃખ હવે દૂર કરી અમે,
રેલીશું સુખનો સાગર બંધવા. કોણ. ૩

કેટલાએક દિવસથી આનું આ ગાયન એકજ કંઠથી ગવાતું કવિ ચંદના સાંભળવામાં આવતું હતું. આથી તેઓ એટલું તો સમજી શક્યા કે આ સ્વર તથા ગાયન આ તરફનાં માણુસોનું નથી પણ પોતાના દેશનું અને કોઇ પરિચિત વ્યક્તિનું છે. હવે તેના હૃદયમાં આશાનો જરાક સંચાર થયો. કેમકે જે ગાયન ગવાતું હતું તેનો અર્થ તેઓ બરાબર સમજતા હોવાથી કોઇપણ પોતાનો છુટકારો કરવા યત્ન કરે છે એમ તેણે માન્યું. થોડીવારમાં ગાયન સંભળાતું બંધ થયું અને ઝપ લઇને જાળ પડવાનો શબ્દ થયો. જ્યાં એકાદ મિનિટ થાઇ ત્યાં તો નૌકા ઉપર કોલાહલ થવા માંડયો. એક માણુસ

આનંદથી બુમ પાડી ઉઠયો, અરે ! ભાઇ મોટું માછલું પકડાયું છે, મોટું ! કાલ સુલતાન પાસે લઇ જઇશું માટે બરાબર સંભાળીને રાખ ! આ તરફના નાનાં મોટાં માણસો મહમંદઘોરીને સુલતાનના નામથી ઓળખતા. ચંદ કવિ પાસે બેઠેલા પ્રહરીઓએ આ વાત સાંભળી, તેમાંનો એક બોલ્યો, "આ અવાજ મચ્છીમારોનો સંભળાય છે. પછી ઉંચે સાદે બોલ્યો "અરે ભાઇ, કેટલાંક માછલાં પકડાયાં છે ! અહીંતો લાવ ?

વાચકગણ સમજી શક્યા હશે કે આ ધીવર કોણ? આપણો કિરણસિંહ. ચંદકવિના છુટકારા માટે અહીં આવ્યા પછી ધીવરનો વેશ લઇ તે આસપાસ રહે છે. તેની સાથે થોડુંક સૈન્ય પણ છે. પરંતુ યુદ્ધ કર્યા વિનાજ કાર્ય પાર પાડવાની ઇચ્છાથી તથા યુદ્ધ કરીને ચંદકવિને છોડાવવા એ પર્વતને ફુંક મારી તેની નીચેથી મણિ લેવાના પ્રયત્ન બરાબર હોવાથી આવી યુક્તિ ખોળી કાઢી હતી. તે હમેશાં શિબિરમાં જઇ માછલાં વેચતો અને છુપી રીતે તેની વ્યવસ્થા તથા કવિના છુટકારાનો ઉપાય શોધતો. હવે તે બરાબર માહિતગાર થઇ ગયેલો હોવાથી ચંદકવિને છોડાવવાનો સંકલ્પ કરીને આવ્યો છે. પ્રહરીનો અવાજ સાંભળતાં ધીવર પણ ઉંચે સ્વરે બોલ્યો, "જમાદાર સાહેબ સલામ! આપ અહીં છો તે તો હું જાણતો નહોતો તેથીજ કાલને માટે બધું રાખ્યું હતું. પણ નશીબ કેવાં છે?" એમ કહી માછલાં ભરેલી મોલકી લઇ તે કાંઠે ઉતર્યો. પ્રહરી તેને જોઈ બોલ્યા, "અહીં જ ઉતાર."

"ધીવર બોલ્યો, "અહીંઆં તો અંધારૂં છે, શી રીતે જોશો ? આ અજવાળે ચાલોને." ત્યારે જરાક તિરસ્કારવ્યંજક શબ્દથી પ્રહરી બોલ્યો, "અરે ! ત્યાં તો હિન્દુ છે, માછલાંની ગંધ આવતાંજ હાંલ્લું ફોડીને ભાગશે."

ધીવર બોલ્યો, "પણ એમાં શું છે? હું પણ હિન્દુ છું. આના જેવી તો બીજા કોઈની ગંધ જ નથી." એમ બોલતો બોલતો ચંદ કવિ પાસે જઈ બોલ્યો, "મહાશય! આપના પ્રકાશમાં માછલાં ઉતારૂં તેમાં કાંઇ ખોટું છે ? હું તમારા ચોકામા નહીં નાખું" ચંદકવિ ધીવરને જોતાંજ તેને ઓળખી ગયા. તેથી ઉછળેલા આનંદના વેગને અટકાવી તેઓ બોલ્યા, "ત્યારે ઉતાર."

ધીવરે આખી ટોપલી ત્યાં ખાલી કરી, માછલાં જોતાંજ પ્રહરીના મુખમાંથી પાણી છુટવા લાગ્યું. તેથી તે બોલ્યો, "જા જા, વાર લગાડીશ નહીં, આ બધાં માછલાં હામદઅલીને આપી આવ."

ધીવર–જમાદાર સાહેબ, મને માફ કરો, હું ત્યાં જઇ શકીશ નહીં; કેમકે હું જાળ નાંખીને આવ્યો છુ તેને ઉપાડવાનો વખત થયો છે. હવે જો ન ઉપાડું તો માછલાંઓ તાણાતાણ કરી મારી જાળ ડૂબાવી દે.

પ્રહરી—ત્યારે તું જઇ ન શકે તો તારા માણસને મોકલ. આનો સ્વાદ તો આજેજ ચાખવો છે.

ધીવર—એ પણ નહીં થઇ શકે જમાદાર સાહેબ. કેમકે માછલાં પકડવાનો અત્યારે વખત છે તેથી કોઈ માણસ આવી શકશે નહીં આપને જો આ લેવાની ઇચ્છા હોય તો પૈસા આપો અને આપ પહોંચાડી આવો."

ધીવરની વારેવારે થતી બેઅદબીથી જમાદાર સાહેબનો મિજાજ ઠેકાણે ન રહ્યો, આવાં સુંદર સુપક્વ માછલાંઓનો સ્વાદ ચખાશે એમ ધારી તે અત્યાર સુધી નરમાશથી ચાલતો હતો પણ કાફરના મુખમાંથી આવા શબ્દો નીકળતાં યાવનીય શોણિત તપીને ઉછળવા લાગ્યું. આથી બન્ને જણુ ગુસ્સાથી બોલી ઉઠયો, "તું નહીં જ ? ત્યારે શું તારો બાપ જાય ! કે તારો દાદો જાય !"

ધીવરે નીચું મુખ રાખી ધીમે ધીમે ધીમે સિસોટી વગાડી અને પછી તે ઉંચું મુખ કરી બોલ્યો, "મોઢું સંભાળીને બોલજો હો ! અમે તમારા જેવા મુસલમાન નથી." આથી પ્રહરીઓ વધારે વધારે દુર્વાક્યનો પ્રયોગ કરવા લાગ્યા. ત્યાં તો વૃક્ષની પાછળથી ૧૨ શશસ્ત્ર સૈનીકોએ એકદમ ધસી આવી આ બન્ને પ્રહરીઓને ભયભીત કરી દીધા. પ્રહરીઓ ભયથી બુમ મારવા જતા હતા ત્યાં છદ્મવેશી ધીવર હુકમ કરતો હોય તેમ બોલ્યો, "ચૂપ; ચૂપ ! નહીંતો આ તરવારથી તમારાં બન્નેનાં"—દિલ્લીપનાં વાક્યો પૂરાં ન થયાં ત્યાં તો આ નવા આવેલા સૈનિકોએ બન્નેનાં મુખ સજ્જડ બાંધી દીધાં અને તેનાં હથીયારો ખૂંચી લઇ દિલીપના હુકમની વાટ જોવા લાગ્યા. ત્યાં તો ચંદકવિ પણ રસોઇ પડતી મુકી ત્યાં આવી ઉભા રહ્યા. અને બોલ્યા, "એનો વધ કરશો નહીં, કેમકે હત્યા કરવાનું કંઇ પ્રયોજન નથી. માટે તેને આ વૃક્ષ સાથે બાંધી મૂકો."

દિલ્હીપના સિપાઇઓએ આ પ્રહરીઓની પાઘડીઓ પકડીને તેમને વૃક્ષ સાથે બાંધ્યા. અને પછી બધા નદી તરફ ચાલ્યા ગયા.

પાસેજ એક મછવો તૈયાર કરી બાંધી રાખ્યો હતો. તેના ઉપર દશ સૈનિક ખારવાનો વેશ ધારણ કરી આ બધા માણસોની રાહ જોઇ ઉભા હતા, આ બધા મછવા ઉપર ચડી બેઠા કે તરતજ મછવો છોડી દીધો. બધા માણસો હલેસાં લઇને અરસપરસ મદદ કરવા મંડી પડયા. તેથી થોડાજ વખતમાં લગભગ એક ગાઉ દૂર પહોંચી ગયા, ત્યાં એક મોટી નૌકા તૈયાર રાખવામાં આવી હતી. નૌકા પાસે પહોંચતાંજ કુદકા મારી બધા તેમાં ચડી બેઠા અને નૌકા પણ તીર વેગે ચાલવા માંડી. હવે સ્થિર હ્રદયે વાત કરવાનો અવકાશ મળ્યો. ચંદકવિ કૃતજ્ઞતા–ઉચ્છ્વાસિત હ્રદયે મજબુત આલિંગન કરી બોલ્યા "હું તો બચ્યો, પણ દિલ્લીની રક્ષા કરવાનો ઉપાય કર્યો? મહારાજ પૃથ્વીરાજ શું કરે છે? મહારાણા સમરસિંહ દિલ્લી આવ્યા છે? યુદ્ધની તૈયારી કેવી રીતે કરી છે? દુરાત્મા–"

કિરણસિંહ તેમને વધારે બોલવા ન દેતાં બોલ્યો, "પ્રથમ આપ અંદર આવો, પછી હું બધું વિસ્તારથી કહીશ" એમ કહી ચંદકવિના ઉત્તરની રાહ ન જોતાં નૌકાના એક ખંડમાં તે પેઠો, ચંદકવિ તેની પછવાડે પછવાડે ચાલ્યા. આ ખંડમાં એક દીવો બળતો હતો. ત્યાં ગયા પછી બન્ને જણ બેઠા. ચંદકવિએ આસપાસ નજર ફેરવી જોયું તો બે સ્ત્રીઓને ઘુમટો તાણી બેઠેલી જોઇ.

ચંદકવિ આ રહસ્યનો ભેદ જાણવા વિસ્મય પૂર્ણ જિજ્ઞાસુ દૃષ્ટિથી કિરણસિંહ તરફ જોઇ રહ્યા. કિરણસિંહ તેના મનનો ભાવ સમજી ગયો અને હસીને બોલ્યો, "આપજ ઓળખો ને–" ત્યારે ચંદકવિ ફરી વખત રમણીઓનાં મુખ તરફ જોવા લાગ્યા. આ વખતે પ્રભાવતી અને શૈલબાળાએ ઘુમટો ખેંચી લીધો. તેથી કવિ તો સ્તંભિત થઇ ગયા.

ચંદકવિને પોતાની દૃષ્ટિનો વિશ્વાસ ન આવ્યો તેથી ચક્ષુ મીંચીને તેઓ વિચારવા લાગ્યા, કે આ શું? આ સ્વપ્ન છે કે જાગૃત! ના આ સ્વપ્ન તો નથી, હું ખરેખર જાગુ છું" આ વખતે કિરણસિંહ અને શૈલબાળા તેમને એકલા રાખી બહાર નીકળી ગયાં. આ વખતે ચંદકવિએ આંખોને થોડીવાર ચોળી બરાબર નિરીક્ષણ કર્યું,

તો સ્વામિના પગ પાસે બેસીને અનન્ત–સુખપૂર્ણ ઉચ્છ્વાસ ભરે પ્રભાવતી રહે છે જેમ લગ્નમણીના છોડને આદરથી સ્પર્શ કરતાં તે પ્રિયમાણ થઇ જાય–શિશિરના સોહણ–ચુંબનથી કળો કરમાઇ જાય; તેમ આટલા દિવસ ચંદકવિનું મુખ જોવાથી આજ દિવસ સુધી પડેલી વિરહ–યંત્રણા ઉછળી પડી યાદ આવવા લાગી. આહા ! કેટલા બધા દિવસો થયાં આ સુખનું દર્શન થયું નથી ! ખરેખર તેનો પ્રાણ પાષાણનો હોવાથીજ તે આજ સુધી જીવતી રહી છે.

પછી ચંદકવિ પોતાની પત્નીનું પૂર્ણ મુખ હૃદય સાથે ચાંપી કેટલોક વખત તો નિસ્તબ્ધ મોહમય ભાવમાં વિતાડ્યો. મોહભંગ થતાં એક એક વાતોનો આરંભ થયો પ્રભાવતી પોતાનું દુઃખ ગાતાં ગાતાં ખૂબ રડી. જેટલું બોલવાનું તેણે ધાર્યું હતું તેનું અર્ધ પણ બોલાયું નહીં અત્યંત આલ્હાદથી કેટલીક વાતો તો તદ્દન ભુલાઇ ગઇ એ કહાણી થઇ રહ્યા પછી પ્રભાવતી બોલી, " આપણું તો ફરી મળવું થયું. હવે શૈલબાળાને સુખી કરવી જોઇએ, "

ચદ—કેમ ! તે અસુખી શી રીતે છે !

પ્રભા—તે તમે જાણતા નથી ? આખો દિવસ 'દીલીપ દીલીપ' જ કર્યા કરે છે. દિલીપ કોણ છે તે તમે જાણો છો ? તેનું યથાર્થ નામ કિરણસિંહ છે અને તે સમરસિંહ મહારાજનો પુત્ર છે.

પ્રભાવતીની વાત સાંભળી ચંદકવિ અતિ વિસ્મય પામી બોલ્યા, " શું દિલીપ તેજ કિરણસિંહ ? મહારાજ સમરસિંહનો પુરોહિત બાળક તે તેં કેમ જાણ્યું ? "

પ્રભા—તેનેજ મોંએથી મેં સાંભળ્યું છે.

કિરણસિંહની સાથે તેમનો મેળાપ શી રીતે થયો હતો તે વાત અત્યાર સુધી પ્રભાવતી ભુલી ગઇ હતી. અત્યારે તે યાદ આવવાથી અથ ઇતિ કહી બતાવી. પર્વતની ગુફામાં હિંદુ અને મુસલમાનની ગુપ્તવાર્તા સાંભળી હતી તે પણ વિસ્તારથી કહી સંભળાવી આ વાત મહારાજ પૃથુરાજને કહેવા કિરણસિંહ પોતે ન જતાં વિજયને મોકલ્યો તે સાંભળી ચંદકવિ વજ્રહત થઇ બોલ્યા, " અરે ! દૈવ જે પોતેજ વિશ્વાસ ઘાતક છે તેના ઉપર વિશ્વાસ કરી તેને એ સંદેશો પૃથ્વીરાજને કહેવા મોકલ્યો છે. " ક્રોધથી અને નિરાશાથી તેના પ્રશસ્ત લલાટમાં પરસેવાના બિંદુઓ ચમકવા લાગ્યાં. ગૌરકાન્તિ વદન

લાલ થઇ જવાથી કોઇ નવીનભાવ પ્રદર્શિત કરવા લાગ્યું યવનશિબિ-રમાં મહંમદઘોરી સાથે વિજયની થયેલી વાત કિરણસિંહને કહેવા માટે તેણે તેને બોલાવ્યો.

કિરણસિંહ અત્યારે નૌકાની અગાસી ઉપર બેસીને શૈલબાળા સાથે વાતો કરવામાં ગુંથાયો હતો, નૌકામાં આવ્યા પછી પ્રભાવતી સાથે હોવાથી બન્ને જણાં દય ખોલીને વાતો કરી શકયાં નહોતાં યવનાનુસરણ ભય ઓછો થવાથી તથા એકાન્ત મળવાથી બન્ને જણાં છુટાં પછી પોતાને માથે જે જે બન્યું હતું તે અરસપરસ જણાવતાં હતાં. શૈલબાળા બોલી, " તમે તો રાજપુત્ર છો, એટલે આ અજ્ઞાતકુલશીલા બાલ્યસખી તમારા હૃદયમાં ક્યાંથી હોય ?"

શૈલબાળાની વાત સાંભળી કુમાર બોલ્યો, " શૈલ ! ધાર કે તું કદાચિત રાજપુત્રી હોત અને હું પૂર્વનો જ દિલીપ—અજ્ઞાત કુળશીલ દિલીપ રહ્યો હોત તો તારા હૃદયમાં તું મને રાખત ? ત્યારે શૈલ-બાળા હસીને બોલી, " સ્ત્રીઓનો પ્રણય સ્વતંત્ર હોય છે. હું પૃથ્વીશ્વરી હોત તો પણ તમને ભુલત નહીં.

કિરણ—ત્યારે હું કેમ ભૂલી શકુ ?

શૈલ—હું તમારા સમયોગ્ય નથી.

કિરણ—તું સમયોગ્ય ન હોવા છતાં તને ભુલી શકત નહીં. પરંતુ તું મારે સમયોગ્ય કેવી રીતે નથી ? તે કહે જોઇએ.

શૈલ—બધી બાબતોમાં-અને વિશેષે કરીને કુળમાં.

કિરણ—તે તેં શી રીતે જાણ્યું ? તું તારૂં કુળ જાણે છે ?

શૈલ—તે તો હું જાણતી નથી. અને કદાચ જાણું તો પણ તમારે સહયોગ્ય થઇ શકું તેમ નથી. કેમકે મારા પિતા તો સંન્યાસી હતા; તે ગમે તેટલા શ્રેષ્ઠ હતા છતાં રાજવંશી તો નહોતા ને ?

કિરણ—ધાર કે, તેમ હોય તો ?

શૈલ—આ બધા ગરબડાટનું કારણ મટી જાય મને લાગે છે કે તમે કંઇક જાણોછો.

કિરણ—કંઇક પુરસ્કાર મળે તો હું કહું.

શૈલબાળા—જરા હસીને બોલી, " બુદ્ધિમાન માણસો ભિક્ષુકની પાસેથી પુરસ્કારની આશા રાખે એવું તો ક્યાંય સાંભળ્યું નથી. "

કિરણસિંહ તેનો પરિચય જ્યાં કહેવા જતો હતો, ત્યાં ચંદ-કવિએ તેને ઉત્કંઠિત સ્વરે બોલાવ્યો, તેથી તેઓનું સુખ સ્વપ્ન એક ક્ષણમાં ભાંગી ગયું. કિરણના મનમાં થયું કે યવનો પકડવા આવે છે તેથી જરા ભય પામી ખલાસીઓને ઉતાવળે નૌકા ચલાવવાનું કહી તે આગીસ્ત ઉપરથી એક છલંગે નીચે ઉતર્યો ચંદકવિ પણ ખંડમાંથી બહાર આવ્યા કિરણે નીચે ઉતરી આસપાસ જોયું તો ભયનું કશું ચિહ્ન જણાયું નહીં પરંતુ ચંદકવિની દુ:ખવ્યંજક અને ઉગ્ર મૂર્તિ જોઇ તેને બહુ નવાઈ લાગી પછી ચંદકવિએ મહંમદઘોરી સાથે વિજયે કરેલી વાત કિરણને કહી બતાવી ત્યારે તે અત્યંત વ્યગ્ર થઈ બોલી ઉઠયો, "હવે દેશ રક્ષાનો ઉપાય"

ચંદ—બીજો તો કશો ઉપાય જણાતો નથી પણ જો હું યવ-નોની પહેલાં દિલ્લી પહોંચી જાઉં તો દેશની રક્ષા થવાનો સંભવ છે. પ્રભાની પાસેથી મેં સાંભળ્યું છે કે હવે તમારે ચિતોડ જવું છે તો શૈલને અને પ્રભાને તમે સાથે લેતા જાઓ. હું આ દ્રુતવેગી મછ-વામાં બેસીને દીલ્લી તરફ રવાના થાઉં છું. સૈન્ય-સામંત લઇને જ-મીન માર્ગે દીલ્લી જતાં મહંમદ ઘોરીને જે વખત લાગશે તેના કરતાં જળ માર્ગે જવાથી અવશ્ય હું વહેલો પહોંચીશ.

કિરણસિંહને ચંદકવિની વાત ગમી નહિં. જો આ કાર્ય કિરણ-સિંહ દ્વારા થઇ શકે તેમ છે તો ચંદકવિ અને તેનાં પત્ની હમણાંજ મળ્યાં છે તેને વિયોગ શા માટે થવા દેવો ? તેથી તે બોલ્યો, "આ સંવાદ હમણાંજ દીલ્લી પહોંચાડવા જોઇએ એ ખરૂં છે. તો તેને માટે એક ક્ષણ પણ વિલંબ કર્યા સિવાય હું હમણાંજ મછવામાં બેસીને જાઉં છું, અને આપ પ્રભાવતી તથા શૈલબાળાને લઇ કોઇ સારો માર્ગે ગ્રહણ કરી ધીમે ધીમે પાછળથી આવી પહોંચજો. આપને તે-ઓની સાથે રહેવાની આવશ્યકતા છે."

ચંદકવિ બોલ્યા, વત્સ, જેટલો વખત હું યવનશિબિરમાં રહ્યો હતો તેટલા વખતમાં મેં જે જે વ્યાપાર જાણ્યા છે તે બધું કહેતાં ઘણો વખત લાગશે અને કહેવા છતાં પણ તમે બરાબર સમજી શ-કશો નહીં. એટલા માટે દેશનું કલ્યાણ ઇચ્છતા હો તો મને હમણાં જવાદો. સ્નેહ મમતાથી બંધાઇ રહેવાનો આ અવસર નથી. મારા નાસી જવાની વાત મહંમદઘોરીના સાંભળવામાં આવશે કે તરતજ

તે દિલ્લી પહોંચવા માટે ઉતાવળ કરવા માંડશે; કેમકે જો હું એ લોકોનું પોકળ પૃથ્વીરાજ પાસે ખુલ્લું કરી દઉં તો તેઓનો જય થાયજ નહીં. માટે આમને લઈ તમે જાઓ અને આશાપૂર્ણાદેવીની કૃપાથી આપણો જય થશે ને હું જીવતો રહીશ તો શૈલબાલાની સાથે તમારો વિવાહ કરી પ્રભાવતીને ચિતોડથી પાછી લાવીશ.”

હવે કિરણસિંહ શું બોલે ? ચંદકવિ તરતજ મછવામાં ચડી બેઠો. બાર સૈનિકો અને ચંદકવિને લઇને તે મછવો તીર વેગે અદૃશ્ય થઈ ગયો. પ્રભાવતીનો પતિમેળાપનો આનંદ એક ક્ષણમાં તીવ્ર વિયોગથી ઢંકાઇ ગયો.

પ્રકરણ ૨૪ મું.

‘પતંગીયાની અગ્નિ ઉપર તરાપ’

મહંમદઘોરીએ જ્યારે સાંભળ્યું કે ચંદકવિ નાસી ગયો છે ત્યારે તે ક્રોધથી અત્યંત અધીરો થઇ ગયો. તેને આજસુધી જીવતો રાખ્યો એ બહુ ભુલ થઇ એમ તેને લાગ્યું. અત્યારે ક્રોધ કરવાથી તેનું કાંઇ પણ ફળ થવાનું નથી પણ જો યુદ્ધમાં જય થાય તો આનો બદલો હિંદુઓ પાસેથી લેવો એવો વિચાર કરી માંડ માંડ ક્રોધ દબાવી શકયો. વળી પાછો વિચાર થયોકે ચંદકવિ નાસી ગયો છે તે જો અમારી પહેલાં દિલ્લી પહોંચી જઇ વિજયની સાથે થયેલી વાતચીત પૃથ્વીરાજને જણાવી દેશે તો પૃથ્વીરાજ બરાબર સાવધાન રહેશે અને આ વખતે પણ અમારે હિંદુસ્તાનમાંથી નાસી જવું પડશે. ‘સ્વદેશમાં જઇને ભાઇને શું મોહું બતાવવું ? ત્યારે હવે વિલંબ શા માટે કરવો ? આજ દિવસ સુધી તો વિજયના સંદેશાની રાહ હતી તે પણ એક દૂત લઈ આવ્યો છે તો શત્રુઓ ત્યાં જઇ યુદ્ધની તૈયારી કરે તે પહેલાંજ ત્યાં પહોંચી જવું ઉત્તમ છે. જરૂર જણાય ત્યાં અસત્ય કાર્ય કરવાથી પાપ થતું નથી.’ એ પ્રમાણે વિચાર કરી તે જ રાત્રે ત્યાંથી છાવણી ઉપાડી અને ધીમે ધીમે ગુપ્ત રીતે અને જંગલના રસ્તે ચાલી આઠમા દિવસની રાત્રે સ્થાનેશ્વરને સામે કાંઠે પહોંચી તેની પાસેના એક અરણ્યમાં પડાવ નાખ્યો. અને થોડીવાર વિશ્રાન્તિ લીધા પછી કેટલુંક

સૈન્ય જંગલમાં છુપાવી રાખી માત્ર ૩૦૦૦૦ ત્રીસ હજાર સ્વાર અને ૪૦૦૦૦ ચાલીસ હજાર પાયદળ લઇને સવાર પડતાં પહેલાં નદી ઓળંગીને હિંદુઓ ઉપર હુમલો કર્યો. આ તરફ પૃથ્વીરાજના માંડળીકો તથા મિત્ર રાજાઓ હજી સુધી આવી પહોંચ્યા નહોતા. માત્ર એકાદ—બે આવ્યા હતા. આનું મુખ્ય કારણ એ કે વજયની ચાતુરાઇથી કેટલાએકને તો નિમંત્રણ પત્રજ મળ્યાં ન હોતાં, અને જેમને મળ્યાં હતાં તેમને આવવાની આવસ્યકતા નથી એમ જણાવ્યું હતું. વળી કેટલાએકને જયચંદે વિચલિત કરી દીધા હતા. તેથી એકાદ બે રાજાઓ સિવાય કોઇએ મદદ મોકલી નહોતી. પરંતુ પૃથ્વીરાજને તેઓની એટલી બધી જરૂર નહોતી તેથી પોતાનું સૈન્ય લઇ તેઓ આગળથી જ તૈયાર કરેલી હોવાથી તેમણે યવનોનો સારો સત્કાર કર્યો.

આજ રણક્ષેત્રનું ભયાનક દશ્ય જોતાં હૃદયનું લોહી સુકાઇ જાય છે. એક તરફ દશદ્વતી ઓળંગીને યવન—સૈન્ય જેટલે સુધી દૃષ્ટિ પહોંચે તેટલામાં વ્યાપ્ત થયેલું છે, તેમાં કોઇના હાથમાં બંદૂક, કોઇના હાથમાં તલવાર, કોઇના હાથમાં ભાલું, કોઇના હાથમાં ધનુષ્ય—છે, અને જાણે ભારતવર્ષને નિઃક્ષત્રિય કરવાનો સંકલ્પ કરી "અલ્લા હો અકબર! અલ્લા હો અકબર" નો પોકાર કરતા ચો તરફ ઘૂમે છે. બીજી તરફ ધનુસ્યધારી, બંદૂકધારી, કૃપાણધારી રજપુત સૈન્ય યવન—સંહાર મૂર્તિ ધારણ કરીને સામા પક્ષના હૃદયમાં ત્રાસ ઉત્પન્ન કરે છે. બરાબર મોરચ.માંજ શત્રુઓના સંહારની વાટ જોતી તોપોની હારો આવેલી છે. હિંદુ સૈન્યનાં ચારે તરફથી "જય પૃથ્વીરાજનો જય, જય સમરસિંહનો જય" શબ્દ આકાશને ડોલાવી નાંખે છે. રજપુત અને યવન સેનાની ગોઠવણમાં કેટલીક વિલક્ષણતા જોવામાં આવે છે. ક્ષત્રિય સૈન્યનો મોરચાનો ભાગ લગભગ ૧ ગાઉમાં લંબાએલો છે અને પાછલો ભાગ ઓછા વિસ્તારમાં છે. મોરચાના મધ્ય ભાગના દળના સેનાપતિ પૃથ્વીરાજ છે. તેમના જમણા હાથ તરફ પોતાનું મેવાડી સૈન્ય ગોઠવી સમરસિંહ રહેલા છે અને ડાબા હાથ તરફનું સૈન્ય કલ્યાણના તાબામાં છે. પૃથ્વીરાજના સૈન્યની પાછળ ઘણું લસ્કર લઇને મોરચાના લસ્કરની ખોટ પૂરી પાડવા તથા કોઇ ઠેકાણે અણધારી આફત આવી પડે તો તે સમાવવા માટે વિજયસિંહ તૈયાર છે. ત્યારે મહંમદ ઘોરીએ પોતાના સૈન્યનો આ-

ગયો ભાગ ઓછા વિસ્તારમાં રાખી પાછલા ભાગને લગભગ ૨ ગાઉમાં લંબાવ્યો છે.

સવાર પડતાં બંન્ને સૈન્યો એક બીજાને જોઈ શક્યાં. ક્ષત્રિય સૈન્ય વિકટ ગર્જના કરી " જય પૃથ્વીરાજનો જય, જય સમરસિંહનો જય " જયનાદ કરતું યવનો પર ધસી આવ્યું, અને માત્ર પૃથ્વીરાજનાજ સૈન્યે યવનોની પહેલી ટુકડીને છિન્નભિન્ન કરી નાંખી. એક તરફ તોપનો માર શરૂ થવાથી અસંખ્ય યવનો પૃથ્વી ઉપર પડવા લાગ્યા. કોઈ 'અલ્લા' ના નામનો અર્ધ ઉચ્ચાર કરતાં ઠેકાણે પડી ગયા, કોઈ નાસવાની તૈયારી કરવા લાગ્યા. ધીમે ધીમે પૃથ્વીરાજનું સૈન્ય જયનાદ કરતું કરતું વેગવાન જળપ્રવાહ પેઠે આગળ ધસવા માંડયું અને યવનોને ફરફર ફેંકવા લાગ્યું. આ વખતે મહંમદ ઘોરીએ પોતાના પાછલા સૈન્યને આગળ ચલાવ્યું પણ તે તો તોપના ગોળામાંથી બચવા માટે મોરચામાંથી ખસી જઇને બાજુ તરફ રહી લડવા લાગ્યું. મહંમદઘોરી પોતાના સૈન્યને ઉત્સાહનાં વચનો કહેવા લાગ્યો અને તેઓને વધારે ઉત્સાહ આવે તેટલા માટે પોતે પણ આંગળ ધસીને તરવાર ચલાવવા લાગ્યો. આ પ્રમાણે મહંમદઘોરીએ બાજુ તરફથી ધસીને પૃથ્વીરાજના સૈન્યને વીંખી નાંખવાનો યત્ન કર્યો તે કિંચિત સફળ થયો ખરો: પરંતુ થોડી વારમાં યવનોનું આગળ વધેલું દળ ક્ષત્રિય—તલવારનો સ્વાદ ચાખી—છિન્ન મસ્તક થઈ સ્વારોના અશ્વના પગ તળે કચરાવા લાગ્યું. ત્યારે વળી મહંમદઘોરીએ પોતાના સમસ્ત સૈન્યનો લગભગ અર્ધ ભાગ લઇ પૃથ્વીરાજના દલને ચૂર્ણ કરવા આંખો વીંચીને ઝંપલાવ્યું. યુદ્ધ ખરેખરૂં જામ્યું. આ વખતે બન્ને તરફથી સમરસિંહે અને કલ્યાણના લશ્કરે આવી અંદર પેસેલા યવનોને બરાબર ઘેરી લીધા. અશ્વપદ અને રથચક્રથી ઉડતી ધુળ રાશી તથા તોપના મુખમાંથી નીકળતા ધુમ—રાશિથી આખું આકાશ છવાઇ ગયું. જાણે પ્રલયકાળનાં વાદળાંઓથી બધી દિશાઓ ઢંકાઇ ગઈ—સૂર્ય પણ ઢંકાઇ ગયો. અને અંધકારનું સામ્રાજ્ય વ્યાપ્ત થયું, તોપની ભયંકર ગર્જનાઓ, સૈન્યનો કોલાહલ અને રણવાદ્યનો નિનાદ એકત્ર થવાથી પ્રલયકાળના મેઘની જેવી ગર્જનાઓ થવા લાગી; અને તે દિશાઓને મુંઝાવવા લાગી. અસંખ્ય તરવારોનો ચળકાટ પ્રલયકાળની વિદ્યુત જેવો ભાસવા લાગ્યો. વીરોના પદાઘાતથી કમ્પતી પૃથ્વી જાણે પ્રલય વિપ્લવથી કેન્દ્રભ્રષ્ટ થવાની તૈયારી કરતી હોય

તેની જણાવા લાગી. રજપૂતો જેસલેર મારો ચલાવતા હતા કેમકે યવનો બરાબર વચમાં આવી ગયા હતા. સન્મુખથી પૃથ્વીરાજ જમણી તરફથી સમરસિંહ અને ડાબી તરફથી કલ્યાણ ધસી આવી યવનોનો બરાબર સત્કાર કરતા હતા. જો આ વખતે વિજયસિંહે ધસી આવીને બાકી રહેલી ચોથી દિશા બંધ કરી હોતતો અંદર એક પણ યવનને સ્વદેશમાં જવું ન પડત. અને એક પણ યવન બીજું સવાર જોઇ શકત નહીં. પરંતુ અક્ષત્રિય-વ્રતધારી વિજયસિંહ પોતાના સૈન્યને સ્વચ્છંદે ચલાવી પૃથ્વીરાજની પાછળજ નિશ્ચેષ્ટ થઈ ઉભો રહ્યો અને પોતાના અધિનસ્થ સૈનિકોનો ઉત્સાહ ભંગ કરવાનો યત્ન કરવા લાગ્યો. વારે વારે તે કહેતો કે હજી વાર છે વખત થયો નથી. આ તરફ ત્રણ દિશાએથી ઘેરાએલો મહંમદઘોરી પકડાઇ જવાની આશંકાથી અવશિષ્ટ સૈન્ય લઇને નાસવાની તૈયારી કરવા લાગ્યો તેમાં સૌથી પ્રથમ પોતે નાઠો, ત્યારે સૈન્ય શાનુંજ રહે? પૃથ્વીરાજ, સમરસિંહ અને કલ્યાણ તેમની પાછળ પડયા અને ક્ષત્રિય તરવારની ધારથી આર્યભૂમિને યવન-રક્તપ્લાવિત કરી નાખી. યવનો જ્યારે દશદ્વતીને સામે કાંઠે પહોંચી ગયા ત્યારે વિજય પતાકા ઉડાડતા ઉડાડતા બધા ક્ષત્રિયો પોતપોતાના શિબિર તરફ પાછા ફર્યા. હિંદુઓનો જય થયો; તેથી બધાએ મળીને દેવી આશાપૂર્ણા તથા મહાદેવની પૂજા કરી તેઓનાં જયકીર્તન કરી લગભગ અર્ધરાત્રિ વિત્યા પછી વિશ્રાન્તિ લીધી. જ્યાં પ્રભાત થયું ન થયું ત્યાં પૃથ્વીરાજ તથા કલ્યાણ સૈન્યને બરાબર તૈયાર કરી મહિષી તથા ઉષાવતીને જોવા ગયા. તેઓએ એમ ધાર્યું હતું કે અહીંથી સૈન્ય લઇ દશદ્વતીને સામે કાંઠે જઇ યવનો ઉપર ફરી વખત હુમલો કરીશું.

પ્રકરણ ૨૫ મું.

'કલ્યાણનો અનુતાપ'

સ્થાણેશ્વરમાં રાજ શિબિરના એક મોટા ખંડમાં રાજમહિષિ મુમુર્ષુ ઉષાવતીની પાસે બેસીને તેના મુખ તરફ જોઈ વારંવાર રડે છે. અત્યારે રાજમહિષિનું પૂર્વનું રૂપ કે તેજ રહ્યું નથી; કેટલાક દિવસ થયાં તે સમ્પૂર્ણ રૂપાન્તરિત થયેલી છે. આ બનાવ બન્યા પ-

હેલાં જેઓએ તેને જોયેલી હોય, તેઓ આ વખતે તેને ઓળખી શકે કે કેમ ! એ સદેહની વાત છે. તેની પાસે પૃથ્વીરાજ અને કલ્યાણ ઉભેલા છે. તેઓ રાજમહિષિ પાસેથી વિદાય ગ્રહણ કરવા આવ્યા છે.

રાત્રિ વ્યતિત થઈ ગઈ છે પરંતુ હજી સુધી સૂર્યનો પ્રકાશ બરાબર ફેલાયલો ન હોવાથી આ ખંડમાં દીવો બળે છે. યુવરાજ કલ્યાણ રાજકન્યાના નિર્દોષ અને નિર્જીવ મુખમંડળ તરફ એક દૃષ્ટિથી જોઈ રહ્યો હતો અને કંઇક વિચારતો હતો. તેના હૃદયમાં જે ભયાનક ઉત્પાત થઈ રહ્યો છે તેનું વર્ણન કોણ કરી શકે ? જ્વાલામુખી પર્વત ફાટતાં પહેલાં તેની આભ્યંતર અવસ્થા કોઇ જોઇ શકે—અથવા તેના ગર્ભસ્થ આગ્નેય પદાર્થો તથા ધાતુમય પદાર્થોના આઘાત—પ્રતિઘાતના ભિષણ વ્યાપારનો કોઇ અનુભવ કરી શકે તો કલ્યાણનો ચિત્તવિકાર સમજી શકાય. આજ તેની ઉષાવતી મરણપથારીએ સુતેલી છે અને તે તેનું કારણરૂપ છે—તેણેજ તેના નિર્મળ ચરિત્રમાં કલંક રોપ્યું છે—તેણેજ પૂર્વાપરનો વિચાર કર્યા વગર વજ્ર જેવા ગંભીર સ્વરે તેને "માયાવિની" કહી તેના કોમલ હૃદયમાં આઘાત કર્યો છે.—કઠોર આઘાતથી જે લતાનું તેણે છેદન કર્યું છે—તે છિન્ન—લતાને માટે આજ તે શોકાકુળ છે.

આવા વિચારોથી ઉત્પન્ન થયેલી લજ્જા અને યાતનાથી તેનું હૃદય વિદીર્ણ થતું હતું. તે ઉન્મતની પેઠે ઉષાવતીના પ્રાતઃ શશીસદૃશ મ્લાનકાન્તિ મુખમંડળ તરફ તથા અર્ધમુક્તિ પદ્માકારસદૃશ નયનયુગલ તરફ જોઇ રહ્યો હતો. યન્ત્રણાથી તેનું હૃદય ઉચ્છ્વસિત થતું હતું. આ તેની શોકવ્યંજક વીરમૂર્તિ એક બાળક જૂએ તો તે પણ તેનું કષ્ટ સમજી શકે. કન્યાને જોવાથી પોતાને જે કષ્ટ થતું હતું તે સંતાડવાનો પૃથ્વીરાજ યત્ન કરતા હતા; અને કેટલેક અંશે તેઓ સફળ પણ થયા હતા. થોડો વખત તો કોઇ કંઇ બોલીજ શક્યું નહીં; તે નિસ્તબ્ધતા પૃથ્વીરાજે એકદમ ભંગ કર્યો, તેઓ બોલ્યા, "મહિષી ! આ હૃદય-વિદારક ઘટનાથી અધીર થવું એ આપણું અકર્તવ્ય છે. ક્ષત્રિયકુળમાં જન્મેલાંઓનો દેશરક્ષાજ પ્રધાન ધર્મ છે—આજ દેશરક્ષા માટે અમે ફરી વખત જઇએ છીએ. અત્યારે હજારો વિપદ્ આવી પડશે તો પણ હું નિરૂત્સાહ નહીં થાઉં અને તે ધર્મનો ભંગ પણ નહીં કરૂં. હવે હું જાઉં છું. દેવી આશાપૂર્ણાજ આ વિપદમાંથી તમારી બધાની રક્ષા કરશે ! અને તેનાજ હસ્તમાં મારી પ્રાણાધિક પત્ની તથા કન્યાને

સમર્પણ કરી હું જાઉં છું. આ વખતે મહિષી રડતી હતી તેથી બધી વાત તેના કર્ણમાં ઉતરી નહીં. તે બોલી ઉઠી, "ગૃહલક્ષ્મી આ વખતે આપણો ત્યાગ કરીને જાય છે. ભાગ્યલક્ષ્મી પણ આપણા તરફ નિર્દય છે કે આ વખતે આપણો જય થશે નહીં."

પૃથ્વી—મહિષી! આ શું? તારા મુખમાંથી આવા શબ્દો કેમ નીકળે છે? શોકાકુળ થવાથી ક્ષત્રિયવીર્ય તરફ આજ તને અવિશ્વાસ થયો છે—અને તેથીજ 'ધર્મના જય' માં પણ તને સંદેહ થયો છે! ગઇ કાલે યવનોનો ઘાણ કેવો કાઢી નાખ્યો છે તે અત્યાર સુધી કોઇએ તને સંભળાવ્યું નથી? શું તું કહે છે તેમજ ઇશ્વર કરશે? જો ખરેખર તેમજ થાય,—અધર્મનો જય થાય,—હવેથી સૂર્ય પૃથ્વીને પ્રકાશ આપતા અટકી જાય તો પણ યુદ્ધમાં પરાજિત થઇને હું પાછો આવવાનો નથી. જો યુદ્ધમાં જય થશે તો તમે મને જોઇ શકશો નહીં તો અત્યાર—"

મહિષી—દેવ! તમે યુદ્ધમાં પરાજિત થઇ જીવતા રહો એવી મારી ઇચ્છા નથી પરંતુ તમે યુદ્ધમાં પ્રાણત્યાગ કરશો ત્યારે હું તમારી સાથે મરી શકીશ નહીં એટલોજ મને ખેદ થાય છે. આ આપણો છેલ્લોજ મેળાપ છે એવું મનમાં આણશો નહીં. કદાચ યુદ્ધમાં આપનું મૃત્યુ થશે તો હું પણ આપની અનુગામિની થઇશ—અને પરલોકમાં આપણે ફરી વખત મળશું. દેવ! ત્યારે હવે વિલંબ કરશો નહીં અને અમારી ચિન્તા કરી મનને કષ્ટ આપશો નહીં.

કલ્યાણ અત્યાર સુધીમાં એક પણ વાક્ય બોલી શક્યો નહીં; તેના અનુતપ્ત ચિત્તે એક શબ્દ પણ ન બોલવા દીધો. તે તો આ મર્મભેદીમંત્રણાનું મૂળકારણ પોતાને માની યંત્રણ—વિદીર્ણ હૃદયે દેવતાઓની પાસે પ્રાર્થના કરતો હતો. હાય! આ કુસુમ લતિકા અકાળે શુષ્ક શાથી થઇ ગઇ! આ બાબતમાં તેનો સંપૂર્ણ દોષી પોતે નથી? આ પ્રશ્નોનો તેના હૃદયના નિભૃત દેશમાંથી પ્રતિધ્વનિ થવા લાગ્યો, "હુંજ ખરેખર દોષી છું, આ પૃથ્વીમાં મારા જેવો દોષી અને પાપી બીજો કોઇ નથી! આહા! આ નિર્દોષ અને પવિત્ર હૃદયવાળી બાલિકા ઉપર મેં અવિશ્વાસ કર્યો! જે નિર્દોષ બાલિકા મને દેવતા તરિકે પૂજતી, મારામાંજ જેનું સુખ હતું, જે મારા સિવાય બીજું કશું જાણતી ન્હોતી, તેના ઉપર મેં દોષારોપ કર્યો! તેની સરલતાનો આ

બદલો ! તેના હૃદયદાનના બદલામાં આ ભેટ! મેંજ અજ્ઞાનતા અને નિર્દયતાથી સ્ફુટનોન્મુખ કુસુમ-કલિકાને અકાળે છિન્ન કરીને કચરી નાખી ! હા ! દેવી ભગવતિ, ચિતોડ અધિષ્ઠાત્રિ ! શું આ પાપનું પ્રાયશ્ચિત નહીં હોય ? આ કાર્ય બદલ મને જે શિક્ષા કરવી ઘટે તે કરો–હું તે હસ્તે મુખે સહન કરીશ. મારા હૃદયમાં નરકાગ્નિ પ્રજ્વલિત કરો–હું તે અવિકૃત ભાવે સહન કરીશ; પરન્તુ નરકના આગ્નની જ્વાલા આ જ્વાલા પાસે શા હિસાબમાં ? ભગવતિ, આપની પાસે આવી પ્રાર્થના કરી શકું એટલો મારો અધિકાર છે ? આ પાપીના મુખમાંથી આપનાં પવિત્ર નામોનો ઉચ્ચાર કરતાં તે ભ્રષ્ટ થશે નહીં ? દેવી ! આપની પાસે પ્રાર્થના કરવાનું સાહસ પણ થતું નથી, તો પણ હે દેવી ! પ્રસન્ન થાઓ ! હું સંકુચિત ભાવે માત્ર એકજ પ્રાર્થના કરૂં છું. એ પ્રાર્થના મારા પોતાને માટે કરતો નથી, તેમ જ્યાં સુધી જીવીશ ત્યાંસુધી કરીશ પણ નહીં; કેમકે મારે માટે પ્રાર્થના કરવાનું કાંઈ પણ નથી, પરંતુ હું પ્રાર્થના કરૂં છું કે 'ઉષાવતીને આપના અમૃતમય ખોળામાં સ્થાન આપો કે જેથી તેના હૃદયમાં આ પાપિષ્ઠ વડે પ્રગટાયેલી જ્વાળા નિર્વાપિત થાય !" એટલું બોલતાં બોલતાં તેણે ફરી વખત ઉષાવતીના મુખ સામું જોયું–તેનું હૃદય દારૂણ યાતનાથી અધીર થઇ ગયું, તેની બન્ને આંખો વીંચાઇ ગઇ, વળી તે વિચારવા લાગ્યો ! " શું આ પવિત્ર મુખચંદ્ર જોવાનો હવે હું અધિકારી છું ? હું નરાંસકી હું સ્ત્રી હન્તા છું ! તેથી એ મુખ જોવાનો હવે મને અધિકાર નથી. " પછી વિચાર થયો કે, " હું તો હમણાંજ યુદ્ધમાં જવાનો છું અને તેમાં મરવાનો છું, ત્યારે શું ઉષાવતીનો અપરાધી રહીને હું મરીશ ? ના, હું વિગલિત નેત્રે તેની પાસે ક્ષમા માગીશ, જો માફ કરે તો ભલે, નહી તો સમરાંગણમાંજ હું ઉષાવતીનો અપરાધી છું એમ મનમાં લાવી આ જીવનનો અંત આણીશ. એ તો ઠીક પરંતુ ક્ષમા માગવી કોની પાસે ? ઉષાવતી તો રોગી છે, વળી તે અજ્ઞાન છે. અને મૃતપ્રાય છે ! આહા ! આથી વિશેષ ચિન્તા કરવાની શક્તિ કલ્યાણમાં રહી નહી. તેનું હૃદય વિદીર્ણપ્રાય થઇ ગયું. તેને આંખે અંધારાં આવવા લાગ્યાં, તથા મસ્તક ફરવા લાગ્યું; તેથી અવશ થઇને તે રાજકન્યાના પલંગ ઉપર બેસી ગયો અને તેનું મસ્તક રાજકન્યાના ચરણ સાથે અથડાયું. રાજકન્યા મુર્છિતાવસ્થામાં હોવા છતાં

પોતાના ચરણ ખસેડી લીધા. કલ્યાણની આવી અવસ્થા જોતાં પૃથ્વી-રાજને નવાઈ લાગી તથા સહેજસાજ ભય ઉત્પન્ન થયો, તેઓ તર-તજ કલ્યાણ પાસે જઈ તેનું મસ્તક ઉંચુ કરી આદર પૂર્વક બોલાવવા લાગ્યાં. ,' કલ્યાણ! પ્રાણાધિક કલ્યાણ!" પણ કોણ જવાબ આપે? કલ્યાણને તો બીલકુલ શુદ્ધી નથી રાજકન્યાની પેઠે તે પણ મૂર્છિત થઈ ગયો છે. એક તરફ મૃતપ્રાય પ્રાણસમી રાજકન્યા, બીજી તરફ શોકોન્મત્ત મહિષી અને ત્રીજી તરફ શોકાભિભૂત મૃતપ્રાય વીરકેશરી કલ્યાણ; આવી સ્થિતીમાં કોનું હૃદય સ્થિર રહી શકે? પૃથ્વીરાજનું હૃદય પણ આ બનાવથી અત્યંત શોકાકુલ થઇ પડયું; ત્યાં ઓછામાં પુરૂં સૈનિકોની બૂમ સંભળાણી કે "યવનો આવે છે, એ યવનો આવ્યા." પૃથ્વીરાજ સમજી ગયો કે યવનો હુમલો કરવા ધસ્યા આવે છે. તેથી ચમકિત ભાવે મહિષીને કહ્યું, "મહિષી! હવે વધારે વખત હું રહી શકું તેમ નથી, કેમકે યવનો ચાલ્યા આવે છે માટે મારે જવું પડશે. યુવરાજ કલ્યાણ અને ઉષાવતી ભલે અંહી રહે, હવે જો વધારે વિલંબ થશે તો મારા હૃદયની દુર્બળતા જણાશે અને સ્નેહ મમતાની પાસે ક્ષત્રીયવીર્ય પરાજિત થશે," ત્યારે અશ્રૂપૂર્ણ નયને મહિષી બોલી "દેવ! આ શોકક્લિષ્ટ યુવરાજ અને મુમુક્ષુ પુત્રીને લઇને હું એકલી શી રીતે રહી શકીશ? તમે જો અંહીથી ચાલ્યા જશો તો હું તદ્દન અસહાય થઈ પડીશ. માટે આ વખતે યુદ્ધમાં" મહિષીની વાત પુરી નથઈ ત્યાં પૃથ્વીરાજ બોલી ઉઠયો, "ભદ્રે! ભગવતિ કાત્યાયિની તમારી રક્ષા કરશે! ક્ષત્રિયકુળ લક્ષ્મી હજી સુધી નિદ્રિતા થયાં નથી; અને ધર્મ આપણી મદદે છે."

મહિષી બોલી, "પરન્તુ"

પૃથ્વી—ના, મહિષી, હવે 'પરન્તુ' નહીં. હવે અનુચિત વિલંબ થાય છે માટે રૂદન કરીને મને જતો અટકાવ નહીં.

મહિષી—મહારાજ! ક્ષત્રિય પત્ની સ્વામીને યુદ્ધમાં જતા કોઇ દિવસ અટકાવે? હું આપને યુદ્ધમાં જતાં અટકાવતી નથી પરંતુ એટલી વિનંતી કરૂં છું કે જ્યાં સુધી કુમાર યુદ્ધમાંથી આવે ત્યાં સુધીજ આપ અહીં રહો, અને તેમાં પણ જો વિઘ્ન આવતું હોય તો યુદ્ધમાં પધારો અને જય લાભ કરો." આ વાત જ્યાં પુરી ન થઈ ત્યાં તો એક ઉંડો નિસાસો નાંખીને કલ્યાણ ઉઠીને બેઠો થયો.

ત્યારે મહિષી સ્નેહ પૂર્વક તેને બોલાવવા લાગી, "વત્સ કલ્યાણ! શાન્ત થા. શાન્ત થા," કુમાર એ શબ્દો ઉપર કાન નદેતાં પોતાની મેળે ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો, "ભગવતિ! શૈલસુતા! દેવી ક્ષાત્રકુલ—લક્ષ્મિ!" આ શબ્દો સાંભળતાં મહિષી ભયભીત થઇને કુમારનો હાથ પકડી "કલ્યાણ, કલ્યાણ, યુવરાજ કલ્યાણ" એમ વારે વારે બોલાવવા લાગી આથી કુમાર એકદમ ચમકી ઉઠયો, તેના મનમાં એમ થયું કે ખરેખરાં ભગવતિજ તેના રૂદનથી દયાર્દ્ર થઇ તેની પાસે પ્રગટ થયાં છે. તેથી તેણે બરાબર નિરખીને જોવું તો રાજમહિષી સામે ઉભેલાં છે. રાજમહિષીને સામે ઉભેલાં જોઇ કલ્યાણને જરા લજ્જા ઉત્પન્ન થઇ પણ વળી તે આંખો મીચી દઇ મનમાં મનમાં બોલવા લાગ્યો, "ભગવતિ! શૈલસુતે! દેવી ક્ષાત્રકુલ-લક્ષ્મિ! જો આ જન્મમાં મેં ખરાભાવથી તમારી પ્રાર્થના કરી હોય તો ઉષાવતીના શરીરમાં ચૈતન્યનો સંચાર કર; કે જેથી હું એક વખત મારો અપરાધ મૂક્ત કંઠે સ્વિકારી તેની પાસે ક્ષમા માગું, એટલું બોલતામાં તો કલ્યાણના ઓષ્ટાધર ફરકવા લાગ્યો. અજસ્ત્ર અશ્રુધારા તેના ગંડસ્થળ તથા હૃદયને નવરાવી ભૂમિ ઉપર વહેવા લાગી. વળી તેણે અશ્રૂપૂર્ણ નયને વ્યથિત હૃદયે અને વ્યાકુળ દૃષ્ટિથી ઉષાવતી તરફ જોયું; હીમપડવાથી કરમાયેલી કમલિની જેવી ઉષાવતી જણાતાં તેની દૃષ્ટિ સ્તંભિત થઈ ગઇ; તેની આંખમાંથી પડતી અશ્રૂધારા એકદમ બંધ થઇ ગઈ, ચક્ષુઓ ઘણો વખત ઉઘાડી રહેવા છતાં તેમાંથી અશ્રૂનું એક પણ બિન્દુ પડયું નહીં. જો તે પૂર્વની પેઠે રડયો હોત તો તેના હૃદયમાં સળગતો અગ્નિ કંઇક શાન્ત થાત, પરંતુ તે તો કંઇ બન્યું નહીં તેનું હૃદય નિસ્પન્દ થયું, શરીર સ્તંભી ગયું, શિરાઓમાં વહેતું શોણિત સ્તબ્ધ થઇ ગયું, તે કશું જોઈ શકતો નથી, કશું સાંભળી શકતો નથી, કશું વિચારી શકતો નથી, તેનાં જ્યોતિહીન નયનો સ્થિર રહી ગયાં છે. વળી થોડી વારમાં તેનું શરીર ચમકી ઉઠયું, નિર્જીવ તાન સજીવ થયું ચિન્તાએ આવી હૃદયમાં વાસ કર્યો તેથી તે વળી વિચારવા લાગ્યો "આજ તેના મુખની કાન્તિ ફિક્કી કેમ છે? તેનો મધુર કંઠ નિરવ કેમ છે? અને પ્રેમપૂર્ણ નયનો વીંચાયલાં કેમ છે? કોના વડે તેની માતાનું હૃદય શૂન્ય થયેલું છે? તેના પિતાનું હૃદય કોણે વિદિર્ણ કર્યું? શા માટે આજ તેઓ બન્ને જણા મૃતપ્રાય થઇ ગયાં છે? હુંજ પાખંડી-હુંજ તેનું કારણ છું. મારા હૃદયમાં પ્રચંડ અગ્નિ સળગી રહ્યો છે,

તેમાં આ જીંદગી સુધી આહુતીઓ પડયા કરશે. ત્યારે હું જાઉં અને તોપને મોંએ બંધાઇને મરી જાઉં ! આ પૃથ્વી સાથેનું મારૂં બન્ધન તૂટી જાઓ હૃદય તો છિન્ન ભિન્ન થઇ ગયું છે, ત્યારે દેહ અને જીવન પણ છિન્ન વિચ્છિન્ન થઇ જાઓ. ત્યારે હવે ઉષાની પાસેથી અને વસુંધરા પાસેથી વિદાય લઇ હું જાઉં." એ વખતે પૃથ્વીરાજ ગંભીર સ્વરે બોલ્યા, "શું યુવરાજ કલ્યાણ પણ સ્ત્રીઓની પેઠે શોકાકુળ થઈ અભિભૂત થઈ જશે ? આ વાક્યથી જરા શાન્ત થતાં કલ્યાણ બોલ્યો, "મહારાજ ! આપ આગળ ચાલો, હું હમણાંજ યુદ્ધમાં જાઉંછું" પૃથ્વીરાજે જોયું કે જો કલ્યાણ અંહી વધારે વખત રહેશે તો તેનું હૃદય શિથિલ થઈ જશે અને શોકથી તે અધીર થઈ જશે. કેમકે શોકને વખતે શોક દૃશ્ય અધિક સંતાપકર થઇ પડે છે. તેથી જરા કપટકોપ બતાવી તે બોલ્યા. "ત્યારે શું ક્ષત્રિયવીર કલ્યાણને આજ યુદ્ધ કરતાં રોગીનો ખંડ વધારે વહાલો લાગે છે ?" કલ્યાણ આ શબ્દો સાંભળતાં અત્યંત શરમાઇ ગયો અને તેનો કંઈ તેણે પ્રત્યુત્તર ન આપતાં તેણે નીચે મુખે યુદ્ધમાં જવા માટે રાજમહિષી પાસેથી વિદાય લીધી પરંતુ કોણ જાણે શા માટે અચેત ઉષાવતી સામુ ફરી વખત ન જોતાં ધીમે પગલે પૃથ્વીરાજની પાછળ ખંડ બહાર નીકળ્યો.

બહાર નીકળતાં જ્યારે સૈન્યનો કોલાહલ અને રણવાદ્યધ્વનિ તેના કર્ણમાં પેઠો ત્યારે તેનું ચિત્ત કેટલેક અંશે શાન્ત થયું. પરંતુ જ્યારે તે સૈન્યની વચમાં આવી પડયો, ત્યારે તો માત્ર સમરોત્સાહજ તેના હૃદય દેશમાં સ્વતંત્ર મહાલવા લાગ્યો.

પ્રકરણ ૨૬ મું.

ઝપાઝપી; સંધિ અને અપશુકન.

પૃથ્વીરાજ અને કલ્યાણ જ્યારે રાજમહિષી પાસે ગયા હતા ત્યારે યોગીન્દ્ર સમરસિંહ તથા તેના અનુચરો થોડું એક સૈન્ય લઇ પુણ્યતોયા દૃશદ્વતીને તીરે જઇ ક્ષત્રિયરીતિ અનુસાર પ્રાતઃકૃત્યમાં લીન થઇ ગયા હતા.

ધીમે ધીમે રાત્રિ પુરી થઇ; સૂર્યદેવ હમણાંજ પધારશે એમ ધારી તેને વધાવવા માટે પૂર્વ-દિશા રંગબેરંગી ઓઢણું ઓઢી તૈયાર

થઇ રહી. મંદ—સુગંધ અને શીતળ પવન લતા—પલ્લવો ડોલાવતો, સરોવર તથા દશદ્વતીના સ્વચ્છ જળમાં ઝીણી ઝીણી લહરીઓ પ્રસારતો પ્રસારતો વહેવા માંડયો. કાંઠા ઉપર આવેલાં મલ્લિકા—માલતી—કુસુમો ઉપર મધુલુબ્ધ મક્ષિકાઓ ટોળે વળીને ગુણુ—ગુણુ કરવા લાગી; અશોક અને પલાશની ડાળે બેઠેલા બપૈયા પિયુ પિયુ શબ્દ તથા કોકિલાના કુહુ કુહુ કંઠરવ નિન્દ્રિત સૈન્યને જાગૃત કરવા લાગ્યા; સાથે સમરસિંહ પણ ધ્યાનભંગ થયા. તેમણે નેત્રો ખોલીને જોયું તો યવનોનું કેટલુંક સૈન્ય દશદ્વતીના મધ્યભાગ સુધી આવી પહોંચ્યું છે, અને તેની પાછળ ઘણું સૈન્ય સામે કાંઠે જવાની રાહ જોતું ઉભું છે આ બનાવ જોતાંજ તેણે બે સ્વારોને પૃથ્વીરાજ પાસે અત્યંત ઉતાવળે જવાનું ફરમાવી પોતાના અનુચરોને લઇ યવનસેનાને આવતી અટકાવી. અર્ધક યવનો પાણીમાં અને અર્ધક યવનો જમીન ઉપર ઉભા રહી અસ્ત્ર ચલાવવા માંડયા; અને 'અલ્લા હો અકબર' ના પોકાર કરતા કરતા અગ્રસર થવા માંડયા; પરંતુ સમરસિંહના અટલ અને અચલ વિરભાવ આગળ તેઓનો સઘળો યત્ન વ્યર્થ જવા માંડયો. બન્ને તરફનાં માણસો ઘાયલ થવા માંડયાં; તેમાં સમરસિંહની પાસે તો મૂળથીજ થોડાં માણસો હતાં અને પાછાં તેમાંથી જ્યારે ઓછાં થયાં ત્યારે તેમનો હાથ કંઇક શક્તિહીન જણાવા લાગ્યો, ત્યાં તો શિબિરમાં તૈયાર થયેલું સૈન્ય પૃથ્વીરાજની અને કલ્યાણની રાહ ન જોતાં સમરસિંહની મદદે આવી પહોંચ્યું. આ તરફ અગ્રસર થવા માટે યવનસેના પણ ભીષણ વેગથી ધસવાનો પ્રયત્ન કરવા માંડી. બન્ને વચ્ચે બરાબર ઝપાઝપી થવા લાગી. ત્યાં તો પૃથ્વીરાજ અને કલ્યાણ પણ આવી પહોંચ્યા અને સમરસિંહને વિપદાગ્રસ્ત જોઇ અત્યંત ઉચ્ચ નાદે "આશાપૂર્ણાનો જય" બોલાવ્યો. આ વખતે સમરસિંહમાં બમણો ઉત્સાહ આવી ગયો, તેથી તેઓ વકરાયેલા સિંહની પેઠે વિદ્યુતની જેવી તીવ્રતાથી તરવાર ચલાવતા ચલાવતા યવનદળમાં ઘુસી ગયા અને યવન મસ્તકોથી પૃથ્વીને આચ્છાદિત કરવા લાગ્યા. રજપુતોનું નવું સૈન્ય આવેલું જોઇ યવનો નાસવાની તૈયારીમાં તો હતાજ તેમાં આ ક્ષત્ર—તરવારના સુતિક્ષ્ણ—સ્પર્શનો અનુભવ કરતાં છિન્ન ભિન્ન થઇને નાસવા માંડયા; તેમાં પાછું વાળીને જોવાનું સાહસ કોઇ પણ કરી શક્યું નહીં.

ક્ષત્રિય સૈન્યને પાછાં આવતાં બે પ્રહર થયા અત્યંત પરિશ્રમની તથા ઘવાયલા સૈનિકો વિશ્રાન્તિ લેવા માટે કોઈ શિબિરમાં તો કોઈ વૃક્ષ તળે સુઇ ગયા. તેજ દિવસે અપરાહ્‌ને સમરસિંહ, પૃથ્વીરાજ મન્ત્રી અને વિજયસિંહ વગેરે મળીને મહંમદઘોરીના સંબંધમાં શું કરવું તેનો વિચાર કરવા માંડયા, તેમાં છેવટે નક્કી થયું કે જો મહંમદઘોરી પોતાની મેળેજ હિંદુસ્થાન છોડીને ચાલ્યો જાય તો યુદ્ધ કરવાનું પ્રયોજન નથી. કેમકે શક્તિહીન અને નાસવા તૈયાર થયેલા શત્રુ ઉપર દયા બતાવવી એ ક્ષત્રિયોનો ધર્મ છે. દુર્બલ ઉપર બળ અજમાવવું એ ક્ષત્રિયોને ઉચિત છે? પરંતુ વિજયસિંહે તે વાત કબુલ કરી નહીં. તેણે કહ્યું કે "જ્યારે યવનો અહંકાર કરીને આપણી પુણ્ય–આર્યભૂમિને યવન–પદસ્પર્શે કલંકિત કરવા આવ્યા છે ત્યારે તેની ઇચ્છા હોય કે ન હોય પરંતુ આપણે તો યુદ્ધ કરી તેમને બરાબર શિક્ષા કરી આ દેશમાંથી બહાર કાઢી મુકવા છે. હરવખત તે મ્લેચ્છોને દયા હોય?" વિજયનાં વચન સાંભળી પૃથ્વીરાજ અને સમરસિંહ બોલ્યા, "યવનોને બરાબર દંડ અપાયો છે. હવે તે દુર્બળો ઉપર બળ બતાવવાથી શું ફળ છે? ઉલટું આપણા સૈન્યનો નાશ થશે. માટે જો તેઓ હમણાંજ પોતાના દેશમાં જવા ઇચ્છતા હોય તો આ વખતે પણ ક્ષમા કરી આપણે જવા દેવા. વળી આ હકીકત તેમને જણાવવા માટે આપણે માણસ મોકલવું પડશે કેમકે તેઓ તો સાહસ કરી શકે તેમ નથી," આ વાત બધાએ કબુલ કરી અને સંદેશો લઇને મહંમદઘોરી પાસે મોકલ્યો.

મહંમમદઘોરીએ અતિ આહ્લાદ તથા કૃતજ્ઞતા દર્શાવી સંધિનો સ્વિકાર કર્યો. કેમકે હવે તે સમજ્યો હતો કે આ બે ત્રણ ઝપાઝપીમાં ઘણું સૈન્ય કપાઇ ગયું છે અને હવે જો એકાદ બે લડાઇ થશે તો સ્વદેશનાં દર્શન થવાનાં નથી. વિજયસિંહ બાહ્ય રીતે તેના પક્ષમાં રહી અંદરખાનેથી આપણને નાસી જવાની સગવડ કરી આપે છે ખરો, પરંતુ એની મદદ વડે જય થાય એવું હવે જણાતું નથી. આ પ્રમાણે બધો વિચાર કરી પોતેજ સંધિ કરવા તૈયાર થયો હતો, પરંતુ વિજયનો અભિપ્રાય જાણવા માટે એક દૂત મોકલ્યો હતો. વિજયે તે દૂત સાથે કહેવડાવ્યું કે "હાલ લડાઇ બંધ કરી સંધિ કરો; તેથી હિંદુ સૈન્ય નિશ્ચિંત થઇ આમોદ પ્રમોદ કરશે. તે વખતે બરાબર

સુયોગ જોઇને હુમલો કરવો. વળી બધું લશ્કર તેમાં ઝુકાવવું નહીં. કેટલોક ભાગ વનમાં સંતાડી રાખવો તે જ્યારે એમ જણાય કે હવે હિંદુઓ થાક્યા છે, ત્યારે આ વનમાં રહેલા સૈન્યે બહાર પડવું. આથી ચોક્કસ જય થશે." વિજયસિંહની આ વાતથી મહંમદઘોરીને જય થવાની આશા આવી હતી. તેથી તે તેના કહેવા મુજબ બરાબર વર્ત્યો. બ્હારથી તેણે એવું દર્શાવ્યું કે આ વખતે પણ પૃથ્વીરાજે જે ક્ષમા દર્શાવી છે તેથી અમે તેના અત્યંત ઉપકૃત થયા છીએ; વળી પોતાના સૈન્યનો હુકમ પણ સંભળાવી દીધો કે છાવણી એકદમ ઉપાડી હિંદ બહાર ચાલ્યા જવું. હુકમ મળતાં કેટલાંક શિબિરો ખેંચી પણ લીધા. આ બધી ઘટના જોઇ દૂત પાછો પૃથ્વીરાજ પાસે આવ્યો.

"મહંમદઘોરીએ પૃથ્વીરાજની પાસે પોતાનું માથું નમાવ્યું છે અને સંધિ કબૂલ રાખી છે" એ સમાચાર રજપુત સૈન્યમાં ફેલાતાં તેઓએ આનંદધ્વનિથી તથા ભારતના જય ધ્વનિથી આકાશને ગજાવી મૂક્યું. સેનાપતિએ સેનાપતિ, સૈનિક સૈનિક પરસ્પર ભેટી આનંદથી ઉચ્છ્વસિત થવા લાગ્યા. આ વખતે પૃથ્વીરાજે આખા સૈન્યમાં ઢંઢેરો સંભળાવ્યો કે "આજ રાત્રિએ દેવી આશાપૂર્ણાની એક મૂર્તિ બનાવી તેની યથાવિધિ પૂજા કરી ઉત્સવ કરવો ઉપાવતિ પાડીતા હોવાથી કેટલું સૈન્ય રાખી પૃથ્વીરાજ સપરિવાર થોડા દિવસ અહીં રહેશે અને બાકી બીજા બધાએ આવતી કાલે દિલ્લી તરફ ઉપડી જવું," બધા સૈનિકોએ આખો દિવસ દેવીની પૂજાનાં સાહિત્યો એકઠાં કરવામાં ગાળ્યો. કોઇ પૂજન માટે પુષ્પો ચૂંટવા, કોઇ બલિદાન આપવા માટે કેટલાંક પશુઓ શોધવા અને કોઇ દૃશદ્વતીનું પવિત્ર જળ લાવવામાં ગુંથાયા છે. કેટલાક સૈનિકો મૂર્ત્તિ બનાવે છે; જ્યારે મૂર્તિ તૈયાર થઇ રહી ત્યારે બધાએ "આશાપૂર્ણાનો જય" "આશાપૂર્ણાનો જય" એવા નાદથી આર્યસ્થાન ગજાવી મૂક્યું, ધીમે ધીમે સંધ્યાકાળ થયો—સંધ્યાનો પ્રથમ પ્રહર વ્યતિત થયો. અને તૃતિયાનો ક્ષીણચંદ્ર અસ્તાચળ ઉપર વિહાર કરવા ચાલ્યો ગયો. એ વખતે અંધકારે ચારે દિશાઓને ઘેરવાનો પ્રયત્ન કરવા માંડયો. પરંતુ આકાશમાં ઝળહળી રહેલા તારાઓના તેજથી તથા સૈનિકોએ સળગાવેલા અગ્નિના પ્રકાશથી ત્યાં ન આવતાં સૈનિકોના શિબિરોની પેલી તરફ પોતાનું જોર અજમાવવા લાગ્યો. પૂજાના ઉત્સવથી, બલિદાન આપવાનો કોલાહલથી, તુરી—ભેરી વગેરે વાદ્યોના નાદથી તથા સમસ્ત સૈન્યના જય જય શબ્દથી બધી દિશાઓ

કમ્પવા લાગી અને ધૂપ કરવાથી ઉત્પન્ન થએલો ધૂમરાશિ, બલિદા-
નની રક્તલહરી તથા કુસુમનો સુરભિ-પ્રવાહ બધાના હૃદયમાં ઉત્સા-
હને બેવડો કરવા લાગ્યાં. રાત્રિ પડતાં બધા છુટા છવાયા વિખરાઇ
ગયા. કોઇ ઠેકાણે સેંકડો સૈનિકો પૃથ્વીરાજના પરાક્રમની તથા બીજા
ક્ષત્રિય-વીરોના પરાક્રમની વાર્ત્તાઓ કરે છે. કોઇ ઠેકાણે સેંકડો સૈનિકો
ભેગા થઈ ભોજનમાં મસ્ત થઇ ગયા છે. કોઇક જગાએ મિત્રો પો-
તાના હૃદયની વાત અરસ્પરસ ખૂલ્લી કરે છે. કોઇ યવનોનાં ફારસ
બજાવે છે; કોઈ કોઇ પોતાની પ્રણયિનીના રૂપ-ગુણની વાત પોતાના
સંગીને જણાવે છે. કોઈ વિરહ-યંત્રણાથી સુખ-સ્વપ્ન જુએ છે.
કોઇ પૂજા સમાપ્ત થયા પછી શારિરિક તથા માનસિક શાન્તિ મેળ-
વવા માટે ગાઢ નિદ્રામાં પડયા છે, કોઇ શિબિરમાં, કોઈ સરહદ ઉપર
કોઇ વૃક્ષો નીચે એમ જુદી જુદી જગાએ સુરાપાનમાં મસ્ત બની
ગયા છે. બધાના હૃદયમાંથી આનંદ ઉભરાઇ જાય છે. કેમકે બધાએ
માન્યુ છે કે સવાર પડતાં દિલ્લી જશું; ત્યાં સ્ત્રી પુત્રાદિકને આનંદથી
ભેટશું; અને તેઓની પાસે યવનોની વાતો કરીશું.

પૂજા સમાપ્ત થતાં આશાપૂર્ણા દેવીનું પૂજા-સ્થાન નિર્જન થઈ
ગયું, જે વખતે બધા સૈનિકો આનંદ પ્રમોદ કરવા ત્યાંથી ચાલ્યા
ગયા; ત્યારે માત્ર સમરસિંહજ એકલા ત્યાં ઉભા રહ્યા. થોડીવારે
આંખો બંધ કરી દેવીને ઉદ્દેશી તેઓ બોલ્યા, " દેવી આશાપૂર્ણે !
ભગવતિ ક્ષત્રિયકુલ લક્ષ્મિ ! તેં કૃપા કરીને અમારી-તારાં ક્ષત્રિય
સંતાનોની બધી આશા પૂર્ણ કરી છે તો કયા શબ્દો બોલીને એ
કૃતજ્ઞતા દર્શાવું તે મને સૂઝતું નથી. ભક્તિના ઉચ્છ્વાસથી આખું
હૃદય પૂર્ણ થઇ ગયું છે. હે માતા ! તું અન્તર્યામી છે તેથી અમારા
હૃદયના ગૂઢતમ પ્રદેશ સુધી દૃષ્ટિ કરી અંદરનો ભાલ આપજ સમજી
લે કેમકે તે વ્યક્ત કરવાની અમારી શક્તિ નથી. " આ પ્રમાણે કહી
તેમણે દેવીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી દેવીના પ્રતાપી મુખ સામું
જોયું તો પ્રતિમાના જ્યોતિર્મય નેત્રયુગલમાંથી બે અશ્રુબિન્દુઓ ક-
પોલ ઉપર પડી કપોલની રતાશને કંઇક ઉજ્વલ દર્શાવવા માંડયાં. આ
અશ્રુઓ જોતાંજ સમરસિંહ ચમકી ગયા અને જરા ભયભીત થયા, તેના
આખા શરીરમાં રોમાંચ થયો. તેઓ એટલું તો સમજીશક્યા કે નક્કી કાંઇક
અમંગળ ઘટના બનશે. તેઓ હસ્ત જોડી એટલું બોલ્યા કે " દેવીનો

અમે શો અપરાધ કર્યો હશે ? હવે વળી શું અમંગળ થશે.” એટલું કહી તેઓ ફરી વખત દેવીની આરાધના કરવા બેઠા. પરંતુ કોઇપણ ઉપાયે દેવીનું મ્લાન મુખ પ્રસન્ન થયું નહીં ત્યારે પુજા સમાપ્ત કરી પોતે બહાર આવ્યા. આ વાત જો બહાર પાડવામાં આવશે તો બધા સૈનિકો નિરૂત્સાહ બની જશે. અને કદાચ તે નિરૂત્સાહથી અમંગળ થાય તો કોને ખબર છે એમ વિચારી આ વાત કોઇને જણાવી નહી. આ તરફ સમરસિંહ વ્યાકુળચિત્તે અશુભ લક્ષણનું ફળાફળ વિચારે છે ત્યારે પેલી તરફ વિજયસિંહ ઘોરચિંતાઓમાં ડુબી જઈ દશદ્વાતિના કિનારા ઉપર આંટા ફેરા કરે છે મધ્ય રાત્રિ થતાં રજપુત વેશ ધારી ત્રણ યવન સૈનિકો વિજયની પાસે આવ્યા. આ ચારે જણાએ આસપાસ બરાબર તપાસ કરી ભીત હૃદયે કેટલીક વાતો કરી વાતો પૂર્ણ થતાં યવનો પાછા ગયા અને વિજય પોતાના શિબિરમાં આવ્યો.

આ વખતે પૃથ્વીરાજ તથા કલ્યાણ ક્યાં છે ? તેઓ મુમુર્ષુ ઉષાવતીને જોવા માટે તેના શિબિરમાં ગયા છે આપણો જય થયો છે માટે કાલ સવારગાંજ દેશ તરફ જવું છે એમ ધારી બધાઓ આનંદથી ઉન્મત્ત છે પરંતુ કલ્યાણ ? કલ્યાણની એક ઇચ્છા બાકી રહી ગઇ.—રણમાં તેનું મૃત્યુ થયું નહીં તેણે ધાર્યું હતું કે રણમાં મૃત્યુ પામી આ પાપી પ્રાણનો ઉષાવતીની પાસે ત્યાગ કરવો પરન્તુ યુદ્ધમાં તો મૃત્યુ નયું નહીં. શું આવી અવસ્થામાં ઉષાવતીને જોઈ યન્ત્રણા ભોગવવા સારૂજ યુદ્ધમાં મૃત્યુ ન થયું ? ત્યારે હવે કોઈ ઉપાય છે ! “ આત્મહત્યા ” આત્મહત્યાની વાત યાદ આવતાં આટલી બધી દારૂણ યંત્રણા હોવા છતાં ક્ષત્રિયવીર કમ્પી ઉઠયો. એજ ધન્ય—નિજ કાર્ય કરવા તે પ્રવૃત થઇ શક્યો નહી. તેના મનમાં થયું કે “આત્મ હત્યા ” તો કા પુરૂષનું કાર્ય છે. આત્મહત્યા કરવાથી ચિતોડ રાજવંશ કલંકિત થશે. અને ક્ષત્રિયની સહિષ્ણુતાના ગર્વનો લોપ થશે, માટે એ તો કોઇ દિવસ નહીં બને” આત્મહત્યા નહીંજ કરૂં. એ કરતાં જીવતો રહીને ચીરકાલને માટે કષ્ટ ભોગ કરીશ અને બળ્યા કરીશ. જો મરીશ તો આ પાપકાર્યનું પ્રાયશ્ચિત શું ! અગ્ની—પ્રસારિત વિજન અને સળગતી મરૂભૂમિ કે જેમાં પશુ નથી, તૃણુ નથી, લતા નથી, પરંતુ ઉષ્ણવાલુકા છે તો તેમાં બેસીને ઉષાવતીના સુખની પ્રાર્થના દેવતાઓ પાસે કરીશ. જે ઠેકાણે જ્વાળામુખી પર્વતો બળતા અગ્નિ તથા ઓગળેલી ધાતુના રસનો વરસાદ વરસાવે છે ત્યાં બેસીને ઉષાને

માટે પ્રાર્થના કરીશ હું અનન્ત કાળ સુધી દારૂણ–દુઃખો ભોગવ્યા કરીશ તેથી જો આ મારા પાપની યત્કિંચિત પણ શિક્ષા થશે અને તેનું પ્રાયશ્ચિત થશે તો હું તે આનંદથી ખમીશ" કલ્યાણ આ પ્રમાણે વિવિધ વિચારોમાં ગુંથાઈ ઉષાના મુખ સામું જોઇ રહ્યો હતો. આ પ્રમાણે વિચારતાં વિચારતાં રાત્રિના ત્રણ પ્રહર વીતિ ગયા ત્યાં બહારથી કોલાહલનો અવાજ સંભળાયો એ કોલાહલ આ નિસ્તબ્ધ ખંડને વારે વારે કમ્પાવવા લાગ્યો. આ કોલાહલ સાંભળતાં પૃથ્વીરાજને બહુ નવાઇ લાગી "આ વખતે વળી શું થયું" એમ બોલી તેમણે કલ્યાણ તરફ દૃષ્ટિ કરી. કોલાહલ તો ધીમે ધીમે વધવા લાગ્યો, ત્યારે મહિષી પાસેથી વિદાય લઇ કલ્યાણનો હાથ પકડી મહારાજ પૃથ્વીરાજ બહાર આવ્યા.

પ્રકરણ ૨૬ મું

ઉષાનું ભયંકર સ્વપ્ન તેની યથાર્થતા અને ખરા પ્રેમનો આદર્શ.

પ્રભાત થવા આવ્યું છે: કન્યાવત્સલા રાજમહિષી હજી સુધી અચેતન ઉષાવતની પાસે બેઠી છે. તે વારેવારે ઉષાવતી મુખ મંડળ સામે જોઈ વખતે લાંબા લાંબા નિસાસા મૂકે છે. વખતે આંખમાંથી ચાલ્યાં જતાં અશ્રુઓને અટકાવે છે, વખતે ઉષાવતીના વિખરાયલા કેશ સમારે છે અને વખતે ધીમે રહીને તેના મુખનું ચુમ્બન કરે છે. પરિચારિકાઓ પાસે બેસીને ધીમે ધીમે પવન નાખે છે. મહિષી કોઇ પણ રીતે શાન્તિ વળતી આવશે તેથી પરિચારિકાઓ પાસેથી પંખો ખેંચી લઇ પોતે પવન નાખવા લાગે છે, તો વખતે પંખો ફેંકી દઇ કન્યાનું મસ્તક પોતાના ખોળામાં લે છે. ઘણા દિવસો વીત્યા ત્યારે આજ ઉષાવતીને કંઇક સંજ્ઞા પ્રાપ્ત થઇ તેણે શૂન્ય દૃષ્ટિથી ચોતરફ આંખ ફેરવી જોયું તો પોતાની પાસેજ વિષાદગ્રસ્ત અને નિસ્તેજ માતા બેઠી છે અને ચોતરફ પરિચારિકાઓ ચુપચુપ ઉભી છે. આ બધું જોઇ ઉષાવતીને બહુ નવાઈ લાગી. તે કશું પણ સમજી શકી નહીં. પોતાની માતાને રડતી જોઇ તે બોલી, "મા શું થયું છે? કેમ રડે છે મા? અને આટલી બધી પીડા શેની થાય છે મા?" એટલું બોલી રાજમહિષિનો હસ્ત લઇ પોતાના હૃદય ઉપર મુક્યો

ઉપાવતી બોલતાં બોલતાં વળી અચેતન થઈ ગઇ. ઉપાવતીની વાત સાંભળતાં રાજમહિષી જરાક ભયભીત થઇ સકરૂણ દષ્ટિથી રાજકન્યા સામું જોઇ રહી તેની આંખમાંથી વહેતી અખંડ અશ્રુધારા કપોલ ઉપર વહી ઉપાવતીના કેશજાળને ભીંજવવા લાગી તે તેણે લુછી નાખ્યાં ત્યાં વળી પાછી નવી અશ્રુધારા વહી તેને ભીંજવવા લાગી તેથી તેણે ધીમે રહીને કન્યાનું મસ્તક પોતાના ખોળામાંથી ઓશીકા ઉપર મુક્યું. કે તરતજ ઉપાવતી સકરૂણ સ્વરે "પિતા—યુવરાજ—" એમ ચીસ પાડી ઉઠી. ચીસ સાંભળતાંજ રાજમહિષીએ રાજકન્યાનું મસ્તક પાછું પોતાના ખોળામાં લીધું. તેણે વિચાર્યું કે વખતે મસ્તકમાં લાગેલા ઘામાં વેદના થતી હશે; પરંતુ થોડીવારે તે સમજી શકી તે સ્વપ્નમાં કોઇ ભયંકર બનાવ જોવામાં આવવાથી તે આમ ચીસ પાડી ઉઠી હતી. આ વાત ખરી છે. કેમકે ઉપાવતી સ્વપ્નજ જોતી હતી જાણે તે યુવરાજ કલ્યાણ સાથે યમુનાના શ્યામલ કિનારા ઉપર ફરે છે; બન્ને જણાં પ્રેમાલયમાં મગ્ન થઇ રહ્યાં છે. કલ્યાણ અત્યંત લજ્જીત થઇ પોતાનો અપરાધ સ્વિકારી તેની પાસે ક્ષમા માગે છે. કલ્યાણ મુખ સામું જોઇ તેને હજી પણ સુખી જોતાં આનંદે હસતાં હસતાં તે જાણે મનમાં મનમાં ક્ષમા આપે છે. પરંતુ લજ્જાથી એક પણ અક્ષર બહાર નીકળી શકતો નથી. માત્ર હર્ષોચ્છ્વાસિત અધરનું મધુર હાસ્ય તથા પ્રેમપૂર્ણ નયનોની સ્થિર દૃષ્ટિ તેના મનનો ભાવ વ્યક્ત કરે છે કલ્યાણ વાત કરતાં કરતાં ઉપાવતીના ચરણમાં પડવા ગયો ત્યાં ઉપાવતી જરાજ હસીને ત્યાંથી આઘી ખસી ગઇ. આ વખતે તેના મુખમાંથી શબ્દો બહાર નીકળ્યા તે બોલી, " ઉઠો, ઉઠો ! આવી સ્થિતિમાં રહેલા તમને હું જોઈ શકતી નથી. તમે મારી પાસે શા માટે ક્ષમા માગો છો ? શું હું તમને ક્ષમા આપવા યોગ્ય છુ? વળી તમે એવો શો અપરાધ કર્યો છે કે તેને લીધે હું તમારા કરતાં શ્રેષ્ટ થઈ તમારા ઉપર, અભિમાન બતાવું ? ત્યારે ક્ષમા શા માટે માગો છો ? હું તમારામાં કોઇપણ દોષ દેખતી નથી કેમકે તમે તો મારા હૃદયના દેવતા છો. દેવતા જે જે કાર્ય કરે તેમાં દોષ હોયજ નહીં. તમારા હૃદયનો ભ્રમ દૂર થયો છે, હું માયાવિની નથી એવી આપની ખાતરી થઈ છે. તથા તમે વળી ફરી વખત તેવાને તેવાજ મારા ઉપર આસક્ત છો એ આનંદથી પરિપૂર્ણ થયેલા હૃદયમાં દોષને રહેવાનું જરા પણ સ્થાન રહ્યું નથી."

રાજકુમારીનાં વચન સાંભળતાં કલ્યાણ અતિ આહ્લાદિત થયો, હવે બન્ને જણાં પરસ્પર અત્યંત સુખી થયાં. ચો તરફ દૃષ્ટિ ફેંકતાં જે જે જોવામાં આવતું તે બધું આનંદમયજ જણાતું. અત્યારે સંધ્યાકાળ હોવાથી કુદરત પણ શાન્ત અને આનંદમયી જણાતી હતી, ચંદ્રના પ્રકાશથી ઉજ્જ્વલ થયેલા વૃક્ષોની શાખાઓ સંધ્યાકાળના મંદમંદ પવનથી ડોલી રહી છે. પવનથી ઉત્પન્ન થયેલાં યમુનાનાં મોજાંઓ તેને કાંઠે ઉગેલાં વૃક્ષોનાં મૂળોનો સ્પર્શ કરી પાછાં યમુનામાં સમાઇ જાય છે. જ્યોત્સનાનાં સ્ફટિક કિરણોથી યમુનાનું શ્યામ જળ ચળકી રહ્યું છે. મૃદુ–નિનાદીની નાની નાની વીચિમાળાઓ નૃત્ય કરતી કરતી કાંઠા સુધી જઇ પાછી વળે છે. અને નદીગર્ભે પ્રતિબિમ્બિત થયેલું આકાશ એ તરંગમાળાની સાથે નાચી રહ્યું છે. અત્યારે ચારે તરફ શોભા, હર્ષ અને શાન્તિ સિવાય બીજું કશું જોવામાં આવતું નથી. થોડી વારમાં ઉષાવતીના નેત્રપટ પાસે બીજું દૃશ્ય ખડું થયું. પૃથ્વીમાં તથા કુદરતમાં એકદમ ફેરફાર થયો; નિસ્તબ્ધતાને બદલે ભિષણ કોલાહલ થવા માંડયો. ચારે દિશાઓ મધુમયને બદલે ભયાનક થઇ પડી. તેમણે આસપાસ જોયું તો ન મળે જ્યોત્સ્ના કે ન મળે નક્ષત્રમાળ, આખું આકાશ ઘનઘોર મેઘથી ઢંકાઇ ગયું છે અને સમસ્ત પૃથ્વિ ઉપર ગાઢ અંધકાર વ્યાપી ગયો છે. ઓછામાં ઓછું પવન પણ અત્યંત ગુસ્સાથી ઝપાટા મારવા લાગ્યો. વાયુના શબ્દથી અને મેઘની ગર્જનાથી પૃથ્વી ધ્રુજી ઉઠી. પરંતુ આશ્ચર્યની વાત એ કે તેમાં એક વખત પણ વિદ્યુતનો ચમકારો ન દેખાયો, તેમ પાણીનું એક બિન્દુ પણ ન પડયું. અંધકારથી તેઓ પોતાનો મહેલ પણ ન જોઇ શક્યાં. આ દુર્યોગથી ઉષાવતીને બચાવવા માટે કોઇ સ્થાન શોધવા માટે કલ્યાણનું મન અત્યંત વ્યગ્ર થઇ ગયું પરંતુ પાછી ઉષાવતીને શોધવી પડે એ આશંકાથી તેનો હાથ બરાબર પકડી રાખ્યો. ઉષાવતી પણ આ દુર્યોગથી ભયભીત થઇને અર્ધ–મૂર્છિત અવસ્થામાં કલ્યાણના સ્કંધ ઉપર માથું નમાવી ઉભી રહી. જોતાં જોતાંમાં એ નાની નાની વીચિમાળાઓ પર્વત પર્વત જેવડી ઉંચી થઇ કાંઠા ઉપર આવી પડવા લાગી. હવે ઉષાવતીના સ્વપ્નનું રૂપ ફેરવાયું. તે મોટા મોટા તરંગોનો આકાર ફરી ગયો. કેવું આશ્ચર્ય ! એ બધા તરંગો નહીં પણ અસંખ્ય નૌકાઓ

દેખાવા લાગી. થોડી વારમાં એ બધી નૌકાઓ કાંઠે આવી લંગરાઇ. ત્યાંતો અસંખ્ય યવન સૈનિકો કાંઠા ઉપર કુદી પડવા લાગ્યા. પુષ્કળ યવન સૈનિકોથી નદીનો કાંઠો છવાઈ ગયો તે જાણે મેઘથી ઢંકાઇ ગયો હોય નહીં તેમ જણાવા લાગ્યું. પવનના તોફાની શબ્દ અને મેઘની ગર્જનાને બદલે યવન સેનાના "અલ્લા હો અકબર"ના પોકાર સંભળાવા લાગ્યા. ધીમે ધીમે અસ્ત્રનો ઝણુઝણાટ વધવા માંડયો. યવનોને જોતાંજ કલ્યાણનું ક્ષત્રિય–લોહી ઉકળી આવ્યું. તેનામાં એટલો તો જુસ્સો આવી ગયો કે પાસે ઉભેલી ઉષાવતીને તે તદ્દન વિસરી ગયો. અને એકદમ તરવારને મ્યાનમાંથી બહાર કાઢી ઉષાવતીને એવીજ અવસ્થામાં પડતી મૂકી યવન–સેના સામે આવીને ઉભો રહ્યો. યવન–સેનામાં કલ્યાણને એકલો પેસતો જોઇ ઉષાવતી ત્યાંજ મૂર્ચ્છિત થઈ ગઇ. સ્વપ્નની મૂર્ચ્છા થોડી વારે ઉતરી ગઇ. તેણે આસપાસ જોયું તો પોતે જે યમુના નદીના કિનારા ઉપર મૂર્ચ્છિત થઇ હતી તેને બદલે શોણિતની નદી વહે છે. શોણિત–પ્રવાહમાં હજારો તરંગો ઉપડીને તેના પગ સાથે અથડાય છે. તે શોણિત–નદીને કાંઠે અસંખ્ય મૃત–દેહ પડેલા છે, શિયાળ અને કુતરાંઓ એ મૃત–દેહોને માટે લડાલડી કરે છે, અને ઉંચે આકાશમાં ગીધ વગેરે માંસાહારી પક્ષીઓ ઝડપ મારવાને તૈયાર થઇ રહ્યાં છે. થોડેકજ છેટે રણવાદ્યનો અને તોપોનો ગડગડાટ સંભળાય છે. ઉષાવતી આ બધું જોઇ ભય પામીને બેઠી થઇ; અને આસપાસ જોવા લાગી, આહા! કેવું ભયાનક દૃશ્ય! ઉષાવતીએ પોતાના પીતા પૃથ્વીરાજને યવનના હાથમાં કેદ પકડાયેલા જોયા. અને રાજમહેલને સળગતા જોયા. હવે ઉષાવતી સ્થિર બેસી શકી નહીં, તેનું મસ્તક ફરવા લાગ્યું. તેથી તે ત્યાંજ ઢળી પડી. આ વખતે તેનું શરીર એક લોહીથી તરબોળ થયેલા શબ ઉપર પડયું. તેણે બરાબર નીહાળીને જોયું તો પોતે કલ્યાણનાજ શબ ઉપર ઢળી પડી છે.'

સ્વપ્નમાં આ પ્રમાણે દેખતાંજ તે વિહ્વલતાથી "પિતા–યુવરાજ" એમ ચીસ પાડી ઉઠી હતી. ઉષાની ચીસ સાંભળતાં મહિષી ગભરાટથી "ઉષા, ઉષા! મા, એમ કેમ કરે છે?" એમ બોલી કન્યાને બોલાવવા લાગી. ઉષાને ફરી વખત સંજ્ઞા પ્રાપ્ત થઇ. તેણે ધીમે આંખો ઉઘાડી અને એક લાંબો નિશ્વાસ નાખી "મા" એટલું બોલી

સાદ કર્યો. મહિષી બોલી, "કેમ મા, કાંઈ ભય લાગે છે ?" ઉષાવતી અતિ મૃદુ સ્વરે બોલી, "હા મા, એક ભયાનક સ્વપ્ન મારા જોવામાં આવ્યું હતું. મા ! પિતા—અને—અને ?" એટલું બોલતાં તેનો સ્વર ભંગ થયો. ફિક્કા વદન ઉપર સહેજ રતાશ તરી આવી. પરંતુ કલ્યાણનું નામોચ્ચારણ કરી શકી નહીં—તેઓ ક્યાં છે ? તેમને જોવાની મને બહુ ઇચ્છા થઇ છે, મેં સ્વપ્નમાં જોયું કે જાણે પિતા—અને યુવરાજ—"

ઉષાવતી વધારે બોલી શકી નહીં, તેનો કંઠ સુકાઇ ગયો, આ દુર્બળતાથી તે નિસ્પન્દ થઇ પડી. થોડીવાર પછી ચિકિત્સક આવ્યો. આજ ઉષાવતીની મૂર્છાનો ભંગ થયો છે, અને તેણે કેટલીક વાતો કરી છે, એ સાંભળતાં વૈદ્યરાજ વિચારમાં પડ્યા, "કે આ શું ? આજ આટલી બધી ઉતાવળે સુલક્ષણો કેમ દેખાયાં ? જ્વર પીડાના ઉગ્ર પ્રમાણથી આજ બે દિવસ થયાં મૃત્યુની આશંકા રહેતી હતી તે બધું શાન્ત કેમ થઇ ગયું ? શું હવે આરોગ્ય આવવા માંડશે ? કે આ બધાં મૃત્યુ પહેલાંનાં લક્ષણો છે ? ગમે તે હો. આજનો દિવસ વિતશે એટલે સ્પષ્ટ સમજાઇ જશે."

આ આરોગ્યનાં ચિહ્ન કે મૃત્યુનાં પૂર્વ લક્ષણ છે તે વૈદ્યરાજ નક્કી કરી શક્યા નહીં તો પણ રાજકન્યાની આવી અવસ્થા સાંભળી અને જોઇ તેણે આનંદ પ્રદર્શિત કર્યો. વળી તેઓ ઝાઝો વખત બેસી ઉષાવતીના નિસ્પન્દ મુખનો ભાવ જોવા લાગ્યા—તો જણાયું કે તે મુખ કિંચિત હાસ્યથી વિકસિત થાય છે અને પ્રાતઃપદ્મની પેઠે પ્રકાશે છે. થોડીવારમાં ઉષાવતીના ઓષ્ટાધર ધીમે ધીમે ફરકવા લાગ્યા તે જાણે કંઈ બોલવાનો ઉદ્યોગ કરતા હોય નહીં ! એમ જણાયા ત્યાં તો સંભળાયું—"ઇન્દ્રભુવન—પારિજાતક—યુવરાજ—એ-ચૂંટી આપો—હું—તેને—મારા મસ્તકની "—કંઠ સાથે સ્વર મળી ગયો. પરંતુ તેઓ જોઇ શક્યા કે ઉષાવતીનો જમણો હાથ ધીમે ધીમે ઉંચો થઈ વિખરાયલા કેશ ઉપર જઇ પડ્યો અને તેના મુખ ઉપર કિંચિત સૌભાગ્યનું હાસ્ય દેખાયું, ચિકિત્સકે મહિષીને કહ્યું, "રાજબાળા સુખ-સ્વપ્ન દેખે છે. એ એક સુલક્ષણ છે, આજ આ શક્તિની દવા ખવડાવજો. મસ્તક સારૂં થઈ ગયેલું હોવાથી ઔષધ ચોપડવાની જરૂર નથી. અત્યારે જેવાં શુભ લક્ષણો દેખાય છે તેવાંજ લક્ષણોથી આજની રાત્રિ વ્યતિત

થાય તો આરોગ્ય થવાનો ઘણો સંભવ છે. વધારે સો શું પણ એક અઠવાડીયામાંજ રાજકન્યાને આરોગ્ય થઈ જશે. ”

એટલું કહી વૈદ્યરાજ ચાલ્યા ગયા. મહિષી અને પરિચારિકાઓનાં વદન સહેજસાજ પ્રફુલ્લ જણાવા માંડયા પાછલે પહોરે વળી ઉષાવતીને સંજ્ઞા પ્રાપ્ત થઇ તે બોલી “ મા, તરસ બહુ લાગી છે.” મહિષીએ પોતાને હાથેજ સોનાની ઝારીમાંથી સોનાના પાત્રમાં જળ નાંખી ઉષાવતીના મુખમાં થોડુંક સીંચ્યું. પછી ઉષાવતી બોલી. “ મા, મેં સ્વપ્નમાં જોયું કે અમે કયાંક બીજે ઠેકાણે ગયા છીએ, કેવા આનંદથી ત્યાં ફરતાં હતાં ! તે ઠેકાણે ઘણાં ઘણાં પારિજાતક અને સોનાનાં કમળો હતાં ! જો તમે ત્યાં આવ્યાં હોત તો તે બધાં જોવાતને, મહિષી પોતાના મનનો ભાવ સંતાડી બોલી, “હા જોવાત” વળી ઉષાવતી બોલી, “ મા, પિતા કયાં છે ? અને—અને—” યુવરાજની વાત પૂછતાં ઉષાવતીને લજ્જા ઉત્પન્ન થઇ. મહિષી બોલી, “તેઓ યુદ્ધમાં ગયા છે.”

ઉષા—“મને કહ્યા વિના તેઓ કેમ ગયા ?”

મહિષી—“તું તે વખતે ઉંઘતી હતી.”

હવે વધારે બોલતાં ઉષાવતીને કષ્ટ લાગવા માંડયું, તો પણ તે ધીમે ધીમે બોલી, “ મા, હવે હું વધારે વખત બોલી શકીશ નહીં. એક વાત કહેવી રહી જાય છે—ત્યાં—રણસંગ્રામમાં—જઇ તેઓનાં દર્શન કરી આવીએ તો ?”

આ સમયે બહાર ભયંકર કોલાહલ થવા માંડયો. બધી પરિચારિકાઓએ તે તરફ લક્ષ આપ્યું; મહિષી પણ ચમકી ઉઠી મુમુર્ષુ ઉષાવતીના કર્ણમાં પણ આ કોલાહલ અસ્પષ્ટરૂપે પેઠો. ત્યાં એકદમ બે—ત્રણ ક્ષત્રિય સૈનિક ઉર્ધ્વશ્વાસે તે ખંડમાં પેસી બોલ્યા, “ ચાલો, ચાલો, જલદી ચાલો.” બધી પરિચારિકાઓ એક અવાજે બોલી ઉઠી “ શું થયું છે ? ” તેઓએ જવાબ આપ્યો, “ વધારે બોલવાનો વખત નથી, જલદી ચાલો યવનોનો ઘણું કરીને જય થયો છે તેથી તેઓ હમણાંજ આપણને લૂંટવા આવશે ! ઝટ ચાલો, પાલખી તૈયાર છે. ” આ વખતે મહિષીએ ગભરાટથી પૂછયું, “ મહારાજ ’ તેઓ બોલ્યા, “ તેમને ધરાશાયી થતા જોઇ અમે આવ્યા છીએ, ”

આ વાત સાંભળતાં રાજકન્યા ચમકેલીની પેઠે સામું જોઇ રહી. રાજમહિષીએ ઉન્મતની પેઠે વળી પુછયું, "સમરસિંહ–કલ્યાણ?" કલ્યાણના નામનો અવાજ રાજકન્યાના કર્ણમાં પેસતાંજ તેનામાં બળ આવ્યું. તે ઉપરથી સાંભળવાની આશાથી મસ્તક ઉંચું કરી સૈનિકો તરફ જોઈ રહી ત્યાં સાંભળ્યું, "મહારાજ સમરસિંહ શક્તિહીન થવા છતાં પણ હજી સુધી યવનોને આવતા અટકાવે છે, નહિ તો તેઓ ક્યારના અંહી આવી પહોંચ્યા હોત."

"અને યુવરાજ કલ્યાણ?"–યુવરાજ કલ્યાણે યુદ્ધમાં પ્રાણત્યાગ કર્યો છે. આ સાંભળતાંજ રાજકન્યાનું મસ્તક મૃત્પીંડની પેઠે ઉપાધાન ઉપર પડી ગયું. માત્ર અતિકષ્ટે એકજ વખત "પિતા–યુવરાજ–" એ બે નામનો ઉચ્ચાર કંઠમાંથી નીકળ્યો. તેનાં ચક્ષુઓ વીંચાઈ ગયાં. ને તે અનન્ત નિદ્રામાં નિદ્રિત થઈ. દીવો બુઝાઇ ગયો.

પ્રાણત્યાગ થવા છતાં ઉષાવતીના મુખની કાન્તિમાં બીલકુલ તફાવત પડયો નહોતો. ઉલટું તેના વદન મંડળ ઉપર કોઇ અપૂર્વ શોભા તરી આવી હતી. તેના ઓષ્ટાધર કિંચિત્ ભિન્ન હોવાથી તથા ચક્ષુઓ સહેજસાજ ખુલ્લી હોવાથી જાણે તે હમણાંજ બોલશે એમ જણાય છે. કન્યાનું મસ્તક પલંગ ઉપર પડતું જોઇ રાજમહિષીએ ભયથી તેની નાસિકા તથા વક્ષસ્થળ ઉપર હાથ મૂકી જોયો તો શ્વાસોશ્વાસ બંધ પડી ગયેલો જણાયો. પછી હાથ, પગ અને મુખાવયવો જોતાં ઉષાવતીની યથાર્થ અવસ્થા સમજાણી. ઉષાવતીને પીડા થયા પછી રાજમહિષીએ આહાર-નિદ્રાનો બહુધા ત્યાગ કર્યો હતો. એક તો કેટલાએક દિવસનું મનનું દુઃખ, નિદ્રા અને આહારનો ત્યાગ, તેમાં–ઓછામાં પુરૂં આજ પતિ, કન્યા અને રાજ્યહીતા થવાથી રાજમહિષી ગંભીર દુઃખ–સાગરમાં ડૂબી જઇ મૂર્છિત થઇ પડી.

દાસીઓની સુશ્રૂષાથી થોડીવારે મહિષીને સંજ્ઞા પ્રાપ્ત થતાં તે ઉઠીને બેઠી થઇ ત્યાં ઉષાવતી તરફ તથા તે સૈનિકો તરફ દૃષ્ટિ પડતાં પોતાની યથાર્થ અવસ્થાનું તેને ભાન થયું. અત્યારે તે પતિ, કન્યા અને રાજ્ય વગરની થઇ ગઇ છે, તેનો દેશ યવનોના હાથમાં આવી ગયો છે. આ વખતે તેનું હૃદય વિદીર્ણ થઇ ગયું. તે હવે વધારે વખત સ્થિર રહી શકી નહીં. તેની આંખમાંથી ચોધારાં આંસુ પડવા માંડયાં. પોતાની મૃત–કન્યાને વક્ષ ઉપર લઇ તે બાળકની પેઠે

રડવા માંડી. આ વખતે એક સૈનિક બોલ્યો, "મહિષી, કોલાહલ વધતો જાય છે. હવે જો વધારે વિલંબ થશે તો વિપદ્ આવી પડશે." સૈનિકનાં વચન સાંભળતાં મહિષી રડતી રડતી એકદમ બેઠી થઈ અને શરીર પરના અલંકારો ઉતારી લઇ છેટે ફેંકી દીધા. તેણે આંખમાંથી વહેતાં અશ્રુઓ લુછી નાખ્યાં, આંખમાં હવે એક પણ અશ્રુ રહ્યું નહીં; કેશ છુટા મુકી દીધા. આ વખતે મહિષીનું રૂપ ઉન્માદિની જેવું થઇ ગયું. તે ઉન્મત્તની પેઠે શૂન્ય દૃષ્ટિથી ચોતરફ જોઈ હૃદયભેદી ગંભીર સ્વરે બોલી, "શાની વિપદ્! આથી વિશેષ વિપદ્ કઇ આવવાની હતી? હવે મને વિપદ્નો બિલકુલ ભય લાગતો નથી. જો તમને વિપદ્નો ભય હોય તો તમે જાઓ. હું જઇશ નહીં, હું નાસીશ નહીં. ક્ષત્રિય રમણી–સ્વામી સંતાન અને રાજ્યહીના થઇને નાસવાનું જાણુતી નથી. શિબિકારોહણને બદલે હું ચિતારોહણ કરીશ. તમારામાં જેમને પોતાના પ્રાણની રક્ષા કરવી હોય તે નાસી જાઓ. અને ક્ષત્રિય રક્ત કલુષિત કરો. મારૂં જીવન તમારા જેવું નથી. હું જેવી રાજમહિષી હતી તેવીજ મરતી વખતે રહીશ. રાજમહિષીની પેઠેજ મરીશ, ક્ષત્રિય રમણીની પેઠે મરીશ, વીરબાળાની પેઠે મરીશ, યવનો મને જોઈ શકવાના નથી." એટલું બોલી તરતજ ચિતા તૈયાર કરવાની આજ્ઞા મહિષીએ આપી. સૈનિકો લજ્જીત અને હતાશ થઇ ત્યાંથી ચાલ્યા ગયા.

પ્રકરણ ૨૮ મું.

દેશદ્રોહી વિજયનું પાપીકૃત્ય અને વીરકેશરીનું સ્વર્ગારોહણ.

જે યુદ્ધમાં પૃથ્વીરાજ બન્દી થયા, જે યુદ્ધમાં કલ્યાણે પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. તે યુદ્ધનો આનુપૂર્વક વૃત્તાંત અહીં આપવાની આવશ્યકતા છે. યવનો અને હિંદુઓ વચ્ચે સંધિ થયા પછી જે રાત્રે પૃથ્વીરાજ અને કલ્યાણ રૂપાવતીને જોવા ગયા હતા તેજ રાત્રે ત્રણ પ્રહર વીત્યા પછી સંધીનો ભંગ કરી યવનો દશદ્વતી નદી ઓળંગી આ તરફ આવ્યા હતા. ઉત્સવોન્મત્ત હિન્દુ સેવકોએ જોયું કે યવનો ગુપ્ત રીતે આવી તેઓનાં શિબિરો સળગાવે છે અને વિશ્વાસઘાત કરી હિંદુ–સૈનિકોના શિબિરના રક્ષકોને કાપી નાખે છે, ત્યારે કેટલાક તર-

તજ આમોદ-પ્રમોદનો ત્યાગ કરી સજ્જ થયા વિનાજ અગ્નિ શમાવવા દોડયા, અને કેટલાએક તેમને આવતા અટકાવવા દોડયા. હિંદુસૈન્યનો આનંદધ્વનિ આર્ત્તનાદના રૂપમાં ફેરવાઇ ગયો અને રણ-વાદ્ય ધ્વની તોપોના ગડગડાટમાં ડુબી ગયો સમરસીંહ યવનોને આવતા દેખી અશ્વ-પર સ્વાર થઇ ઉન્મત્તની પેઠે બન્ને હાથે તરવાર ચલાવવા લાગ્યા. તેમનો અશ્વ પણ જાણે વીરમદથી મત્ત થઇને તેમને યવનોની વચમાં લાવ્યો. તેઓની આજુબાજુ રહેલી કેટલીક ક્ષાત્ર-સેનામાંના કોઇ અસ્ત્ર લઇને. તો કોઇ અસ્ત્ર વિના કોઈ વર્માવૃત્ત તો કોઇ અર્ધાવૃત્ત અવસ્થામાં પ્રાણપણે યુદ્ધ કરવા લાગ્યા. ધીમે ધીમે રજપુત સૈનિકો સજ્જ થઇ સહાય કરવા માટે આવવા લાગ્યા અને મરેલા તથા ઘવાયલા સૈનિકોને સ્થાને ગોઠવાવા માંડયા. પૃથ્વીરાજ અને કલ્યાણને આ સમાચાર પહોંચતાંજ તેઓ આવી પહોંચ્યા હતા. સમરસિંહે યવનોને બરાબર ઝપાટામાં લીધા હતા. કેમકે બરાબર સન્મુખની યવનશ્રેણી તેણે ઘેરી હતી. ઓછામાં પુરૂં પૃથ્વીરાજ અને કલ્યાણે આવી બન્ને બાજુએથી ધસારો કરી માત્ર એકજ દિશા ખાલી રહેવા દીધી. વળી સમરસિંહની મદદે કેટલું એક તાજું સૈન્ય મોકલ્યું. આ સિવાય માત્ર ૪૦૦૦ ઘોડેસ્વાર અને ૩૦૦૦ પ્યાદા વિજયને સોંપી પોતાની પાછળ પાછળ આવવા તેને ફરમાવ્યું હતું તથા જ્યારે પૃથ્વીરાજ રાજભેરી બજાવે ત્યારેજ આ સૈન્યને રણમાં ઝંપલાવવું, તે સિવાય તેણે આવવુંજ નહીં એવું વિજયને સૂચવી દીધું હતું. ધીમે ધીમે રણસંગ્રામ બરાબર જામ્યો. અસ્ત્રનો ઝણઝણાટ, રણવાદ્ય, અને સૈનિકોના કોલાહલથી શિબિરો કંપવા લાગ્યાં. એક તરફથી " જય જય આશાપૂર્ણા " " જય જય મહારાજ " ત્યાં બીજી તરફથી " અલ્લા હો અકબર " ના પોકારો પરસ્પર અથડાવા લાગ્યા. આ પ્રમાણે ઘોરતર સંગ્રામમાં યવનોનો આ વખતે પણ પરાજય થયો. આટલી બધી ધુર્તતા તથા આટલી બધી ચતુરાઇ વાપરવા છતાં તેઓનો જય થયો નહીં. તેઓ અત્યંત ભયભીત થઇને નાસવા માંડયા. સંગ્રામમાં પોતાનો જય થવાથી હિંદુઓ મત્ત બની ગયા. આ વખતે માત્ર જયથીજ તેઓને સંતોષ ન થયો પણ યવનોએ કરેલી વિશ્વાસઘાતકીની શિક્ષા આપવા સારૂ તેઓ તેની પાછળ પડયા. કલ્યાણ તો ઉન્મત્તની પેઠે યવનશ્રેણી ભેદી નાખીને ઠેઠ મહમદઘોરી પાસે પહોંચ્યો. આથી પૃથ્વીરાજ અને તેના સૈનિકો પણ તેની મદદે ગયા. આ બધાની આવી ઉન્મતતા જોઇ

તે બધાઓનું રક્ષણ કરવા પીરશ્રેષ્ઠ સમરસિંહ પણ પોતાના સૈન્ય સહિત પહોંચી ગયા. ધીમે ધીમે બન્ને તરફના સૈન્યો જેમ ફાવે તેમ દોડવા માંડયાં. તેમાં રજપુતોનું સૈન્ય તદ્દન વીખાઇ ગયું. મહંમદઘોરીએ જોયું કે કલ્યાણના સૈનકોને અને પૃથ્વીરાજ તથા સમરસિંહના સૈન્યને ઘણું છેટું પડી ગયું છે તેથી તે એકદમ પાછો ફર્યો. આ વખતે કલ્યાણે પૂર્ણવેગે પોતાનો ઘોડો દોડાવી મહમંદઘોરી પાસે આવતાં કહ્યું,

" દુષ્ટ યવન ! લે આ તારા વિશ્વાસઘાતનું ફળ ? એમ કહી મહંમદઘોદીની છાતીમાં તરવારનો છુટો ઘા માર્યો પરંતુ મહમંદઘોરી ચતુરાઈ વાપરી તીરની પેઠે એકદમ પાછો ખસી ગયો. તેથી તે તરવાવારની માત્ર અણીજ લાગી. એટલાથી પણ મહંમદઘોરીને પ્રાણનાશક પીડા થવાથી તેણે કલ્યાણના શિરનું લક્ષ્ય કરી પોતાનું ખડ્ગ ફેંકયું પણ તે કલ્યાણની ઢાલમાં આવવાથી તેના ચૂરેચૂરા થઇ ગયા. આથી તેણે ફરી વખત પોતાની કેડમાંથી તરવાર ખેંચી લીધી પરંતુ તેને વાપરવાનો અવકાશ રહ્યો નહીં કેમકે તે તરવાર ખેંચે છે એટલામાંતો કલ્યાણની પછવાડે રહીને એક જાણે તેના મસ્તકમાં તીર માર્યું. તે તીર તેનું મસ્તક ભેદી લલાટમાં અટકી રહ્યું કલ્યાણે ચકિત થઇને તે ખેંચી લેતાં લેતાં પાછળ જોયું તો વિકટ હાસ્ય કરતો વિજય ધનુષ્ય ઉપર બીજું બાણ ચઢાવે છે કલ્યાણે જોત જોતામાં લલાટમાંથી ખેંચી કાઢેલું તીર એકદમ ફેંકી દીધું તે એક યવનના મસ્તકમાં લાગવાથી તે પ્રાણમુકત થઈ ગયો.

હવે કલ્યાણ વિજય તરફ ફર્યો. પરંતુ તેનામાં શકતી રહી નહીં તેનું મસ્તક ઘુમવા લાગ્યું અને " અરે ! પાપિષ્ટ ઉપાવતીનો વધ કરવા કરવા છતાં તારી રકતપિપાસા ન મટી—એમ બોલતાં બોલતાં તે મૃતપ્રાય થઇને પૃથ્વી ઉપર ઢળી પડયો. મંહમદઘોરીએ ઉઘાડેલું ખડ્ગ તેના અશ્વનું મસ્તક છેદન કરવાથી તે પણ તેના સ્વારની સાથે નીચે પડયો; અને થોડા વખતમાં બન્ને જણાએ પ્રાણત્યાગ કર્યો, આ વખતે પૃથ્વીરાજ અને સમરસિંહ ત્યાં આવી પહોંચ્યા. અને તેઓએ હજાર ગણ બળથી યવનો ઉપર મારો ચલાવ્યો. ત્યાં તો મહંમદ ઘોરીએ છુપાવેલા સૈન્યમાંથી ૫૦૦૦ સ્વારો અને ૪૦૦૦ પ્યાદાએ આવી વિશૃંખલ થઇ ગયેલા હિંદુ સૈન્યને ઘેરી લીધું. આ વખતે પૃથ્વીરાજે કટીસ્થ ભેરી બજાવી. અવશિષ્ટ સૈન્ય લઇ આવવા વિજયને બોલાવ્યો,

પણ તે આવ્યો નહીં. પૃથ્વીરાજ અને સમરસિંહ દરેક ક્ષણે અધીર થઇને વિજયના આવવાની રાહ જોવા લાગ્યા પરંતુ વિજય આવ્યો નહીં. વિજય આવે એટલા વખત સુધી તો યવનોને આગળ વધવા ન દેવા એવી ઇચ્છાથી તેઓએ રણાંગની ભગ્ના-વશિષ્ટ અલ્પ સૈન્યવડે કેટલાક વખત સુધી ટક્કર ઝીલી પરંતુ પ્રાણપણે યુદ્ધ કરવા છતાં છેવટે હિંદુઓ નાસવા તત્પર થયા તોપણ વિજય આવ્યો નહીં. બધા રજપુત સેનાપતિઓ નવું સૈન્ય આ ચાલ્યું આવે એવા આશ્વાસનાં વચનો તથા હિંદુવીર્યનું શ્રવણ કરાવી સૈનિકોને સમરોત્સાહી કરવા માંડયા. અને વારે વારે વિજય આવે છે કે નહીં ને જોવા લાગ્યા એ વખતે છેટેથી કેટલુંક સૈન્ય તેમના તરફ આવતું દેખાયું. વિજય સૈન્ય લઇને આવે છે એ આશાથી તેઓનું હૃદય ઊત્ફલ્લ થઇ ગયું. પૃથ્વીરાજે વિચાર્યું કે વિજયને તો પાછળ રાખ્યો હતો પરંતુ કોઇ કારણસર સામેથી આવવાની જરૂર પડવાથી આટલો બધો વખત લાગ્યો હશે. નવું સૈન્ય આવતું જોઇ પૃથ્વીરાજના સૈનિકોમાં બમણો ઉત્સાહ આવ્યો, તેથી તેઓ "જય જય મહારાજ" બોલતા બોલતા યવન સેના તરફ બમણા વેગથી બમણા રોષથી ધસ્યા. પરંતુ દુરનું સૈન્ય પાસે આવતાં તેઓનું હૃદય ભગ્ન થઇ પડયું. કેમકે એ વિજયનું સૈન્ય નહોતું પણ ૫૦૦૦ સ્વાર અને ૬૦૦૦ પ્યાદા મહંમદઘોરીએ છાના રાખેલા સૈન્યમાંથી આવી હિંદુઓને શૃંખલાબદ્ધ કરવા માંડયા.

આ વખતે પૃથ્વીરાજે હારેલા સૈન્યની સાથે વિજયને પણ નાસતો જોયો. તેથી તેઓ સમજ્યા કે 'વિજયે મારા વાક્યનું ઉલધન કરી પોતાના તાબામાં રહેલા સૈન્યને લઇ રણસંગ્રામમાં ઝૂકાવ્યું હશે. એટલે તેનું સૈન્ય પણ બીજા સૈન્યની પેઠે શાન્ત થઇ ગયું લાગે છે.' વિજયનું કપટ હજી પણ તેઓ સમજી શક્યા નહીં. સમરસિંહ અને પૃથ્વીરાજ અત્યંત નિરાશ થયા છતાં પોતાના સૈનિકોને જેટલા સમરોત્સાહી કરી શકાય તેટલા કર્યા, પરંતુ યવનોના નવા આવેલા સૈન્યના ધસારાથી તેઓ લડવાને બિલકુલ અશક્ત થઇ ગયા. સૈન્યનો ઘણો ભાગ તો કપાઇ ગયો અને ઘાયલ થયો; અને અવશિષ્ટ ભાગ હતાશ થઇને નાસવા લાગ્યો. હવે સેનાપતિઓનો સમરોત્સાહ તેઓને ઉત્તેજીત કરી શક્યો નહીં. માત્ર કેટલાક સ્વામિભક્ત સૈનિકોજ સ્વામીની સાથે પ્રાણ આપવા તૈયાર થયા. છેવટે ઘવાયલા સિંહની પેઠે પોતાના વિશ્વાસુ સૈનિકોને લઇ બન્ને યુદ્ધવીરોએ ઉન્મત્તની પેઠે શત-સહસ્ર યવનોનો સંહાર કરવા ઝંપલાવ્યું. તુમુલ સંગ્રામ;—

ખડ્ગે ખડ્ગ, બંદૂક સાથે બંદૂક, તરવાર સાથે તરવાર અને તીર સાથે તીર ફેંકાવાથી જાણે પ્રલયકાળ આવ્યો. સમરસિંહ બન્ને હાથે તરવા ચલાવતાં ચલાવતાં ઘડીમાં સન્મુખ અને ઘડીમાં વચમાં જઈ યવનોને ક્ચ્ચરઘાણ વાળવા માંડયા. પૃથ્વીરાજ પણ સમરસિંહની પેઠે પ્રબળ પ્રતાપથી લડવા લાગ્યા. આ બન્ને વીર કેશરીઓએ યવનોના સૈન્યને ઘણો ભાગ કાપી નાખ્યો ખરો પણ એટલાથી જય થાય એ અસંભવિત હતું. યુદ્ધ કરતાં કરતા તેઓના સૈન્યમાંથી ઘણા ખરા ધરાશાયી થયા. પૃથ્વીરાજ પણ અસ્ત્રના ક્ષત—વિક્ષતથી મૂર્છિત થ અશ્વ ઉપરથી નીચે પડી ગયા. એ મૂર્છિત અવસ્થામાંજ તેએ યવનના બન્દી થયા. દેવી આશા પૂર્ણાએ યવનોની આશા પૂર્ણ કરી પૃથ્વીરાજનો કોઇ સૈનિકોએ ઘાત ન કરવો એવી આજ્ઞા આખ સૈન્યમાં મહંમદ ઘોરીએ ફેલાવી દીધી.

પૃથ્વીરાજને ધરાશાયી થતા જોઇ સમરસિંહે જયની આશ મૂકી દીધી. પરંતુ મૃત્યુપર્યંત યવનોની ગતિ અટકાવવાનો તેમણે દ સંકલ્પ કર્યો. તેઓ પોતાનું અલ્પસંખ્યક સૈન્ય લઇને એવા તે અટલ ભાવથી યુદ્ધમાં ઘૂમવા લાગ્યા કે યવનોના હૃદયમાં ધીમે ધી ત્રાસ ઉત્પન્ન થતો ગયો. એક કલાક વીત્યો; બે કલાક વીત્યા; સમર સિંહનું અત્યલ્પ સૈન્ય અલ્પતર થઇ ગયું છતાં તેઓ તો તેવા અટલ ભાવથી લડવા લાગ્યા. સમરસિંહનો વીર ભાવ જોઇને યવને છૂટે છૂટે નાસવા માંડયા. મહંમદઘોરીએ જોયું કે તેની આજ્ઞા સૈન્ય અગ્રસર થતું નથી ત્યારે તેઓમાં સાહસની વૃદ્ધિ કરવા મા પોતે અગ્રસર થઇ સમરસિંહના સૈન્યને ઘેર્યું; તેથી તેના સૈનિકો પણ સાહસી થઇ તેની પાછળ આવ્યા. જ્યારે સમરસિંહનું બધું સૈન્ કપાઇ ગયું ત્યારે મહંમદ ઘોરીએ સમરસિંહ ઉપર હલ્લો કર્યો પરં તેઓના હાથમાં ચાલતી તરવારો આગળ જવાનું સાહસ ન થવાથ પાછળ આવી તેમના અશ્વનો એક પગ કાપી નાખ્યો. અશ્વ પડે ન પડયો ત્યાં તો સમરસિંહ કુદકારો મારી પૃથ્વી ઉપર આવી ગય હવે ચોતરફથી તેઓના શરીર ઉપર અસ્ત્રની વૃષ્ટિ થવા માંડી. પરં તેમાં પણ બન્ને હાથે તેઓ તરવાર ચલાવવા લાગ્યા. સમરસિંહને આ રીતે ઝઝુમતા જોઇ મહંમદ ઘોરીએ તેમના મસ્તકનું લક્ષ્ય ક ખડ્ગ ઉપાડયું. પરંતુ તેથી માત્ર સમરસિંહનો ચોતરફ ફરતો જમણ હાથ છેદાયો. ત્યાં તો ઘણા યવન સૈનિકો પાસે આવી ગયા ક કોઇ હાથ ઉપર કોઇ પગ ઉપર કોઇ વાંસા ઉપર કોઇ મસ્તક ઉ

એમ જુદે જુદે ઠેકાણે આઘાત કરવા માંડયા. હવે સમરસિંહ ઉભા રહી શક્યા નહીં. અસ્ત્ર ચલાવતાં ચલાવતાં ધરાસાયી થઇ તેઓએ પ્રાણત્યાગ કર્યો. સંધ્યાકાળ પહેલાં યવનોનો જય થયો, લાંબા વખતથી પ્રજ્વલિત થયેલો દીવો બુઝાઇ ગયો. આર્ય ગૌરવના સૂર્યનો દીવો અસ્ત થયો! ધર્મનો અધર્મની આગળ આજ પરાજય થયો! ભારતવર્ષ આજ વિષાદ અંધકારમાં ડૂબી ગયું! યવનોની વિજયપતાકા સળગતા ધુમકેતુની પેઠે માત્ર મસ્તકો ઉપરજ જ્વાજલ્યમાન રહી.

પ્રકરણ ૨૯ મું.

'ક્ષત્રિય રમણીનું સાહસ અને ચિતાપ્રવેશ.'

હજી સુધી સૂર્યાસ્ત થયો નથી. આકાશ થોડો વખત થયાં નાનાં નાનાં વાદળાંઓથી ઢંકાયું છે. અસ્તગમનોન્મુખ સૂર્યદેવ તે તરલ મેઘમાળાની અંદર છુપાઇ રહી પોતાનાં નિસ્તેજ કિરણો ફેંકે છે. મેઘાવરિત મંદપ્રકાશ ચોતરફના અંધકારને સહેજસાંજ ઘનીભૂત કરે છે. પેલી તરફ રણક્ષેત્રમાં શબ તથા રૂધિરના છંટકાવથી બધું ભયંકર જણાય છે. તેમ આ તરફ પણ રાજશિબિર પાસે ચિતા સળગાવવાની તૈયારી હોવાથી બધું શૂન્યકાર જણાય છે. રાજમહિષી અત્યારે પોતાની કન્યા સાથે ચિતારોહણ કરવાની છે—પોતાના સ્વામિને લોકમાં મળવા માટે ગમન કરવાની છે. મહિષીના મુખમાંથી કશો વચનુ ઉચ્ચાર થતો નથી, હવે તે તદ્દન નૂતન વસ્ત્રો પહેરી પરિચારિકાઓથી વીંટાઇ શોક-સમારોહથી ચિતા આગળ આવી ઉભી રહી. પછી ચંદનમાલ્ય અને વસ્ત્રાલંકારથી વિભુષિતા કન્યાને તે તૈયાર કરાવેલી ચિતામાં તેણે સુવરાવી અને પોતે પણ રક્તચંદનનું લેપન કરી ચિતાને ભક્તિભાવથી પ્રણામ કરી જેવી તેમાં પડવા જાય છે તેવામાં ક્ષત્રિય સ્વારોનું દળ ત્યાં આવીને ઉભું રહ્યું. તે દળનો જે સેનાપતિ હતો તે અશ્વપરથી નીચે ઉતરી મહિષીને પ્રણામ કરી કંઇક કહેવાના ઉદ્દેશ્યથી સામે આવીને હાથ જોડી ઉભો રહ્યો. તેના આવવાથી મહિષી સ્થિર થઇને ઉભી રહી અને તેને પૂછ્યું. "બળદેવસિંહ! તમારે કાંઇ કહેવાનું છે? જે હોય તે કહો."

બળદેવ—દેવી! દિલ્લીશ્વરે અમને એક સમાચાર કહેવા આપની પાસે મોકલ્યા છે.

મહિષી—કોણ? દિલ્લીશ્વર—તેમણે તો રણક્ષેત્રમાં પ્રાણ ત્યાગ કર્યો છે ને?

બળદેવ—ના, દેવી ! તેઓ ઘવાઇને મૂર્છાગત થઇ પૃથ્વીપર પડી ગયેલા હોવાથી બધાએ માન્યું કે તેઓ મરણ પામ્યા છે, પરંતુ વાસ્તવિક રીતે તો તેઓ—

મહિષી—બોલ, બોલ વાસ્તવિક શું ! તમારી રાજ્યમહિષી તમને આજ્ઞા કરે છે—બોલો !

બળદેવ—તેઓ યવનોના—કે-દી—થયા છે.

" કેદી " સાંભળતાંજ મહિષી ચમકી ઉઠી. દિલ્હીશ્વરે જે સમાચાર કહેવડાવ્યા હતા તે સાંભળતાં તે ભુલી ગઇ. તેણે બધા સૈનિકો તરફ તિરસ્કાર દર્શક દૃષ્ટિ ફેંકી બધી પરિચારિકાઓ તરફ પોતાનું મુખ ફેરવ્યું અને બોલી. પરિચારિકાઓ ! આ ક્ષત્રિય સૈનિકો—આ ક્ષત્રિય વીરપુરૂષો, રણક્ષેત્રનો ત્યાગ કરી ઘણું કષ્ટ વેઠી ' મહારાજ કેદી થયા છે ' એ શુભસંવાદ આપવા આવ્યા છે. રહો, રહો—તમે તો અહીંજ રહો. અથવા તમારાં સ્ત્રી પુત્ર—કન્યાઓનાં મુખ જોવાને માટે પાછા ફરો. પરંતુ મહારાજ દિલ્લીશ્વર સમ્રાટ છે અને અમે તેમની પ્રજા છીએ તેથી અમે નિરપેક્ષ નહીં રહી શકીએ ! આ બધાઓ ક્ષત્રિય જનનીના દુગ્ધથી પ્રતિપાલિત થયેલા નથી. પરંતુ હું તો ક્ષત્રિય કન્યા ક્ષત્રિય પત્ની હોવાથી માત્ર એકલીજ—કોઇની મદદ લીધા સિવાય મારા સ્વામિને બંધનમુક્ત કરવા જઇશ ? ' એટલું કહી જે સેનાપતિ તેને સમાચાર આપવા આવ્યો હતો તેની તલવાર ખેંચી લઈ તેનાજ અશ્વઉપર આરોહણ કરી તે પટ્ટવસ્ત્ર પરિહિતા, રક્તચંદન ચર્ચિતા, નિબિડસ્ખલિત- કુન્તલજ્જલ શોભિતા અભિમાન—ગંભીરા, ક્રોધારક્તનયના, વીરતેજથી ઉન્મત્ત બનેલી વીરપત્ની રણક્ષેત્ર તરફ ચાલી નીકળી. અત્યાર સુધી લક્ષ અને અનુતાપથી મૃતપ્રાય થયેલા સૈનિકો ધીમે ધીમે બોલતા હતા કે, " જ્યાં સુધી અમારામંના એક જણમાં પણ જીવન હોત ત્યાં સુધી મહારાજને છોડાવવાનો યત્ન કરત. પરંતુ મહારાજે પોતેજ અમને લડતા અટકાવી રાજ મહિષી તથા બીજી પરિચારિકો અને સ્ત્રીઓ જ્યાં સુધી ચિતારોહણ કરે ત્યાં સુધી તેમની રક્ષા કરવા માટે અમને મોકલ્યા ત્યારે અમે શું કરીએ ! " પણ જ્યાં મહિષીને અશ્વઉપર બેસી ચાલી નીકળતી જોઇ બધાઓમાં એકદમ વિદ્યુતની પેઠે શરાતન ચઢી ગયું અને તેઓ "જય જય ભારતનો જય " એમ પોકાર કરતા કરતા રાણીની પછવાડે ચાલી નીકળ્યા બધી પરિચારિકાઓ રાજકન્યાને ચિતાની પાસે રાખી શૂન્ય દૃષ્ટિથી જોઇ રહી.

આ તરફ મહિષી જ્યારે યુદ્ધ કરવા માટે બહાર નીકળી ત્યારે યવનો માત્ર એકજ બાકી રહેલા અદમ્ય, અટલ અને વીરકેશરી સમરસિંહનો અતિકષ્ટે વધ કરી નિષ્કંટકપણે જય ધ્વનિ કરતા કરતા શિબિર લુંટવા આવતા હતા ત્યાં રસ્તામાં આ ઉગ્રમૂર્તિ વીરાંગનાને કૃપાણ—હસ્તે અશ્વઉપર બેસીને અગ્રસર આવતી જોઈ તેઓ બધા એકદમ સ્તંભિત થઇ ગયા પછી જ્યારે ક્ષત્રિય—સેનાદળે તેઓની ગતિ અટકાવવા સારૂ તરવારનો મારો ચલાવ્યો ત્યારે તેમની આંખ ઉઘડી. હવે ક્ષત્રિય સેના ઉપર ચોતરફથી બાણ, બરછી, ભાલા વગેરેનો વરસાદ વરસવા લાગ્યો. ક્ષત્રિય સૈનિકો દુર્ભેદ્ય વ્યૂહ રચી રાણીને વીંટી લઇ પ્રાણપણે યુદ્ધ કરવા માંડયા. યવનો ઉન્મત્ત તરંગની પેઠે જેમ જેમ હુમલો કરવા માટે આગળ આવતા ગયા તેમ તેમ ક્ષત્રિયવીરો સમુદ્રને કાંઠે આવેલી પથરાઓની હારોની પેઠે તેમને દૂર દૂર ખસેડતા ગયા. પરન્તુ રાજમહિષીને વ્યુહમાં રહી નિશ્ચેષ્ટ રહેવું ઠીક ન લાગવાથી પોતાના સૈન્યને છોડી યવનોની સામે આવી. આ કાર્યથી તેનું દળ છિન્નવિચ્છિન્ન થવા માંડયું. ત્યાં એક તરફથી બરછી આવીને રાણીના વક્ષઃસ્થળમાં લાગી. બરછી વાગતાંજ તે અશ્વઉપરથી નીચે પડી ગઈ. પણ એક સૈનિકે તેને પોતાના ઘોડાઉપર લઇ લેઇ કોઇ યવનો કદાચ સ્પર્શ કરશે તો અપવિત્ર થશે એ આશંકાથી ઘોડો પૂરવેગે દોડાવી મૂક્યો. રાણીનું શબ ખૂચવી લેવા બધા યવનો તેની પાછળ પડયા પરંતુ અંહી બાકી રહેલા રજપુતસૈનિકો આગળ આવી ગયા અને યવનોને આગળ જતા અટકાવીને ઉભા રહ્યા. આ બધા સૈનિકોમાંથી એક પણ સૈનિકને બિંદુ જેટલી પણ જીવવાની આશા નહોતી. આ અલ્પ—સંખ્યાવાળા રજપુત સૈન્યનો પરાજય કરતાં યવનોને ઘણો વખત લાગ્યો અને તેમાં પણ તેમાંના ઘણાઓનો કચરઘાણ નીકળી ગયો.

સૈનિકો જ્યારે રાણીનું શબ ચિતા પાસે લાવ્યા ત્યારે સંધ્યા વીતવા આવી હતી. અત્યાર સુધી રાજકન્યાને પોતાના વક્ષ ઉપર લઇ બળવા તૈયાર થયેલી ચિતા જાણે રાણીની રાહ જોતી હતી. સૈનિકોએ ઉમાવતીના શબની પાસે રાણીનું શબ સુવરાવી ચિતામાં અગ્નિ મૂકતાંજ તે હુ હુ શબ્દ કરતો સળગી ઉઠયો. સૈનિકો ઘૃત, ચંદન વગેરે પદાર્થોની વધારે વધારે આહુતી આપવા માંડયા. ધીમે ધીમે અગ્નિ શીખા ઠેઠ આકાશમાં પહોંચી ગઇ. ત્યારપછી બધી પરિચારિકાઓ એકે એકે ચિતામાં કુદી પડી. અને અગ્નિ પણ બમણા જોરથી ઉછાળા મારવા લાગ્યો. પછી ધીમે ધીમે આ બધું મંદ પડવા માંડયું. ઉછાળા મારતી

અગ્નિની શિખાઓ બેસી ગઇ અને પ્રકાશને બદલે અંધકાર ફેલાવા લાગ્યો.

આ તરફ ચતુર્થીનો ચંદ્રમા પણ અસ્ત પામી ગયો—ભારતવર્ષના ગૌરવનો દીવો બુઝાઇ ગયો.

ચારે દિશા અંધકારમય અને શૂન્યકારમય જણાય છે, સ્થાણેશ્વર આજ શ્મશાનમય બની ગયું છે. તેમાંથી વખતે વખતે યવનોનો જયનાદ, હિંદુઓનો આર્તનાદ, ઘવાયલા સૈનિકોને થતી પીડાથી હૃદય વિદારક ચીસો, ચીબરીનો અમંગલસૂચક અવાજ વગેરે ચોતરફથી ઉત્પન્ન થઇ ઠેઠ ગગનસુધી પહોંચે છે.

આ શ્મશાન ક્ષેત્ર ધીમે ધીમે વધવા માંડયું અને હિમાલયથી કુમારિકા કેપ સુધી તેની સીમા પહોંચી ગઇ—મતલબ કે આખું ભારતવર્ષ શ્મશાન ક્ષેત્રના રૂપમાં પરિવર્તન થયું. જેમ જેમ રાત્રિ પડતી ગઇ તેમ તેમ અંધકાર ઘનીભૂત થતો ગયો. કોઇપણ વસ્તુ દૃશ્યમાન થતી નહીં. માત્ર ચિતાનલમાંથી કોઇ વખત હૃદય ચીરી નાખે એવો આર્તનાદ આવે છે. અને વખતે પતંગીઆની પાંખનો ચકચકાટ દૃશ્યમાન થાય છે.

પ્રકરણ ૧ લું.

ભારતવર્ષના સુર્યનો અસ્ત.

અમરસિંહે હણાયા અને પૃથ્વીરાજ કેદી થયા તેથી રણજીજ્યી મહંમદઘોરીને આજ આનંદનો પાર નથી. તેને આજ થાક પણ લાગતો નથી. તેમ આરામ લેવાની પણ ઇચ્છા થતી નથી. તે તો યુદ્ધમાં જયથયા પછી વિશ્રાન્તિ લીધા વગરજ અશ્વઉપર ચડી ચોતરફ ફર્યા કરે છે. પોતાના સૈનિકોને ઇનામ આપવા બદલ હિંદુઓનાં શિબિરો લુંટવાની આજ્ઞા કરે છે. ક્ષુધા અને તૃષાતુર થયેલા સૈનિકોને વિશ્રામ લેવાની આજ્ઞા કરે છે. યુદ્ધમાં પકડાયલા હિંદુઓની બરાબર ચોકી કરવાનું પ્રહરીઓને સૂચવે છે, કોઇને તુરતમાં મારી નાખવાનો હુકમ કરેછે, આ પ્રમાણે બંદોબસ્ત કરવામાં તે ગુંચવાયો છે તેટલામાં બે ત્રણ યવનો તેની પાસે આવી નમન કરીને બોલ્યા, જહાંપનાહ! અમે જ્યાં શિબિર લુંટવા જતા હતા ત્યાં રસ્તામાંજ પૃથ્વીરાજની રાણી થોડુંક સૈન્ય લઈ

અમારા ઉપર ઉન્મત્તના પેઠે તૂટી પડી. તે પૃથ્વીરાજને કેદ થયેલો સાંભળી તેને છોડાવવા આવતી હતી, અમે હમણાંજ તેનો વધ કરી આવીએ છીએ !" આ વાત સાંભળતાંજ મહમંદ ઘોરી તો સ્તમ્ભજ બની ગયો. થોડી વારે કેટલોક વિચાર કરી તે બોલ્યો, " તમે મારા સેનાપતિ તથા મુખ્ય પ્રધાનને બોલાવીને જલદી આવો, હું અહીં આ વડના ઝાડ નીચે તમારા બધાની રાહ જોઉં છું. ત્યારે એક પ્રહરી બોલ્યો, " પ્રધાન સેનાપતિએ તો યુદ્ધમાં પ્રાણત્યાગ કર્યો છે."

મહમંદ—એ પદ આજરોજ કુતબુદ્દીનને આપવામાં આવ્યું છે માટે તેને બોલાવી લાવો.

પછી તે સૈનિકો ત્યાંથી ચાલ્યા ગયા. થોડીવાર પછી સેનાપતિ અને બીજા સભાસદો ત્યાં આવ્યા. ત્યારે મહંમદઘોરી સેનાપતિને ઉદ્દેશીને બોલ્યો, " કુતુબ ! મેં હમણાંજ સાંભળ્યું કે પૃથ્વીરાજ કેદ થયો છે એ વાત તેની રાણીના જાણવામાં આવતાં તે તેનો છુટકારો કરવા આવતી હતી."

કુતુબ—પરન્તુ હવે તેઓ તરફથી આપણે કશો ભય રાખવાનો નથી.

મહંમદ—એ વાત ખરી પરન્તુ આ ઉપરથી એમ સમજાતું નથી કે જ્યાં સુધી પૃથ્વીરાજ આપણી પાસે કેદી છે ત્યાં સુધી આપણે નિશ્ચિંત રહી શકવાના નથી ? તેઓ સફળ થાય કે ન થાય તો પણ પૃથ્વીરાજનો ઉદ્ધાર કરવા માટે હજી તેઓ આવવાના.

કુતુબ—પરન્તુ તેઓમાં શક્તિ રહી હશે તો ને ?

મહંમદ—ત્યારે હજી તમે તેને ઓળખી શક્યા નથી. હિંદુઓ એવા તો રાજભક્ત છે કે પોતાના રાજાને કેદ થયેલો સાંભળી જેઓએ કોઇ દિવસ હથિયાર પકડયું નહીં હોય તેઓ પણ ઉશ્કેરાઇને તેને છોડાવવાનો યત્ન કરશે. તેનું પ્રમાણ આપણી પાસેજ છે કે સ્ત્રીઓ પણ તેના છુટકારા માટે આપણી સાથે લડવા આવી હતી.

કુતુબ—પણ હવે શા માટે મુંઝાઓ છો. જેને આવવું હોય તે ભલે આવે. હવે કોઇનો ભય રહ્યો નથી. કેમકે પૃથ્વીરાજ કેદી છે, સમરસિંહ મરણ પામ્યો છે. તેમ સિંહશાવક કલ્યાણ પણ તેની સાથે ગયો છે. જેઓને હથિયાર પકડતાં પણ આવડતું નથી તેનો ભય લાગે છે ?

મહંમદ—ના ના, હું ભયની વાત કરતો નથી. હવે તો નિઃસંશય છે કે તેમના ગમે તેટલા હુમલા આપણે પાછા વાળીશું પરન્તુ તેમ કરવા જતાં સૈન્યનો નકામો વ્યય થશે. નિષ્કંટક રહેવાનો જો આપણી પાસે ઉપાય છે તો શા માટે આવી નુકશાનીમાં ઉતરવું ? તે ઉપાય એ કે પૃથ્વીરાજનો વધ. જ્યારે પૃથ્વીરાજનો વધ થશે ત્યારે કોને છોડાવવા હિંદુઓ આવશે ? હવે વધ કરવાથી આપણને કેટલો લાભાલાભ છે તે બધા મળીને નક્કી કરીએ.

તેજ વડના ઝાડ તળે ઘોડા ઉપર બેસીને બધા આ વાતની ચર્ચા ચલાવવા માંડયા. એક સભાસદ બોલ્યો, " જો પૃથ્વીરાજનો વધ ન કરતાં તેને જીવતો રાખી આપણા દેશમાં સાથે લઇ જઇએ તો આપણા ગૌરવની. વૃદ્ધિ થશે.

મહંમદ—ના ના, આગળ મેં જે જે વાત જણાવી છે તેને લઇને ત્યાં સુધી પૃથ્વીરાજને જીવતો રાખવો એ આપણા હુકમમાં નુકસાન કર્તા છે.

બીજો સભાસદ—પરન્તુ જો પૃથ્વીરાજને જીવતો રાખવામાં આવે તો તેના વડે આપણે ઘણો લાભ મેળવી શકીએ. તે એકે ભારતવર્ષના બીજા પ્રદેશો જીતતી વખતે જો પૃથ્વીરાજ આપણને સહાય કરે તો, આપણને ઘણો લાભ થાય—જો આ વાત તે કબૂલ કરે તો આપણું કાર્ય સમાપ્ત થાય ત્યાં સુધી એક નાનું રાજ્ય તેને આપવું અને પાછો તેને રાજા બનાવવો. આપણી કાર્યસિદ્ધી થયા પછી તેને જીવતો રાખવો કે મારી નાખવો તે આપણા હાથની વાત છે, '

આ વાત બધાએ કબૂલ રાખી. ત્યારે મહમદ બોલ્યો, " આ વાત કાંઇ ખોટી નથી. પરંતુ સંધિ કરવી કે વધ કરવો તે હમણાંજ નક્કી થવું જોઇએ, " એમ કહી પૃથ્વીરાજને ત્યાં આણવાનો હુકમ કર્યો. તેથી થોડી વારમાં કેટલાક સૈનિકો શૃંખલાબદ્ધ પૃથ્વીરાજને ત્યાં લઇ આવ્યા પૃથ્વીરાજનું આખું શરીર ક્ષત વિક્ષત—ઘાયલ થયેલું હતું છતાં શારીરીક કષ્ટ તરફ તેનું બીલકુલ ધ્યાન નહોતું. તેની દૃષ્ટિમાં અવનતિનો અથવા સંકોચનો ભાવ ન હોવાથી તે વીરમુર્તિ અધિક તેજસ્વી જણાતી. પૃથ્વીરજ ત્યાં આવ્યા પછી એક પણ શબ્દ બોલ્યા નહીં. કેમકે યવનો ની સાથે ભાષણ કરવું તે પણ તેને મન અપમાન જેવું લાગતું તેથી તેઓ રોષગંભીર દૃષ્ટિથી તેના સામું જોઇ રહ્યા. મુહમંદઘોરી પૃથ્વીરાજની આવી ગંભીરતા જોઇ તેની દૃષ્ટિ સાથે પો-

તાની દૃષ્ટિ મેળવી કેટલાક વખત તો રતબ્ધજ બની ગયો અને તેના ક્ષાત્રિ-તેજ આગળ એક પણ કઠોર વાક્ય નીકળી શકયું નહીં, થોડી વારે મહમદ-ધોરી નમ્રભાવથી બોલ્યો, " મહારાજ ! ગયે વખતે આપે અમારા ઉપર જે ઉપકાર કર્યો હતો તે અમે હજી સુધી ભૂલ્યા નથી. તેથી આ વખતે હું તમારા ઉપર પ્રત્યુપકાર કરવાની ઇચ્છા રાખું છું." આ વાતનો પૃથ્વીરાજ શો જવાબ આપે છે તે સાંભળવા માટે મહંમદઘોરી આતુર થઇ રાહ જોવા માંડયો. પરંતુ પૃથ્વીરાજે કાંઇપણ જવાબ આપ્યો નહીં કેમકે અનુગ્રહની વાત સાંભળતાંજ અપમાનથી તેનું આખું શરીર—નખથી તે શિખા પર્યંત સળગી ઉઠયું ! રૂંવાડાં ઉભાં થઇ ગયાં ! યવનના મુખમાં અનુગ્રહની વાત ! અને તે મારે સાંભળવી પડી ! આ કરતાં યુદ્ધમાં મૃત્યુ થયું હોત તો તે ઘણે દરજ્જે ઉત્તમ હતું પરંતુ વિધાતાએ તેનું મૃત્યુ યુદ્ધમાં લખ્યું નહોતું ! પૃથ્વીરાજે અતિકષ્ટે પોતાના ચિત્તનો નિગ્રહ કર્યો. અને કોઇપણ વ્યક્તિ તરફ ન જોતાં ભૂમી તરફ દૃષ્ટિ રાખી ઉભા રહ્યા. પૃથ્વીરાજને નિસ્તબ્ધ જોઇ મહંમદઘોરી ફરી વખત બોલ્યો, " હું આપને જીવીતદાન આપી ખંડીઆ રાજા બનાવીશ, "

" ખંડીયા રાજા બનાવીશ " એ શબ્દ સાંભળતાંજ પૃથ્વીરાજની ચક્ષુમાંથી અગ્નિ ઝરવા માંડયો, અને શરીરનું લોહી ઉકળી ગયું. આ ભાવ જોઈ મહંમદઘોરી એમ સમજ્યો કે પોતાને જીવિતદાન મળશે એમ ધારી પૃથ્વીરાજ આવો ઉત્તેજીત થયો છે. તેથી તે વળી બોલ્યો. " હું જેમ આપના ઉપર ઉપકાર કરૂં છું તેમ આપને પણ અમારા ઉપર ઉપકાર કરવો પડશે. તે એ કે મારે ભારત વર્ષના બીજા દેશો જીતવા છે તેમાં તમારે અમને સહાય કરવી પડશે. " પૃથ્વીરાજથી હવે સહન થયું નહીં હવે તે પોતાનો સંકલ્પ દૃઢ રાખી શકયા નહીં તેથી અત્યંત ક્રોધથી આત્મસ્મૃતિ ભુલી જઇ હંમેશના અભ્યાસ મુજબ કેડમાંથી તરવાર ખેંચવા હાથ લંબાવ્યો, પરંતુ તે ચેષ્ટા વિફળ થઇ તેમના હાથ સાંકળવડે બાંધેલા હોવાથી સાંકળનો ઝણઝણાટ થયો. ત્યારે પોતે પોતાની યથાર્થ અવસ્થા સમજી શકયા કે હું કેદી છું.— દિલ્લીના સમ્રાટ્ પૃથ્વીરાજ યવનોના હાથમાં કેદ છે ! તેથી તેઓ દોરડાથી બાંધેલા સિંહની પેઠે-રૂંધેલા દાવાનળની પેઠે ભયાનક મૂર્તિ ધારણ કરી રોષકમ્પિત સ્વરે બોલ્યા, " દુરત્યા યવન ! મને કેદી થયેલો જોઈ આવાં વચનો બોલવાનું તું સાહસ કરી શકાયે છે. શું હું યવનનો ખંડીયો થાઉં ? હું સ્વદેશ—"

અત્યંત ક્રોધથી વાક્ય પુરૂં થયું નહીં. આ ગર્વિત વાક્ય સાંભળતાં મહંમદ પણ ગુસ્સે થયો તેના હૃદયનો યથાર્થ ભાવ હવે ઉઘાડો પડી ગયો તેને મિષ્ટ વાક્યથી તે હવે ઢાંકી શક્યો નહિ. તેથી અતિશય કઠોર સ્વરે તે બોલ્યો, "હાં યવનોની સાથે સંધિ કરવી એ દિલ્લીશ્વરને અપમાન જેવું છે કાં ? ત્યારે મને તો લાગે છે કે યવનના હાથથી મરવું તે હિંદુને મન બહુજ ઉત્તમ કાર્ય લાગે છે."

પૃથ્વીરાજ—યવનના હાથથી ? હા હા ! પિશાચના હાથથી મૃત્યુ થાય તે આના કરતાં મને બહુ ઉત્તમ લાગે છે. પરન્તુ બસ—હવે તારાં મશ્કરી ભરેલાં વાક્યોનો હું જવાબ આપીશ નહીં. કેમકે હે દુરાત્મન ! તારી સાથે વાત કરવી એ પણ ક્ષત્રિયોના કુળમાં કલંકરૂપ છે."

આટલું બોલી પૃથ્વીરાજ મૌન રહ્યા. પોતાના કેદીનાં આવાં ગર્વિત વચનો મહંમદઘોરીથી સહન થઈ શકયાં નહીં. તેથી તરતજ પોતાની સન્મુખ તેનો વધ કરવાનો તેણે હુકમ કર્યો અને પ્રહરીને તેણે જરા ઇશારત કરતાં તેઓ તેને જરા દૂર લઇ જઇ માથું નીચે રાખી બેસવાનું કહી ફરતા ઉભા રહ્યા. વળી મહંમદઘોરીએ બીજી ઇશારત કરી તેથી ઘાતકે કુહાડાની ધારવડે એકે એકે પૃથ્વીરાજનાં બધાં અંગ છેદી નાંખ્યાં તે બધી ક્રીયા હર્ષ—નિસ્પન્દ લોચને મહંમદ ઘોરી જોવા મંડયો. પરન્તુ આટલી બધી પીડા થવા છતાં મુખમાંથી એક પણ શબ્દ પૃથ્વીરાજ બોલ્યા નહીં. તેમ જરા પણ અરેરાટ કર્યો નહીં. મહંમદઘોરીએ વળી ઇશારત કરી ત્યારે ઘાતકે કુહાડો પૃથ્વીરાજની ડોક ઉપર માર્યો. કુહાડો લાગતાંજ લોહીથી રગદોળાયેલું મસ્તક જમીન ઉપર પડયું—આર્યકુળ ગૌરવ દિલ્લીશ્વરનું મસ્તક આજ યવનોના હાથથી કપાઇને પૃથ્વી ઉપર પડયું ! વાસુકી નાગનાં હજારે મસ્તક ધ્રુજી ગયાં ! સમુદ્રથી વીંટાયલું ભારતવર્ષ ધ્રુજી ઉઠયું—સ્વાધિનતા કાયમને માટે મૂર્છિત થઇ ગઈ—

'ભારતવર્ષનો દીવો બુઝાઇ ગયો !'

ઉપસંહાર.

દીવો તો બુઝાઇ ગયો, પરંતુ કિરણસિંહ, ચંદ્રકની, શૈવબાલા અને પ્રભાવતીનું શું થયું તે સંક્ષેપમાં દર્શાવી આ ઉપન્યાસનો ઉપસંહાર આપીશું.

ચંદ્રકવિએ જીવતોડ મહેનત કરી. પરંતુ બરાબર સમયે તેઓ દિલ્લી પહોંચી શકયા નહીં. જ્યાં વિધાતાનીજ ઇચ્છા નથી ત્યાં માણુસો શું કરી શકે! નદી રસ્તે આવતાં એકદમ તોફાન થયું અને તેમાં એક ખડક સાથે તેની નૌકા અથડાવાથી તે તૂટી પડી. આથી આહાર અને નિદ્રાનો ત્યાગ કરી ઘણાં કષ્ટે પ્રાણુની રક્ષા કરી અત્યંત કઠિન સ્થળ રસ્તે દિલ્લી આવતાં સાંભળ્યું કે યવનોનો જય થયો છે. પૃથ્વીરાજને વધ કરી મહમંદઘોરી દિલ્હી ઉપર આવે છે. આ વાત સાંભળતાં ચંદ્રકવિના હૃદયમાં કેટલું દુઃખ થયું હશે તે અહીં લખી શકાય તેમ નથી આગળ જતાં રાજમાર્ગે ઉપર ઘેલી બની ગયેલી ગુલાબ મળી. ગુલાબને ઘેલી થયેલી જોઇ રાજમહિષી સ્થાનેશ્વરમાં લઇ ગયાં નહોતાં ચંદ્રકવિ ગુલાબને લઈ ભગ્નહૃદયે ચિતોડમાં આવ્યા ત્યાં ગયા પછી વખતે મહમંમદઘોરી ચિતોડ ઉપર ચઢશે એ આ શંકાથી કિરણુસિંહની રક્ષા કરવા માટે તેમણે યુદ્ધની બધી તૈયારીઓ કરી રાખી એ કાર્ય સમાપ્ત થયા પછી કેટલેક દિવસે શૈલબાળાનો વિવાહ કિરણુસિંહ સાથે કરી પ્રભાવતી અને ગુલાબને સાથે લઈ પોતાની જન્મભૂમી અજમેર આવી શોક—સંતપીચિત્તે ત્યાં રહેવા લાગ્યા. ત્યાં ગયા પછી રજપુતોનાં તેમાં વિશેષે કરીને પૃથ્વીરાજનાં પરાક્રમ રૂપ અને મહિમા કાવ્યરૂપે રચી એક ગ્રંથ બનાવ્યો જે પૃથ્વીરાજ રાસાને નામે હાલ પ્રસિદ્ધ છે. ગુલાબ અજમેરમાં આવ્યા પછી થોડાક દિવસમાં મરણુ પામી.

ઉપસહાર વખતે વિજયના જીવનનો ઉપસંહાર પણુ આપવાની જરૂર છે. યુદ્ધમાં જય થવાથી પોતાના સૈનિકોને ભેટો આપવા સારૂ મહંમદઘોરી પૃથ્વીરાજનાં સિંહાસન ઉપર બેઠો તે વખતે સૌથી પ્રથમ વિજય હાથ જોડીને ઉભો થયો, અને તેણે જ્યારે દિલ્લીના સિંહાસનની માગણી કરી. ત્યારે મંહમદઘોરીએ રોષકમ્પીત ઉચ્ચસ્વરે બોલ્યો, " **જેણે સ્વદેશ તરફ વિશ્વાસઘાતકતા વાપરી છે. તેને દિલ્લીનું સિંહાસન ન આપતાં જે જીવિતદાન આપ્યું છે તેજ તેને માટે ઘણું છે.** " આ સાંભળી બધી સભા ખડખડાટ હસી પડી. વિજય નિસ્તબ્ધ થઇ ગયો. પોતાને મળવાની ભેટની વાત સાંભળીજ તેના હૃદયમાં કારી ઘા વાગ્યો તેની બધી આશાઓ ઉડી ગઇ. હવે તે સમજ્યો કે " કોઇપણ કુકર્મ જેને માટે કરવામાં આવે છે, તેના તરફથી પણ અંતે તિરસ્કારજ ભેટરૂપે મળે છે તેમાં વળી આ વિધર્મી યવનો

હોવા છતાં તેની વાતમાં તે કેમ ફસાયો ? હાય ! હિંસા અને લોભથી પરવશ બની જઇ હું જ્ઞાન શૂન્ય થઇ ગયો હતો." હવે તેના આખા શરીરમાં વીંછીના જેવા ચટકાની વેદના થવા લાગી. હવે તેની આંખ ઉઘડી કે તેના જેવો પાપી અને નરાધમ બીજો કોઇ નથી. તેણેજ લોભ વશ થઇને સ્વદેશના ગૌરવનો નાશ કર્યો છે; હિંસાથી પરવશ બનીને કલ્યાણ તથા રાજકન્યાના ઐહિક સુખનો તેણે નાશ કર્યો છે. સ્વાર્થથી પરવશ બની પવિત્ર હૃદયા ગુલાબને અન્યાય કાર્ય કરવામાં પ્રેરી હતી. કલ્યાણનો ઘાત તેણેજ કર્યો છે. તેથી તેનું શું ઓછું પાપ લાગ્યું છે ? તેના પાપનું હવે ક્યાંય પ્રાયશ્ચિત નથી. હવે તે જીવતાંજ નરક ભોગવવા લાગ્યો. આ યંત્રાણામાંથી મુક્ત થવાનો ઉપાય મૃત્યુજ છે એમ તેને ભાસ્યું તેથી તે અત્યંત ગુસ્સે થઇ મૃત્યુ શંકાહીન વીરની પેઠે પ્રતિજ્ઞા લોપી મહંમદઘોરીને ઉદ્દેશી બોલ્યો. " યવન ! હું ઘણોજ મૂર્ખ ! કે તારા જેવા નરાધમ, પાખંડી અને કૃતઘ્ન યવનનો વિશ્વાસ કરી સ્વદેશનો વૈરી બન્યો. પાપિષ્ઠ ! હું આનો બદલો લઇશ જ લઇશ—આનો બદલો લીધા પછી હું મારા પાપનું પ્રાયશ્ચિત કરીશ."

આટલું બોલતાં વિજય કોપથી ધ્રુજવા મંડયો. વિજયનાં વચન સાંભળી મહંમદઘોરીએ અત્યંત ગુસ્સાથી હુકમ કર્યો કે આ પાપીને કેદ કરી તે મૃત્યુ પામે ત્યાં સુધી કારાગૃહમાં પૂરી મૂકો. આ સ્થળે કહેવાની જરૂર છે કે વિજયના પિતા પૃથ્વીરાજના વૃદ્ધમંત્રીએ યુદ્ધમાં પ્રાણ ત્યાગ કર્યો હતો. તેનાં સારાં ભાગ્યે પુત્રની વિશ્વાસ ઘાતકતા તથા દુર્દશા જોવાનો વારો તેને આવ્યો નહીં.

સમાપ્ત

એક સપરમી સવાર!

મિત્રો શું લખું!! રડું રડું થાય છે કે હસું હસું થાય છે. તે હું પોતેજ સમજતો નથી તો તમને શું કહું? મારી ખુચીની માની મોટી મા તેની ૭૧ મી વર્ષગાંઠનો આજે દિવસ હતો! હજી તો સ્હવારેય પડી નહોતી. સૂર્યનારાયણને જગાડવાને ક્યારનુંએ મહોલ્લાનાં કુકડાંએ કુકડે કુક કરી કરીને ઉંઘણસી છોરોની ગુલાબી અને ખુશ ખુશાલ સાકરીઆ ઉંઘમાં મસ મોટું વિઘ્ન નાંખવા માંડ્યું હતું, તેમાં વળી ઉમેરો કરવાનું ઘરના પેલાં અટકચાળાં ઘડિયાળને મન થઇ આવ્યું. મારી હાથની ધરતીને આજે મહીયેરમાં મ્હાલવા જવાનું હોવાથી તેણે રાતના સૂતી વખતે પાંચને ટકોરેનું એલાર્મ ગોઠવેલું હોવાથી પેહેલાં તો કડીંગ કડીંગ કરતાં પાંચ વાગ્યા અને પછી-પછી પેલું એલાર્મ ધરરરરર કરીને ધુરકી ઉઠયું. બાપરે!! પેટમાં તો એવી ફાળ પડી! પણ આંખ તો ઉઘડીજ ગઇ! જોઉં શું? અત્યારે તો મિસિસ ન્હાહી, ધોઈ, ચાંદલો ચોટલો કરી, બણીઠણીને મને ઉઠાડવાનીજ તૈયારી કરી રહ્યાં હતાં. મારી આંખ ઉઘડતાંજ મને હૈયાફાટ દીવાના જેવો બનેલો જોઇ મિસિસ તો હસી હસી પડયાં. અને મારે માથેને મોઢે નરમ નરમ-પાઉડર લગાડવાનાં પફ જેવો માંખણીયો હાથ ફેરવતાં વાંકાં વળીને એક ધીમી મધુરી મીઠી કીસથી એક ગાલ ને વધાવી લીધો. જ્યારે બીજા ગાલે વ્હાલથી લચપચ થતી એક ઝીણી ચુંટી ખણી'! મારાથી પણ હસી પડાયું. અને વળતો જવાબ તેવોજ મીઠી કીસથી આપી મારી ગુલે ગુલાબના ગુલાબી ગાલ ઉપરનો ગુલાબી રંગ ઔર વધારે મોહક બનાવ્યો.

"વ્હાલા, આજે તમને જમવાનું નોતરું દઇને હું મારે મહીયેર જાઉં છું."

"ઓહો!" મેં કહ્યું "તેનીજ આ ગાલ ઉપર તેજી આવીછે!! તેથીજ આજે હોઠ પહોળાને પહોળા રહ્યા છે!! તેથીજ આજે આટલો ઠઠારો મઠારો કર્યો છે!! તેથીજ આજે ધરતી ઉપર પગ ઠરતો જણાતો નથી!!" મેં તેને વિનોદપૂર્વક કહ્યું.

"વંઝાને પ્રસુતીના આનંદનું શું ભાન! ભાયડાને મહીયરના સુખની કલ્પના પણ ક્યાંથી આવે? મહીયર! મહીયર એટલે શું? તમે જાણો છો? સ્વર્ગ કરતાં પણ બે આંગળ ઉંચું તે મહીયર!! અરે મહીયરનાં સુખ આગળ સ્વર્ગનું સુખ! પોઇસ! પોઇસ!! કુચ્છ બિસાતમાં નહીં. મને પરમેશ્વર જાતે આવીને પુછે કે તમારે ૧૦૦ વરસ સ્વર્ગમાં રેહેવાની મરજી છે કે ૫૦ વરસ મહીયરમાં? તો હું

તરત જવાબ આપું કે મહીયરમાં! મહીયરમાંજ!! એ સુખની બલિહારી! ભાયડાના નશીબમાં એ સુખજ નથી!! એ તો ભાયડાઓને બૈરીયો ઉપર જે જુલમ ગુજારે છે તે તેના પાપની સજા તરીકે પરમેશ્વરે મહીયરનું સુખ (તેમાના નશીબે માંડેલું ને પાડ્યું) ભુસી નાંખ્યું. એમ બોલીને મિસિસ ગુલાબ હસી પડયાં, અને તેમનાં ગુલાબી ગાલો ઉપર ફરીથી બે મધુરી કીસ કરી મેં તેમને રજા આપી.

જતાં જતાં તેમણે મને કહ્યું, "મારી ટપાલ આવે તે મને વેળાસર પહોંચાડજો." વઆ આઆરૂ! કરીને મિસિસને જવા દઈ બારણા બંધ કીધાં.

પછી મુખમાર્જન કરી મિસિસે કરી રાખેલાં ગરમ પાણીથી અંગોળ કર્યું. પાઠ પૂજા કરી આઠ વાગે પરવારી તૈયાર થયો. એટલામાં ટપાલવાળો આવ્યો. ઉલટભેર હું તેના સામે દોડતો ગયો. પણ ટપાલમાં કાગળ એકે નહોતો, માત્ર મારા નામ ઉપર એક અજાણ્યું—વગર માગેલું ફરફરીયું આવેલું, તે ખોલી જોયું. એવાં તો ઘણાં ચીંથરાં —દવાની જાહેરાતોનાં વગર માગે મોકલી મોકલીને લોકો રોજ કંટાળો આપે છે. મેં તેને ફાડીફાડીને ફેંકી દીધું.

બાગે બેહેસ્ત જેવાં મિસિસનાં મહિયરના મીઠાં મઝા આજે મને પણ ચાખવાની મળી. સાસુજી તો મારી ઉપરથી ઓરવાઇ પોરવાઇ જાય. નાનકડી સાળી તો એક એક એવાં એવાં રંગનાં ચટકાં ઉરાડે કે હસી હસીને પેટ પણ દુ;ખી જાય. આખો દિવસ ઠઠ્ઠા મજાક ને હાંસી મશ્કરીથી દીલમાં દોઢ દોઢ શેર લોહીના વધારા સાથે રાત્રે હમે બેઉ–ધણી ધણીયાણી મિસિસનાં મહિયેરથી તેમનાં સાસરે પધાર્યાં. અને અધુરો રહેલો રંગરાગ ઘેર આવીને પુરો કર્યો. હમે ઉંઘવાની તૈયારીમાં હતાં તેટલામાં તો મિસિસને ટપાલ સાંભરી 'અરે, મારી ટપાલ તો મને આપીજ નહીં' મિસિસ જરા ગંભીર થઇને બોલ્યાં.

મેં જવાબ આપ્યો "વ્હાલી, તારી ટપાલ તો હતીજ નહીં, પણ એક દવાની જાહેરાતનું ફતાકડું હતું. તે મારા નામ ઉપર હતું. જો ટેબલ નીચે હજી પડયું હશે. મિસિસે તે શોધી કાઢયું. એડ્રેસનું રેપર પણ જોયું. મિસિસ મારી પાસે આવી ટકોરમાં ટપકો દેતાં બોલ્યાં "તમે તો હમેશાં એવાજ દાધારંગ્યા રહી ગયા. જૂવો તો શું શીરનામું છે," મેં વાંચ્યું "મિસિસ કે. પી. કોઠારી" અરરરર, મેં જીભ દાંતમાં દાબી. મેં તો મિસિસને બદલે મિસ્તર વાંચેલું, માફ કરજો વ્હાલી, ભુલ થઇ છે. પણ એ કંઇ કાગળ તો ન્હોતોજ. એતો કોઇએ વગર માગે મોકલેલું નકામું ચિંથરૂં છે."

"નહી" ગુલાબ જરા ગંભીર થઇને બોલી. "મેં તે મંગાવેલુંજ હતું. એમાં લખેલાં "અમૃતબિંદુ"નાં ગુણનો મને પૂરો અનુભવ છે, આપણે ગયે મહિને નાશકની જાત્રાએ ગયાં હતાં અને ત્યાં તમને સંધીવા આવ્યો હતો તે યાદ છે? એ વખતે જે તેલજેવું ચોળ્યું હતું તે "અમૃતબિંદુ"જ હતું. ધર્મશાળાવાળો કેહેતો હતો કે તે પોતાની પાસ હમેશાં રાખે છે, વેચે છે પણ ખરો, ને ગરીબોને મફતપણ આપેછે.

વળી જાત્રાએથી પાછા ફર્યાપછી મને ખાધેલું પચતું હતું નહી. ખાધું કે તુરત ઉલટી થતી, ક્વચિત્ ઝાડા પણ થઇ જતા, ડાક્ટરોની દવા કરવામાં તમે કાંઈ બાકી રાખી નહોતી. પણ મટયુંજ નહી. છેવટે દીએરજીએ આવીને અમૃતબિંદુ પાયું ત્યારેજ મટયું હતું. સાંભરે છે કે?"

"અરે! એ તો ખાલી ધખારો છે" મેં હસીને કહ્યું. "કાગનું બેસવું ને ડાળનું ભાગવું" થયું હશે. માટે જવા દે. એને વાંચીશ નહી.

આટલું કહીને આપણે તો કોર મરડીને ઘોંટી ગયા. મિસિસના કેહેવાથી બીજી સ્હવારે જાણ્યું કે તે વખતે જે નસકોરાંમાં ઉંટો દોડે એવી ધમણ ચાલતી હતી તેના બીહામણા અવાજથી પડોસીનાં તોફાની છોકરાં મોઢ માથે ઓઢી ડાહ્યાં ડમરાં થઇને લેટાઈ ગયાં હતાં, અને તેમણે બિચારાંએ આખીરાત ભયભીત સ્વપ્નાં જોવામાં ગાળી હતી.

સ્હવાર પડી!! સપરમો દહાડો સ્હવારથી જણાયો!! મિસિસ મને વરધી આપી કે "ઓફિસે જતાં પેહેલાં મને ૩૧) ત્રગડે એકડે રૂપિયા આપતા જજો" મેં ઘણું ના કહ્યું પણ મિસિસ તો એકનાં બે થયાંજ નહી. શું કરીએ બા, જેમ ઠેરે ઠેર થાય છે, તેમ આપણે પણ બૈરીથી હાર્યા. એ તો બા! ઘેરેઘેર માટીના ચુલા છે. પટામણાં મનામણાંથી રંધાયું નહી અને જ્યારે ગુલાબના ચેહેરાની ગુલાબી ઉડી જતી જોઇ ત્યારે તો મારા પેટમાં કાંઇનું કાંઇ થવા માંડયું. હું લાચાર થયો. મુળાનાં પતીકા જેવાં એકત્રીસ ચકરડાં દેવીના કરકમળમાં ભેટ કર્યા અને અધુરી પૂજા બે મીઠાં ચુંબનોથી પુરી કરી. હવે મિસિસ મલકમલક કરતાં જણાયાં. અને કરમાતી લાલી ફરીથી તે સુંદર ગાલોને ચમકાવવા લાગી.

બસ! થયું પાણી! ત્રણ દીવસમાં તો આવ્યું પારસલ! અંદરથી એક નાજુક સુંદર ખરાં સોનાનાં ઢાંકણાંનું ઘડીયાળ નીકળ્યું અને બાર શીશી અમૃતબિંદુની નીકળી, આપણે તો મન વાળ્યું ચાલ બા, ઠીક છે આ ઘડીયાળમાંજ પૈસા તો વસુલ છે. દવા ગુણ કરે કે ન કરે તો પણ ચિંતા જેવું તો ઝાઝું નથીજ. આજે ઓફીસેથી આવતાં મીસીસને ખુસી કરવા વિચાર કર્યો. અને જસમાઇન ઇન્ડીયા એજન્સીની દુકાનમાંથી એક સુંદર બ્રોચ ખરીદ કર્યો, તેમાં પેલું ઘડીયાળ પોરવીને તૈયાર રાખ્યું.

ઘરમાં પેસતાંજ મીસીસ તો કાગને ડોળે રાહ જોઇ રહ્યાં હતાં. ચાતકને મેઘદર્શનથી જેટલી ખુશી ઉપજે તેથી વધારે વધારે ખુશી મીસીસને મને જોઇને થતી જણાઇ. મારો હાથ ઝાલી એક નાના બાળકને દોરે તેમ મને ઘરમાં દોરી ગયાં અને એક ખુરશી ઉપર બેસાડીને વધામણી ખાધી "જોયું, પડોશીનો દીકરો પોપટ છે. તેને આજે કોલેરા થયો હતો. ડાકટર મરચંદ એકવાર આવી ગયા. પરંતુ ગરીબ માણસ એમ ડાકટરની ફી કેટલી ભરે ? મને ખબર થઇ કે તરત હું તો અમૃતબિંદુની શીશી ઉપાડી દોડતી દોડતી ત્યાં પહોંચી. છાપામાં લખેલું તે પ્રમાણે અમૃતબિંદુ આપવાનું શરૂ કર્યું. ત્રણ કલાકમાં તો પોપટ ખરેખરા પોપટ જેવો થઇ ગયો. અત્યારે તો હસતો રમતો થઇ ગયો છે. જુવો બોલાવું તેને ?" મેં ના કહી. હું પોતેજ પડોસીને ત્યાં જોવા ગયો. તેતો મને પરમેશ્વર જેવો માનીને પગે પડયો. મારા ઉપર સેંકડો આશીશનો વરસાદ વરસાવ્યો અને મારી ગુલાબને પણ ફરી ફરીને પગે લાગ્યો અને બોલ્યો, આ દેવીએજ મારા દીકરાને આજે જીવાડયો છે, હું તે ઉપકાર જીવતાં સુધી ભુલીશ નહીં. મેં તો ખુશ ખુશ થઇને ત્યાંને ત્યાંજ પેલું ઘડીયાળ પેલા બ્રોચ સાથે મીસીસને પોલકે ડાબી છાતિયે ટાંકી દીધું, અને કેહેવાઇ જવાયું "આજના કામનું આ ઇનામ." મીસીસની છાતી ગજગજ ફુલી.

બીજે દહાડે સહવારમાં ન્હાઈ ધોઇ પરવારી જમવાની તૈયારીમાં હતો. અને ખબર મળી કે વડ સાસુજીને પેટમાં ગોળો ચઢયો છે અને સ્વધામ પહોંચી જવાની દોડા દોડીમાં પડયાં છે, ગુલાબ તો રડી પડી "ઓ મારી માડીરે"!! પછી મને કહ્યું હવે "હું તો જાઉછું તમે જરા જમીને આવી પહોંચજો"

પણ આપણાથી કાંઇ જમાયે ખરૂં ! સાસુ જેવી સાસુ ? જવા બેઠી ને મને જમવાનું ભાવે પણ ખરૂં; ગળે કોળીયો ઉતરેયે ખરો ! હું પણ ચાલ્યો પાછળ. અડધે રસ્તે મીસીસને સાંભર્યું. મને કહ્યું "ઘેર પાછા ફરીતો અમૃતબિંદુની શીશી લઈ આવો તો," મેં હુકમ મંજુર રાખ્યો. શીશી લઇને સાસભર્યો સાસરે પહોંચી ગયો. બેજ કલાક સારવાર કરી, ડોસી તો પાછાં બેઠાં થયાં. અને જમ ને જમાઇની. એ ચાતાણમાં જમ હારી ગયા. અને જમાઇની જીત થઇ. હું અને મારી ગુલાબ એક બીજાના સામું જોઇને હસી પડયાં. મારે ઓફીસનો વખત થવાથી હું તો પાછો ઘેર આવ્યો. જમવાનો હવે વખત હતો નહીં. તે છતાં ગુલાબે સોગન દઇને કહેલું તેથી જરા લેવાનો વિચાર કર્યો. પણ રસોડામાં જઇને જોઉછું તો ઓ, જજા !

ચુલો ભડભડાટ બળે છે. ચુલા ઉપરનો ભાત બળીને કાલસો થઇ ગયો છે, ચોલા ઉપરની દાળ દુણાઇ ગઇ છે. ઘી ચોપડેલી રોટલી મીની માસી આંખો મીચતાં જાય છે ને ખાતાં જાય છે. જાણે સગર્ભા સ્ત્રી અભાવે અભાવે મ્હોં બગાડીને ખાતી હોયને! હવે હું શું ખાઉં? ચુલો છાંટી નાખ્યો. ખાખરવિખર થયેલું બધું ઢાંકીઢુંકીને હું તો ઓફીસે ગયો. ઘરમાંથી નીકળતાંજ છાશની દોણી સાથે રાંડેલી આડિ ઉતરી અને વળી અ–અ અ—આ છીંઇઇઇઇ. કરીને છીંકી પડી. શુકનના ભાવ ભજ્યા તે દીવસે શેઠને મારીજ પહેલી જરૂર પડેલી, મનેજ ઝંખ્યાં કરે! અને મોડું થવાથી ચિડાયા કરે. જતાં વ્હેંત થોડો ટાઢો મીઠો ઠપકો આપી શેઠે મને કામ સોંપ્યું. મેં માન્યું આએ પણ ઠીક. આજ દહાડોજ અપશકનીયો છે. સાંજ પડી ઓફીસમાંથી ઘરે જવા તૈયાર થયો. મેં ધાર્યું કે ચાલ જીવ, જરા વ્હેલા ઘેર જઇને ફાકો મુઠી કાંઇક ખાઇએ. પણ હજી શુકનના ભાવ પુરા ભજ્યા નહીં હોય તે એક સીપાઇએ દોડતાં દોડતાં આવી શેઠને ખબર આપી કે શેઠનો નાનો કીકો માણેક માળપરથી પડી ગયો છે.

શેઠે દોડધામ મચાવી મુકી. ભાડુતી ગાડીમાં શેઠ ચઢી બેઠા. ઓફીસના બધા કારકુનોનાં મ્હોં શીયાવિયા થઈ ગયાં. મને પણ ફાળ પડી. શું કરવું તે સુઝે નહીં. એટલામાં તુરત અમૃતબિંદુ યાદ આવ્યું. મારા ગજવામાંજ હજી તે શીશી રહી ગઈ હતી. હું પણ શેઠની પાછળ દોડતી ગાડિયે નાઠો. "એક રૂપીયો ઇનામ.!! મને શેઠના કરતાં વ્હેલો પહોંચાડે તો" મેં ગાડીવાળાને બુમ પાડી. ચમાચમ ચાબુકોના અવાજ સંભળાયા. બન્ને ગાડીયો જાણે સરતમાંજ ઉતરી પડી!! સાથેજ શેઠને ઘેર પહોંચી. હું શેઠનાથી પેહેલો ઘરમાં દાખલ થઈ ગયો. જેઉછું તો ૨૫–૫૦ બૈરીયો અને પાંચ પચીસ મરદો ટોળું વળી રડમસ ચેહેરે બેઠાં છે. પાસેનો ડાકટર પોચખાનાવાળો સારવાર કરી રહયો છે. છોકરાને સીઢીએથી પડતાં માથામાં ફાનસના કાચના ટુકડા પેસી ગયેલા તે કાઢે છે, બધા ટુકડા નીકળી રહેતાં હમને જોઇને ડાકટરે કહ્યું કે હું આજેજ મુંબઇથી નીકળીને અહીં આવ્યો છું. મારી પાસે હાલ તુરત કોઈ દવા નથી. જો આટલામાં ક્યાંઇ ચારૂતરનું અમૃતબિંદુ? મળે તો તપાસ કરો. નહી તો કોઇ કેમીસ્ટની દુકાનેથી મંગાવી લ્યો. ઘણી જલદીથી જરૂર છે.

હું તો છલંગ મારીને ટોળામાં ઘુસ્યો "હો લ્યો!! ડાકટર ખુશી થવા જેવું છે કે મારી પાસે ચારૂતરનું અમૃતબિંદુ ગજવામાંજ છે. લ્યો આ" ડાકટરે શીશી લીધી. લેબલ તપાસ્યું. રજીસ્ટર્ડ નં.

૮૯૧-૧૦ તપાસીને પોતાની ખાત્રી કરી લીધી કે અસલ અમૃત બિંદુજ છે. અને પછી તેનો ઉપયોગ શરૂ કીધો. લગાડયું, પાયું, સુંઘાડયું; અડધા કલાકમાં છોકરો જાગૃત થયો. બધાનાં મોં હસતાં થયાં.

મારા શેઠે પુછયું "ડાકટર, એ દવા શું વિલાયતી છે? નામ તો દેશી જણાય છે. એમાં શું ગુણ છે?"

ડાકટરે કહ્યું "એ બહુ ચમત્કારી દવા છે હું તેનું પ્રીસ્ક્રીપશન થોડું ઘણું જાણું છું. દેશી બનાવટ હોવા છતાં ચીજો તો મોટે ભાગે પરદેશીજ છે. અંદર કંઇક દેશી પણ હશે. પરંતુ તેનો ગુણ અજબ જેવો છે. અનેક રોગો ઉપર તે આપવામાં આવે છે. અને કેટલાકમાં તો સોએ સો ટકા ફાયદો કરે છે. એ જંતુઘ્ન દવા હોવાથી દરેક ઘરમાં રાખવા લાયક છે. તેનાથી મુખ્ય મુખ્ય રોગો આ પ્રમાણે સારા થાય છે. ગણાવું સાંભળો.

નીચેના રોગોમાં ખાસ તાત્કાળીક ગુણ કરે છે.

મંદ જઠરાગ્નિ.	મોં આવવું.	પીનસ.	
અપચો.	મોંની દુર્ગંધ.	અર્ધાન્ગવાયુ.	
ચુંક, શુળ.	મળચ આવવી.	સુસ્તી, બેચેની	
ઝાડો, મરડો.	કર્ણરોગ.	હરસ, પ્રમહ.	
ઉલ્ટી, કોલેરા.	દાદર, ખસ.	ચાંદી, ધારાં.	
આંકડી. તાંણુ.	ખરજવું.	વિસફોટક.	
ચુંક, શુળ.	કરોળીયાં.	ચામડી ફાટવી.	
ઉધરસ—ખાંસી	ગડગુમડ.	અંડવૃદ્ધિ.	
સરદી.	દાહ—બળત્રા.	પ્રદર, બરોળ.	
સળેખમ.	ચસ્કા, સણકા,	સર્વ જાતના તાવ.	
વાધણી આવવી.	સોજા	વાળો, ન્હારૂ.	
માથાનો દુખાવો.		મધમાંખ.	
આદાશિશી	લોહી નીકળવું	ભમરી.	ના ઝેરી
આંખો દુખવી.	ઘા, ઘસારા.	વીંછી	ડંખ.
ક્ષય.	ઘામાં જીવ પડવા.	માંકડ	
સંધીવા, લકવા.	દાઝી જવું	ચાંચડ.	
રાંઝણ.	કમરમાં પીડા	મચ્છર	વિગેરે
નાસુર	કરોડનો દુઃખાવો.	વંદા	જંતુઓની
દાંતમાં પીડા.	સર્વ પ્રકારનાં કળતર	કંસારી	પીડા.
દાઢમાં કળતર.	તથા દુખાવા.	કરોળીયા	
અવાળુ ફુલવાં	નબળાઇ.	ઉધેઇ	

કેટલાક રોગોમાં ઓછો તો કેટલાકમાં વધારે ફાયદો પહોંચે તે માનવા જોગ છે, બધાજ રોગો ઉપર કાંઇ બધા દરદીને ફાયદો પહોં-

ચાડે એવું તો બનવા જોગ નથી. અને મારા મત પ્રમાણે એવી તો કોઇ દવા પૃથ્વી ઉપર હોઇ શકે પણ નહીં. પરંતુ તે છતાં નિર્વિવાદ પણે એટલું તો સાબીત થઈ ચુકયું છે કે મેં જે આ ગણાવ્યાં તે દરદોમાં મોટે ભાગે તે ઘણો સારો ફાયદો કરે છે. અને જ્યાં સુધી તેનાથી વધારે સારી દવા જાહેરમાં ન આવે ત્યાં સુધી તો હું તમોને સર્વને ભલામણ કરૂં છું કે તમારે ચારૂતરનું અમૃતબિંદુજ વાપરવું. તેની ઘણી નકલો—બનાવટી માલ તરેહ તરેહવાર લગભગ મળતાં નામોવાળી બહાર પડી છે. તમે જોયું ને કે મેં શીશી વાપરતા પહેલાં તેના ખરાપણાની ખાત્રી કરીને પછીજ વાપર્યું. ખરા માલ ઉપર આ જુવો રજીસ્ટર્ડ નં. ૮૪૧—૧૦ હમેશાં હોય છેજ. બધી વિલાયતી દવાની દુકાનો ઉપર તે વેચાય છે.

ડાકટરનું ભાષણ પુરૂં થયું, છોકરો હરતો ફરતો થઇ ગયો, અને સર્વ મંડળી વેરાઇ. તેટલામાં તો સુર્યનારાયણ બે કલાક પહેલાનાં રીસાઇ ગયેલા જણાયા. તે વાતનું કોઇને ભાનજ રહ્યું નહીં.

હવે મોડું થયું હતું. ગાડી શોધી પણ મળી નહી. પગે ચાલતા ઘેર જવું પડયું. ઘેર પહોંચતાં દસ વાગી ગયા હતા. હજી પણ આજનો દીવસ પોતાના ભાવ પુરેપુરો ભજવી રહયો ન હતો. હજી કાંઇ બાકી હતું. ઘરમાં પેસતાં મારી ગુલાબે ચંડીકાનું રૂપ ધારણ કરી મને ગભરાવ્યો. મારા મોડા આવવાથી તે રીસાઈ હતી. ભોળી બીચારી! મારી મુશીબતોની તેને શી ખબર ? પહેલાં તો ધરતીકંપ થયો, પછી ફરાનો વરસાદ પડયો. આપણે મુગા બહેરા બની ગયા. દસ મીનીટ પછી તે જરા શાંત પડી. પેટનો ઉભરો ખાલી થતાં મોં ઉપરની વિકાળતા કાંઈ નરમ પડી. તે પછી મેં કહેવા માંડયું. "હવે મારૂં જરા સાંભળશે મારી ગુલે ગુલાબ ?" ફરી એકવાર ધરતીકંપની તૈયારી થતી હોય તેમ જણાયું. પણ મેં મારી આજની મુશીબતો ટુંકામાં વર્ણવી સ્હવારનો કાંઇજ જમ્યો નથી, ચહા કે દુધ સરખું પેટમાં ગયું નથી, એમ મેં તેને જણાવ્યું. તરતજ તેને મારી દયા આવી, અને પોતાની કઠોરતા માટે માફી માગી. વળી પાછાં અમારાં ઘરાં પરાં શરૂ થયાં. થોડાંક મીઠાં ચુંબનોથી રીસામણાં મનામણાંનો ખેલ ખલાસ થઇ ગયો ! અમો સાથે એક બીજાને ગળે બાઝીને જમવા બેઠાં.

હાસ્યવિનોદ, ટોળટપા, અને રમુજી વાદવિવાદો સાથે હમારૂં ભોજન ચાલુ હતું, સ્વર્ગ હમારાથી માત્ર બે આંગળ છેટે હતું. ને

પથ્થમાં શબ્દ સંભળાયો ' આ મારા બાપરે ? અરેરે ? નથી રહેવાતુંરે, " અવાજ હમારા બારણાંની ફાટોમાં થઈને હમારા કાનમાં પેઠો. જેમ તેમ ખાવાનું ઉકેલી હમે બારણાં ઉઘાડયાં તો એક જવાન છોકરાને વીંછી કરડેલો, તેનીએ રડાપીટ હતી. ડાકટરે જે વાત કહી હતી તે તેણે સાંભળી હોવાથી તે અમૃતબિંદુ માટે આવ્યા હતો. મેં તેને અમૃતબિંદુ આપ્યું. ઓ તારા ચમત્કારની ! ! બે મીનીટમાંજ વીંછુની પીડા મુળમાંથી મટી ગઈ. અને હસ્તો હસ્તો તે ચાલ્યો. હજી કાંઇ દહાડો પુરો થયો નહોતો. હિંદુ શાસ્ત્ર પ્રમાણે એક સહવારથી બીજી સહવાર સુધીનો એક દીવસ, તેમાં હજી સાડાઅગીયાર વાગ્યા હતા. હમે સુવા ગયા. થોડાં રગરાગ પછી સાડાબાર વાગે આંખ મળી. વળી પાછાં બારણાં ઠોકાયાં. આંખો ચોળતું ઉઠવું પડયું. બારણા ઉઘાડયાં એક ખુબસુરત નાજુક પરી જેવી—આકાશમાંથી ઉતરી આવેલી દેવી જેવી નવજુવાન છોકરી અને તેની સાથે એક ડોસી દેખાયાં. તે મુગ્ધાએ પ્રથમ દર્શને મને મોહીત બનાવ્યો. ગુલાબ મારી સ્થિતિ પામી ગઈ, તે સુંદરી પરગામવાસીની હતી. તેના દાંતમાં અસહ્ય વેદના થતી હોવાથી તે શહેરમાં દવા કરાવવા આવી હતી. સાથેની ડોસી હમારી પાડોશણ હતી, તેની તે સગી થતી હોવાથી તેને ત્યાં ઉતરી હતી. રાત્રે કોઈ દેન્ટીસ્ટને ત્યાં જવાનું રહેલું નહીં હતું પરંતુ ડોશીને પેલી ડાક્ટરે કહેલી વાત યાદ આવવાથી તે અમૃતબિંદુ માટે આવી હતી.

મીસીસ તે સમજી ગયાં ! આવા સુંદર ફુલને મારો હાથ સ્પર્શ કરે તે વિચારજ તેમને અસહ્ય જણાયો. મને કહ્યું " તમે તમારે સુઇ જાવ ! હુંજ તેને દવા લગાડીશ " એટલું બોલી એવીતો ભેદભરી નજરથી મારા સામે જોયું કે આપણે તો ઠંડાગાર બની ત્યાંથી ચાલી નીકળ્યા. જતાં જતાં પેલી મનોહર મૂર્તિ સામુ એકવાર જોઇ લેવાનો લોભ રોકી શકાયો નહી અને જોતાંજ હું પામી ગયો કે મારી ગુલાબના હૃદયને તે સુંદરી વાંચી ચુકી હતી. તે પોતે પણ સ્ત્રી હતી અને સ્ત્રીનું હૃદય પોતે સારી રીતે સમજતી હોવાથી તેને જરા હસતું આવ્યું. એટલી પીડામાં પણ તેનું શુંએ મધુર હાસ્ય ! ! કેવું ધૈર્ય ? તે હાસ્યનું તે વખતનું શું મોહકપણું ! ! મારી ગુલાબમાં મેં એવું મોહકપણું જીંદગીમાં કદી જોયુંજ નહોતું ! !

દસેક મીનીટ સુતો પણ ચેન પડયું નહી ! ! શું પરીણામ આવ્યુ. તે ચીમાઇને જોવા માંડયું ! ! એત્તારી ! ! આ શું ! ! પેલું મનોહર પુતળું ગુલાબ સાથે વાતે વળગેલું. હાહા ! ! હીહી ! ! ને ખાખા ! !

ખીખી ! ! કરવા પડેલું ! દાંતની પીડા તો ક્યારનીજ દુર થઇ ગઇ હતી. પાછળથી ગુલાબના કહેવાથી જાણ્યું કે માત્ર એકજ મીનીટમાં દાંતની પીડાતો મટી ગઇ હતી.

રાતના બે વાગે હું ઉંઘ્યો હોઇશ, સવારના જરા મોડો ઉઠયો છતાં આંખ બળતી હતી. બાહર જાઉં છું તો બે ચાર જણ મારી રાહ જોતાં બેઠેલા ! એક સખીવાથી રહી ગયેલો ગ્રહસ્થ હતો. ડાક્ટરની પેલી વાતો સાંભળેલી તેથી તે આવેલો. તેણે મફત દવા લીધી નહીં. બાહોશ કરીને પૈસાજ આપીને એક શીશી અમૃતબિંદુ લઇ ગયો. મેં માન્યું ચાલબા ! ૩૧) માંથી એટલા ઓછા માથે પડયા ! બીજો દરદી છાતીમાં સુળ થવાની ફર્યાદ કરતો હતો તેને મેં જાતે અમૃતબિંદુ ચોળ્યું ત્રીજો દરદી માથાના સણકાથી બુમેબુમ પાડતો હતો તેને પણ લગાડયું, એકજ મીનીટમાં તેને આરામ થઇ ગયો ! અને રાજી થયો; ચાલ્યો ગયો. ચોથો દરદી ઝાડાની ફર્યાદ કરતો આવેલો, પાંચમો વળી અજીર્ણની, છઠો કમરમાં દુખાવાની ફર્યાદ કરતો હતો. સર્વના મેં જાતે ઉપચાર કર્યા પછી સ્નાનાદિથી પરવારી જમવા બેઠા. વળી પાછા જુદા જુદા દરદનાં પાંચ સાત દરદી ! પુરૂ જમવા પણ દીધું નહીં. વળી તેમને સારવાર કરી. ઘડિયાળમાં જોઉં તો બરાબર ૧૨ ને ઉપર મીનીટ ૨૫ ગઇ છે ! ! ઓફીસે પહોંચતાં બરાબર દોઢ કલાક લેઇટ ! ! સાંજે પાછું ઘેર આવતાં એનું એજ ! અમૃતબિંદુની એક આખી શીશી ! ! અને તે આજેજ ખલાસ !

વળી સહવારમાં ઉઠતાં પાછો તેજ ધંધો ! ! હું તો બે ચાર દીવસમાં ગભરાઇ ગયો. નહીં જમવાના ! નહીં સુવાના ને વળી ઉપરથી અમરતબિંદુનો ચાલુ ખર્ચ. વળી ઓફીસના રોજના ઠપકા ! હવે તો વળી મને લોકો ઓફીસમાં મળવા આવે. અને બસ અમરતબિંદુનીજ વાતો કરે !

હું તો થાકયો, પણ મારો શેઠ પણ થાકયો. તેણે હવે ખુલ્લું જણાવ્યું "મી. કોઠારી હવે તમો ગમે તો અમૃતબિંદુનું એક દવાખાનુંજ કાઢો. અથવા તો અમારી નોકરી કરો. પણ બેમાંથા જે ગમે તે એક કરો. બે સાથે નહીં બને," "વારૂ જી" કહીં હું તો ઘેર આવ્યો. લોકો તો ઝંપવા દે નહીં. 'કોડીની કમાઇ નહી ને પલકનો પરવાર નહીં' જેવું મારે તો થઇ પડયું. હવે મેં ગુલાબને કહ્યું.

"વ્હાલી ગુલાબ ! જોયું ! આ તારાં ડહાપણનું ફળ ? તેંજ મને ફસાવ્યો ? હવે શું કરવું ? કાંઈ ઉપાય બતાવે છે ? લોકોના આ રોજના દરોરાનું શું કરવું ? મફત આપવું બંધ કર્યું તો લોકો પૈસા ખરચીને પણ માગે. પણ આપણે તે કયાં એવા નવરા ? અને શું એવો તે નફો ? આ તો નોકરી ખોવાનો સોદો થયો. મીસીસ પણ ગુંચવાઇ ગઇ ! નોકરી જવાની વાત સાંભળીને તે પણ ગભરાઇ. કાંઇ કાઇ સુઝેના ! લોકો તો ધક્કે માર્યા પણ ખસે નહીં.

હવે તેજ દીવસે મારી એક આઠ વર્ષની બુચી જે પોતાના માંમાને ત્યાં થોડા વખતથી રહેવા ગઇ હતી તે આવી પહોંચી.

લોકોનો દરોરો. અમરતબિંદુની તારીફ, અને માબાપની મુસ્કેલી જોઇને તે સમજી ગઇ કે અહીં પણ મામાના ઘરના તેવીજ સ્થિતી છે. તેણે પોતાની માને પુછ્યું. "બા, તમે અમૃતબિંદુ વેચતાં કેમ નથી ? તેમાં તો સારો નફો મળે છે," "એમ કે ?' મેં કુદીને પુછ્યું તે કેવી રીતે ? તે કેમ જાણ્યું," તો બુચીએ ખુલાસો કર્યો. "મારા માંમા પણ તમારા જેવીજ મુશીબતમાં આવી પડેલા, તે સુંદરપુરમાં નોકરી હતા ને ત્યાં તો ગાંમ ઘેલું કરી મુકેલું, પછી તેમણે અમરતબિંદુની એજન્સી રાખી. એજંટોને એક મોટું પાટીયું એજંટના નામનું મફત મળે છે. અને વળી જોઇએ તો એજન્ટના નામની જાહેરાતો પણ મળે છે. સ્વાર્થ ! ને પરમાર્થ ! બન્ને થાય છે, એક પાઇનો ખર્ચ નહી. ને રોજ સાંજે રૂપીયો રોટે ! સ્હેજ મળેજ મળે, મારા માંમાને તોં એમાંથી અડધો પગાર નીકળતો. વળી બીજુંં જાણો છો, અમૃતબિંદુની શીશાઓમાંથી કોઈ કોઇને રૂ. ૫) રોકડાં ઇનામ મેળવવાની નોટ પણ જડે છે. એટલે. કેટલાકને તો રૂ. ૨ાા માં અમૃતબિંદુ મળે. એક ઘડિયાળ બક્ષીસ મળે, અને વળી ઉપરથી રૂ. ૫) રોકડા પણ મળી જાય છે !?

મારા ઘરમાં હવે અમૃતબિંદુની એકજ છેલ્લી શીશી રહી હતી. તે મેં પણ પેકીંગ ખોલીને જોયું ! અરે હા ? અંદરથી રૂ. ૫) ની નોટ નીકળી પડી.

તેજ દીવસ મેં અમરતબિંદુ આફીસ નડિયાદને સીરનામે તે નોટ બીડી આપી. રૂ. ૫) રોકડા મંગાવી લીધા. અને અમૃતબીંદુની એજન્સી પણ રાખી. હવે તો મને પણ રૂ. ૫૦) નો પગાર એને ૩૦) અમૃતબિંદુની એજન્સીમાં મળે છે. એટલે કે હવેથી હું મહીને ૮૦) રૂપીયા કમાઉ છું. પણ તેમાં હું ને કોનો ઉપકાર માનું ? બૈરીનો

કે બુચાનો ? કોઈ સમજાવશો યારો ? હું તો ધારૂં છું બુચાનોજ ઉપકાર. નહી તો બેરીયેતો ફસાવીજ માર્યા હતા ! બીજું મન કહે છે કે તે તો ખરૂં પણ બેરીયે ફસાવ્યાજ ન હોત તો બુચી બતાવતે કેમ, ને અમૃતબિંદુનો વેપલો કરતેજ ક્યાંથી ?

કોણ જાણે કદાચ બુચો કરતાં બેરીના પક્ષ પાત થઇ જતો હોય ! પણ મારૂં મનનો બેરીનો ઉપકાર માનવા લલચાય છે, તે છતાં દોસ્તો તમોજ સલાહ આપો. તમો જે સલાહ આપશો તે માથે ચઢાવીશ. પણ જો જો યારો, ખાનગી રાખજો. "બેસતી ટોપી બાવાનો માલ" કરી જતા ના. તમો બી આવી આફતમાં ફસી પડવાનો ઢોંગ કરીને અમરતબિંદુનો વેપલો હાથ કરી લેતા ના ! ! નહીં તો અધવચ એ બેકને મુકીને તમારે વળી મારો ઉપકાર માનવા બેસી જવું પડશે.

સંપુર્ણ.
